श्रीश्रेयस्साधक अधिकारिवर्ग ग्रंथावळि. ग्रंथांक ७५.

प्रगति.

116

પ્રસિદ્ધકર્તા,

પંડિત જગન્નાથ પ્રભાશંકર

તંત્રી, પ્રાતઃકાળ, વડોદરા.

બાલકોને બંધુ.

બાલકોને અત્યંત ઉપયોગી થઈ પડે તેવું ગુજરાતમાં આ એક જ માસિક છે તેની ભાષા ઘણી જ સહેલી હોય છે તે એવી રીતથી લખાય છે કે દરેક બાળક તેને હોંશથી વાચે છે અને પોતાની મેળે જ સમજી શકે છે. તેમાં બાળકોને ધર્મનું, નીતિનુ, શરીર સુધારવાનુ અને મનને કેળવવાનું જ્ઞાન આપવામા આવે છે. તેમા આપવામાં આવતી વાતો બાળકોને એવી તો રસવાળી અને તેની સાથે બોધક લાગે છે કે દરેક બાળક તેને ખુશીથી વાચે છે અને જલથી યાદ રાખી લે છે.

તેમાં આપવામાં આવતી કવિતાઓ નાના બાળકો સમજે અને તેમને ઉપયોગી થાય એવી જાતની હોય છે.

બાળકોને માટે આ એક જ માસિક ખાસ ઉપયોગનું છે એમ એક નહિ પણ સેકડો મનુષ્યો કહે છે. જે કોઈ તેને જુએ છે તે પોતાના બાળકમાટે જરૂર મંગાવેછે.

બાલકોમાં જે કંઈ ઉચ્ચ સસ્કારો પાડવાની જરૂર છે. તે આ માસિક સારી રીતે પાડી શકે છે. અને તેથી તેમનાં જીવનને ઉત્તમ કરવામાં તે સૌથી વધારે સહાય કરે છે.

નમુનાનો અંક ૦—૨—૦

વાર્ષિક લાજમ ૧—૦—૦

સરનામુ, વ્યવસ્થાપક, બાલકોનો બંધુ.

વડોદરા.

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ५२५८० वर्गांक

पुस्तकनुं नाम जागृति

विषय ८९१.४७.६

શ્રી મહાકાલ.

ગુજરાતનાં સર્વ માસિકો કરતા કોઈ અવનવી અને સ્વતંત્ર શૈલિથી લખાતુ, મનુષ્યના મનને નવીન વિચારોમાં સ્થાપતું, મનુષ્યના મગજને પોષક વિચારોથી પુષ્ટ કરતુ. મનુષ્યની દૃષ્ટિને પોતાનાં દર્શનથી પ્રસન્નતા આપતુ, મનુષ્યના આત્માનો વિકાસ કરતું અને મનુષ્યના સમગ્ર જીવનને ઉચ્ચ અને રમણીય કરતુ આ એક જનસમાજનું અત્યંત પ્રીતિપાત્ર માસિક છે. તમે તે વાંચ્યુ છે ?

તેમાં ઉછળતી તત્ત્વવિચારની લહરીઓ વાચકને તેના પોતાનામાં જ રહેલા અગાધ બળનું જ્ઞાન કરાવી, તે બળને મનુષ્યે કેમ પ્રકટાવવું તેની બહુ જ સરળ ક્રિયાઓને બતાવે છે.

તેમાં શરીરને કેવી રીતે પૂર્ણ આરોગ્યમય રાખવું, વિચારોને કેવી રીતે ઉત્તમ, બળવાન્ અને સામર્થ્યવાળા કરવા, અંતઃકરણને કેવી રીતે ઉચ્ચતાવાળું, શાંત અને દિવ્ય કરવું, તેના બહુ સહેલા માર્ગો બતાવવામા આવે છે.

ટુંકામાં તે એક સર્વોત્તમ માસિક છે, અનેક વિદ્વાનો આજે તેને વાંચી રહ્યા છે. તેમની સાથે તમારે પણ ભળવું હોય તો તેના વ્યવસ્થાપકને પત્ર લખો અને મંગાવો.

વાર્ષિક લવાજમ રૂ. ૨–૦–૦ (પોસ્ટેજ સાથે.)

તેના ગ્રાહકને એક ભેટનુ પુસ્તક મળે છે.

લખો:—વ્યવસ્થાપક, મહાકાલ

વડોદરા.

श्रीश्रेयस्साधक अधिकारिवर्ग ग्रंथावळि. ग्रंथांक ७५.

प्रगति.

(સર્વાધિકાર સ્વાધીન.)

પ્રસિદ્ધકર્તા,

પંડિત જગન્નાથ પ્રભાશંકર

તંત્રી, પ્રાતઃકાળ, વડોદરા.

ઈ. સન ૧૯૧૪. સવત ૧૯૭૦

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અ. દાવાદ
૫૨૫૦

પ્રથમાવૃત્તિ

અમદાવાદ શાહાપુર નવી પોળમા આવેલા
શ્રી "પ્રજાહિતાર્થ" મુદ્રાલયમા
પટેલ દલપતરામ મકનદાસે છાપ્યુ

પ્રતિ ૧૦૦૦.

મૂલ્ય રૂ. ૦-૧૨-૦

પ્રસ્તાવના.

પથ્થર કે લાકડાનો એક કડકો જે સ્થિતિમાં આજે આપણે તેને જોયો હોય છે તે જ સ્થિતિમાં તે પાંચ પચાશ વર્ષ પછી જોઇએ તો પણ પડેલો જણાય છે તાત્પર્ય કે, તેની પ્રગતિ થએલી જણાતી નથી જો કે પ્રકૃતિના નિયમે તેની પ્રગતિ થતી હોય છે, પણ તે એટલા મદ વેગથી થતી હોય છે, કે તેને એક સ્થિતિમાથી બીજી સ્થિતિમા જવાને સેંકડો, હજારો કે લાખો વર્ષ વીતે છે. આનુ કારણ એ છે કે તેને પોતાની પ્રગતિ કેમ કરવી તેનુ ભાન નથી એ પ્રમાણે જેમ જડસૃષ્ટિમા જડ પદાર્થોની પ્રગતિ આટલા બધા મદ વેગથી થાય છે તેમ વનસ્પતિ અને પશુસૃષ્ટિમા તે પદાર્થોની પ્રગતિ પણ મદ વેગથી થાય છે. જો કે આ વેગ જડસૃષ્ટિના કરતાં કઇંક વધારે ગતિવાળો હોય છે જ, પરતુ જે વેગથી મનુષ્યની પ્રગતિ થાય છે તેની સાથે સરખાવતા તે અત્યંત મદ જ હોય છે.

મનુષ્યની પ્રગતિ આ સર્વ કરતા શિઘ્રવેગથી થઈ શકે છે, કારણ, કે તેને પોતાની પ્રગતિ કેમ કરવી તેનું જ્ઞાન હોય છે. તેમાં પણ બે વર્ગ હોય છે. જેને પોતાની પ્રગતિનું નહિ જેવુ જ્ઞાન હોય છે તે અને જેને વિશેષ જ્ઞાન હોય છે તે. જેને પોતાની પ્રગતિ કેમ કરવી તેનુ વિશેષ જ્ઞાન હોય તે તેને સત્વર સાધી શકે છે, સત્વર વિવિધ દુ:ખનો જય કરી શકે છે અને સત્વર શિખરે સ્થિતિ કરી રહે છે.

પરતુ જગતપ્રતિ દૃષ્ટિ કરતા જણાય છે, કે બીજા પ્રકારના મનુષ્યોની સખ્યા અસંખ્ય તારાઓમા એક ચંદ્રમા જેટલી જ હોય છે. કારણુ કે તેમ ન હોય તો મનુષ્યનો મોટો ભાગ વિવિધ દુ:ખથી રહિત, ઈપ્સિત સુખથી વિમુખ, પ્રગતિથી દૂર, અને જે પરિણામી શિખર સ્થિતિને મનુષ્યને પ્રાપ્ત થવાનુ છે તેનાથી ઘણે દૂર જોવામા આવે છે, તે ન જોવામાં આવે.

તેથી જે સદ્‌વિચારોવડે મનુષ્યની પ્રગતિ સધાય તે સદ્‌વિચારો મનુષ્યને જેટલા ઉપયોગી ગણાય તેટલા ઓછા છે. અને તેથી જ આ પ્રકારના સદ્‌વિચારોથી પરિપૂર્ણ '**પ્રગતિ**' નામનું આ પુસ્તક પ્રસિદ્ધ કરવાનું પ્રસિદ્ધકર્તાએ ઉચિત ગણ્યુ છે.

વર્તમાન સમયમા અસ્તઉદયના પ્રકૃતિના નિયમાનુસાર આપણી પ્રજા અસ્તરૂપ સ્થિતિને પ્રાપ્ત થએલી છે, જેમ તેની વ્યાવહારિક દશામા પ્રગતિ થએલી છે તેમ પારમાર્થિક સ્થિતિમા પણ પ્રગતિ થએલી છે. અને આ પ્રમાણે એ વ્યવહાર તથા પરમાર્થ એમ ઉભયમાં તેનો નિપાત થએલો હોવાથી તે અનેક પ્રકારના આ ઉભયમિશ્ર સુખથી રહિત થએલી જોવામા આવે છે. પુર્વની આર્યાવર્તની ઉન્નતિના શિખરરૂપ સ્થિતિ અને વર્તમાન સમયની નિપાતને પ્રાપ્ત થએલી નિકૃષ્ટ સ્થિતિ, એમાં આકાશ પાતાળ જેટલુ અંતર પ્રતીત થાય છે જ. અને આ પુસ્તકમા દર્શાવવામાં આવેલા ઉભય પ્રકારની પ્રગતિને કરનાર સદ્‌વિચારો જો પ્રજા નહિ ધારણ કરે તો તેની અંત પર કેવી સ્થિતિ થશે તેની કલ્પના કરતાં અંત કરણમા બુદ્ધિમાનને ભારે ક્ષોભ થયા વિના નથી જ રહેતો. અને આ પ્રકારના સદ્‌વિચારોને પ્રજા સત્વર ધારણ કરશે તો એ ક્રમશ કાળે કરીને નિપાત રૂપ ગતિમાથી બહાર નિકળી ઉન્નતિ રૂપ ઊર્ધ્વસ્થિતિને અવશ્ય પ્રાપ્ત થશે જ. અને આ પ્રમાણે દેશોદયમા આ પ્રકારના વિચાર પૂર્ણ હિતકર હોવાથી તેને આજે આ પુસ્તકમાં પ્રસિદ્ધ કરવા વિચાર્યુ છે

યૂરોપ, અને અમેરિકા જેવા બીજા દેશોની સાથે સરખાવતાં આપણા દેશની અવગતિ થએલી જણાય છે જ; પરંતુ બીજા દેશોની જેને આર્ય પ્રજાએ વાસ્તવ ઉન્નતિ ગણી છે, તેથી, ધર્મ જેનો પાયો છે, તથા જે અસલ સુખશાતિને આપનાર છે તેવી વાસ્તવ ઉન્નતિને તે પ્રાપ્ત નથી જ થયા. જેમને આ દેશોન્નતિના શિખરે પ્રાપ્ત થએલા જણાય છે, તેમને વાસ્તવ ઉન્નતિ, કે વાસ્તવ પ્રગતિ શું છે, તે જેવા જાણવાની દૃષ્ટિ જ પ્રાપ્ત નથી એમ સ્પષ્ટ કહ્યા વિના નથી જ ચાલતું તો પણ અમુક અમુક વ્યાવહારિક બાબતોમાં ઉપર જણાવ્યા, તે દેશોની ઉન્નતી થએલી છે, તે સ્પષ્ટ જ છે. અને આપણો દેશ આ દેશોના સાક્ષાત્ સંબધમાં આવ્યો-

ચીન સમયમાં આવેલો હોવાથી આપણા દેશની એવી સ્થિતિ થઇ છે અથવા તો તે એવી સ્થિતિમા મૂકાયો છે, કે તેણે પ્રાપ્ત વ્યાવહારિક સ્થિતિમાથી જાગ્રત્ થઇને ઊર્ધ્વ ચઢવુ જ જોઇએ. અને આ પ્રમાણે તે જો નહિ કરે તો બીજા દેશો આપણી ઇતર ઊર્ધ્વલોક ઉપર પણ એક વખતે સ્વામીત્વ ભોગવનાર આર્યપ્રજાને તે ગુલામની સ્થિતિમા જ સ્થાપી દેશે, એ નિ સદેહ જ છે

જે સદ્વિચારોની આપણી પ્રજાને વર્તમાન સમયમા જરૂર છે તે સદ્વિચારો આ પુસ્તકમા આદ્યત ભરેલા છે, અને તેને ગ્રહણ કરનાર પોતાની પ્રગતિ કરી શક્યા વિના નહિ જ રહે. આપણા દેશમા કર્તવ્ય પ્રાપ્તવ્યના વિચારોનો કેટલાક સમયથી પ્રચાર થએલો છે તથા આજે પણ થાય છે જ, પરંતુ જે વિચારો મનુષ્ય જીવનની સાક્ષાત્ ઉન્નતિ કરનાર છે, તથા જે વિચારો જીવનબળથી ભરપુર છે, અને મરણ પથારી ઉપર પડેલા મરણોન્મુખ મનુષ્યને સમર્થ વૈદ્યની માત્રા જેમ તેને ઉઠાડીને બેઠો કરે છે, તેવા જીવનમય અને ઉત્સાહથી પરિપૂર્ણ વિચારોથી ભરેલા પુસ્તકોનો પ્રચાર ઘણા જ ઓછા પ્રમાણમા થતો જોવામાં આવે છે. આ બાબતમાં કોઈ સસ્થાએ જો વિશેષ કાર્ય કર્યું હોય તો તે એક જ **શ્રી શ્રેયસ્સાધક અધિકારિ સંસ્થાએ** જ કર્યું છે અને આ પ્રકારના મનુષ્ય જીવનની સાક્ષાત્ પ્રગતિ, કે ઉન્નતિ કરનાર આ વર્ગથી પ્રસિદ્ધ થએલા વિચારોમાં આજે આ પુસ્તકમાં પ્રસિદ્ધ થતા વિચારોથી વૃદ્ધિ થાય છે

આ ગ્રંથમાં તમે જ્યા જોશો તો ઉત્સાહ, આશા, પ્રસન્નતા, ધૈર્ય, દઢતા, અન્તર્વેદવાદ, વગેરે કાર્ય સિદ્ધ કરાવનાર તથા ઇપ્સિત અર્થને સધાવવામાં સહાય કરનાર વીર્યવાન્ તથા વ્યવહારોચિત (practical) વિચારોથી યુક્ત પંક્તિઓ દૃષ્ટિએ આવશે જ. તમે નિરાશ થઇને બેઠા હશો અને આ પુસ્તકનું કોઈ પ્રકરણ વાચશો તો તમારી નિરાશા સૂર્યકિરણથી ઝાકળ જેમ ઉડી જાય તેમ અદૃશ્ય થઇ જશે, તમને નિષ્ફળતા મળવાથી તમે કદી માથે હાથ દઇને બેઠા હશો અને આ પુસ્તકનું કોઇ પાનું તમે વાંચશો તો તમારામાં નવું બળ આવેલું તમને જણાશે અને તમે કર્તવ્ય ક્ષેત્રમાં ઝઝુમવારૂપ પ્રવૃતિ કરવાને મચી પડશો જ; તમને આ

જગત્મા કોઇની પણ સહાય્ય નહિ હોય, પણ જો તમે આ પુસ્તકની સહાય્ય લેશો તો તમને તમારા પોતાના જ અ તરમાથી એક એવું બળ જાગ્રત્ થતું જણાશે કે કોઇની પણ સાહાય્ય વિનાના તમે તમારૂ ઈપ્સિત કાર્ય સિદ્ધ કરી શકશો જ તમારે કેવી રીતે કાર્યારંભ કરવો, આરભ કર્યા પછી વિઘ્નોથી ન ડરતા કેવી રીતે પ્રારબ્ધ કાર્યને ન પરિત્યજતા તેને પરિપૂર્ણ કરવુ, એ વગેરે સર્વ તમને આ પુસ્તકમાથી જાણવા જેવુ મન આવશે જ સ્વલ્પમા આ પુસ્તકને તમે વાચીને તેમા દર્શાવેલા વિચારોને આચારમાં ઉતારશો તો તમારી પ્રગતિ થએલી તમે પોતે જ વર્તમાન જન્મમા જોશો.

આ પુસ્તક અધિક હિતકર તથા ઉપયોગી તો એટલા માટે છે, કે તેમા ઠેકાણે ઠેકાણે આચરણીય practical વિચારો કોઇ પણ સ્થિતિનો મનુષ્ય તેનો ઉપયોગ કરી શકે તેવી રીતે દર્શાવવમા આવેલા છે. જે વિચારોની આપણી પ્રજાને વર્તમાન સમયમા જરૂર છે, તે વિચારો આ પુસ્તકમા પ્રત્યેક પ્રકરણમા અને પ્રત્યેક પૃષ્ઠમા ઠેકાણે ઠેકાણે પ્રકટ થએલા છે.

આ પુસ્તકમાં પ્રધાનપણે વ્યાવહારિક અભ્યુદયને સધાવનાર વિચારો દર્શાવવામા આવેલા જણાય છે, પરતુ જેમ તેનો આ શાળામા ઉપયોગ થઇ શકે છે તેમ પારમાર્થિક શાળામા પણ તેજ પ્રમાણે ઉપયોગ થઈ શકે તેમ છે જ આ પુસ્તકમા જણાવવામા આવેલા વિચારોવડે મનુ'ય પોતાની વ્યાવહારિક તેમજ પારમાર્થિક વિવિધ પ્રગતિને સાધી શકે છે જ તાત્પર્ય, કે ઇપ્સિતાર્થ માત્રને સધાવનાર આ પુસ્તક ઉત્તમ કલ્યાણ સધાવનાર છે

જેથી મનુષ્યની વાસ્તવ પ્રગતિ થઈ શકે છે તેવો માર્ગ કે તેવા વિચારો કઈ ગણિતના કોઇ કઠિન મનોયત્ન જેવા નથી જ હોતા સાદા અને સરળ વિચારોમાં જ મનુષ્યની વાસ્તવ અને શિઘ્ર ઉન્નતિ થઈ શકે તેની યુક્તિઓ રહેલ હોય છે. તેથી આ પુસ્તકનાં પ્રકરણો કદાચ તમને પ્રૌઢ નહિ પણ સાદા વિચારોથી ભરેલાં જણાય તો તેમ જાણી તેની ઉપેક્ષા કરતા નહિ. પણ તે જ તમારી વાસ્તવ પ્રગતિ કરનાર છે, જાણીને તેને સેવજો અત્ર દર્શાવવામાં આવેલા વિચારો તથા માર્ગોપ્રતિ તથા તમારા પોતાના જીવનપ્રતિ તમે દષ્ટિ કરશો તો સમજાશે, કે આ વિચારોને તમે આચારમાં

ઉતાર્યાં નથી જ તમારા જીવનને વાસ્તવિક રીતે ઉન્નત કરનાર વિચારો, કે માર્ગો જેટલા મોટા પ્રમાણુમાં તમને આ પુસ્તકમાંથી મળી આવશે તેટલા બીજા પુસ્તકમાંથી ભાગ્યે જ મળી આવશે.

આ પુસ્તકના સર્વ પ્રકરણો ઉત્તમ જ છે તો પણ પ્રકરણ **૧, ૨, ૩, ૪, ૫, ૧૦, ૧૨, ૧૫, ૧૯,** ૨૪ તથા **૨૫,** એ સવમાં ભૂષણરૂપ છે

આ પુસ્તક **અ**મેરિકાના **સ**કસેસ પત્રના અસત સમર્થ તત્રી, ઓરીસન, સ્વીટ કાર્ડનના રચેલા Getting On–'ગેટીગ ઓન'– નામના પુસ્તકના આધારે લખવામા આવ્યુ છે. આ પુસ્તકનું અક્ષરશ આમાં ભાષાતર કરેલુ નથી, પણ તેમા જે પચીશ પ્રકરણો પાડેલાં તે પચીશ પ્રકરણો કાયમ રાખીને તેમા જે વિચારો દર્શાવવામાં આવેલા છે, તે વિચારોને લીધેલા છે જે વિચારો આપણી પ્રજાને દેશકાળને અનુસરીને હિતકર જણાય તેને સ્વીકાર્યા છે, અને જે ઉપયુક્ત નથી જણાયા તેને મૂકી દીધા છે, એટલું જ નહિ પણ અનેક ઠેકાણે સ્વતત્ર વિચારોને પણ અનુકૂળતા પ્રમાણે દાખલ કરેલા છે, જે મૂળ પુસ્તકની સાથે સરખામણી કરવા ઇચ્છનારને સ્પષ્ટ થયા વિના નહિ જ રહે મૂળ પુસ્તકના વાકયોનુ અક્ષરશ ભાષાતર નહિ કરતાં, એક પ્રકરણમા જે વિચારો જણાવેલા હતા તે પ્રકારના વિચારોને તે પ્રકરણમા વધારા ઘટાડા સાથે આ ગુજરાતી પુસ્તકમાં દર્શાવેલા છે, અને જેમ બને તેમ ઉપયોગી તથા રસવાળું થાય તેમ કરવા યથામતિ પ્રયત્ન કરેલો છે.

આ વિષય ગયાવર્ષ પ્રાત કાળમા આપવો શરૂ કર્યો હતો અને નવેક પ્રકરણ તેના પ્રસિદ્ધ થઇ ગયા હતા; પરંતુ અન્ય પુસ્તક તૈયાર કરી શકવાની અનુકૂળતા નહિ થઇ શકવાથી, તથા આ પુસ્તક ઉત્તમ તથા ઉપયોગી થઇ શકે તેમ હોવાથી, અને બીજાં ૧૬ પ્રકરણ અપ્રસિદ્ધ હોવાથી આ અધુરા વિષયને જ યથાવકાશે સત્વર પૂરો કરીને પુસ્તકના રૂપમાં પ્રસિદ્ધ કરવાનુ તત્રીએ યોગ્ય ગણેલું છે. જ્યારથી આ વિષય પ્રાતઃકાલમાં લખવો શરૂ કર્યો હતો ત્યારથી અનેક ગ્રાહકોએ તેની પ્રશંસા કરી હતી તથા તેની ઉપયોગિતા તંત્રીને પણ જ્ઞાત હોવાથી તેને પુસ્તકના રૂપમાં પ્રસિદ્ધ કરવાની

અનેક ગ્રાહકોની તથા તેની ઇચ્છા હતી જ અને તે ઇસ્વરેચ્છાથી સત્વર સિદ્ધ થએલી જોઇ આનદ થાય એ સ્વાભાવિક જ છે. પ્રસિદ્ધકર્ત્તાની એજ ગ્રાહકો પ્રતિ ઇચ્છા છે કે તેમણે એક વખત આ પુસ્તક આદ્યંત અવલોકી જવુ અને તેમ થતા તેની મહત્તા તેમના લક્ષમા આવ્યા વિના નહિ જ રહે.

આ પુસ્તક પ્રસિદ્ધ કરવામા તથા તેના પ્રુફ જોવામાં વાર્તા-વારિધિના તત્રી વિદ્વદ્દર બધુ, શ્રીયુત ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ તથા કવિ ભાઇશકર, મુંબાઈ એમણે સાહાય્ય કરી છે તેમનુ સ્મરણ આ પ્રાપ્ત પ્રસગે ઉપકૃત વૃત્તિ પૂર્વક કરવાનું તત્રી યોગ્ય ગણે છે.

પ્રાણી માત્રનું વાસ્તવ હિત સાધનાર પરમાત્મ સત્તા આ લેખવડે અધિકારી જનોનુ કલ્યાણ કરો, એ જ તેમના પ્રતિ હ્રદયના યથાર્થ ભાવપૂર્વક પ્રાર્થના છે

તા. ૨૬–૧૨–૧૩
સ. ૧૯૭૦ માર્ગશીર્ષ વદ ૧૪
કલકત્તા.

પંડિત જગન્નાથ પ્રભાશંકર
તંત્રી, પ્રાત કાલ, વડોદરા.

प्रगति.

પ્રકરણ ૧.

જુની ઘરડમાં અટવાયા કરનાર પ્રગતિને સાધી શકતા નથી.



આજથી ચાળીશેક વર્ષ ઉપર હાર્વર્ડની પાઠશાળાના સભાસદોની એક સભા ભરવામાં આવી હતી તે વખતે તે સભાસદોમાંના એક સભાસદે ગુસ્સે થઈને ઉભા થઈને કહ્યું, 'આજ ૮૦ વર્ષથી આ સભા પોતાનુ કામ કર્યે જાય છે અને તે સંતોષકારક રીતે કરે છે, છતા શામાટે આજે તે પદ્ધતિને તદ્દન બદલી નાખવાની પ્રસ્તાવ—દરખાસ્ત કરવામા આવે છે?'

આ વખતે આ સભાના પ્રમુખ મી. ઈલીયટ કરીને એક યુવાન્ હતા, તેમણે ઉપરના પ્રશ્નના ઉત્તરમા કહ્યું, 'કારણ કે હવે નવા પ્રમુખ થયા છે.'

આ નવા પ્રમુખ ૩૫ વર્ષની વયના યુવાન્, નિર્ભય, વીર, પોતાના આત્મામા શ્રદ્ધાવાળા, તથા કોઈ રીતીરિવાજ જુનો છે, માટે તેને માન આપવુ જ જોઈએ, એવા વિચારથી રહિત હતા. આ પાઠશાળા ચલાવવાને તેમણે તદ્દન નવીન યોજનાઓ રચી રાખી હતી અને તેને અમલમા મૂકવાને તે ધૈર્યવાળા તથા શક્તિવાળા હતા આ નરવીરે પૂર્વથી ચાલતી આવતી કાર્યપદ્ધતિને તદ્દન બદલી નાખી તેમા નવીન જીવન, તથા નવીન ઉત્સાહ પ્રકટાવવાનો દઢ નિશ્ચય કર્યો હતો, અને તેમ કરવાને ગમે તેટલો ફેરફાર જુની શૈલીમ કરવા પડે તો તે કરવાને તથા ગમે તેવા વિચારની વિરૂદ્ધ વર્તવું પડે તો તે પ્રમાણે વર્તવાને તે અડગ નિશ્ચયવાળા હતા

આ પુરુષને વિચાર કરતા જણાયું કે આ સમયે જે શૈલીથી

કાર્ય ચાલતું હતું તથા જે પદ્ધતિથી શિક્ષણ અપાતું હતું તેને તદ્દન બદલી નાખવાની જરૂર હતી. તેમણે કોઈના પણ વિચારને કે કોઈના પણ વિરોધને લક્ષમાં નહિ લેતાં પોતાની ઇચ્છાપ્રમાણે શિક્ષણક્રમમાં ફેરફાર કર્યો. પરિણામ એ આવ્યો, કે જ્યારે તે પ્રમુખ થયા ત્યારે ૪૦૦ વિદ્યાર્થીઓ હતા અને જ્યારે તેમને પ્રમુખનું પદ છોડવાનો સમય આવ્યો ત્યારે છ હજાર વિદ્યાર્થીઓની મોટી સંખ્યા તેમાં વિદ્યમાન હતી! શિક્ષકોની સખ્યા પણ તે જ પ્રમાણે વધી ગઈ હતી. આ પુરુષના વખતમા આખી દુનિયામાં આ પાઠશાળા વિશેષ પ્રસિદ્ધિમાં આવી ગઇ. આ પુરુષવિષે એમ કહેવાય છે, કે—અમેરિકામા શિક્ષણક્રમમા સુધારો કરનાર, શિક્ષણની વાસ્તવ પદ્ધતિ ખોળી કાઢનાર તથા અહિતકર જુના રિવાજ તોડી ફોડીને નિર્ભયતાથી નવા રિવાજને સ્થાપન કરનાર આના જેવા બીજો કોઇ જ થયો નથી

જે જે અગ્રણી પુરુષો જગતમા થઇ ગયા છે તે જુની ઘરડમાં કદી પણ અટવાયા નથી ભયભીત પુરુષો પછી તે ગમે તેટલા શક્તિમાન્ હોય તોપણ કદી અગ્રણી પદમા આવી શકતા નથી. જેમણે જેમણે પોતાની અસાધારણ પ્રગતિ કરી છે, પછી તે ગમે તે શાખામાં હોય, તેમનુ નિર્ભયપણુ અને અપૂર્વતા (Originality) એ સ્વભાવસિદ્ધ લક્ષણ હતુ, કોઈ વસ્તુ પ્રાચીન છે, કે પ્રાચીન સમયથી ચાલતી આવે છે, માટે તે સમાનનીય છે એવુ તેમણે કદી માન્યું હોતું નથી. તેમને માત્ર એક જ વિચાર સમાનનીય હોય છે કે આગળ વધવું, અને જુની ઘરડમાંથી બહાર નીકળવું, આ નરરત્નો ગુલામની પેઠે પરતત્રપણે તેમને જે યોગ્ય ન જણાય તેને વળગી રહેતા નથી પરંતુ જેમાં જેમાં તેમને દોષ કે અપૂર્ણતા જણાય તેમાં તેમાં તે તત્કાલ જ સુધારો કરવા મચી પડે છે.

જગતના ઇતિહાસપ્રતિ દૃષ્ટિ કરીને આપણે જોઈશું તો જણાશે, કે જેમણે જેમણે કોઈપણ શાખામાં પ્રકાશ પાડયો છે તે જુની ઘરડમાથી બહાર નીકળ્યા છે, ત્યારે જ તે પ્રમાણે કરવાને તે શક્તિમાન્ થયા છે, જનસમુદાય જે માર્ગે વહે છે તે માર્ગવિના બીજો માર્ગ જ પ્રગતિનો નથી, એવો નિશ્ચય આ મનુષ્યો કદી બાંધી બેસતા નથી. પ્રસંગે જન સમુદાયના વિચારથી જુદા પડીને એકલા

ઉભા રહેવાનો તેમને સમય આવે છે તો તે નીડરપણે તેમ કરવા તેઓ ધૈર્યવાન્, અપૂર્વતાને પ્રગટાવનાર, તથા જે સમયે જે ઉપાયની જરૂર છે તે ઉપાયને શોધી કાઢવાની શક્તિવાળા હોય છે; આ મનુષ્યોમાં જે દિશામાં બીજા મનુષ્યોએ પ્રયાણ નથી કર્યું તે દિશામાં પ્રયાણ કરવાનું ધૈર્ય તથા જે કાર્ય બીજા મનુષ્યોએ નથી કર્યા તે કાર્યો કરવાનો આગ્રહ હોય છે.

માર્શલફીલ્ડ કરીને અમેરિકામાં એક પ્રસિદ્ધ વ્યાપારી વિષે એમ કહેવાય છે કે, તેણે વ્યાપારની પદ્ધતિમા ઘણો સુધારો કર્યો છે. આ મનુષ્ય હમેશાં પોતાની દુકાનમા અપૂર્વ રીતે વસ્તુઓ ગોઠવતો, કે જે પ્રમાણે કોઇ પણ ઠેકાણે વસ્તુઓ ગોઠવાએલી જણાતી નહિ. તેણે કોઇ પણ વ્યાપારીનું અનુકરણ કરવાનો સ્વભાવ રાખ્યો નહતો, પણ પોતાનામાંથી જ અપૂર્વતાને અને નૂતનતાને પ્રગટ કરવાનો તેનો સ્વભાવ હતો, તેને પોતાને જે યોગ્ય જણાય તે તે નિભયતાથી કરતો અને કોઈની જરાપણ દરકાર રાખતો નહિ, કોઈ વ્યાપારીએ પૂર્વે આ પ્રમાણે કર્યું છે કે કેમ એવું પ્રમાણ તે ખોળવા જતો નહિ પરંતુ પોતે જાતે જ વિચાર કરીને અમુક બાબતમાં શું કરવું તે ખોળી કાઢતો. તેના આ સ્વભાવે કરીને વ્યાપારીઓમાં તે અગ્રણી ગણાયો છે.

બીજા જહોનવેનમેકર તથા જહોનસ્ટુઅર્ટ કરીને પણ બે પ્રસિદ્ધ વ્યાપારી થઇ ગયા છે, તે એક અપૂર્વતાને જ ધારણ કરનાર હતા. એક જ ઠેકાણે કામ કરતા હતા છતાં એક બીજાનું કદી અનુકરણ કરતા નહિ.

તમારા પોતાનામા રહેલી અપૂર્વતાને (Originality) પ્રકટ કરતાં જરાપણ ડરો નહિ તમારા પિતા, દાદા, પડોસી, મિત્ર, કે બીજા મનુષ્ય જે પ્રમાણે કરે છે તે જ પ્રમાણે તમે કરશો તો જ તમારી ઉન્નતિ થશે, એ વિચારને દૃઢ કરતા નહિ. ગુલાબી રંગે જેમ આસમાની રંગ થવાનો પ્રયત્ન કરવાની જરૂર નથી તેમ તમારે પણ બીજા મનુષ્યજેવા જ થવાની જરૂર નથી. તમારા પોતાનામાં રહેલી અપૂર્વતાને પ્રકટાવો અને તમે બીજા કરતાં શ્રેષ્ઠ થઇ શકશો જ.

દરેક મનુષ્યમાં કોઇને કોઈ ઉત્તમ કાર્યો કરવાની શક્તિ

રહેલી છે, પરંતુ તે જ્યારે બીજા મનુષ્યને જોઇને તેનું અનુકરણ કરવા જાય છે ત્યારે તે તેને દાબી દે છે, અર્થાત્ તેને પ્રકટ થવાનો અવકાશ આપતો નથી, અને તેથી તેને વિજય મળતો નથી.

મોટા ગણાતા મનુષ્યો, શાળામાં બાળકો જેમ એક બીજા-માંથી ચોરીને પાસ થવાનો પ્રયત્ન કરે છે તેમ કદી કરતા નથી. મોટા મનુષ્યોના વિચારો કેવળ સ્વતંત્ર જ હોય છે મોટા મનુષ્યો જે કંઈ બોલે છે, જે કંઈ લખે છે, જે કંઈ બનાવે છે, તથા જે કંઈ કાર્ય કરે છે તે સ્વતંત્રપણે જ કરે છે તેમની ક્રિયામાત્રનો આવિર્ભાવ તે પોતાનામાથીજ કરે છે, વારવાર બીજા મનુષ્યોના દૃષ્ટાંત લેવા તે જતા નથી.

નેપોલીઅનને કોણ નથી જાણતુ ? તેની લડાઈ કરવાની તથા કુચ કરવાની પદ્ધતિ તદ્દન નિરાળી જ હતી પૂર્વે અમુક રીતે લડાઇ કરવામાં આવી છે એવો વિચાર તેણે કદી પણ કર્યો નથી. કેમ લડવું તથા કેમ જીત મેળવવી તેનો માર્ગ તેણે પોતે જ સ્વ-તંત્રપણે ખોળી કાઢ્યો હતો. જુની ઘરડમા તે લેશપણ; અટવાયો નથી. જેમનામાં સ્વતંત્ર બળ છે તથા જે અપૂર્વતાને પ્રકટ કરી શકવાને સમર્થ છે તે કદી પણ જુની ઘરડમાં અટવાતા નથી. જગત્માં કંઈ જ વિશેષ કરી શકતા નથી એવા મનુષ્યો તે શંકા-શીલ, ભયભીત તથા નિર્બલ મનુષ્યો છે

જેમણે જુની ઘરડમા જીવન ગાળ્યું છે તથા તેમાંથી જે નીકળી શકવાની હિંમત કરી શક્યા નથી તેમને આજે કોઈપણ જાણતું નથી તથા ઇતિહાસમા તેમનુ નામ નિશાન જોવામાં આવતું નથી.

અમેરિકાના પ્રસિદ્ધ પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટને આજે કોણ નથી જાણતુ? શા માટે તેને આજે સમગ્ર જગત્ જાણે છે? એટલા માટે કે પોલીસ કમીશનર, ગવર્નર, વાઇસ પ્રેસીડેન્ટ તથા પ્રેસીડેન્ટ કે જે જે પદવીએ તેણે કામ કર્યું છે તેમાં અપૂર્વતાને જ તેણે પ્રક-ટાવી છે. તેણે સર્વ પ્રસંગોમાં પોતાની જાતને જ મહત્તા આપી છે, અને તેના પરિણામમાં જગત્ આજે તેને મહત્તા આપે છે. તમને પોતાને તમે એક ક્ષુદ્ર જંતુજેવા ગણો અને જગત્માં તમે તેવા જ ગણાશો; તમને પોતાને તમે એક અતિ અગત્યની વ્યક્તિ

માનીને વર્તો અને જગત્ તમને તેવા ગણુશે. તમારી પ્રગતિ માટે જે જોઇએ તે તમારામાં છે જ તેને તમે બહાર કાઢો અને તમારી પ્રગતિ સિદ્ધ જ સમજો.

જોસેફ જેફ્રસન કરીને એક પ્રસિદ્ધ પુરુષ કહે છે, કે અવિજયનો ખાત્રીવાળો માર્ગ તમારે જોઇતો હોય તો તે એ છે, કે હમેશાં બીજાનું અનુકરણુ કરવું.

જેનું તેનું અનુકરણુ કરનાર મનુષ્ય પોતાનામાં જે અપૂર્વતા રહેલી છે તેને પ્રકટ કરવાના સામર્થ્યને ખુએ છે, ને પોતાનામાં રહેલા ઉત્પાદક બળને ગુમાવે છે, તેનામાં રહેલી સમયસૂચકતાનો તે કદી ઉપયોગ કરી શકતો નથી, તથા ઉત્તમ કાર્ય કરવાની તેની શક્તિ મોટે ભાગે દબાએલી જ રહે છે.

વિજય ચોરી કર્યે મળતો નથી, કે અનુકરણુ કર્યે પણુ મળતો નથી. વિજય હમેશા પોતાનામાથી જ પ્રકટે છે. વિજય એ દરેક મનુષ્યની પોતાની શક્તિનો જ આવિર્ભાવ છે જેમ મનુષ્ય પોતાનામાંથી પોતાની શક્તિનો ઓછો આવિર્ભાવ કરે છે તેમ તે વિજયથી દૂર રહે છે.

એક વખતે હેન્રી વોર્ડ બીચર અને ફીલીપ્સબ્રુકસ નામના ધર્મગુરુઓ અતિ પ્રસિદ્ધ ગણુાતા હતા. આ વખતે બીજા સેંકડો ધર્મગુરુઓ તેમનુ અનુકરણુ કરતા તે કેમ બોલે છે, તે કેમ ચાલે છે, કેમ વર્તે છે, કેમ હસે છે, કેમ જીવન ગાળે છે, એ વગેરેનુ અનુકરણુ કરતા, પણુ તેમાથી એક પણુ તેમના જેવો થઇ શકયો નહિ. અને આ જ પ્રમાણે ઇતિહાસ પ્રતિ દૃષ્ટિ કરીને જોઇશું તો જણુાશે, કે બીજાના જેવા થવાનો પ્રયત્ન કરનાર, અને પોતાના સ્વત્વને દાબી રાખનાર કદી જ પ્રસિદ્ધિને પામ્યા નથી. તમારા પોતાનામાં રહેલી અપૂર્વતાના પાયાઉપરજ તમારૂં વિજયગૃહ ચણો અને તે કાર્ય તમે પ્રશસ્ત રીતે કરી શકશો જ.

આજે લાખો પુસ્તકો જગતમાં પ્રસિદ્ધ થાય છે, પરંતુ વાસ્તવિક રીતે જોતાં, જેમાં અપૂર્વતા હોય તેવાં પુસ્તકો થોડાં જ હોય છે. જે તે એક બીજાનું અનુકરણુ કરવાનું જ સમજે છે. પોતાનામાં રહેલા સ્વતંત્ર વિચારને લેખકો કવચિત્ જ પ્રસિદ્ધ કરે છે, પરંતુ તે બીજાના વિચારને પોતાની ભાષામાં હમેશાં પ્રસિદ્ધ કરવાનું

પસંદ કરે છે. પરંતુ આવાં પુસ્તકોમાં જીવન, સ્વાભાવિકતા, ઉપયો-ગિતા વગેરે ઓછું જ હોય છે. આ પુસ્તકો વાચનારના હૃદયને સ્પર્શ કરનાર હોતાં નથી. એક વખત રાંધેલી રસોઇને પુનઃ રાંધતાં જેમ તેમાં સ્વાદ તથા પુષ્ટિને આપવાનું સામર્થ્ય હોતુ નથી તેમ બીજાના ચોરી લીધેલા વિચારને પ્રસિદ્ધ કરવામાં પણ કંઇ ઉપ-યોગી સામર્થ્ય હોતું નથી.

પૂર્વે ચિતરાઇ ગએલાં ચિત્રને ચીતરવામાં ચિત્રકારની મહત્તા ગણાતી નથી, પરંતુ નવીન, અપૂર્વ ચિત્રને જ ચિતરવામા તેની કુશલતા મનાય છે. અને આ પ્રમાણે પોતાના ચિત્રોમા જે ચિત્ર-કાર અપૂર્વતા લાવી શકે છે તે જ પ્રસિદ્ધિને પામે છે. તમારા જીવનરૂપી ચિત્રમાં તમે નવીન, અપૂર્વ ચિત્રને જ્યાંસુધી નહિ ચિતરો ત્યાંસુધી તમે પણ પ્રસિદ્ધિમા નહિ જ આવો તથા પ્રગતિમા આગળ નહિજ વધી શકો

મનુષ્યોની શામાટે પ્રગતિ થતી નથી? એટલામાટે, કે તેમનામાં જે અપૂર્વતા છે તેનો અવિષ્કાર કરતા નથી. અપૂર્વતાને પ્રકટ કરતાં તેઓ જગત્નો ભય રાખે છે. બીજા જેમ કરે છે તેમ જ કરવામાં તથા બીજાની સલાહપ્રમાણે હંમેશાં વર્તવામા જ તે પોતાની પ્રગતિ સમજે છે પણ આ કંઈ પ્રગતિનો માર્ગ નથી

દશ હજાર કે દશ લાખ મનુષ્યો કોઈ દોરી જનાર હોયતો તેની પાછળ દોરાવાને તત્પર છે પણ કોઇએ જનસમૂહમાથી એક છલંગ મારીને આગળ પડવુ જોઇએ, અને અપૂર્વતાને પ્રકટાવવી જોઈએ. પૂર્વે જેમણે જેમણે આ પ્રમાણે આગળ પડીને અપૂર્વતાને પ્રકટાવી છે તે પ્રજાના નાયક થઈ રહ્યા છે જેણે વિજયને જોઈતો હોય, કે પ્રગતિને જોઈતી હોય તેમણે ધૈર્યવાન્, પોતાના જ ઉપર શ્રદ્ધા રાખનાર, તથા અપૂર્વતાને પ્રકટાવનાર થવુ જોઇએ.

જગત્ અપૂર્વતાને પ્રકટ કરનારને અગ્રસ્થાન આપવાને તૈયાર છે. આવા મનુષ્યો સર્વત્ર પૂજાય છે જ. ભયભીત, શંકાશીલ તથા પરતંત્રપણે જુની ધરડમા વહેનાર મનુષ્ય માટે જ જગત્મા અગ્રસ્થા-નનો ટોટો છે સૂર્યોદયને જોઈને જેમ જગત્ આનંદ પામે છે તેમ જ તે અપૂર્વતાને પ્રકટ કરનારને જોઈને પણ આનંદ પામે છે, અને તેનાં યશોગાન કરવા મચી પડે છે. વૈદ્યો દાકતરો, શિક્ષકો, વ્યાપા-

રીઓ, ધર્મગુરુઓ, અમલદારો, અને અન્ય સર્વ ! તમે પૂર્વથી ચાલતી આવતી ધરૂકમાં પરતંત્રપણે જ્યાંસુધી વર્ત્યાં કરો છો ત્યાંસુધી તમને જગત્ જાણતું છતાં તમને ન જાણ્યા બરોબર જ છે. તમારામાં રહેલી અપૂર્વતા પ્રતિક્ષણે પ્રકટ થવાને તમારા અંતરમાંથી ડોકયાં કરે છે, પણ તેને પ્રકટ થવાનો અવકાશ તમે આપી શકતા નથી, અને તેથી ધૂળમાં રત્ન જેમ છુપાઈ રહે તેમ તમે જગતમાં ઢંકાએલા રહો છો.

તમને પ્રગતિમાં લેઈ જવાને જેની જરૂર છે તે વસ્તુ તમારા પોતાનામાં જ સંકોચાઈને પડેલી છે. તે તમારાથી બહારની કોઈ પણ વસ્તુમાં નથી, પણ તમારા પોતાનામાં જ છે, અને તમારી ઇચ્છા થતા તમે તેને પ્રકટાવી શકવાને સમર્થ છો. આમ છે તો શામાટે એકને એક દુઃખદ સ્થિતિમાં કંઇ કાળથી સડયા કરો છો, અને શા માટે જે તમારા પોતાની નિકટમાં નિકટ છે તેનો ઉપયોગ કરી પ્રગતિને સાધતા નથી અને સ્વતંત્રતા, સુખ આદિને વરતા નથી ?

જેટલા વેહેલા તમે બીજાના ઉપર તમારી પ્રગતિનો આધાર ઓછો રાખતા થાઓ છો તથા જેટલા વહેલા તમે તમારી પ્રગતિ માટે તમારા પોતાના જ ઉપર આધાર રાખતા થાઓ છો, તેટલી વ્હેલી તમારી પ્રગતિ તમે કરી શકો છો જેનો તમે આધાર રાખો છો તે જ્યારે સ્વતંત્રપણે પોતાની પ્રગતિ સાધે છે ત્યારે તમે પોતે શામાટે તેમ ન કરી શકો ? તે પણ મનુષ્ય છે અને તમે પણ મનુષ્ય છો તેણે તેની શક્તિઓનો આવિર્ભાવ કર્યો છે, અને તમે તેમ કર્યું નથી, એટલુ જ માત્ર અંતર છે. આજથી જ તમારી શક્તિઓને પ્રકટ કરવા માંડો અને તમારે બીજાના ઉપર આધાર રાખવાની જરૂર નહિ જ રહે.

બીજા મનુષ્યોના વિચાર, યુક્તિયો, કાર્ય કરવાની શૈલી વગેરેનુ અનુકરણ કરીને જીવન ગાળવું એ દયાજનક જ સ્થિતિ છે. તમારી પ્રગતિનો માર્ગ સ્વતંત્ર છે, તેને તમે શોધી કાઢો અને આ દયાજનક સ્થિતિમાંથી તમે એકદમ બહાર નીકળી જશો.

ઘણા મનુષ્યો નિષ્ફળ થાય છે, તેનું એ કારણ હોય છે, કે જુના ચાલતા આવતા રીતીરિવાજને તે વળગી રહ્યા હોય છે. પૂર્વે

જે યોગ્ય હતુ તે વર્તમાન કાલે યોગ્ય હોઇ શકે, એમ બનતુ જ નથી. સમય બદલાતાં કાર્ય કરવાની પદ્ધતિ વગેરે પણ બદલવાની જરૂર હોય છે. પૂર્વોક્ત મનુષ્યો જે સમયાનુકૂલ વર્તન સેવે તો તેમને વિજય મળ્યાવિના ન જ રહે.

જે પ્રગતિને ઇચ્છે છે તે જાણે છે, કે જગત્ નિત્ય નવુ જ થતું જાય છે અને તેથી તેણે પણ નવીન જ માર્ગે વર્તવું જોઇએ, તે પોતાની દૃષ્ટિને નિરંતર પ્રકાશપ્રતિ જ રાખે છે તથા તેના મનને તે એક બાળકજેવું ખુલ્લુ રાખે છે પૂર્વે કેટલા મનુષ્યોએ અમુક કામ કર્યું છે. અથવા અમુક નિયમે કામ કર્યુ છે તેનો તે વિચાર જ કરતો નથી. તે પોતાની સ્વતંત્ર શૈલીથી જ કાર્ય કરે છે. તેના અંતરાત્મા જેમ તેને સૂચવે તેમ તે નિર્ભયપણે વર્તે છે અને વિજયને અવશ્ય વરે છે જ

એક વખતે ઇંગ્લંડે લડાઇના ૩૧ વહાણ દોઢેક કરોડ રૂપૈયામા વેચી દીધાં હતા. આ વહાણની જે કિંમત ઉપજી હતી તે જેટલુ ખરચ તેમને બંધાવતા થયું હતુ તેની સાથે સરખાવતાં માત્ર પાંચ ટકા જેટલી જ હતી. પરંતુ નવી પદ્ધતિથી બાંધેલાં વહાણની જ આ કાળે જરૂર હતી, તેથી ૯૫ જેટલી ભારે ખોટ ખાઇને પણ તે વેચી દીધાં હતા

આ જ પ્રમાણે તમારી પ્રગતિમાં જે જે સહાય્યક ન હોય તેને ત્યજી દેતા એક ક્ષણનો પણ વિલંબ કરો નહિ લોકો અમુક કહેશે, પૂર્વથી ચાલતો આવેલો રિવાજ અમુક છે, વગેરે કશાનો પણ વિચાર કરો નહિ, તમારા અંતરાત્માને જે યોગ્ય જણાય તેનો સ્વીકાર કરતાં જરાપણ ડરશો નહિ. સાવધાનતા એટલી રાખશો કે ખોટે માર્ગે જવામા તમારા બળનો તમારે ઉપયોગ કરવાનો નથી તેમ જ એ પણ ધ્યાનમા રાખશો કે જુનું એટલુ સર્વ ખરાબ, એમ પણ માની બેસતા નહિ કહેવાનુ તાત્પર્ય એ છે, કે જે હિત-કર જણાય તેનો તત્કાલ સ્વીકાર કરો તથા જે અહિતકર જણાય તેને પરિત્યજો, પછી તે જુનુ હોય કે નવુ હોય. આ તો બાપ દાદાનો કૂવો છે તેમા બુડી મરવુ, એવો વિચાર રાખશો નહિ, તે જ પ્રમાણે નવીન માર્ગે અમુક મનુષ્યો જાય છે માટે તમારે પણ તે માર્ગે જવુ જોઇએ, એવો પણ વિચાર હિતકર નથી.

સારાસારનો વિચાર કરીને જ તમારે પ્રવૃત્તિ કરવાની છે. બીજા મનુષ્યો જે માર્ગે જતા હોય તે માર્ગ તમારી પોતાની પ્રગતિમાટે યોગ્ય જણાતો હોય તો તે માર્ગે જતા તમને કશી જ અડચણ નથી પણ તમારી પોતાની પ્રગતિ માટે તે માર્ગ તમને યોગ્ય ન જણાતો હોય તો તે માર્ગે પરાણે વહેવાની તમારે કશી જ અગત્ય નથી, એ જ કહેવાનો ભાવ છે.

આગળ વધવાને નિરંતર ઉત્સુક રહો તથા ધૈર્યથી આગળ વધ્યા જ કરો. તમારા પોતાના વિચાર નિરર્થક છે એમ માનતા નહિ; તમારા પોતાના વિષે તુચ્છ બુદ્ધિને ધરતા નહિ તમારા પોતાના સ્વત્વને વિસરી જતા નહિ અને આત્મપ્રતિષ્ઠાનો કદી પણ વિનાશ થવા દેતા નહિ.

એક લશ્કરી અમલદારને એક વખતે તેના ઉપરી તરફથી પૂછવામાં આવ્યું, કે અમુક શહેર તમે શામાટે ન લીધુ ? આ પ્રશ્નના ઉત્તરમાં તેણે અનેક કારણો જણાવવા માંડયાં પરંતુ એક બે કારણો સાંભળીને જ તેના ઉપરીએ કહ્યું, તમે ટુંકામાં એ જ કહો, કે તમે તે કાર્ય કરી શકશો, એમ તમે માનતા નહતા.

અમુક કાર્ય આપણે કરી શકીશુ, એમ જો આપણે માનતા નથી તો પછી તે કાર્ય કદી પણ આપણે કરી શકતા નથી. અમુક મારાથી નહિ થઇ શકે, અમુક અશક્ય છે, વગેરે વિચારને પ્રગતિને સિદ્ધ કરવા ઇચ્છનારે પોતાના અંતરમાથી કેવલ નિર્મૂળ કરવા જોઇએ.

જે મનુષ્ય દઢ નિશ્ચયવાળો છે, નિર્ભય છે, આગ્રહયુક્ત છે, અને સબળ વિચારબળવાળો છે, તે ગમે તેવી હલકી સ્થિતિમા હોય છે તોપણુ પોતાની પ્રગતિને સાધી શકે છે

પ્રકરણ ૨

પ્રગતિને ઇચ્છનાર દૈવયોગ ઉપર આધાર રાખતાજ નથી.

જહોન એ જોન્સન કરીને અમેરિકાના મીનેસોટાના ગવર્નરને એક સમયે તેના જીવનનો વૃત્તાન્ત પૂછવામાં આવ્યો, કારણ કે તે ઘણી જ ગરીબ સ્થિતિમા જન્મ્યો હતો, તેને સાહાય્ય કરનાર કોઇપણ મનુષ્ય હતુ નહિ, તથા તેના વિઘ્નો અને તેની અડચણોનો પણ પાર નહતો, છતા તે આટલી ઉચી સ્થિતિએ ચઢયો તેથી તેના જીવનમા જાણવા જેવુ ઘણુ હશે, એમ અનુમાન કરવામાં આવ્યુ હતું. આ મનુષ્યે માત્ર બેજ લીટીમા પોતાના જીવનનો વૃત્તાંત જણાવ્યો, કે "મારી એ તીવ્ર ઇચ્છા હતી કે મારે પોતે ઉચ્ચ સ્થિતિમાં જવુ તથા જે શહેરમા હું જન્મ્યો હતો તે શહેરના મારા બન્ધુઓને સુખી કરવા અને તે પ્રમાણે મેં કર્યું "

પ્રતિકૂલતા, વિઘ્ન, વગેરેનો જય કરનાર અકસ્માત, દૈવયોગ (Chance) કે એવી કોઇ વસ્તુને સ્વીકારતા નથી દૈવયોગઉપર આધાર રાખનાર કદી પણ પોતાની પ્રગતિ સાધી શકતા નથી.

ધ્રુવ, નરસિંહ મહેતા, વિશ્વામિત્ર આદિ અનેક મહાપુરુષો કે જેમણે પોતાની અસાધારણ પ્રગતિ સાધી છે તેમણે શું દૈવયોગ ઉપર કદી આધાર રાખ્યો હતો ? એક જ દષ્ટિબિંદુ રાખીને તેમણે અનુપમ પુરુષાર્થને કે પ્રયત્નને સાધ્યો છે. આ વિના બીજા અનેક દષ્ટાંતો, આપણા શાસ્ત્રો તથા પુરાણોમાથી મળી આવે તેમ છે, પરંતુ તે સર્વ પ્રચલિત હોવાથી કોઇ કોઇ આધુનિક નવીન દષ્ટાંત જ આપવામા આવે છે. દષ્ટાંતથી ભાગ્યે જ કોઇ બુદ્ધિમાન્ વિરોધ ધરશે. કહેવાનુ તાત્પર્ય શું છે તે જ જોવાનુ છે. આ દષ્ટાંતો જેમને અનુકૂલ ન જણાતાં હોય તે આપણાં પુરાણો તથા શાસ્ત્રોમાંથી બીજાં દષ્ટાંતો ખોળી લેશે તો તેમને દષ્ટાંતો મળી આવશે જ.

પ્રગતિને સિદ્ધ કરનાર મનુષ્યો જાણે છે, કે તેમના દઢ નિશ્ચય આગળ આખું જગત્ પણ ટકી શકવાને એક વખતે સમર્થ નથી.

૫૨૫૦

તેઓ સમજે છે, કે વિજય એ દૈવયોગમાં નથી પણ તેમના પોતાનામા જ છે

પૂર્વોક્ત શહેરમાં બીજા હજારો બાળકો હતાં અને તે સર્વ ફરીયાદ કરતા હતા કે તેમને જોઇએ તેવુ શિક્ષણ લેઈ શકે તેવો સવડ પણ નથી. પરતુ મી. જહોન્સન આ સર્વ અડચણને દૂર કરીને આગળ વધ્યો. તેને પાચ ભાઇઓ, બેહેનો, માતા વગેરેનુ પોષણ કરવાનુ નાનપણથી જ પ્રાપ્ત થયું હતું. તે દિવસે તથા રાત્રે કામ કરતો અને કુટુંબનુ પોષણ કરતો આઠ વર્ષની ઉમરથી જ તેણે પોતાના કુટુબને મદદ કરવાનુ શરૂ કર્યું હતુ તેમ છતાં ઉંચી સ્થિતિએ જવાની અભિલાષાને તેણે ત્યજી દીધી નહિ તેણે લેશ પણ હિંમતને ત્યજી નહિ તથા સર્વ પ્રસગમા પોતાના જ ઉપર આધાર રાખ્યો તેણે દૈવયોગનો સ્વીકાર કર્યો નહિ, પરંતુ સ્વપુરુષાર્થવડે લક્ષ્યસ્થાને ગમે તે થાય તોપણ પહોચવાને અડગ નિશ્ચય રાખ્યો. વિઘ્નોથી તે જરાપણ ડર્યો નહિ તે વિઘ્ન, પ્રતિકૂલતા વગેરે કરતાં પોતાની મહત્તા અધિક આકતો તેના નિશ્ચયમાથી ચલિત થવાના અનેક પ્રસગો તેને પ્રાપ્ત થયા હતા છતા તે એક પણ પ્રસગે તેમાંથી ચલિત થયો નહિ તેણે દૈવયોગ ઉપર આધાર ન રાખ્યો પણ દૈવયોગને પોતાને અનુકૂલ તેણે બનાવ્યું, અર્થાત્ નવુ રચ્યું.

જેમને પોતાની પ્રગતિની સાચી ઇચ્છા છે તે કદી પણ મને અમુક અડચણ છે, અને અમુક પ્રતિકૂલતા છે, એવા બહાનાં કાઢતા નથી; તે માત્ર કામ જ કરવાનુ સમજે છે પ્રગતિ એ જ તેમનું લક્ષ્યબિંદુ હોય છે; તે જ તેમનો ધ્યેય હોય છે, અને તેના વિના તેમને બીજું કઇ જ દૃષ્ટિએ આવતુ નથી આગળ અને આગળ વધવાના જ તે સ્વભાવવાળા હોય છે કોઇ મનુષ્ય પોતાને મદદ કરે, એમ જાણીને તે બેસી રહેતા નથી, કે સમય વીતાવતા નથી. પોતાના જ બળઉપર તે ઝઝુમનાર હોય છે. અનુકૂલ તક કે પ્રસંગની પણ તે રાહ જોતા નથી; પણ તેને તે ઉપજાવી લે છે.

મને અમુક અનુકૂલતા નથી, વગેરે જે ફરીયાદ કરે છે તે પોતાની નિર્બળતાવિના અન્ય કશાને જ પ્રકટ કરતા નથી, તેમના તે વચનો સિદ્ધ કરે છે, કે જે પ્રસંગે જે પ્રમાણે તેમણે વર્તન કરવું જોઇએ તેવું વર્ત્તન કરવાને તે સમર્થ નથી તથા તેમના પરિવર્તનના તે સ્વામી નથી પણ દાસ છે. જે જગતમાં પ્રગતિ

સાધી શકતા નથી તેમની આવી જ સ્થિતિ હંમેશા હોય છે તેઓ હંમેશાં એમ જ બોલતા રહે છે, કે બીજા મનુષ્યોની પેઠે અમને અનુકૂલતા નથી. અમને કોઇ સહાય્ય કરનાર નથી વગેરે

એક મનુષ્ય ઘણી વખત જેને તેને કહેતો કે અમુક ઉદ્યોગ કરવાનો મારો વિચાર હતો, પરતુ અમુક મનુષ્યે તેની શરુઆત કરી દીધી. એટલે મેં વિચાર માડી વાળ્યો. આ પ્રમાણે તે અનેક ઉદ્યોગને માટે કહેતો, તાત્પર્ય કે તેને માટે જાણે જગત્માં કોઇ ઉદ્યોગને અવકાશ જ ન હોય તેમ તે દર્શાવતો. આ પ્રમાણે પોતાનો લાભ બીજા મનુષ્યો જાણે લેઈ જતા હોય તેમ અનેક મનુષ્યો જણાવે છે, પણ આ તેમની અયોગ્યતાને જ સૂચવે છે

આવા મનુષ્યો જે પોતાની પ્રગતિ સાધે છે, તેમને માટે કહે છે, કે તેમને તો અમુક સારો યોગ આવી ગયો, ભાઈ! પ્રારબ્ધની વાત મોટી છે જેને અમુક સહાય્ય હોય તે શુ ન કરી શકે, વગેર પણ મનુષ્યોને તેમના કેવા વિચાર હોય છે, તેમનુ નિશ્ચય બળ કેવુ હોય છે, તેમનો સદાગ્રહશીલ કેવો સ્વભાવ હોય છે, વગેરે કઈ જ જાણી શકતા નથી જે મનુષ્ય પોતાની આસપાસ ઉત્તમ સ્થીતિ રચી શકે છે તે પોતાના અતરમા પણ તેવી સ્થિતિ રચવાને સમર્થ હોય છે જ, તેનો એક અધિક દૃષ્ટાત નીચે આપીએ છીએ.

અલેકઝાન્ડર **ધી** ગ્રેટને કોણ નથી જાણતુ? તે સમર્થ પુરુષ થઈ ગયો છે એ સઉ કોણ જાણે છે જ, તણે કેવો વિજય પ્રાપ્ત કર્યો હતો તે પણ કોઇને અજ્ઞાત નથી જ પરતુ તેના કેવા વિચાર હતા, અને ત્યારે જ તે સ્થિતિને પ્રાપ્ત થઇ શકયો છે, એ તેના આ ઉત્તરથી આપણને સ્પષ્ટ થયા વિના નથી જ રહેતુ કેટલીક લડાઇઓ જીત્યા પછી તેને એક વખતે પૂછવામા આવ્યુ કે આપને અનુકૂલતા (opportunity) મળે તો આપ અમુક શહેર લેવા ઇચ્છા રાખો છો કે કેમ? તેણે એકદમ બેઠા થઇ જઇને કહ્યુ, અનુકૂલતા! શા માટે હુ પોતે જ અનુકૂલતા ઉપજાવવાને સમર્થ છું, મનુષ્ય પોતે જ અનુકૂલતાને ઉપજાવી શકે છે.

પ્રિયવાચક! તમે આવો ઉત્તર આપી શકશો? ન આપી શકો તો જાણો, કે તમે તમારા પરિવર્તનને બદલી શકવાને અસમર્થ છો અનુકૂલતા, યોગ, તક, નશીબ, સહાય્ય, એ વગેરે સર્વ તમારામાં

જ છે. તમે જ તે સર્વને રચી શકવાને સમર્થ છો.

અનુકૂલતા કે તકને **માટે વાટ જોવી**, એ પ્રગતિને અટકાવનાર સબળ સાધન છે. તેવા વાટ જોવાથી આપણી પ્રગતિની ઈચ્છા તથા આપણામા રહેલું કાર્ય કરવાનુ સામર્થ્ય ક્રમેક્રમે ક્ષીણ થઇ જાય છે. આ પ્રમાણે વાટ જોનારને કદી પણ અનુકૂલતા લક્ષ્મીના પેઠે ચાલ્લો કરવાને આવતી જ નથી તેમણે પોતે જ તેને ઉપજાવવી જોઇએ, અનુકૂલતાની વાટ જોવી, એના જેવુ પ્રમાદનું બીજું ઉત્તમ ચિહ્ન એક પણ નથી.

તમારી પોતાની પ્રગતિની જો તમને સાચી ઇચ્છા છેતો એક ક્ષણનો પણ વિલંબ કરો નહિ, અનુકૂલતાની વાટજોતા કદીપણ બેસો નહિ. તમારી પોતાની પ્રગતિ સિદ્ધ કરવાને આખી પૃથ્વી ફરી વળવુ પડે તો ફરી વળો, આકાશ પાતાળ એક કરવુ પડે તો તેમ કરો, તમારા તન મનના અણુઅણુને જાગ્રત્ કરીને તમારી ઉન્નતિઅર્થે જ પ્રયત્નશીલ રાખો, દિવસે કે રાત્રે સર્વ સમયમા તમારી ઇચ્છાને સિદ્ધ કરવાને ઉદ્યત રહો, સ્વલ્પમા જે જે ઉપાયોવડે તમારી પ્રગતિને તમે વર્તમાન જીવનમા જ સિદ્ધ કરી શકો તે તે સર્વ ઉપાયોનું અનુષ્ઠાન દૃઢ નિશ્ચય, આગ્રહ તથા પ્રયત્નપૂર્વક કરો અને આત્મતૃપ્તિને આ જ જન્મમા અનુભવો.

ઘણા મનુષ્યો જગત્માં અનુકૂલતાના કે તકના આંધળા હોય છે અર્થાત્ તેમને અનુકૂલતા કે તક દૃષ્ટિએ આવતી નથી. તેઓ સુવર્ણની ખાણમા જ ફરતા હોય છે છતા તેમની નજરે કોયલા, કે લોખંડ જ આવે છે; જ્યારે બીજા મનુષ્યોને ઠેકાણે ઠેકાણે અનેક પ્રકારની અનુકૂલતા ભરેલી જણાય છે, તથા કઇ અનુકૂલતાનો લાભ લેવો અને કઇનો ન લેવો, એમ તેમને મન થાય છે. એક મનુષ્ય એક પ્રસંગે કહેતા હતા, કે મને ઠેકાણે ઠેકાણે પૈસો જ ભરેલો જણાય છે અને હું જ્યાં ઠોકર મારૂં છું ત્યાંથી જ પૈસો જ મળી આવે છે. આખું જગત્ મને પૈસાથી ભરેલું જણાય છે. આ મનુષ્ય કઇ ખોટું કહેતા નહતા તેમને બાર મહીને પચીશ ત્રીસ હજાર રૂપૈયા કમાવા રમત હતી. પાંચ પચીશ રૂપૈયા ખરચવા હોય તો તે સહજ ખરચી નાખતા, કારણ તે જાણતા હતા, કે પૈસો મેળવવો એ તો રમત છે.

જ્યારે બીજા એક મનુષ્ય કહેતા હતા, કે મને આખું જગત્ બસ પૈસાથી પોલું જણાય છે. જાણે આખા જગત્‌માંથી પૈસો તદ્દન ખાલી થઇ ગયો હોય એમ મને ભાસે છે. આ મનુષ્ય પણ ના વિચાર પ્રમાણે ખરૂં જ કહેતા હતા. તેમના વિચાર આવા તેમ હતા અને તેથી તેમની સ્થિતિ પણ તેવી જ હતી. તેમને કોઇ ઉદ્યોગ જડતો નહિ, તથા કોઈ અનુકૂલતા તેમની નજરે જગત્‌મા આવતી નહિ.

આપણને જે કોઇ તક કે અનુકૂલતા મળે તેનો લાભ લેવો જોઇએ અને તેમ કરવામા આવે છે તો તેથી બીજી ઉત્તમ તક કે અનુકૂલતા એની મેળે જ મળી આવે છે જે એવી બૂમો પાડે છે, કે અમને કોઇ અનુકૂલતા કે તક મળતી નથી તેમણે પ્રાપ્ત પ્રસંગને ગુમાવ્યા હોય છે અને વધારે સારી અનુકૂલતા કે તકની વાટ જોતા હોય છે, જે તેમને કદી પણ મળતી નથી.

બુનીયન કરીને એક ગ્રંથકારે એક અપૂર્વ ગ્રંથ કેદખાનામાં જ લખ્યો હતો, તેને દૂધને માટે જે ડબ્બા આપવામા આવતા તેના ઉપરનો કોરો કાગળ ઉખાડી લઈને તે તેના ઉપર લખતો આ જ પ્રમાણે અનેક મનુષ્યોએ ઘણી વિકટ સ્થિતિમા અનુકૂલતા ઉપજાવી છે. માત્ર અંતરથી **સાચી** ઇચ્છા હોવી જોઇએ. અને તેવી ઇચ્છા હોય છે તો અનુકૂલતા ગમે ત્યાંથી મળી આવે છે જ. જે સ્થાનમા અને જે સ્થિતિમા અનેક મનુષ્યો એવી ફરીયાદ કરે છે, કે અમને અનુકૂલતા કે તક મળતી નથી તેથી નિકૃષ્ટ સ્થાનમાં તથા નિકૃષ્ટ સ્થિતિમાં રહેનાર અન્ય મનુષ્યોને અનેક અનુકૂલતા અને અનેક તક જણાય છે દૃષ્ટિમાં જ ભેદ છે. દૃષ્ટિ બદલો અને તમને સર્વત્ર અનુકૂલતા જ જણાશે.

નિકૃષ્ટ સ્થિતિમાંથી અનેક મનુષ્યો ઉત્કૃષ્ટ સ્થિતિમાં ચઢે છે. જ્યારે ઉત્કૃષ્ટ સ્થિતિમાં રહેનાર અનેક મનુષ્યો જ્યાના ત્યાં પડ્યા રહે છે. જેમની પાસે બસો પાંચસો રૂપૈયા જેટલી અનુકૂલતા હોય છે તે તેનો સદુપયોગ કરીને હજારો રૂપૈયા મેળવી શકે છે, જ્યારે તેથી વધારે અનુકૂલતાવાળા અનેક મનુષ્યો વિચાર કરતા બેસી રહે છે. જેમને આરોગ્ય સુધારવાને અનુકૂલતા નથી હોતી તેવા મનુષ્યો પોતાનું આરોગ્ય સુદૃઢ કરે છે, જ્યારે અનેક શ્રીમાન

મનુષ્યો રોગના ભોગ થઈ પડયા રહે છે. કહેવાનું તાત્પર્ય, કે અનુકૂલતા ગમે તે સ્થિતિમાં ઉપજાવી શકાય છે.

ઘણા મનુષ્યો અહીં તહીં રખડયા કરે છે, અને કોઇ અનુકૂલ ઉદ્યોગ મળી જાય તો સારૂં એમ ઇચ્છે છે પણ આ પ્રમાણે રખડવાથી કંઇ ઉદ્યોગ મળી જતો નથી તેમણે જે કંઇ ઉદ્યોગ પ્રાપ્ત થાય તેને સ્વીકારી લેવો જોઇએ

પ્રેસીડન્ટ લીન્કનને આજે આખું જગત્ ઓળખે છે તે કેવી સ્થિતિમાંથી પ્રગતિને પ્રાપ્ત થયો છે તેનો જ્યારે આપણે વિચાર કરીએ છીએ ત્યારે આશ્ચર્યથી આપણે સ્તબ્ધ થઇ જઇએ છીએ. જે ઠેકાણે આ છોકરો રહેતો હતો તે ઠેકાણે શાળા ન હતી, દેવળ નહતા, રેલ્વે ન હતી, કોઈ વર્તમાનપત્ર તેના ગામમાં આવતુ નહિ, તથા એક ઝુંપડા જેવા ઘરમા તે રહેતો હતો. તે તે દરરોજ નવ ' માઇલ ' ચાલીને પાસેના ગામની નિશાળમાં જતો અને પાછો આવતો. પચાશ પચાશ માઇલ ચાલીને તેણે પોતાના અભ્યાસના પુસ્તકો મેળવ્યાં છે. દિવસે તે આ પ્રમાણે સખત મજુરી કરતો અને રાત્રે વાંચતો, અને તે પણ કેવી રીતે ? લાકડાંના કકડા બાળીને તેના અજવાળે તે વાચતો આટલો પરિશ્રમ કરીને તેણે વિદ્યાભ્યાસ કર્યો અને તે તેના જીવનમાં 'પ્રેસીડન્ટ'ની પદવી મેળવવાને ભાગ્યશાળી થયો.

અમને કોઇ અનુકૂલતા નથી, અમને કોઈ સાહાય્ય કરનાર નથી, અમારી પાસે પૈસો નથી, વગેરે વચનો કહીને પોતાની દુર્બલતા દેખાડનાર મનુષ્યોએ શુ પ્રેસીડન્ટ લીન્કનનો દૃષ્ટાંત જોઇને શરમાવાજેવું નથી ? શું તેઓ લીન્કનના પરિશ્રમનો આઠમો ભાગ પણ પરિશ્રમ સેવે છે ? નહિ જ.

તમારી પોતાની પ્રગતિ માટે જે જે ઉપાય તમને જણાય તે તે ગમે તેટલા કઠિન હોય તોપણ તેને કોઇ પણ ઉપાયે કરો અને તમારી પ્રગતિ થયાવિના નહિ જ રહે. આપણે સર્વ ભગીરથ પ્રયત્નની સ્તુતિ કરીએ છીએ પણ તે પ્રયત્નના એક લક્ષાંશને પણ આપણે આપણા જીવનમાં ઓતપ્રોત થવા દેતા નથી. પ્રયત્નશીલને જગતમાં કંઈ જ અસાધ્ય નથી, માટે પ્રયત્ન કરો અને ઇપ્સિતાર્થને સિદ્ધ કરો.

એક અંગ્રેજ લેખક કહે છે કે When God wants to

educate a man, He does not send him to school, but to necessities"—જ્યારે ઇશ્વર કોઈ મનુષ્યને (યથાર્થ) શિક્ષણ આપવા ઇચ્છે છે ત્યારે તેને શાળામા મોકલવા જેટલી અનુકૂલતા નથી આપતા પણ તેને તંગીમા—દરિદ્રાવસ્થામાં રાખે છે, આ લેખકનું કહેવુ યથાર્થ જ છે, આપણે જોઈશુ તો જણાશે, કે દુનિયામા જે જે મોટા પુરુષો થઈ ગયા છે તે તે નિર્ધન સ્થિતિમાંથી જ મોટે ભાગે થયા છે.

તમે દરિદ્રાવસ્થામા હો તો ઈશ્વરને દોષ દેતા નહિ, પણ તેમનો ઉપકાર માનજો. પરતુ તેની સાથે તમે દરિદ્રાવસ્થામાં છો તેથી તમને પોતાને કૃતકૃત્ય પણ માનતા નહિ. તમે જો આ સ્થિતિમા તમારામાં ગુપ્ત રહેલાં સામર્થ્યોને પ્રકાશમાં લાવવાનો પ્રયત્ન કરો છો તો જ તમારી આ અવસ્થા તમને શોભારૂપ છે તથા તમારૂં હિત સાધનાર છે તમે તેમ નથી કરતા તો પછી તમને કોઈ જ જાણતુ નથી તથા તમારૂં સમગ્ર જીવન અનેક પ્રકારનાં કષ્ટોમા જ વ્યતીત થાય છે.

નિર્ધન અથવા દરિદ્રાવસ્થા મનુષ્યમા રહેલી બુદ્ધિ આદિ શક્તિઓને એવી જાગ્રત્ કરે છે કે જે તેના વિના કદાચ સુપ્તદશામાં જ ઘણે ઠેકાણે રહી જાય છે. જગત્‌ને અનુભવાત્મક યથાર્થ શિક્ષણ આપનાર, સર્વ પ્રકારની અનુકૂલતા, સપત્તિ, એશઆરામ વગેરે નથી પણ દરિદ્રાવસ્થા જ જગત્‌ને યોગ્ય શિક્ષણ આપે છે. આ શિક્ષણ જે મેળવે છે, જે તેનો લાભ લે છે તે પ્રગતિને પ્રાપ્ત થયાવિના નથી જ રહેતા. જગત્‌ના આજસુધીના ઈતિહાસ પ્રતિ દૃષ્ટિ કરો અને જુઓ, કે કેવા કેવા પ્રસિદ્ધ પ્રધાનોએ, રાજ્યકારભારીઓએ, વક્તાઓએ, વિદ્વાનોએ, શિલ્પશાસ્ત્રીઓએ, લેખકોએ અને એવા જ બીજા કુશલ મનુષ્યોએ આ શાળામાં શિક્ષણ મેળવેલું છે।

જે મનુષ્યોને અનેક પ્રકારની અનુકૂલતા પ્રાપ્ત હતી તેવા મનુષ્યોએ જગત્‌માં મોટા કાર્યો કર્યાં નથી, પરતુ જેમને કોઇ પણ પ્રકારની અનુકૂલતા નહતી તેવા મનુષ્યોએ જ મોટા કાર્ય કરેલા છે.

ધ્રુવ જ્યારે તપશ્ચર્યા કરવા ગયા ત્યારે તેમને કોની સહાય્ય હતી? વિશ્વામિત્ર જેવાએ પોતાના ઉગ્ર તપવડે જ સિદ્ધિઓને મેળવી

છે, નરસિંહ મેહેતાએ પોતાની ઉપાસનાના બળે જ ઇશ્વરને પ્રસન્ન કર્યાં છે; અને આ જ પ્રમાણે જેમણે જેમણે પોતાની અસાધારણ પ્રગતીને સાધી છે તેમણે પોતાના જ બળે તે સાધેલી છે. આવા પુરુષોને પ્રતિકૂલતા કે વિઘ્ન નથી નડયાં એમ નથી, પરંતુ જેમ જેમ તેમને તે નડયાં છે તેમ તેમ તે પોતાનામાંથી અધિક અને અધિક બલને જાગ્રત કરતા ગયા છે. તેમણે પોતાની મર્યાદા પોતાના પરિવેષ્ટન કરતા હમેશા અધિક જ આંકેલી છે.

પ્રગતિને વર્તમાન જન્મમા જ ઇચ્છનારે, જે જે મોટા પુરુષો થઈ ગયા છે તેમનાં જીવનચરિત્ર જાણવાં જોઇએ તથા તેમને હમેશાં પોતાના લક્ષ્યરૂપે સ્થાપવા જોઇએ. લક્ષ્યાનુસાર જ મનુષ્ય પ્રગતિને સાધી શકે છે, માટે ઉચ્ચ લક્ષ્ય હોવાની પણ પ્રગતિ ઇચ્છનારને જરૂર છે આ પ્રમાણે કરવાથી અમુક મનુષ્યોએ કેવાં કેવા વિઘ્નને કેવા અપૂર્વ ધૈર્ય વડે સહન કર્યાં છે, કેવી રીતે તે એક પછી એક આવતી પ્રતિકૂલતાથી ડગ્યા નથી તથા પ્રસન્ન વદનથી કોઇ પણ વિઘ્નની સામે જરાપણ પાછા હઠયા વિના ધસ્યા છે, વગેરે જાણવામાં આવે છે અને તેથી પોતાના અંતરમાં એક પ્રકારની અપૂર્વ શ્રદ્ધા દઢ થાય છે જે ઈપ્સિતાર્થને સાધવામાં જે બળની જરૂર હોય છે તે બળને અંતરમાંથી પ્રકટ કરે છે.

મનુષ્યે કોઇ પણ કાર્ય કરવાનો દઢ નિશ્ચય કર્યો છે તેને પ્રારબ્ધ કે બીજી કોઇ પ્રતિકૂલતા બંધન કરી શકતાં નથી. અન્ય મનુષ્યોને જે બંધન ક્ષુદ્ર સ્થિતિમાં રાખી રહે છે તેવા બધનોને આવા મનુષ્યો સહજ ત્રોડી નાખે છે કોઈ પણ કાર્યની તીવ્ર ઇચ્છા અને દઢ નિશ્ચય આપણા મનમાં હોય છે તો તે સિદ્ધ થયાવિના નથી જ રહેતુ. પરંતુ ઇચ્છા તે સામાન્ય ઇચ્છા ન હોવી જોઇએ. પણ તીવ્ર ઇચ્છા હોવી જોઈએ. સાધારણ ગરમ પાણીજેવી અને જેમાંથી વરાળ નીકળે છે એવા ઉકળતા પાણીજેવી ઇચ્છામાં ઘણું અંતર રહેલું છે. ઈજીનને ચલાવવાને ઉકળતા પાણીની જરૂર છે. સાધારણ ગરમ પાણીથી કે ઠંડા પાણીથી કંઇ ઈજીન ચાલી શકતું નથી, તે જ પ્રમાણે જે ઇચ્છાથી ફળની પ્રતીતિ ન થાય તે ઇચ્છા તે અપૂર્ણ ઇચ્છા છે એમ સમજવું. તીવ્ર ઇચ્છા કાર્યસાધક જ હોઇ શકે છે.

શ્રીમાન્ વિશ્વવદ્ય તીવ્રેચ્છાના સંબંધમાં કહે છે કેઃ—

તીવ્રેચ્છા સુખસાધન, પ્રકટાવે જો નહિ જન,
સુખનું નહિ તો દર્શન, થવું કલ્પે વેદવચન.

સુધાસ્રોતસ્વિની, દ્વિતીય કલ્લોલ.

આ પ્રમાણે તીવ્રેચ્છા કાર્યસિદ્ધિને અપાવનાર છે તેથી કાર્ય સાધવા ઇચ્છનારે તેને પ્રકટાવવાની જરૂર છે. સામાન્ય ઇચ્છા કરીને બેસી રહે અર્થસિદ્ધિ થતી નથી.

આ જગતમાં સામાન્ય બુદ્ધિના અનેક મનુષ્યો મોટાં મોટાં કાર્ય કરતા જોવામાં આવે છે, તેનુ કારણ એક જ છે, કે તેમને તે કાર્ય કરવાની તીવ્ર ઇચ્છા હોય છે, તે કાર્ય કરવાનો તેમનો દૃઢ નિશ્ચય હોય છે. જ્યારે અધિક બુદ્ધિમાન્ મનુષ્યો જગતમાં કંઇ જ કરી શકતા નથી, કારણ કે તેમનામાં તીવ્ર ઇચ્છા અને દૃઢ નિશ્ચયનો અભાવ જોવામા આવે છે.

ટીટોડીનો દૃષ્ટાંત આજે કોને અજાણ્યો છે. તે પ્રમાણે દૃઢ નિશ્ચયવાળા પુરુષો ગમે તેવા મોટા કાર્ય કરી શકે છે.નિશ્ચયવિનાના પુરુષો શક્તિમાન્ છતા કંઈ જ કરી શકતા નથી.

આપણને ઉચ્ચ સ્થિતિમા જતા અટકાવનાર જે જે પ્રતિબંધો હોય તેના કરતા આપણે મોટા થવુ જોઇએ, જ્યાં સુધી આપણે આ પ્રતિબંધોને મહત્વ આપ્યા કરીએ છીએ ત્યાંસુધી આપણે કદી આગળ વધી શકતા નથી આગળ વધવા ઇચ્છનારે પોતાની જ મહત્તાને અધિક ગણવી જોઇએ અને તેમ કરવામા આવે છે તે જ તેમનો જય થઈ શકે છે. આપણા પ્રતિબંધો કરતાં આપણે મોટા વધારે સમર્થ છીએ, એ વિચારને કાયમ રાખવો જોઇએ, આ પ્રમાણે પોતાની મહત્તાને સર્વ સ્થિતિમાં સ્વિકારનારને બંધન, પ્રતિકૂલતા, પ્રારબ્ધયોગ કે કંઇ જ નડતું નથી. તે આત્મબલે ગમે તે સ્થિતિમાંથી ઉચ્ચ ચઢી શકેછે,

કોઇ કોઈ ન્યૂન બુદ્ધિવાળા ખેડુતો જેમ વિચાર કરે છે કે અમુક ઠેકાણે જમીન સારી ફળદ્રુપ છે માટે ત્યાં જવું ઠીક છે તેમ તેવાજ અન્ય મનુષ્યો અમુક સ્થાને સારી અનુકૂલતા છે અને પોતાના સ્થાનમાં નથી એમ વિચાર કરે છે; બુદ્ધિમાન્ ખેડુત પોતાની જ જમીનને ખેડખાતર વગેરે અનેક ઉપાયથી ફળદ્રુપ બનાવે

છે તેમ બુદ્ધિમાન્ મનુષ્યો જે સ્થિતિમાં કે જે સ્થાનમાં હોય છે તેમાં જ પ્રયત્નવડે અનુકૂલતા ઉપજાવી શકે છે. બીજે કેકાણે જવાથી તેમને દ્રવ્યના રાશિ મળી જશે, કે બીજી અનુકૂલતા મળી જશે એમ ધારતા નહિ. જ્યાં જશો ત્યાં તમારી યોગ્યતા તમારી સાથે આવતી હોવાથી પ્રયત્ન કરવાની અને આગળ વધવાની તમારે જરૂર રહેશે જ તેથી હાલમાં જે સ્થાનમાં તમો છો તે સ્થાનમાંને તે સ્થાનમાં જ તમે યથેચ્છ અનુકૂલતા ઉપજાવી શકો તેમ છે. જરા દૃષ્ટી ફેરવીને જુઓ અને તમને જણાશે, કે આ જ સ્થાનમાં તમે જે સ્થિતિને ઇચ્છો છો તે સ્થિતિને અને તેથી પણ ઉચ્ચ સ્થિતિને અનેક મનુષ્યોએ પ્રાપ્ત કરી છે. તમારે તમારામાં રહેલી કોઇક અપૂર્ણતાને દૂર કરવાની જરૂર છે; અને તે દૂર કરતાં તમે યથેચ્છ સ્થિતિને પ્રાપ્ત થઇ શકો છો જ. માટે તમે જે સ્થાનમાં છો તે બહુ જ ખરાબ છે, તમે જે સ્થિતિમા છે તે બહુ ખરાબ છે, વગેરે કંઇ જ વિચાર કરતા નહિ વિચારમાત્ર એટલો જ કરજો, કે તમારે શી રીતે આગળ વધવું. તમારે માટે આથી ઉત્કૃષ્ટ સ્થાન કે ઉત્કૃષ્ટ સ્થિતિ યોગ્ય હોત તો તે તમને ક્યારનીએ મળ્યા હોત, પણ તે નથી મળી એ જ સૂચવે છે કે તમારી યોગ્યતામાં કંઇક ખામી છે. યોગ્યતાની વૃદ્ધિ કરો અને તમને સર્વ આવી મળશેજ. યોગ્યતાની વૃદ્ધિ કરવાના બે જ ઉપાય છે. એક તીવ્રઇચ્છા અને બીજો પ્રયત્ન. જો કે તીવ્રઇચ્છા એ જ તમને પ્રયત્નમાં યોજનાર છે તોપણ વળી ઇચ્છા કરીને તમે બેસી રહો નહિ તદર્થ આ બે વસ્તુઓ તમને જણાવી છે.

અનેક મનુષ્યો પોતાને જોઇતી વસ્તુ માટે ઉંચે આકાશમાં ઘણે દૂર જુએ છે, જ્યારે ખરી રીતે તે તેમની પાસે જ હોય છે. તેમણે તદર્થ પ્રયત્ન કર્યો હોતો નથી એટલે જ તે તમને દૂર જણાય છે, પણ જ્યાં તે પ્રયત્ન કરવા માંડે છે ત્યાં તે તેમને પોતાના આંગણમાં જ પડેલી જણાય છે. તે જ પ્રમાણે અમુક વસ્તુ મેળવવી એ તો ઘણું જ કઠિન કાર્ય છે, એમ પણ ઘણા માને છે, પણ આ પણ ભૂલભરેલું છે. કંઇ પણ કઠિન નથી. પ્રયત્નવિના જ સર્વ કઠિન છે. પ્રયત્ન આગળ સર્વ સરલ છે તેથી બહુ દૂર ન જુઓ કે બહુ કઠિનતામાં ન જુઓ પણ પાસે જ જુઓ અને સર-

જાતાને જ જુઓ. તમારા સામર્થ્ય આગળ કંઇ જ અશક્ય નથી કે કંઈ જ કઠિન નથી એમ દૃઢ કરી માનો.

પોતાના ઘરમાં અત્યંત પ્રમાણમા દ્રવ્ય હોય છતાં તેને નહિ જોનાર જેમ નિર્ધન રહે છે તેમ પોતાનામાં સર્વ સામર્થ્ય છતાં જે તેનાપ્રતિ દષ્ટિ કરતા નથી તે દીન જ રહે છે. તમારામાં રહેલા અગાધ સામર્થ્યપ્રતિ દષ્ટિવાળો અને તમે તમારા જીવનના સ્વામી થઈ રહેશો.

પ્રગતિ થતી અટકાવનાર જનસમુદાયનો આ પણ એક વિચાર સબળ કારણરૂપ છે અને આશ્ચર્ય એ છે, કે બુદ્ધિમાન્ અને વિચાર કરી શકે તેવા મનુષ્યો પણ તેનો સ્વીકાર કરે છે, તે કારણ આ છે; ઘણા મનુષ્યો માને છે, કે પૂર્વના જેવો હવે સમય રહ્યો નથી. પૂર્વે અનેક પ્રકારની અનુકૂલતા હતી જ્યારે આજે અનેક પ્રકારની પ્રતિકૂલતાઓ છે. ધંધામા પણ હવે કંઇ કસ રહ્યો નથી. નોકરીમાં પણ હવે કંઈ સાર રહ્યો નથી હવે પૂર્વના જેવો સમય કદી આવનાર નથી, પણ આ વિચાર ભૂલભરેલો છે પૂર્વનો સમય ગયો તેથી શું થયું? પૂર્વનો સમય ગયો એટલે તેની સાથે સર્વ ઉદયના સંભવો પણ ગયા શુ ? જરી પણ નહિ. પૂર્વના સમયે જવું જ જોઇએ. એક સરખી સ્થિતિ સદાસર્વદા રહે એ શુ સંભવિત છે અને તેવી સ્થિતિ શુ કદી રહી છે ? અને આ પ્રમાણે છે તો પછી પૂર્વની—ભૂતકાલની વાર્તા સભાળીને નશીબ ઉપર હાથ મૂકીને બેસી રહેવામા શો લાભ છે ? પૂર્વે અમુક અનુકૂલતાઓ જેમ હતી તેમ આજે પણ વર્તમાન સમયાનુસાર અનેક અનુકૂલતાઓ અને સંભવો છે જ. પણ તેને મનુષ્યો જોતાં નથી. ભૂતકાલને જ મનુષ્યો જો જો કરે પછી તેમની દૃષ્ટિએ વર્તમાનકાલની અનુકૂલતાઓ શી રીતે આવે ? અનુકૂલતા કે સભંવોનો કદી નાશ થતો જ નથી, પૂર્વે જેટલી અનુકૂલતા હતી તેટલી જ આજે પણ છે અને તેટલા જ સંભવો આજે પણ વિદ્યમાન છે, પણ તેને શોધી કાઢવા જોઈએ. આપણને કંઇ તે શોધતા આવતા નથી પણ આપણે તેમને શોધવા જોઇએ, અને આ પ્રમાણે નહિ કરનાર હજારો અને લાખો મનુષ્યો પાછળ પડી ગયા છે અથવા તો હતા તેને તે જ સ્થિતિમાં સડ્યા કર્યા છે. આ વિચારને બદલો અને તમને આજે પણ ઉદયના અનેક સંભવો જણાશે અને અનેક અનુકૂલતા તમારીદૃષ્ટિએ આવશે.

આ વર્તમાન સમયમા પણ શુ મનુષ્યો આગળ નથી વધતા ? અનેક મનુષ્યો આગળ વધે છે જ, અને તેનું કારણ એ હોય છે, કે તે આ સમયમાં ઉદયના સંભવોના અસ્તિત્વને સ્વીકારે છે તમારે પણ આગળ વધવુ હોય તો ભૂતકાલના વિચારને તિલાંજલિ આપો અને તમે આગળ વધ્યાવિના નહિ જ રહો.

ઘણા વકીલો કહે છે, કે આજે ઘણા વકીલો વધી ગયા એટલે, દાકતરો કહે છે કે દાકતરો વધી ગયા એટલે, વ્યાપારીઓ કહે છે વ્યાપારીઓ વધી ગયા એટલે, અને આજ પ્રમાણે અન્ય શાખાના મનુષ્યો કહે છે, કે તેમની શાખામા તે શાખાના મનુષ્યો વધી ગયા એટલે કે વર્તમાન સમયમાં બધી સ્થિતિ બદલાઇ ગઈ એટલે હવે અમારા સર્વ યોગ નષ્ટ થઈ ગયા છે, પણ આ જ સમયમાં જોઈશું તો જણાશે, કે આ વિવિધ શાખામાં અનેક મનુષ્યો પૂર્વના કરતાં પણ અધિક વિજયને મેળવતા જણાય છે તો તેનુ કારણ શુ ? કારણ ઉપર જણાવ્યું તે જ, ભૂતકાલના વિચારોને તેમણે ત્યજી દીધા હોય છે ભૂતકાલના વિચારને વળગી રહેનાર ભૂતકાલ સાથે જ રેહે છે. જ્યારે વર્તમાનકાળના વિચારને સ્વીકારનાર તેની સાથે વૃદ્ધિને પામે છે યોગ, તક, સભવ કે કંઇ જ ગયુ નથી, સર્વ કાયમ છે, માટે નિરુત્સાહને ન ધારણ કરા પણ ઉત્સાહને પ્રકટાવો અને તમારી પ્રગતિ થતી તમે જોશો જ.

તેમ છતા તમે જ્યાં ઉભા છો ત્યા કદાચ અધિક મનુષ્ય એકત્ર થવાથી ગીડદી હશે પણ એથી જરા ઉચે ચઢો અને તમને સુખપૂર્વક ઉભા રહેવાની જગો મળશે જ પોતે જે સ્થાનમાં હોય છે તેમાં જ પડી રહેનારને અડચણ પડે છે, પરંતુ જે તેથી ઉંચે ચઢે છે તેને માટે હરવા ફરવાને વિશાલ આકાશ જેવી જગો મળે છે જ. તમે જે સ્થિતિમાં હો તેમાં તમને તમારી પ્રગતિના સંભવો ન જણાતા હોય તો જરા ઉચે ચઢો અને તમને અનેક સંભવો દૃષ્ટિએ આવશે જ.

પોતાનો વિજય મનુષ્યના પોતાનામાં જ રહેલો છે. તે બહારની વસ્તુમાં નથી. જ્યાંસુધી વિજયને તે અન્યત્ર શોધે છે ત્યાંસુધી તેને તે મળતો નથી, પણ જ્યારે તેને તે પોતાનામાં જ જુએ છે ત્યારે તે તેને મળે છે જ.

તે જ પ્રમાણે મનુષ્યના પોતાનામાં જ, તેના આત્મામાં જ તેને જોઇતી અનુકૂલતા, તક, યોગ, સંભવો વગેરે રહેલાં છે. એક બીજકમાં જેમ મોટું વૃક્ષ રહેલું છે તેમ મનુષ્યની પ્રગતિનાં સર્વ સાધનો તેના પોતાનામાં જ રહેલા છે ઉન્નતિ, વિકાસ અથવા પ્રગતિ એ શું છે ? મનુષ્યના અંતરાત્માનો તે વિકાસ છે, આ વિકાસને તમે સાધો અને તમારી પ્રગતિ સ્વત. સધાશે

પ્રગતિની નિસરણી આપણી પાસે જ છે દૂર નથી આપણે તેનાં પગથીયા ચઢતા નથી, એટલે જ આપણી પ્રગતિ થતી નથી. આપણે આગળ વધતા નથી. ઉંચે ચઢવુ હોય તો આ પગથીયા ઉપર ચઢવું જ જોઇએ તે પ્રમાણે પ્રગતિની ઇચ્છવાને નિરંતર ઉંચે ચઢવાનો આગ્રહ રાખવો ઘટે છે તમને જે જે આજે અશક્ય જણાય છે તે સર્વ તમે ઉંચે ચઢો એટલે શક્ય જણાશે, જે જે આજે તમને દુર્લભ લાગે છે તે સર્વ તે સમયે તમને સુલભ ભાસશે. તમારે માત્ર એક જ કરવાનુ છે. કે નિરંતર ઉંચે ચઢવાનો પ્રયત્ન કરવો ઉંચે ચઢવાથી, આપણો અધિકાર વધારવાથી આજે જે આપણને દુર્લભ થાય છે એટલુ જ નહિ પણ જેની આજે આપણને કલ્પના પણ નથી તેવી અનેક વસ્તુઓને આપણે સિદ્ધ કરી શકીએ છીએ ઉંચે ચઢવાનો આગ્રહ રાખનારને જગત્માં સર્વત્ર વિજય જ મળે છે. ઉંચે ચઢનાર ઇપ્સિત વસ્તુઓની પાસે આવે છે એટલું જ નહિ પણ એક સમયે તે તેના ચરણમાં પણ પડે છે. પોતાના સર્વાર્થ સિદ્ધ થવા માટે મનુષ્યે એક જ કરવાનું છે, કે ઉંચે ચઢવુ

પ્રકરણ ૩ જું.

મનુષ્યની પ્રગતિ થતી કોણ અટકાવે છે ?

યુવાન, શરીરે સશક્ત અને કેળવાયેલા અનેક મનુષ્યો આજે એવી બુમો પાડયા કરે છે, કે સમય બહુ ખરાબ છે, બહુ બારીક છે, ઉન્નતિના કે પ્રગતિના સર્વ સંભવો નષ્ટ થઇ ગયા જેવા જ છે, તેના જેવું શોકજનક બીજું શું છે ? કંઈ જ નહિ. આવા મનુષ્યો એમ

કહેતા જોવામાં આવે છે કે જમાનો બદલાઇ ગયો છે અને કોઇ કોઇ પ્રારબ્ધી પુરુષો જ વિજયને પામે છે, બાકીના સર્વને માટે ઉન્નતિના માર્ગ બંધ જ થઇ ગયા છે. આ પણ તેટલું જ શોક-પ્રદ છે આવા મનુષ્યો કોઈ સારો સમય આવે તો કંઇ કરીએ એવી વાટ જોતા સમય વીતાવે છે. પણ સમય તે સારો કયાંથી આવનાર હતો ? જે પ્રાપ્ત સમય કે પ્રાપ્ત સંજોગો છે તેમા જ તેમણે કામ કરવું જોઇએ, અને યથેચ્છ વિજયને મેળવવો જોઇએ, ભૂતકાળને સંભારીને બેસી રહેવુ એનાજેવુ મૂર્ખાઇભરેલુ અન્ય શુ છે ?

તમારી ઉન્નતિના કે પ્રગતિના સંભવો (chances) ભૂતકાળમા નથી તમને મદદ કરનાર અન્ય કોઇ મનુષ્યમા નથી, કે બીજા કશામા નથી, પણ માત્ર તમારા પોતાનામા જ છે. તમારા શરીર-રૂપી ઘડીયાળની કમાન, તમારા શરીરની બહાર નથી, પણ તમારા શરીરમા જ છે આ કમાનને ચલાવનાર બળ પણ તમારાથી બહાર નથી પણ તમારી અંદર જ છે માટે બીજા કોઈના ઉપર કે બીજી કોઇ પણ વસ્તુના ઉપર તમારી પ્રગતિને માટે આધાર રાખો નહિ, પણ તમારા પોતાના જ ઉપર રાખો.

એક મનુષ્ય એક વ્યાપારીને ત્યાં નોકર હતો. તેને બાર મહીને ચારસો રૂપૈયા પગાર મળતો. હતો તેણે પોતાના પગારમા ૧૦૦ રૂ. નો વધારો કરી દેવા પોતાના શેઠને જણાવ્યુ હતુ; અને તેમ ન કરે તો પોતે નોકરી મૂકી દેવા ઇચ્છા જણાવી હતી. શેઠે તેને પગાર વધારી આપ્યો નહિ અને તેને નોકરી છોડવી પડી. આ માણસ કહે છે, કે 'તેણે ૨૨ વર્ષસુધી તેના શેઠને ત્યાં નોકરી કરી હતી તથા પોતાનાથી બનતો સર્વ પરિશ્રમ કરીને તેણે શેઠનો લાભ સાચવ્યો હતો. પૂર્ણ પ્રમાણિકપણે તથા ઘણી સખત મહેનત કરીને તેણે ૨૨ વર્ષ જેટલા લાંબા સમય સુધી નોકરી કરી હતી. છતા તેણે એટલા લાંબા વખત પછી પણ માત્ર સો રૂપૈયાનો પગાર વધારવા કહ્યુ છતાં તે પણ ન વધારી આપ્યો. જો આ શેઠનો કરતાં હું બીજે હોત તો તેને ઘણો જ લાભ થયો હોત. આ શેઠે તેને ઘણો જ અન્યાય કર્યો હતો.'

આ શેઠે આ મનુષ્યને રજા આપી એ ઉચિત થયું કે અનુચિત તે આપણે માત્ર જોવાનું નથી. પણ આ મનુષ્ય [illegible] કે આ શેઠે

તેને અમુક સ્થિતિમાં રાખી મૂકયો અને આગળ ન વધવા દીધો, તે યોગ્ય નથી. આ બાવીશ વર્ષમાં તો બીજા અનેક મનુષ્યો તેનાથી ઘણા આગળ વધી ગયા હતા. આનુ કારણુ બીજું કંઈ જ નહતુ પણ તેની પોતની જ મેળે તે આ સ્થિતિમા રહ્યો હતો જે જે મનુષ્યો આ પ્રમાણે બહાના કાઢે છે તે સર્વ ખોટા છે તેમની પોતાની જ યોગ્યતા નથી હોતી અને તેથી જ તે આગળ વધી શકતા નથી, તેમના શેઠ કે ઉપરીનો તેમાં કંઈ જ દોષ હોતો નથી. આગળ વધવાના કે પાછળ રહેવાનાં કારણો શેઠ કે ઉપરીનામાં હોતાં નથી પણ મનુષ્યના પોતાનામા જ રહેલા હોય છે જો મનુષ્યમાં યોગ્યતા હોય છે તો શેઠ કે ઉપરીની મરજી હોય કે ન હોય તોપણ તેમને તેને લાભ આપવા જ પડે છે

આ જ પ્રમાણે કેટલાક મનુષ્યો કહે છે, કે કેટલાક સંજોગો તેમને એવા છે, કે જે કરવાને તે ઈચ્છે છે તે તે કરી શકતા નથી, જો તે સ્વતત્ર હોય તો તે સુખપૂર્વક તેને કરી શકત. આ જ પ્રમાણે બીજા અનેક કારણો, જેવાં કે, અમને કોઈસાહ્ય્ય કરનાર નથી અમારૂં કોઈ એવું સગું કે મિત્ર નથી, અમે જે ઠેકાણે રહીએ છીએ તે ઠેકાણે ગમે તેટલી સખત મજુરી કરીએ તે પણ આથી વધારે મળી શકે તેમ નથી, અમારે આ સ્થિતિમાં ઘણું દેવુ છે તેમાં અમે શુ કરી શકીએ, વગેરે અનેક મનુષ્યો દર્શાવે છે, અને પોતે તેને લીધે આગળ વધી શકતા નથી એમ જણાવે છે; પરંતુ વસ્તુત સ્થિતિ જૂદી જ છે તમને અન્ય કોઈ પણ વસ્તુ કે અન્ય કોઇપણ મનુષ્ય આગળ વૃદ્ધિ પામવા દેતું નથી એ વિચારનુ તમારા પોતાના ઉપર કદીપણ શોસન થવા દેતા નહિ, આવી અર્થ વગરની વાત તમે કદીપણ બુદ્ધિમાન્ અને વિચારશીલ હો તો કરતાં નહિ. જગતનો મોટો ભાગ તમારી આ વાર્તાને માને છે તથા તમને અનુમોદન પણ આપે છે પણ વિચાર કરનાર મનુષ્યો તો તમારી આ વાર્તા સાંભળીને હસે છે. તમને કોઇ નીચી સ્થિતિમાં રાખતું હોય કે કોઇ આગળ વધવા ન દેતું હોય તો તે એક જ વસ્તુ છે. તે વસ્તુ તે તમે પોતે જ છો. આ વાર્તા કદાચ તમને રુચતી નહિ આવે પણ તમારા પોતાનામાં જ કોઈ ઠેકાણે ખામી છે, અપૂર્ણતા છે, જે તમને આગળ વધતા અટકાવે છે. બીજાનો તેમાં

સ્વલ્પ પણ દોષ નથી તમારી આ અપૂર્ણતાને શોધી કાઢીને દૂર કરો અને પાંજરામાથી પક્ષીને મુકત કરતાં તે જેમ વેગથી ઉડવા માંડે છે તેમ તમે પણ વેગથી તમારી પ્રગતિના પ્રદેશમા અતિ વેગથી ઉડવા માડશો તમને બંધનમાં રાખનાર પાજરૂ તે તમારામાં ખુણે ખોચરે ભરાઈ રહેલી કોઇ અપૂર્ણતા જ છે.

જે પોતાની પ્રગતિ કરવાના દૃઢ નિશ્ચયવાળા હોય છે તેમને કોઈ પણ વસ્તુ રોકી શકતી નથી આગળ વધવાના તેમના વેગને કોઈ જ અટકાવી શકતું નથી એટલો તે બળવાન્ હોય છે. તે જુની ઘરડમાં અટવાતા નથી પણ પોતાની પ્રગતિનો નવો જ માર્ગ શોધી કાઢે છે. પ્રત્યેક કાર્યમા અપૂર્વતા એ તેમનું લક્ષણ હોય છે તમે પણ આ સદ્ગુણોને ધારણ કરો અને તમારી પ્રગતિ થયા-વિના નહિ જ રહે

કોઈ તમને તમારી પ્રગતિમાથી કદાચ અટકાવતુ હોય તો તેથી તમારે ધૈર્યને ત્યજી દેવાનુ નથી પણ વધારે અને વધારે ધૈર્ય ધારણ કરવાનુ છે. જો આ પ્રમાણે તમે નથી કરતા તો તમારી પ્રગતિ થઇ શકતી નથી. આ પ્રમાણે કોઇ પ્રસંગે કોઇ મનુષ્ય તમારી પ્રગતિની વચમાં આવે તો તમારે એ કરવાનુ છે, કે તમારો પ્રયત્ન તમારે દ્વિગુણ—ત્રિગુણ કરી દેવાનો છે તથા તમારી પોતાની યોગ્યતા અનેક રીતે તમારે વધારી દેવાની છે અને આ પ્રમાણે તમારી યોગ્યતામાં તમે વૃદ્ધિ કરશો તો જે સ્થાન કે જે સ્થિતિ તમે મેળવવાને ઇચ્છતા હશો તે સ્થાન કે તે સ્થિતિથી ઉત્કૃષ્ટ સ્થાન તમે મેળવી શકશો.

નોકરી કરનાર મનુષ્યોને આવા પ્રસંગો અનેકવાર બને છે. તેમને જે લાભ મળવાનો હોય છે તે અન્ય મનુષ્ય મળવા દેતો નથી પણ આ મનુષ્યો જો પોતાની યોગતામા વૃદ્ધિ કરી દે છે તો પછી પેલા મનુષ્યનું કંઇ જ ચાલી શકતું નથી. યોગ્યના વધતાં તદનુકૂલ સ્થિતિ પ્રાપ્ત થયા વિના રહેતી જ નથી. તેથી જ્યાંસુધી ઇપ્સિત વસ્તુની પ્રાપ્તિ ન થાય ત્યાંસુધી યોગ્યતાની વૃદ્ધિ કર્યાં કરો.

આપણે જાણતા નથી પણ આપણે જે કામ કરીએ છીએ, જે શબ્દો બોલીએ છીએ તથા જે પ્રવૃત્ત કરીએ છીએ તે આખું જગત્ જુએ છે જ. આપણા જેવા કુશલ મનુષ્યની કોઇને કોઈ શોધ

કરતું જ હોય છે. અને જ્યારે આપણને તે મળી જાય છે ત્યારે પ્રગતિ સહજ થઇ શકે છે. આપણને અનુકૂળ મનુષ્ય મળતાં આપણી ઉન્નતિ થાય છે જ. તેથી જગત્મા આજે કોણ કદર કરનાર છે, આજે કોણ કિંમતકરનાર છે.એવો વિચાર સેવતા નહિ. તમારી બુજ કોઇ નથી કરતું તેનું કારણ એ છે,કે તમારી યોગ્યતા તમે તેવી કરી નથી.ત ારી યોગ્યતા વધારો અનોજગત્ તમારી કદર કરવા તત્પરછે.

તમે જે જે કંઇ કરો પછી તે મહત્વનુ હોયકે સામાન્ય હોય તોપણ તેને ઉત્તમ પ્રકારે કરો. ઉત્તમ પ્રકારે એટલે બીજા મનુષ્યો તે કાર્ય કરે છે તેના કરતાં ઉત્કૃષ્ટ પ્રકારે કરો, અને તમે જગતની દૃષ્ટિએ આવ્યાવિના નહિ જ રહો. લખો તો સારી વાક્યરચનાથી અને સારા અક્ષરથી પ્રિય અને હિતકર ભાષાથી લખો, અને આ જ પ્રમાણે તમારી પ્રત્યેક કૃતિમા ઉત્કૃષ્ટતા પ્રકટાવો જગત્ના અન્ય મનુષ્યો કરતા ઉત્કૃષ્ટ થવાનો આ જ ઉપાય છે બીજા મનુષ્યો જે કરે છે તે જ તમે કરો છો તો તેમા તમારી ઉત્કૃષ્ટતા નથી પણ તેમનાથી તમે અધિક કરો છો તો જ તમારી ઉત્કૃષ્ટતા છે અને આ પ્રમાણે તમે ઉત્કૃષ્ટતા પ્રકટાવો છો તો જ અન્ય મનુષ્યો કરતા તમારામા કંઇ પણ અધિક છે એવુ જગત્ને ભાન થાય છે. અને જ્યારે જગત્ તમારામા ઉત્કૃષ્ટતા જુએ છે ત્યારે તે તમને ઉત્કૃષ્ટ સ્થાન આપ્યાવિના નથી જ રહેતું.

પ્રગતિને ઇચ્છનારે આ એક પણ વાર્તા લક્ષમા રાખવાની છે, કે જે કંઇ કરો તે પૂર્ણ રીતે કરો. આમા તો શું, એમ ધારીને કોઇ પણ કાર્યને અધુરૂ કરતા નહી પૂરેપૂરૂં ધ્યાન આપ્યા વિના કરતા નહિ. જે નાના કાર્યમાં ધ્યાન નથી આપતા તે મોટા કાર્યમાં પણ ધ્યાન દેઇ શકતા નથી, તેમનો સ્વભાવ જ એવો બંધાઇ જાય છે, કે પછી તે કોઇ પણ કાર્ય જોઇએ તેટલુ ધ્યાન આપીને કરી શકતા નથી, જેથી નાનું કે બહુ મહત્વનું કાર્ય ન હોય તે પણ ઉત્તમ પ્રકારે જ કરો, તમે જે જે કંઈ કરો તેમાં વિલક્ષણતા, ઉત્કૃષ્ટતા પ્રકટાવો. તમારા પોતાના સર્વાંશનો ઉપયોગ કરીને જ જે કંઇ કરો તે કરો તમારૂં શરીર,મન, બુદ્ધિ.મગજ.આદિ તમામ અવયવોવડે જે કંઈ કરો તે કરો; તાત્પર્ય કે તમારા જેટલા અવયવોને ઉપયોગ થઈ શકતો હોય તે કાર્ય કરો.

ધણા મનુષ્યો એમ જ ધારે છે, કે પ્રગતીનો આગળ વધવાનો ઉપાય કોઇ બીજો જ હશે. પણ આ તેમની ભુલ છે. આ ઉપાય તે જે જે કંઈ કૃતિ કરે છે તેમાં જ રહેલો છે. આથી બીજે કોઇ પણ ઠેકાણે તે નથી તેથી તમે જે કઇ કાર્ય કરો તેને ઉત્કૃષ્ટ પ્રકારે કરો અને તમારા પ્રગતિ સિદ્ધ જ સમજો

અમારી પ્રગતિ થતી નથી, અમારી પ્રગતિનો કોઇ માર્ગ નથી, એવી બુમો પાડનાર મનુષ્યો શું પોતાને પ્રાપ્ત કાર્યથી કંટાળો નથી દર્શાવતા? પોતાનાપ્રાપ્ત કાર્યને તે બોજારૂપ સમજે છે અને તેથી તેમા જે ઉત્કૃષ્ટતા પ્રકટાવવી જોઇએ તે ઉત્કૃષ્ટતા તે પ્રકટાવી શકતા નથી અને જ્યાસુધી પોતાના કાર્યમા આ મનુષ્યો ઉત્કૃષ્ટતા પ્રકટાવી શકતા નથી, ત્યા સુધી તે આગળ વધી જ શકતા નથી. તેથી પ્રાપ્ત કાર્યને પરમ પ્રસન્નતા અને પરમ ઉત્સાહથી તમારાથી બની શકે તેટલું સારૂં કરો. જગતના બીજા મનુષ્યો જે પ્રમાણુમાં અમુક કાર્ય કરે તેના કરતા સોગણું કે હજારગણું ઉત્કૃષ્ટ તમે તેને કરો, આ પ્રમાણે કરતા પ્રગતિ તમે અન્ય મનુષ્યો કરતાં સહજ સાધી શકશો જ.

તમારા પ્રાપ્ત વ્યવહારને કરતા રહો અને તેની સાથે તમારા માનસ વિકાસને પણ સાધતા રહો તમારા માનસ વિકાસમાં જેની પ્રધાન પણે જરૂર છે એવા સારાં પુસ્તકો ખરીદીને તેનો અભ્યાસ કરતા જાઓ. તમારી પ્રગતિમા માનસ વિકાસ એ પણ એક અગત્યનું અંગ છે, ધણા મનુષ્યો આ અગત્યના અંગને વિસારી દે છે, તેઓ સમજે છે, કે માનસ વિકાસની પ્રગતિમાં કંઇ જરૂર નથી, પણ આ તેમની ભુલ છે તેઓ જરૂરનાં પુસ્તક માટે પૈસો ખરચતા સંકોચાય છે, પણ આ તેમનો સંકોચ તેમને આગળ વધતાં અટકાવે છે, તેથી માનસ વીકાસને નિત્ય સાધતા રહો. તમારો જેટલા પ્રમાણુમા માનસ વિકાસ હશે તેટલા પ્રમાણુમાં તમારી કૃતિમા ઉત્કૃષ્ટતા આવશે જ. પ્રત્યેક કૃતિમાં ઉત્કૃષ્ટતા પ્રકટાવવામાં માનસ વિકાસ જ સબળ સાધન છે. સુવર્ણને અગ્નિમાં નાંખવાથી જેમ તે વિશુદ્ધ થાય છે તેમ તમારી પ્રત્યેક કૃતિને ઉજ્જ્વલ, કે ઉત્કૃષ્ટ કરનાર તમારો માનસ વિકાસ જ છે. તેથી નિત્ય વાચન, શ્રવણ, મનન કે એવા અન્ય જે ઉપાયે તમારો માનસ

વિકાસ થાય તે રીતે તેને સાધો અને તમારી પ્રગતિમાં અધિક અનુકૂલતા થએલી તમને સ્પષ્ટ થશે જ.

જે તત્ત્વવડે મનુષ્યને વીજય મળે છે, તે તત્ત્વ જો તમારામાં હશે તો તમને કોઈ પણ વ્યક્તિ તમારી પ્રગતિમાંથી અટકાવી શકશે નહિ. અને કદાચ જે સ્થાનમાં તમે હશો તે સ્થાનમાં વિજય નહિ મળે તો બીજા કોઈ પણ સ્થાનમા તમને વિજય મળશે જ, પરંતુ એ ધ્યાનમાં રાખજો કે, જ્યાંસુધી તમે એમ માનો છો, કે આથી સારી સ્થિતિ આપણને મળી શકે તેમ નથી ત્યાંસુધી તમને એ કદી મળનાર નથી જ. જે મનુષ્ય પોતાની એક કારકુનની જ યોગ્યતા સમજે છે તે કદી પણ અમલદાર થઇ શકતો નથી. તેની પરિસ્થિતિ કંઈ તેને અટકાવી રાખતી નથી પણ તેની પ્રગતિમાં શ્રદ્ધાની ન્યૂનતા જ તેને અટકાવે છે.

પૃથ્વી ઉપરથી નાંખેલો એક પથ્થરનો કટકો જેમ પૃથ્વી ઉપર આવ્યાવિના રહેતો નથી, તેમ જેની આપણે તીવ્રેચ્છાપૂર્વક અને શ્રદ્ધાપૂર્વક ઇચ્છા કરીએ છીએ, તે વસ્તુ આપણને મળ્યાવિના નથી જ રહેતી. ઇચ્છા, તીવ્રેચ્છા, આશા, શ્રદ્ધા, પ્રયત્ન, આ સર્વ ગુરુત્વાકર્ષણના સામર્થ્યો છે જે આપણા ઇપ્સિતાર્થને આપણી પાસે ખેંચી આણે છે.

જે સ્થાનમાં તમે કામ કરતા હો તે સ્થાનમા સર્વોપરિ જગો મેળવવાને જ ઇચ્છો. ઘણા મનુષ્યોને આ હાસ્યજનક લાગશે, પણ આ પ્રમાણે કર્યાવિના પ્રગતિ થતી જ નથી. તમને જો આ હાસ્યજનક લાગતું હોય તો જાણો, કે તમારામાં આગળ વધવાની યોગ્યતા નથી. સર્વોપરિ સ્થાન મેળવવાને ઇચ્છો અને તેને માટે જેની જરૂર હોય તેવી યોગ્યતા પણ મેળવવાને પ્રયત્ન કરો. કર્મસત્તા જ તમારો અધિકાર વધતાં તમને યોગ્ય સ્થાન આપ્યાવિના નહિ જ રહે, પછી ભલે બીજા મનુષ્યો તમને તે સ્થાન મળે તેને માટે રાજી હોય કે ન હોય.

આ જગતમાં બીજા મનુષ્યો જોઇને આશ્ચર્ય પામે એવું સ્થાન મેળવવાને માટે તમારે શુ કરવાનું છે તે તમે જાણો છો ? તમારે બીજું કંઇ જ જોવાનું નથી. જેની તમારે જરૂર છે તેને જ જોતાં, કોઈ પણ વિઘ્નથી ન ડરતાં આગળ અને આગળ વધો અને

આગળ તે તમને મળશે જ.

નિશ્ચયમાં દૃઢ રહેનાર, નવીન પ્રતિકૂલતાના સમયે નવીન બળ પ્રકટાવનાર, અને જરા પણ પાછા નહિ હઠનાર મનુષ્યો પ્રગતિને સાધી શકે છે. સંપત્તિ કે સમૃદ્ધિ, કંઈ એની મેળે કે અકસ્માતથી આપણી પાસે ચાલીને આવતી નથી. અથવા ધારો, કે તે આવે છે, તોપણ તમારે તેની સામે વધાવે નહિ તો અર્ધું પણ જવું જોઇએ. તમે જ્યાંસુધી તેના પ્રતિ પ્રયાણ નહિ કરો ત્યાંસુધી તમારા પ્રતિ તે પ્રયાણ નહિ જ કરે. પ્રથમ તમારે તેના પ્રતિ વધવાની જરૂર છે. તમે એક વેંત ધસશો તો તે એક હાથ ધસશે. પણ તમારે એક વેંત પણ પ્રથમ ધસવું જોઇએ.

કોઈ પણ તક તમને મળે તો તેનું સુખ જોઇને રાજી થઇને બેસી રહેતા નહિ, પણ તેનો પૂરેપૂરો ઉપયોગ કરજો. કોઈ પણ કામ તમે સાચા અંતઃકરણપૂર્વક કરશો તો તમે તેને સિદ્ધ કર્યા વિના નહિ જ રહો. તમને પોતાને તમારા કામનો સંતોષ થવો જોઇએ. અને આ પ્રકારનો તમને પોતાને જ જો સંતોષ નથી તો પછી તમારૂં ધાર્યું નહિ જ થાય. તમારૂં ધાર્યું તમારે કરવું હોય તો પછી તમારા અંતઃકરણમાં સંતોષ ઉપજે તે રીતે વર્તો.

પ્રકરણ ૪.

તમારો વિજય તમારા પોતાનામાં જ રહેલો છે.

અર્ધી અવસ્થા જેમની વીતી ગઈ છે એવા ઘણા મનુષ્યોને ઘણી સાધારણ સ્થિતિમાં રહેતા જોઇએ છીએ. અને તેમને પૂછીએ, કે તમારા જીવનમાં તમને કંઇ જ ઉદયની તક ન મળી ? તો તેઓ જવાબ આપે છે, કે ના અમને કોઇ પણ તક મળી નહિ, અમારા સંજોગો જ ભાઈ! એવા હતા કે અમારાથી આગળ વધી શકાય જ નહિ. આ પ્રમાણે આ મનુષ્યો નશીબ, તક, યોગ કે એવી જ બીજી કોઈ વસ્તુનો દોષ કાઢે છે.

પરંતુ વસ્તુતઃ આ પ્રમાણે સ્થિતિ હોતી નથી. આમાંના પ્રત્યેક મનુષ્યને કોઇને કોઇ સુયોગ મળ્યો હતો જ પરંતુ તેમણે તેનો ઉપયોગ કર્યો નહતો. તેમણે આવેલા યોગ પ્રમાદમાં જ ગુમાવી કાઢ્યા હતા. પરંતુ આ પ્રમાણે સેવેલા પ્રમાદનું ફળ તેમના આખા જીવનની નિષ્ફળતામા આવશે, એ તેમણે જાણ્યુ નહતું. આરંભમાં કરેલી સહજસરખી બેદરકારી પણ પછીથી કેવી મોટી હાનિ ઉપજાવે છે તેનો વિચાર ઘણા જ ઓછા મનુષ્યોને હોય છે. તેમને મળેલી કેટલીએ ક્ષણો તેમણે ગુમાવી છે, અને તેના પરિણામમા તેમનું જીવન નકામા જેવું થઇ રહ્યુ છે.

જે મનુષ્યોને જીવનમા વિજય મળે છે તે મનુષ્યોએ પ્રાપ્ત તકોનો સદુપયોગ કરેલો હોય છે. તેમણે એક ક્ષણ પણ નકામી જવા દીધી નથી આમ નાની નાની બાબતો મનુષ્યને કેટલો વિજય અપાવે છે તે અનેક મનુષ્યોના ધ્યાનમા હોતું નથી.

જગત્પ્રતિ દૃષ્ટિ કરતા જણાય છે, કે મનુષ્યો તક અને યોગને જ્યાં ત્યા શોધતા ફરે છે, પણ આ કેડે છોકરૂ અને ગામે શોધ્યા જેવું હાસ્યજનક જ પ્રવૃતિ છે. તક જગત્મા બાહ્ય પ્રદેશમા નથી પણ મનુષ્યના પોતાનામા જ છે. આ તમારા પોતાનામાં રહેલી તકને જુઓ અને જગત્મા ભટકવુ મટી જશે

પોતાનાજ ઉપર આધાર રાખવો, પોતાના ઉદયના સર્વ કારણોને પોતાનામા જ જોવા, એ જ વિજયનુ સૂત્ર છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ કહેલું છે, કે **उद्धरेदात्मनात्मानम्**—આત્માવડે જ આત્માનો ઉદ્ધાર કરવો. તે પ્રમાણે પોતાનો વિજય પોતાનામાં જ શોધવો એ સાચી ઉન્નતિને પ્રકટાવનાર છે. જ્યાંસુધી મનુષ્ય પાછો વળીને પોતાના પ્રતિ દૃષ્ટિ કરતો નથી ત્યાં સુધી તેના વિજયની ખરી કુંચી તેના હાથમા નથી જ આવતી

આપણા પોતાનાથી આપણે જેટલા દૂર જઇએ છીએ તેટલા દૂર વિજયથી જ આપણે જઇએ છીએ, એ સત્ય છે. આપણા પોતાના જ ઉપર આધાર રાખવાથી આપણે પૂર્વે નહી અનુભવેલુ એવુ એક વિલક્ષણ બળ આપણને આપણામાંથી પ્રકટ થતું જણાય છે અને આપણને જ્યારે આ બળનો અનુભવ થાય છે ત્યારે આપણી સર્વ દરિદ્રતા જાય છે અને આપણે શ્રીમાન્ થઈ રહીએ છીએ.

મનુષ્યની કિંમત તેને સહુ સારા સંજોગો છે તે ઉપરથી થતી નથી, પણ તેના પોતાનામાં કેટલી યોગ્યતા છે તેના ઉપરથી થાય છે તેથી સંજોગોનો વિચાર કરતા બેસી રહો નહિં, પણ તમારા પોતાનામાંથી જ તમારી પોતાની યોગ્યતાને પ્રકટાવો. તમારી પાસે ઘણા પૈસા છે, કે તમને અમુક સારી રકમ મળે છે તેથી જેટલુ તમારૂં મુલ્ય અંકાય છે તેના કરતાં તમે પોતે કેવા છો, તેના ઉપર તમારૂં મુલ્ય વિશેષ કરીને અંકાય છે.

વિજયમંદિરના દ્વાર હમેશા સર્વને માટે ઉઘાડાં રહેતાં નથી જેણે તેમાં દાખલ થવું હોય તેણે કુંચી મેળવીને આ દ્વાર પોતે જ ઉઘાડવાં જોઇએ આ જ પ્રમાણે એક મનુષ્ય બીજાને માટે પણ આ દ્વાર ખુલ્લાં કરી શકતો નથી; બીજાને માટે તો શું પણ પોતાનાં બાળકોને માટે પણ તેમાં દાખલ થવાનું અનુમતિ પત્ર (pass) તે મેળવી શકતો નથી. જેણે તેમાં દાખલ થવું હોય તેણે પોતે જ તેનાં દ્વાર ઉઘાડવા જોઇએ. આ દ્વારને ઉઘાડવાની કુચી કયા મળે છે એ તમે જાણો છો ? આ કુંચી બીજે કોઈ ઠેકાણે મળતી નથી, પણ તેને તમારે પોતે જ તૈયાર કરવી પડે છે તમારા મિત્રો કે સંબધીઓ કે અન્ય તેને તમારે માટે બનાવી શકે તેમ નથી છતાં કદાચ તે બનાવશે તોપણ તે તમારા કામની નથી.

તમારા વિજયને માટે તમે જાતે જ દૃઢ નિશ્ચય કરો અને તદર્થ તમારા સર્વને તમે ક્રિયામા મૂકો. કોઈ મોટી વસ્તુ તમે સિદ્ધ કરવાને ઇચ્છો છો, તે જાણીને કદાચ જગત્ તમને હસે તો તો તેમને હસવા દો. એક વખત તમે કાંટ કસીને તમારા ઇપ્સિતાર્થ સિદ્ધ કરો અને તમને જ આ જગત્ વખાણશે.

શ્રીમાન્ મનુષ્યો કે જેમને અન્યની સાહાય્ય મળી શકે તેમ છે એવા મનુષ્યો જ જગત્મા વિશેષ કરી શકે છે. એમ ઘણા મનુષ્યોનું માનવું હોય છે, પણ આ તેમની ભૂલ છે. ખરી રીતે જોઇએ તો આ મનુષ્યો જ કંઈ કરી શકતા નથી. જેમને કોઈ પ્રકારની અનુકૂળતા નથી, જેમને કોઈ સાહાય્ય કરનાર નથી, એવાં પ્રતિકૂલતાથી પરિવેષ્ટિત્ થએલાં મનુષ્યો જ જગતમાં કાર્ય કરી શકે છે.

તમે જગતની દૃષ્ટિથી તુચ્છ સ્થિતિમાં છો, માટે તમારાથી

મહત્વનું કાર્ય કંઈ જ નહિ થઈ શકે, એમ માનીને તમે બેસી રહેતા નહિ. આ વિચાર જ તમને તમે છો તે સ્થિતિમાં રાખનાર છે. આ વિચારને બદલો અને તમે ઇચ્છો તે કરી શકો તેમ છે. એ વિચારને શ્રદ્ધાપૂર્વક અને કારણપૂર્વક દઢ કરો અને તમને ઉચ્ચ સ્થિતિમા લેઈ જવાના સર્વ માર્ગો તમારે માટે ખુલ્લા થશે જ.

જેમનો જગત્માં કોઈ હિસાબ ગણતું નથી, જેમની પાસે કઇ સાધન નથી, એવા બાળકો કે એવા જ મનુષ્યો વિજયના શીખરે ચઢી શકયા છે, અને આજે પણ ચઢી શકે તેમ છે. તેથી તમારી આવી સ્થિતિ હોય તો કોઇ પણ રીતે અસતોષને તમે સેવતા નહિ, પણ તમારા પોતાના સામર્થ્યને જાગ્રત્ કરવાનો સારામા સારો યોગ તમને ઈશ્વરેચ્છાથી મળ્યો છે એમ માનીને અપૂર્વ ઉત્સાહને ધારણ કરો

તમે શ્રીમાન્ હો કે તમને અનેક પ્રકારની અનુકૂલતા હોય તેમ તમે પ્રમાદવશ 'તા નહિ. કારણ કે તમારી સ્થિતિના અનેક મનુષ્યો જગત્મા કઈ જ કરી શક્યા નથી 'તમને સર્વ પ્રકારની અનુકૂલતાનો તમે સારામા સારો ઉપયોગ નથી કરી શકતા તો, તમારી પાછળ રહેલા અનેક મનુષ્યો આગળ વધી જશે અને તમે પાછળ પડી જશો તમારા જેવી અનુકૂલતાવાળા અનેક મનુષ્યો મોટે ભાગે કઈ જ કરી શકતા નથી, તો તમારી પણ તેજ સ્થિતિ ન થાય તેની સાવધાનતા રાખજો. જેમ અનુકૂલતાથી રહિત અનેક મનુષ્યોના સબધમા તેમનું જીવન નિકૃષ્ટ રહી જવાના સભવો બને છે તેમ અનુકૂળતાપ્રાપ્ત અનેક મનુષ્યોના સબધમા પણ તેમ જ બને છે. તેથી સાવધાન રહીને પ્રાપ્ત અનુકૂલતાનો સદુપયોગ કરીને આગળ અને આગળ વધવાની વૃત્તિવાળા રહેજો

જે મનુષ્યે આગળ વધવાનો દઢ નિશ્ચય કરેલો છે તેને કોઇ પણ અટકાવી શકે તેમ નથી તમે તેના માર્ગમા મોટા મોટા પથ્થરો મુકો, પણ તેને તે પગથીયા સમજીને ઓળગી જશે, તમે ધારો છો, કે આ પથ્થરો જોઇને તે નીરાશ થઈ જશે, પરંતુ તેમ નહિ થાય. ઉલટું તેને જોઇને તે અધિક વેગને ધારણ કરશે, અને તેનામાંથી અધિક બળ પ્રકટ થશે; તેની પાસે દ્રવ્ય હોય અને તેને તમે લઇ લેશો તો તે પોતાની નિર્ધન સ્થિતિમાથી તેને વિલક્ષણ

રીતે ઉપજાવી કાઢશે કોઇ પણ પ્રતિકૂળતા તેની પ્રગતિમાંથી અટકાવી શકશે નહિ.

જેની વિજયમા જરૂર છે તે જો તમારામાં છે, તો પછી તમારો જન્મ એક રાજાને ત્યા થયો હોય કે એક ભીખારીને ત્યાં થયો હોય તો પણ તમને વિજય મળશે જ. તમને જેવી જરૂર છે તે તમારામાં હોય તો પ્રારબ્ધ કે તકને જોતા બેસી રહેશો નહી. તમને સર્વ પ્રકારની અનુકૂલતા મળે અને તમે કાર્યનો આરભ કરશો, એ પ્રમાણે તમે કદી પણ માનીને બેસી રહેશો નહી, પણ જે કઈ ન્યૂનાધિક સાધન તમને પ્રાપ્ત હોય તેના વડે તમે તમારા કાર્યનો આરભ કરશો.

સામાન્ય સ્થિતિમાથી જે ઉચ્ચ સ્થિતિમા પૂર્વે ચઢયા છે તે અનુકૂલતાની વાટ જોતા બેઠા નથી, પણ જે કઇ સ્વલ્પ અનુકૂલતા તેમને મળી હતી તેનો ઉપયોગ તેમણે કર્યો છે, વળી તે જ પ્રમાણે જેમને મોટા કાર્ય કરવાં છે, જેમણે જગતમા અસાધારણ વિજય મેળવવો છે તે બીજાના ઉપર કદી પણ આધાર રાખતા નથી. તે જાણે છે, કે બીજાના ઉપર આધાર રાખવાથી ઇચ્છાનુકૂલ કાર્ય કદી પણ સધાતા નથી જ

કુશલ શિલ્પી જે પથ્થરને અન્ય મનુષ્યો નકામો ગણીને નાખી દે છે તેમાથી જ ઉત્તમોત્તમ છબી કોતરી કાઢે છે અને આમાં જ તેની મહત્તા છે સર્વ પ્રકારની અનુકૂલતામા જે કાર્ય કરે છે તેમા કઈ વિશેષતા નથી, પણ જે પ્રતિકૂલતામા કાર્ય કરે છે, તેને જ ધન્ય છે

શ્રીરામચંદ્રજી જેવાને વાનરો જેવાની જ સાહાય્ય હતી છતાં તે નિરાશ થઇને બેસી રહ્યા નહિ, પણ તેમની સાહાય્યવડે રાવણ જેવા સમર્થ શત્રુનો પરાજય કર્યો

ટિટ્ટિ પક્ષીનો દષ્ટાત સર્વને સુવિદિત જ છે માત્ર **પોતાના જ** સ્વલ્પસરખા બળ ઉપર તેણે પ્રયત્ન આરભ્યો અને મહાસાગરને પણ તેણે હફાવ્યો

વિજયને અપાવનાર જે ખરી વસ્તુ છે તે બાહ્ય સાધનોમાં નથી, પણ તે અંતરમાં રહેલી છે. તેથી બીજે તેને ન શોધો, પણ અંતરમાંથી જ તેને પ્રકટ કરો.

ઘણાં નિર્ધન માબાપનાં બાળકોને જગતમાં જોઈશું તો જણાશે,

કે તેમને કશી પણ અનુકૂલતા ન છતા ઉત્તમ પ્રકારના વિદ્યાભ્યાસને કરી શક્યાં છે.

જગતમાં જેમણે મહાન્ કાર્યો કર્યા છે તેમણે અનુકૂલ સ્થિતિમાં કર્યા નથી, પણ અનેક પ્રકારના વિઘ્નો વચ્ચે જ તે કર્યા છે.

મનુષ્યને જે મહત્તા આપે છે કે જે તેને સિખરસ્થિત કરે છે, તે દ્રવ્યમાં નથી, બીજાની સાહાય્યમા નથી, અનેક પ્રકારની અનુકૂલતામા નથી કે કશામા નથી, પણ **તેના પોતાનામાં જ છે.** સુવર્ણ સમાન સુયોગ, કે તક **તમારા પોતાનામાંજ છે;** તે પ્રારબ્ધમા નથી, કે અકસ્માતમા નથી કે બીજે કઇ નથી, પણ **કેવલ તમારા એકમાં જ છે.** અને આ તમારા પોતાનામા જ છે તો પછી તમને કોણ પગ પકડીને આગળ વધી શકતા અટકાવી શકે તેમ છે ? કોઇ જ નહિ. જો તમારામા નથી તો પછી બીજી અનુકૂલતા કે બીજાની સાહાય્ય તમને નકામી જ છે, તે તમારૂં કઈ જ વાસ્તવ હિત કરી શકે તેમ નથી પરમાત્માએ પ્રત્યેક મનુષ્યના અંતરમાં આ વસ્તુ રાખેલી છે, તેથી બીજે કોઇપણ ઠેકાણે તેને માટે ભટકો નહિ, પણ તમારા પોતાના જ પ્રતિ પાછા વળીને તેને જુઓ. તમારા પોતાનાપ્રતિ પાછા વળીને જોવુ, એ જ આ વસ્તુને તાળું ઉઘાડીને બહાર કાઢવાની કુચી છે

પ્રકરણ ૫

પ્રગતિને ઇચ્છનારે નિરંતર પ્રસન્ન રહેવાની જરૂર છે.

પ્રસન્નતા સર્વ સમયમા રાખનારના જીવનનો ક્ષય થતો નથી અને તેની સાથે જે કામ કરવાનું હોય છે તે ઉત્તમ પ્રકારે થાય છે. પ્રસન્નતા રાખવી અથવા અનિર્વેદવાદી રહેવું એ પ્રગતિમાં અત્યત સાહાય્ય કરનાર છે કલાક બે કલાક પ્રસન્ન રહો નહિ, પણ અખંડ પ્રસન્ન રહો ગમે તે બને તોપણ પ્રસન્ન રહો.લાભ થાય તોપણ પ્રસન્ન રહો અને હાનિ થાય તોપણ પ્રસન્ન રહો. પ્રસન્નતાનું મૂલ્ય સઉથી વધારે ગણો, પ્રસન્નતા એ કાર્યવિધાતક છે પ્રગતિને ઇચ્છનારે જેમ બને તેમ પ્રસન્નતાને અધિક સમય સેવ્ય છે.

પ્રસન્નતાથી શરીર અને મન ઉભયની શકિતની વૃદ્ધિ થાય છે. જે કાર્ય કરનાર બળ છે તે પ્રસન્નતામા રહેલુ છે અને તેને જે સેવે છે તેને તે મળે છે. પ્રસન્નતાથી મનુષ્ય અનેક મનુષ્યનો પ્રીતિપાત્ર થઇ રહે છે. તે જ લોકપ્રિય અધિક થાય છે કે જે અધિક સમય પ્રસન્નતાને ધારણ કરી રાખે છે. પ્રસન્ન રહેનારના જીવનબળનો ઘણો જ ઓછો ક્ષય થાય છે, જ્યારે પ્રસન્નતા રહિત રહેનારના જીવનબળનો ઘણો ક્ષય છે પ્રસન્નતાથી મનુષ્યના શરીરરૂપી યંત્રને ઘણો જ ઓછો ઘસારો પહોચે છે. પ્રસન્નતા એ શરીરરૂપી યત્રના તેલરૂપ છે. જ્યાં સુધી તે પુરવામા આવે છે ત્યા સુધી તેને ઘસારો પહોંચતો નથી સર્વ સમયના પ્રસન્ન રહેવુ એવો દૃઢ નિશ્ચય જો કરવામાં આવે છે તો પછી તે પ્રમાણે વર્તવું કઠિન પડતુ નથી પ્રસન્નતા ઘણાં દુ ખોને દૂર કરી દે છે, કદાચ દુર નથી કરતી તો દુ:ખને ઓછું તો કરે છે જ

ઘણા મનુષ્યોને સહજ પ્રતિકૂલતા પ્રાપ્ત થતા તેમના મનની સ્થિતિ બદલાઇ જાય છે, પ્રતિકૂલતામા મનની પ્રશાત સ્થિતિ રાખવાનું બળ તેમનામા હોતું નથી અનુકૂલતામા તો કોઈ પણ મનુષ્ય પ્રસન્ન રહી શકે છે, પણ જ્યારે પ્રતિકુલતા આવે છે તે પ્રસંગે જે પ્રસન્ન રહી શકે છે તે જ મનુષ્ય છે. મનુષ્યમાં કંઈક અધિક રહેલું છે તેની પરીક્ષા કરનાર પ્રતિકૂલ પ્રસગો જ છે. અને આવા પ્રસંગમા જે ધૈર્ય પૂર્વક કાર્ય કરી શકે છે તે જ પોતાની પ્રગતિ સાધી શકે છે.

પ્રતિકૂલતા, વ્યાધિ, વિઘ્ન વગેરેને ન ગણીને આગળ વધનાર મનુષ્યોની સંખ્યા ઘણી ઓછીજ હોય છે. આ પ્રતિકૂલતા, વિઘ્ન આદિ જન્ય અધકારની પેલી પાર રહેલા પ્રકાશને કોઇક જ જોઇ શકે છે અને તેથી સર્વ તેમા જ અટવાયા કરે છે. તેથી પ્રગતિને ઇચ્છતા હો તો આ અધકારને ન જુઓ પણ સર્વદા તેની પાછળ રહેલા પ્રકાશને જ જુઓ.

જે વિઘ્ન, પ્રતિકૂલતા આદિ ઉપર પગ મૂકીને ચાલી શકતા નથી તે મનુષ્યો સામાન્ય કોટિના જ ગણાય છે અને પ્રગતિનાં દર્શન તે કરી શકતા નથી. મનુષ્યમાં મોટા થવાની યોગ્યતા છે તેની એ જ નિશાની છે, કે તે પ્રતિકૂલતા વિઘ્ન આદિ ઉપર વિજય મેળવી શકે છે. વિઘ્ન, પ્રતિકૂલતા આદિને તમારા ઉપર વિજય

મેળવવા દો નહિ. પણ તમે જ તેમના ઉપર વિજય મેળવો તમારા કરતાં તેમની મહત્તા ઓછી જ હમેશાં ગણો. તમારી એટલી બધી મહત્તા તમે સમજો, કે તે સર્વનો જય કરવાનું તમને રમત જેવુ જ લાગે

નિરાશા, વિઘ્ન, વ્યાધિ, વિવિધ કાંટો, દુઃખો, વગેરે ઉપર જે જય મેળવી શકતા નથી તે સામાન્ય મનુષ્યો છે અને તે કદી મોટાં કાર્ય કરી શકતા નથી, કે અસાધારણ વિજયને પ્રાપ્ત થઇ શકતા નથી, તમે જગતના સામાન્ય મનુષ્યોથી વિશેષ છો એ તમારે સિદ્ધ કરી બતાવવુ જ જોઇએ અને આ સિદ્ધ કરી બતાવવાનો એ જ ઉપાય છે, કે તમારે વિઘ્ન આદિ ઉપર વિજય મેળવવો

પ્રતિકૂળતા, વિઘ્ન, નિરાશા, દુઃખ, ગ્લાનિ, ચિંતા, હાનિ, વગેરેને સહન કરવાનો સ્વભાવ ધારણ કરવાની મનુષ્યને જરૂર છે. શાર્ય ધારણ કરીને આ સર્વને સહન કરો અને પ્રશાંત ચિત્ત રાખતા શીખો આ સર્વનો બડબડાટ કે ફડફડાટ કદી પણ કરો નહિ જે આવે તને પ્રસન્નતાથી સ્વીકારી લો અને તે સમયે જે ઉચિત કર્તવ્ય જણાય તેને અપ્રમાદથી કરો આ સર્વથી તમે અકળાયતા છો એ પ્રકારનુ એક પણ ચિહ્ન તમારા મુખ ઉપર પ્રતીત થવા દો નહિ

દીપક જેમ પોતાનુ કાજળ બહાર કાઢી નાખે છે તેમ તમારા કષ્ટરૂપી કાજળને તમે બહાર કાઢી ન નાખો પણ ગળી જાઓ. દુર્દૈવ. દુઃખ, વ્યથા વ્યાધિ, હાનિ આ સર્વને એવી રીતે સહન કરો, કે અન્ય મનુષ્યો જાણે કે, જાણે તમને તેનો સ્પર્શ જ થતો નથી. કોઇના આગળ કહી બતાવ્યે કે અકળાયે કંઇ આ સર્વ દૂર થતા નથી પણ પ્રસન્નતાથી ભોગવી છુટે જ તે સત્વર દુર થઇ રહે છે. ચિત્ત અને મુખમુદ્રા પ્રસન્ન રાખતા શીખો અને આ પ્રમાણે તમે કરશો તો તમે એક તત્ત્વવિદ્ થઈ શકશો

તમને જોઈને સર્વને પ્રસન્નતા જ થાય એ પ્રકારનું સર્વ સમયમા તમારૂ વર્તન રાખો. વિજયની આ પણ એક અદ્ભુત કુંચી છે. જે આ પ્રમાણે નથી કરી શકતા તે વિજયને ભાગ્યે જ વરી શકે છે. તમને આશીર્વાદ આપશે. તેઓ તમારી પેઠે વિપત્તિમાં પ્રસન્ન રહેતાં શીખશે તમે તેમને કંઈ પણ બોધ નહિ દો

તોપણ તે તમને જોઈને જ તમારા જીવન ઉપરથી બોધને ગ્રહણ કરશે.

ક્રોધ, ભય, ચિંતા, શોક અને ગ્લાનિના પ્રસંગે તમારા અંતઃકરણને વિકળ થવા દો નહિ અંતઃકરણને નિરંતર પ્રશાંત રાખો અંતઃકરણને સર્વ સમયમા પ્રશાંત રાખતાં તેમાં એક એવા પ્રકારનુ વિલક્ષણ બળ ઉત્પન્ન થાય છે, કે જે સર્વ કાર્યને સિદ્ધ કરી આપે છે હસતા જાઓ અને પ્રાપ્ત કાર્યને કરતા જાઓ હાનિ થાય, કે અવિજય થાય તોપણ હસો અને તે પ્રસંગે જે કર્તવ્ય હોય તેને કરો, અને તેમા તમને લાભ અને વિજય મળશે જ હાનિ કે અવિજયના પ્રસંગે પણ જ્યારે તમે પ્રસન્ન રહી શકો છો ત્યારે જગત્ તમારાપ્રતિ આશ્ચર્યની દૃષ્ટિથી જુએ છે અને તમને એક અસાધારણ મનુષ્ય તરીકે જાણે છે. તમારાથી પ્રસન્નતાના કિરણોને અખંડ નીકળવા દો, અને આ કિરણોને ગ્રહણ કરનાર સેંકડો મનુષ્યો મળી આવશે સેંકડો મનુષ્યો તમારા સંગને ઇચ્છશે અને તમારી શુશ્રૂષા તે કરશે

નિરાશાને કદી પણ અવકાશ આપો નહિ નિરાશાના ગમે તેટલા કારણો જણાય તો પણ આશાને તમે અંતરથી ત્યજો નહિ આશા એ જ જીવન છે, અને એ જ કાર્યને સિદ્ધ કરાવનાર શૂક્ષ્મ બળ છે. જે આત્માને અંતરથી ત્યજી દે છે તે કદી પણ કાર્યને સિદ્ધ કરી શકતા નથી. માટે આશાને નિરંતર ધારણ કરો. કદી પણ નિરાશા થાઓ નહિ આશા, ઉત્સાહ, પ્રયત્ન, ઇચ્છા એ સર્વ ઇપ્સિતાર્થ સિદ્ધ કરાવી આપનાર બળના અંગો છે.

તમે ગમે તેટલો પૈસો મેળવો, કે બીજું ગમે તે મેળવો પણ જો તમે પ્રસન્નતા રાખી શકતા નથી તો તે સર્વ નકામું છે. પ્રસન્નતા જ સર્વ મેળવેલી વસ્તુઓને સાર્થક કરનાર છે. પ્રસન્નતાને રક્ષી રહેનાર એક નિર્ધન મનુષ્ય, એક શ્રીમાન્ મનુષ્ય કે જે પ્રસન્નતાને રક્ષી શકતો નથી તેના કરતા અધિક સુખી જ છે. તેથી જે તે રીતે પ્રસન્તાને ધારણ કરતાં શીખો.

પ્રસન્નતા કષ્ટપ્રદ જીવનને મધુર અને સુખપ્રદ કરનાર છે. મીઠું જેમ રસોઇમાં સ્વાદ લાવનાર છે તેમ પ્રસન્નતા મનુષ્યના વિવિધ વ્યવહારમા માધુર્ય પ્રકટાવનાર છે. પ્રસન્નતારૂપી આ મધુરતારહિત જીવન કેવલ શુષ્ક જ છે.

પૂર્વનો ઇતિહાસ તપાસો અને. જણાશે, કે અનેક મનુષ્યો શ્રીમાન્ થઇ શકયા નથી પણ તે પોતાના ચારિત્ર્યને સત્ય, નીતિ, શીલ, પ્રસન્નતા આદિ સદ્‌ગુણોવડે એવુ ઉજ્જવલ કરી શકયા છે, કે જેમનો યશધ્વજ હજી પણ ફરકે છે. તેથી કેવલ પૈસો જ મેળવવાને ઇચ્છો નહિ પણ તેની સાથે સત્ય, નીતિ, ધર્મ આદિવડે તમારા ચારિત્ર્યને પણ ઉત્તમ કરવા ઇચ્છો. તમારૂ ચારિત્ર્ય ઉત્તમ થતું હોય અને તમને પૈસો ન મળતો હોય તો પૈસાની ઉપેક્ષા કરી તમારા ચારિત્ર્યને ઉત્તમ થવા દેજો અને નિર્ધન રહેજો ઉત્તમ ચારિત્ર્યને સઉથી મૂલ્યવાન્ વસ્તુ સમજો. ઉત્તમ ચારિત્ર્યવાળા મનુષ્યો જ મનુષ્યો છે. ઉત્તમ ચારિત્ર્યવિનાના મનુષ્યો ભલે કુબેરની સપત્તિને પ્રાપ્ત હોય, ઇંદ્રાસને પ્રાપ્ત હોય કે આતુલ સામર્થ્યને પ્રાપ્ત હોય પણ તે મનુષ્ય નથી. ચારિત્ર્યને વિશુદ્ધ કરો તેમા તમારા આખા જીવનમા એક પણ ડાઘ પડવા દો નહિ સપત્તિ જાય, સંબધી ત્યજે, વિવિધ અસહ્ય કષ્ટ સહન કરવાનો પ્રસગ આવે, કે પ્રાણ ત્યજવાનો પ્રસગ આવે તોપણ ચારિત્ર્યને દૂષિત થવા દો નહિ. ચારિત્ર્યને પ્રાણથી પણ અધિક પ્રિય ગણો.

આજે દેશનો ઉદય કરવા માટે વિવિધ શાખામા વિવિધ મનુષ્યો પ્રયત્ન કરી રહ્યા છે પણ જેની દેશના ઉદયમાં પ્રધાનપણે અગત્ય છે તે એક જ છે. તે અગત્ય દેશમા ઉત્તમ ચારિત્ર્યવાળાં મનુષ્યો ઉત્પન્ન કરવાની છે શ્રી રામચદ્ર, હરિચદ્ર, ભીષ્મ, બલિ, ધ્રુવ, સીતા, દમયન્તી, તારામતી આદિ પૂર્વે અનેક ઉત્તમ તો શું પણ દૈવી ચારિત્ર્ય સપન્ન વ્યક્તિઓ થઈ ગઇ છે અને તેમનો કીર્તિધ્વજ આજે પણ ગગનમા ઉડતો આપણે નિહાળીએ છીએ. તેથી સ્વપર સાચું હિત ઇચ્છતા હો તો ઉત્તમ ચારિત્ર્યવાન્ બનો તમારા ચારિત્ર્યની હજારો મનુષ્યો જો પ્રશંસા નથી કરતા તો તમારા જીવનને નિરર્થક જ સમજો. તમે ગમે તેટલું બીજું પ્રાપ્ત કર્યું હશે પણ એક ચારિત્ર્યવિના તે સઘળું ધુળ સમજો.

પ્રસન્નતાને સતત ધારણ કરનાર જેવો ઉત્તમ ચારિત્ર્યવાન થઇ શકે છે તેવો બીજો ભાગ્યે જ થઇ શકે છે. કારણ કે તે ગમે તેવા પ્રસંગે બને તોપણ તેને પ્રસન્નતાથી વધાવી લે છે. તેથી પ્રસન્નતાને તમારા જીવનમાં નિરતર ઓતપ્રોત રાખો. પ્રસન્નતા એ જ જાણે તમારૂં પ્રધાન લક્ષ્ય છે એમ માનજો.

એક વૃદ્ધ મનુષ્ય છે જે નિરંતર પ્રસન્નતામાં રહે છે. આ મનુષ્યના સંબંધમાં કદાચ તમે અનુમાન કરશો, કે તેને સારી સંપત્તિ મળી હશે, તેને સર્વ પ્રકારની અનુકૂલતા હશે અને તેથી તે પ્રસન્ન રહેતો હશે પણ તેમ નથી તેના જીવનમાં તેને અનેક વિઘ્ન પ્રાપ્ત થયાં છે અનેક પ્રતિકુલતાઓ આવી છે. અનેક પ્રસંગે તેને નિષ્ફળતા મળી છે, અનેક વ્યાધિ તેને સહન કરવા પડયા છે. છતાં તેણે આજ પર્યંત પ્રસન્નતાને ધારણ કરી રાખી છે અને આજે પણ તે પ્રસન્ન રહે છે. તેણે આજસુધી પોતાના દુઃખનો એક પણ ઉદ્ગાર કોઈના આગળ કાઢયો નથી ભૂતકાળના એક પણ પ્રસંગનું તે કદી પણ સ્મરણ કરતો નથી પણ તે સદા આનંદમાં જ રહે છે. તેની પ્રસન્ન મુખમુદ્રા તેને જોનારને પ્રસન્નતા પ્રકટાવે છે. આ જ પ્રમાણે તમને પણ વિજય મળે કે ન મળે, લાભ થાય કે હાનિ થાય પણ પ્રસન્ન જ રહો, પ્રસન્નતા પૂર્વક આગળ અને આગળ વધો. સ્વલ્પમાં "પ્રસન્નતાને કદી ન ત્યજીએ પ્રસન્ન સર્વ સ્થિતિમાં રહીએ" એ શ્રીમાન્ વિશ્વવંદ્યના હિતકર શબ્દોમાં કહીએ, તો નિરંતર સર્વ સ્થિતિમાં પ્રસન્ન રહો

પ્રકરણ ૭

પ્રગતિને ઇચ્છનાર લોકપ્રિય થવાની જરૂર છે.

પ્રગતિને ઇચ્છનારને જગત્માં લોકપ્રિય થવાની પણ અગત્ય છે, કારણ, કે જે લોકપ્રિય નથી થઈ શકતા તેમને વિવિધ પ્રકારની પ્રગતિમાં અડચણો નડે છે; જ્યારે લોકપ્રિય થનાર મનુષ્ય પોતાની પ્રગતિ વિવિધ શાખામાં સહજ સાધી શકે છે. જેના પ્રતિ જનસમૂહને વિરોધ નથી હોતો તથા પ્રેમભાવ હોય છે તેને પ્રત્યેક મનુષ્ય અનુકૂલ રહીને બનતી સાહાય્ય કરે છે. જ્યારે અન્ય, કે જે જનસમૂહથી વિરોધી હોય છે તેને તે પ્રકારની અનુકૂલતા મળી શકતી નથી

રાજાઓને અને અમલદારોને પ્રિય રહેનાર મનુષ્યોની અને તેમને પ્રતિકૂલ રહેનાર મનુષ્યોની સ્થિતિનું અવલોકન કરો, અને

તમને ઉપર જે કહેવામા આવ્યુ છે તેનું વાસ્તવિકપણું જણાયા વિના નહિ જ રહે. આ ઉપરથી કહેવાનો એવો આશય નથી જ, કે ખુશામત કરીને લોકપ્રિય થવાનો પ્રયત્ન કરવો પરતુ પોતાની આત્મ પ્રતિષ્ઠા જાળવીને જ આ કાર્ય કરવાનુ છે. જેની તેની સાથે વિરોધ ધરવાથી તેમના વિચારના આંદોલનની આપણા ઉપર અસર થાય છે અને તેથી આપણને હાનિ થાય છે તેથી બનતા સુધી વિરોધ ન થાય તેવી રીતે જનસમાજમાં વર્તન રાખવું અધિક ઉચિત છે. છતા અન્ય મનુષ્યો પોતાના સ્વભાવે કરીને જ વિરોધ ધરી લેતા હોય તો તેમા નિરૂપાય છીએ, પરતુ કહેવાનું તાત્પર્ય એ છે કે બનતા સુધી આપણા પોતાના તરફથી વિરોધને પોષનાર વિચારો ન સેવાવા જોઇએ

ઘણા મનુષ્યો જગતમા આ સદ્ગુણે કરીને જ કાર્યસિદ્ધિને મેળવે છે. તે જ્યાં જ્યા જાય છે ત્યા ત્યા અવિરોધપણે પોતાનું કાર્ય કરીને જ આવે છે.

તમને જોઇને અન્યને પ્રસન્નતા થાય, તમારા ઉપર પ્રેમ આવે એ પ્રકારનું વર્તન રાખો, અને તમે લોકપ્રિય થયા વિના નહિ જ રહો, અને તેમ થતા તમારાં કાર્ય પણ સહજ સિદ્ધ થશે જ

ઘણા મનુષ્યો અનેક વ્યસનને સેવનાર હોય છે તથા બીજી અનેક રીતે નિકૃષ્ટ હોય છે છતા તેમનામાં લોકપ્રિયતા નામનો ગુણ હોવાથી તે વિજયને મેળવે છે.

તમે મોટા છો એ પ્રકારનું તમારામા અભિમાન છે, એ કદી પણ કોઇને જણાવા દો નહિ પણ સર્વ સાથે નિરભિમાનપણે વર્તો. બીજા મનુષ્યો તમારાથી નિકૃષ્ટ હોય તો તેમને તે તેવા છે તેવું કદી જણાવતા નથી, પણ પ્રેમથી તેમની સાથે હળીમળીને કાર્ય કરજો આવા આવા ગુણો મનુષ્યને લોકપ્રિય કરે છે.

લોકપ્રિય થવા ઇચ્છનારે સર્વ પ્રતિના પ્રેમને જાગ્રત્ કરવાની જરૂર છે. ગમે તેવા મનુષ્યો હોય તોપણ તેમના પ્રતિ પ્રેમભાવ રાખવો ઘટે છે. અને આ પ્રમાણે અન્યપ્રતિ પ્રેમભાવ રાખનાર ઉપર અન્ય મનુષ્યો નિરંતર પ્રેમ રાખે છે જ.

બીજી રીતે ઘણી કુશળતાવાળા મનુષ્યો અનેક પ્રસંગે જે કાર્ય

નથી કરી શકતા તે સાધારણ પણ લોકપ્રિય મનુષ્યો કરી શકે છે, તેથી તેની ન્યૂન આવશ્યકતા છે તેમ નથી જ.

તમને જોઇને જોનારને પ્રસન્નતા ઉપજે, તમારા ઉપર પ્રેમનો ઉમળકો આવે, તમારૂં સ્વત્વ (Personality) સર્વને આકર્ષણ કરનારૂં થઈ રહે, એ પ્રકારનું તમે વર્તન સેવો, અને તમારાં સર્વ કાર્ય સિદ્ધ થયાં જ સમજજો.

લોકપ્રિય થવાને માટે વિનય, વિવેક, સભ્યતા, સરળતા, પ્રમાણિકપણું, વગેરે સદ્‌ગુણો હોવાની પણ અગત્ય છે. અને સઉ કરતા નિરંતર પ્રસન્નતાને ધારણ કરવી એ સદ્‌ગુણ ચઢીયાતો છે. નિત્ય પ્રસન્ન રહેનારની સંગતિને સર્વ મનુષ્યો ઇચ્છે છે અને તેથી તેવો મનુષ્ય સહજ લોકપ્રિય થઈ રહે છે

જે મનુષ્યો લોકપ્રિય ન થઇ શકતા હોય તેમણે પોતાના પ્રતિ વળીને જોવુ, કે ઉપર જે સદ્‌ગુણો જણાવવામા આવ્યા છે તે પોતાનામા છે કે નહિ. અને આ પ્રમાણે જોનારને જણાશે, કે તે સદ્‌ગુણોનો પોતાનામા અભાવ છે અને તેથી જ તે લોકપ્રિય થઈ શકતા નથી.

અન્ય મનુષ્યને તમે પ્રિય થવા ઇચ્છતા હો તો એ કરો કે જે કંઇ બીજા તમને કહે તે પ્રતિ ઉપેક્ષા દર્શાવતા નહિ, પણ તેને સાંભળીને તેને યોગ્ય સલાહ આપજો, ઘણા મનુષ્યોનો એવો સ્વભાવ હોય છે, કે બીજા મનુષ્યોને તુચ્છ દૃષ્ટિથી જુએ છે, કે તેમની વાતમાં ધ્યાન આપતા નથી આવા મનુષ્યો કદી પણ લોકપ્રિય થઇ શકતા નથી. સર્વ સાથે પ્રેમથી વાર્તા કરો અને પ્રેમથી અન્યની વાર્તા સાંભળો.

આપણાથી ઉતરતી પંક્તિના મનુષ્યો હોય તેમના પ્રતિ પણ વિનય દર્શાવવાની અગત્ય છે. અને આ પ્રમાણે સર્વપ્રતિ વિનયની દૃષ્ટિથી જોનાર લોકપ્રિય થયાવિના રહેતો જ નથી.

તમે લોકપ્રિય ન થયા હો અથવા ન થઇ શકતા હો તો ઉપર જે જણાવવામાં આવ્યું છે તે વાંચો અને તેને આચારમાં ઉતારો. પણ ધ્યાનમાં રાખજો, કે તમારો બીજાને બીજા ઉપર પ્રેમ ન હોય છતાં તેને ખોટો પ્રેમ દર્શાવવાનો અને તેને છેતરવાનો પ્રયત્ન કરતા નહિ. કારણ, કે આ પ્રકારનુ દંભી વર્તન પરિણામે પ્રજાને

જણાયાવિના નથી રહેતું, તેથી હૃદયના સાચા ભાવપૂર્વક જ અન્ય સાથે વર્તન રાખો.

ઘણા પ્રસગે આપણી વાતમાં અન્ય મનુષ્યો ધ્યાન આપતા નથી અને તે પ્રસગે આપણને ઠીક લાગતું નથી આવા પ્રસંગે આ પ્રમાણે થવાનું કારણ અન્ય કંઈ જ નથી પણ આપણે તેમની વાતમાં ધ્યાન આપ્યું હોતું નથી તેથી જો આપણી વાતને બીજા ધ્યાનપૂર્વક સાંભળે તથા આપણને ઉપયોગી સલાહ આપે એમ ઇચ્છુ હોય તો તેનો એક જ માર્ગ છે, કે બીજાની વાતને આપણે સાંભળવી અને તેને યોગ્ય સલાહ આપવી

લોકપ્રીય થવાને માટે બહુ બોલ કરવાની પણ અગત્ય હોતી નથી. કારણ કે તેમ કરવાથી જ લોકપ્રિય થવાય છે, એમ નથી પણ ઓછુ બોલવુ અને જરૂર પુરતું બોલવુ એ જ લોકપ્રિય થવાનો માર્ગ છે. બહુ બોલવાથી અનેક પ્રસગે આપણે બીજાની અરુચિના જ પાત્ર થઇ રહીએ છીએ

ઘણા મનુષ્યોને એવી ટેવ હોય છે, કે તેમને જે જે મળે છે તેના દોષો જ તેમને જણાવ્યા કરે છે કે તેમની ખોડો જ કાઢયા કરે છે પણ આ સ્વભાવ ઉભય પક્ષને હિત કરનાર નથી તેથી કોઇ પણ મનુષ્યના દોષ તેને મોઢે કદી પણ જણાવો નહિ દોષવાળા મનુષ્યોને સુધારવા હોય તો તેમનામા જે ગુણો હોય તેનું જ તેમના આગળ વર્ણન કરો, કે તેની સ્તુતી કરો

ઘણા મનુષ્યો સમજે છે, કે બીજાના દોષોને અન્યના આગળ કહેવાથી કે તેમને પ્રજામા પ્રસિદ્ધ કરવાથી તે સુધરે છે, પણ આ તેમની મતિમદતાજ છે. આ પ્રમાણે કરવાથી તે કદી પણ સુધરતા નથી, પણ અધિક બગડે છે, અને તેની સાથે પ્રજાને અને તે મનુષ્યને હાનિ થાય છે.

વળી આવા મનુષ્યોને લોકપ્રિય પણ થઇ શકતા નથી એકના દોષ જોવાના સ્વભાવવાળા તે અન્યના દોષ જુએ છે, અને અન્યના દોષ જોવાની ટેવ પડવાથી ત્રીજા મનુષ્યના પણ દોષ જુએ છે. અને આ પ્રમાણે તેમનો સ્વભાવ કાગડાની પેઠે દોષ જોવાનોજ થઇ રહે છે. તેથી જુઓ તો અન્યના ગુણને જ જુઓ. આ જ ઉભયનું હિત કરનાર છે.

સ્વાર્થવૃત્તિ, ચિંતા, ભય, લોભવૃત્તિ, પ્રપંચ, આ વગેરે દોષો પણ મનુષ્યને લોકપ્રિય થતો અટકાવે છે તેથી તેમને પણ દૂર કરવાની જરૂર છે.

જે જે ગુણોથી લોકપ્રિય થઈ શકાય છે તે ઉપર જણાવવામાં આવ્યું છે, તેને સ્મરણમાં રાખીને તમારાં બાળકોમા તે ગુણો પ્રકટે તેની સાવધાનતા રાખજો. કારણ કે તમારા બાળકમાં જો આ ગુણો હશે, અને તમે તેમને નિર્ધન સ્થતિમાં કદાચ મૂકી જશો તોપણ તેમનો નિર્વાહ જગતમાં ઉત્તમ પ્રકારે થઇ શકશે.

મા, અને બાપની વહુ કહેવામા જેમ તફાવત રહેલો છે, તેમ વિવિધ પ્રકારની વાણી બોલવામા પણ તફાવત રહેલો છે. બીજાને જે કહેવાનુ હોય તે એવા રૂપમા ન કહો કે જેથી તેને ખોટુ લાગે. પણ યુક્તિપુર્વક તેને તમારૂ કહેવું વાસ્તવિક છે, એમ જણાય તેવી જ રીતે કહો તેથી લોકપ્રિય થવા ઇચ્છનારે વાણીનો ઉપયોગ વિવિધ પ્રસગે કેવી રીતે કરવો તે જાણવાની પણ જરૂર છે. જે શબ્દો વડે આપણે બીજાને અપ્રસન્ન કરી શકીએ છીએ તે જ શબ્દોવડે જૂદા ભાવપૂર્વક અને જૂદા રૂપમા જણાવતાં અન્યને પ્રસન્ન કરી શકાય છે. ઘણા મનુષ્યો માને છે, કે એકના બે થઈ જાય તેવો કેવો જવાબ હું આપું છું. પણ આ તેમની કુશલતા નથી. આ સ્વભાવ જનસમાજને વિઘાતક (destructive) છે અને તે દૂર કરવા ગોગ્ય છે.

ઘણા મનુષ્યો માને છે, કે બસ જગતનાં મનુષ્યોની આપણે શી જરૂર છે, તો તે પણ અઘટિત જ છે જગતના મનુષ્યો એ આપણા પોતાના અંગરૂપ છે અને આપણે તેના અવયવરૂપ છીએ. અને તેથી તેમના વિના આપણે વ્યવહારમા છીએ ત્યાસુધી ચાલી શકતું જ નથી. એક તણખલાનો પણ ખપ પડે છે, એ કહેવત છે તે યથાર્થ છે. ઘણા પ્રસગે આપણે ન ધારતા હોઇએ તેવા સામાન્ય મનુષ્યોનો પણ ખપ પડે છે. તેથી કોઇને પણ તિરસ્કાર બુદ્ધિથી ન જુઓ.

આપણે મોટા છીએ અને બીજા હલકા છે એવો ભાવ રાખીને વર્તવું, એ અત્યંત હાનિ જ કરનાર છે. આ મોટાઇનું ચિન્હ નથી પણ હલકાઇનું છે. ખરી મોટાઇ તો એ છે, કે મોટાઈ

હોવા છતાં તેને કોઇ પણ રીતે દર્શાવવામાં આવતી નથી. અને આ પ્રમાણે ઋજુ—સરળ અને અભિમાનરહિત વર્તન રાખનાર જ સાચા મોટા છે

એક વખતે જેને આપણે મળ્યા હોઇએ તેને ઓળખી રાખવા એ પણ તેટલુંજ વ્યવહારમા ઉપયોગી છે. ઘણા મનુષ્યો આ પ્રમાણે જેને એક વખત મળે છે તેને ભૂલી જાય છે અને બીજી વખત મળતાં જાણે તેમને કદી જોયા જ નથી એમ જણાવે છે, તેથી આવા મનુષ્યોએ એ કર્તવ્ય છે, કે જેને એક વખત મળે તેનુ નામ યાદ રાખવા પ્રયત્ન કરવો અને તેની સાથે તેનાં નેત્ર, નાસિકા, આદિ અવયવોને અવલોકીને તેમાં જે વિશેષના રહેલી હોય તેને ધ્યાનમાં રાખવુ આ પ્રમાણે કરવાથી વિવિધ મનુષ્યોને સહજ ઓળખી શકાય છે.*

આપણે ઘેર કોઇ આવે તો તેને વિનયથી સન્માન આપવુ એ પણ લોકપ્રિય થવાનો માર્ગ છે. ઘણા મનુષ્યોમા આ વિવેક હોતો નથી આપણે ઘેર આવનાર મનુષ્ય વ્યવહારમા આપણાથી નિકૃષ્ટ પંક્તિનો હોય તોપણ તેને પ્રેમથી સન્માન આપવાની જરૂર છે આ પ્રમાણે અન્યને સન્માન આપવાથી તેને કેટલી પ્રસન્નતા આપણે ઉપજાવીએ છીએ તથા તેના હૃદયમા આપણે માટે કેવો ભાવ જાગ્રત્ કરીએ છીએ તેનું જ્ઞાન કોઇકને જ હોય છે.

પરતુ આ સર્વની સાથે એ ધ્યાનમા રાખજો કે દભને તમારા વર્તનમાં પ્રવેશવા દેતા નહિ. કારણ, કે તે તમારા સર્વ પ્રયત્નને પરિણામે ધુળધાણી કરનાર છે.

બીજા મનુષ્યોમાં ખોટી મોટાઇ સહજ આવે છે. તેના કરતાં જે અમલદાર વર્ગમા ભળે છે તેમનામા ખોટી મોટાઈ સહ જ આવે છે તે ગમે તેટલા મોટા હોદ્દાએ પહોંચે છતાં ખરી રીતે પ્રજાના જ નોકરો છે, અને પ્રજાના હિતઅર્થે જ વસ્તુત· તેમને યોજવામાં આવેલા હોય છે, પરંતુ આ વાર્તાનું તેમને વિસ્મરણ થઇ જાય છે, અને પ્રજા અને પોતાની વચ્ચે મોટો ભેદ તે સમજે છે. હાથ નીચેના નોકરો અને પ્રજા, એ ઉભયને તે પોતાનાથી અત્યંત નિકૃષ્ટ સમજે છે અને તદનકૂલજ વર્તન સેવે છે પણ આ આ તેમની મૂર્ખતા જ છે, આ પ્રકારે માનવુ અને તે પ્રમાણે વર્તવુ

એ તેમના ધર્મથી કેવળ વિરૂધ જ છે. તેથી આ દોષ જો તમારામા હોય તો તેને દૂર કરવા યત્નશીલ થજો. પ્રજાની સાથે સમાન લીટીમાં તમને પોતાને મૂકીને તે પ્રમાણે વર્તવાથી તમે આજે છો તેના કરતાં અધિક લોકપ્રિય થઇ શકશો, અને તેમને પ્રજા અને તમારા હાથ નીચેના મનુષ્યો દેવની પેઠે પૂજશે

આ જગત્ દર્પણ જેવુ છે. તેમાં જે પ્રકારનુ બીંબ આપણે પાડીએ છીએ તેવુ જ પ્રતિબંબ આપણને જોવા મળે છે જે પ્રકારનો ધ્વનિ આપણે જગતમા ઉપજાવીએ છીએ તે પ્રકારનો જ પ્રતિધ્વનિ આપણે પુન સાંભળીએ છીએ તેથી ઉત્તમ વર્તન તમે રાખશો તેવુ ઉત્તમ ફળ તમને મળશે કારણ કે વાવવું તેવું લણવુ, એ પ્રકૃતિનો સ્વભાવ છે અને કર્મનો નિયમ છે. તેથી નિરંતર ઋજુ, નિષ્પ્રપંચ પ્રેમયુક્ત અને દંભરહિત વર્તન રાખો અને તેનાં સ્વાદુ ફળ આ જ જન્મમાં તમે ચાખ્યાવિના નહિ રહો.

પ્રકરણ ૭.

પ્રગતિમાં શારીરક બળની જરૂર.

આપણું કામ કરતાં આપણને કંટાળો આવતો હોય, 'સધરામ વસીનો અધમણીયો ઝાસવો તે ઝાસવો' એ કહેવત પ્રામ કાર્યો પરાણે કરવા પડતાં હોય, અને પ્રામ કાર્ય કરવાને શરીરમા પૂરતું બળ ન હોય તો યથેચ્છ પ્રગતિ થઇ શકતી નથી. કારણ કે આ સ્થિતિમા જેવું ઉત્તમ કાર્ય આપણે કરવું જોઇએ તેવું ઉત્તમ કાર્ય આપણે કરી શકતા નથી તેથી પ્રગતિને ઇચ્છનારને શરીરબળની સઉથી પ્રથમ અગત્ય છે, અને આ શરીરબળ પ્રામ કરવુ, એ પણ તદ્વિષયક પ્રગતિ જ છે અને આ બળ જેમણે મેળવેલું હોય છે તે પોતાનાં કાર્ય સરળપણે નિયમિત કરી શકે છે અને પોતાની પ્રગતિ વિવિધ શાખામાં સત્વર સાધી શકે છે.

આપણે કોઇ પણ કામ કરતા હોઇએ તે કામ શરીરના અમુક ભાગે જ કરવાનુ નથી, પણ આખા શરીરે તે કામ કરવાનું છે.

અને જ્યારે આપણું આખું શરીર અર્થાત્ હાથ, નેત્ર, સ્મરણશક્તિ, બુદ્ધિ, મગજ, વગેરે સર્વ કાર્ય કરવામાં જાય છે ત્યારે તે કાર્ય સર્વોત્તમ થઈ શકે છે આપણે આપણા શરીરને એવુ કરી રાખવુ જોઇએ કે કોઈ પણ કામ કરવાનુ આપણને આવે તે સહજ સ્વભાવે આપણે કરી શકીએ. આઠે પ્રહર આપણામા ઉત્સાહ જાગ્રત રહેવો જોઇએ. અને જેમનામા યોગ્ય શરીરબળ તથા ઉત્સાહ નથી હોતાં તે પ્રાપ્ત કાર્યને ઉત્તમપણે નથી કરી શકતા અને આ પ્રમાણે થવુ એ જ પ્રગતિમાં મનુષ્યને પાછળ રાખનાર છે કામ કરવા કરવામાં પણ ફેર હોય છે એ મનુષ્યો એક જ કામ કરે છે, પણ તેમાં ઘણું અંતર હોય છે મોટે ભાગે મનુષ્યો પ્રાપ્ત કાર્યને કરી છૂટવાના જ સ્વભાવવાળા હોય છે તે પ્રાપ્ત કાર્ય ને બને તેટલુ ઉત્તમ કરવુ, એવા વિચારના હોતા નથી, અને તેથી આવા મનુષ્યો જગતમા સાધારણ સ્થિતિમાં જ રહે છે. પરંતુ જે મનુષ્યો પ્રાપ્ત કાર્યને સર્વોત્તમપણે કરે છે, તે મનુષ્યો જનસમાજથી આગળ વધે છે અને પોતાની પ્રગતિ સાધે છે

મલ્લની સાથે કુસ્તી કરવાને જેમ જેમણે તેમના જેટલું શરીરબળ મેળવ્યુ નથી તે શક્તિમાન્ થઈ શકતા નથી, તે પ્રમાણે ઘણા મનુષ્યો પોતાના કાર્યને જોઇએ તેટલા ઉત્તમ કરી શકતા નથી, કારણ કે તેમણે યોગ્ય બળો મેળવ્યુ નથી આવા મનુષ્યો કહે છે કે અમારાથી અમુક કામ થઇ શકે તેમ નથી. અને આ વિચાર એ જ ઉન્નતિને અટકાવનાર છે. આ પ્રમાણે વિચાર પણ ત્યારે આવે છે કે જ્યારે શરીરમા જોઇએ તેટલુ બળ વહેતું નથી. જ્યારે મગજના અણુઓ નિર્બળ હોય છે અને એ જ પ્રમાણે શરીરના બીજા અવયવો પણ જોઇએ તેટલા સશક્ત હોતા નથી તેથી મનુષ્યે નિરતર હરિણની પેઠે અહીથી તહીં છલગો મારવી હોય તો મારી શકાય તેવી સ્ફુર્તિ શરીરમાં રહે એવુ તેને કરવુ જોઇએ. અને આ પ્રમાણે જ્યારે તે કરે છે ત્યારે જ તે પોતાના સમગ્ર કાર્ય આનદ અને ઉત્સાહથી કરી શકે છે.

ઘણા મનુષ્યો એવી રીતે કામ કરે છે કે તે પોતાના ઘણા બળનો ક્ષય કરી નાંખે. તેઓ વ્યાયામ, આહાર, વિશ્રાંતિ વિગેરે સર્વને વિસારી દે છે અને પ્રાપ્ત કાર્યને કલાકો કર્યા જ કરે છે. આ

પ્રમાણે કરવાથી કોઈ એક કાર્ય સત્વર સિદ્ધ થાય છે પણ તેમ કરવાથી શરીરબળનો એટલો બધો ક્ષય થઇ જાય છે કે પછી બીજાં કાર્ય કરતી વખતે તેમને જોઇએ તેટલો ઉત્સાહ રહેતો નથી. તેથી આ રીતે વેગમાં આવીને કોઈ પણ કાર્ય કરવાની અગત્ય નથી. જે કંઈ કરવું તે નિયમિત કરવું, અને જે રીતે શરીરબળનો ક્ષય ન થાય તથા મગજના બળનો પણ વિશેષ વ્યય ન થાય તેની ખાસ કાળજી રાખવી. નિયમિત કામ કરવાથી શરીર તથા મગજના બળનો હ્રાસ થતો નથી અને પરિણામે પ્રમાણમાં કામ વિશેષ થાય છે. કામ એવી રીતે કરવુ જોઈએ કે શરીરના બળનો ઉત્તરોત્તર ક્ષય ન થાય પણ તેની વૃદ્ધિ થાય પ્રસન્નતાથી તથા ઉત્સાહથી નિયમિતપણે કામ કરતા શરીરબળનો ક્ષય થતો નથી જેથી નિરંતર પ્રસન્નતા તથા ઉત્સાહને ધારણ કરી રાખવા તથા જે જે કર્તવ્ય હોય તે તે નિયમિત કરવા

લશ્કરનો જે સરદાર નિર્બળ સીપાઇઓને રાખે છે તે શુ કદી વિજય મેળવી શકે છે? કદી જ નહિ તે પ્રમાણે જે પોતાના શરીરના વિવિધ અવયવોને નિર્બળ સ્થિતિમા રાખે છે તે, કદી પણ વ્યવહારમા વિજય મેળવી શકતા નથી. શરીરના સુદૃઢ અવયવો જ મનુષ્યને વિજય આપનાર સાધનો છે, તેથી આ સાધનોને હમેશા ઉત્તમ જ રાખો. આ સાધનોને ઉત્તમ કરવામા તમે જેટલો પ્રમાદ કરો છો તેટલો તમારી પ્રગતિમા વિલંબ થાય છે.

વકીલો, ડાક્તરોને, સરકારી નોકરોને, વ્યાપારીઓને અને આ પ્રમાણે પ્રત્યેક ધધાદારીને જુઓ. આ સર્વમાં જે શરીરે સુદૃઢ હશે તે જ પોતાનુ કાર્ય ઉત્તમ પ્રકારે કરી શકતા હશે ઘણા મનુષ્યો યુવાવસ્થાના જ ક્ષયરોગથી કે બીજાં દરદોથી પીડાતા હોય છે. આવા મનુષ્યો જગત્માં કંઈ જ કરી શકે તેમ હોતું નથી આવા તેઓ કદાચ વેગમાં આવીને કામ કરે છે તો પણ અલ્પ સમયમાં જ તે એટલા નિર્બળ થઈ રહે છે અને તેમના વ્યાધિનું બળ એટલુ વધે છે કે તે મરણશરણ જ થઈ રહે છે. આવા પ્રસંગો કેળવાએલા મનુષ્યોમા આજે અનેક બને છે. આવા મનુષ્યો નથી તો પોતાનું કોઈ વાસ્તવ હિત કરી શકતા કે નથી તો અન્યનું કરી શકતા. જે વખતે તેમને કાર્ય કરવાનો સમય હોય છે તે વખતે

તે મૃત્યુને આધીન થઇ રહે છે આ પ્રમાણે થવાનુ કારણ શરીરની તેમણે કરેલી ઉપેક્ષા જ કારણભૂત છે.

જે મનુષ્ય શરીરને સુદૃઢ અને દીર્ઘાયુષી રાખી શકે છે તે જ જગત્મા અધિક કરી શકે છે, તેથી સઉથી પ્રથમ શરીરને સુદૃઢ અને દીર્ઘ આયુષ્‌વાળુ કરવાને વિચારો અને તદર્થ પ્રયત્ન કરો. અને જેમ તમે અધિક જીવશો તેમ તમે અધિક કરી શકશો. ગમે તેવુ અગત્યનુ કામ હોય પણ જો શરીરબળ અને આરોગ્યનો ક્ષય થતો હોય તો તે કદી પણ કરો નહિ જગત્મા આરોગ્ય અને આયુષ્‌ની જ કિંમત અધિક ગણો આ બે જો તમારી પાસે હશે તો તમે અન્ય સર્વ મેળવી શકશો, પણ જો આ બે તમારી પાસે નહિ હશે તો તમે કઇ જ મેળવી શકનાર નથી

એક જ પ્રકારની ઘરેડમા વધ્યા કરવુ, એ પણ જીવનનો ક્ષય કરનાર છે, અને તેમા કઇ આનદ વિશેષ પણ મળતો નથી તેથી જીવનક્રમને પ્રસગે પ્રસગે બદલતા રહેવુ, તથા એક જ સ્થાનમાં નહિ પડી રહેતા સ્થાનાતર પણ સમયે સમયે આનદની ખાતર કરતા રહેવું, એ આરોગ્ય તથા જીવનને વધારનાર છે.

આપણે જે કામ કરવાનુ હોય તે કામ કરવાનો સમય આવતા આપણને જરા પણ પ્રમાદ ન થાય તથા પૂર્ણ ઉત્સાહ પ્રકટે, એ પ્રકારે આપણા તન, મગજ અને મનની સ્થીતી રહેવી જોઇએ પણ આ ઉત્સાહ પાછો બીજે દીવસે કાયમ રહે તેવી રીતે વર્તવું જોઇએ કારણ કે તે કામ જો આપણે જો જરૂર કરતા વિશેષ સમય કરીએ છીએ તો પછી આપણો ઉત્સાહ ટકી શકતો નથી

લેખકો, અભ્યાસકો તથા વાચવાનો જેમને શોખ હોય તેમણે એ ખાસ ધ્યાનમા રાખવાનું છે કે તેમના મગજના બળનો વિશેષ ક્ષય થાય નહિ, આ મનુષ્યો પણ એવી રીતે કામ કરે છે કે તે પોતાના મગજના બળનો ઘણો ક્ષય કરી નાખે છે. પરંતુ અલ્પ સમયમા જ આ મનુષ્યો જીવનમાં નિષ્ફળતા મેળવે છે. તેથી કોઇ પણ રીતે મગજના બળનો નિરર્થક ક્ષય થવા દો નહી.

અને આ પ્રમાણે જ્યારે શરીર, મન અને મગજ બળથી ઉભરાતાં હોય છે ત્યારે પછી જે કામ કરવામાં આવે છે, તે

ઉત્તમ જ થાય છે. તથા બીજા મનુષ્યોને જે કામ કરતાં ઘણો સમય જાય છે, તે કામ કરતાં આ મનુષ્યોને ઘણો ઓછો સમય લાગે છે.

ગાડુ એક કલાકે બે માઇલ ચાલે છે ત્યારે રેલ્વે ગાડી એક કલાકમાં ૪૦ થી ૬૦ માઇલ ચાલે છે આ પ્રમાણે બન્નેના વેગમાં અંતર હોવામાં બળ જ કારણ ભૂત છે. એકમાં બળ ઓછુ છે. અને બીજામાં વિશેષ છે. તે જ પ્રમાણે બળવાળા છે તે પોતાનાં કાર્ય અલ્પ સમયમાં સિદ્ધ કરી શકે છે. તેમને મન કામ કરવું, એ રમત હોય છે. તેથી શરીરબળને ઉત્તમ કાર્યસાધક ગણીને તેને મેળવો. તે પ્રાપ્ત હોય તો તેની વૃદ્ધી કરો, અને તમારી પ્રગતિ તમે સહજ સાધી શકશો.

ઘણા મનુષ્યો પોતાનું કામ સવારથી સાંજ સુધી કર્યા જ કરે છે. તે સમજે છે કે આ જ પ્રમાણે કામના ગુલામ થઇને કામ કરવાથી તે અધિક થઇ શકે છે. પણ આ પ્રમાણે કરવાની વસ્તુતઃ કશી જ અગત્ય નથી. આ મનુષ્યોમાં કામ કરવાની જોઇએ તેટલી તથા જોઇએ તેવી શકિત હોતી નથી તેથી જ તેમને સવારથી સાંજ સુધી ગુલામની પેઠે કામ કરવુ પડે છે. જેમને આ શક્તિ પ્રાપ્ત છે તે થોડા જ કલાકમાં આખા દિવસનું કામ કરી શકે છે. થોડા કલાકમાં વિશેષ કામ કરવું તથા તે ઉત્તમ કરવું, એમા જ મનુષ્યનું સામર્થ્ય રહેલું છે. અને આ પ્રકારનું સામર્થ્ય જ મનુષ્યે પ્રાપ્ત કરવાની જરૂર છે.

મનુષ્યો કામ કરે છે પણ તે મોટે ભાગે યંત્રવત્ કામ કરે છે. અને આ પ્રમાણે કામ કરવાથી જ તે કામ થોડા વખત પછી કંટાળારૂપ જણાય છે, પણ મનુષ્યે આ પ્રમાણે નહિ કરતાં પ્રત્યેક કામમાં મન, મતિ, મગજ, વગેરે તમામ અવયવોનો ઉપયોગ કરવો જોઇએ. અને આ પ્રમાણે કામ કરવામાં જ્યારે આ અવયવો વપરાય છે ત્યારે તે અવયવો કસાવાથી, કસરત કરવાથી, જેમ શરીરજન્ય આનંદનું ભાન થાય છે તેમ એક પ્રકારના આનંદનું ભાન થાય છે. અને આ આનંદનું ભાન થતાં કામ કરવાથી બળનો ક્ષય થતો નથી, પણ તેની વૃદ્ધિ થાય છે.

જગતમાં જોઇશું તો જણાશે કે જે મનુષ્યો પોતાના તન અને

મનને જોઇએ તેટલા બળવાળાં રાખી શકતા નથી તે પોતાની પ્રગતિ કરી શકતા નથી. આવા મનુષ્યો કાંતો હતા તેની તેજ સ્થિતિમાં રહે છે, કે કાંતો પાછા ગતિ કરે છે. તન અને મન નિરંતર પ્રોત્સાહવાળી સ્થિતિમાં રહેવાં જોઇએ અને જે કંઈ કામ કરવાનુ આવે તે પૂર્ણ આનંદથી થવું જોઇએ. આ પ્રમાણે બને છે તો મનુષ્ય પોતાની ઉન્નતિ યથેચ્છ કરી શકે છે

જે મનુષ્ય તન અને મનનું બળ છે, તે મનુષ્યો પ્રાપ્તકાર્યને ઉત્તમ પ્રકારે કરી શકે છે, એટલુંજ નહિ, પણ કોઈ વિઘ્ન આવે તો તેને પણ તરત દુર કરી શકે છે. પરંતુ જેમને આ બળ પ્રાપ્ત નથી તે વિઘ્ન આવતા ડરી જાય છે અને તેની તેમના ઉપર સત્તા ચાલે છે. તેથી પ્રગતિ અર્થે તન અને મન ઉભયને બળવાન્ રાખવાની અત્યંત અગત્ય છે.

વળી તન અને મન બળવાન્ હોવાથી મનુષ્યના ઓજસમા પણ વૃદ્ધિ થાય છે અને આ ઓજસ્ જેને પ્રાપ્ત છે તે મનુષ્યનો સર્વત્ર પ્રતાપ પડે છે. અને તે મનુષ્ય સર્વત્ર વિજયને અને કાર્ય-સિદ્ધિને વરે છે. ઘણા પ્રસંગે કોઈ કાર્ય સિદ્ધ કરવામા અન્ય કઈ જ કરવાનું હોતું નથી, પરંતુ એક મનુષ્યથી તે કાર્ય સિદ્ધ થતુ નથી, જ્યારે અન્ય તે કાર્યને સત્વર સિદ્ધ કરી આવે છે, કારણ એ જ હોય છે કે એકમાં ઓજસ્ નથી હોતું જ્યારે બીજામાં હોય છે. તેથી વિજય પાપ્તિ અર્થે ઓજસ્‌ની જરૂર રહે છે. અને જેમને તન અને મનનું બળ પ્રાપ્ત છે તે મનુષ્યોને ઓજસ્ પણ પ્રાપ્ત રહે છે. તેથી નિત્ય શરીર અને મનનું બળ બધે તેવા ઉપાયો કરો, જો તમે પ્રગતિને ઇચ્છતા હો તો.

અને શરીરના અને મનના બળને કોણ નથી ઇચ્છતું ? સઉ કોઈ અંતરથી ઇચ્છે છે જ. પણ જેમને તે પ્રાપ્ત નથી, તે તદર્થ કરવો ઘટતો પ્રયત્ન કરતા નથી અને તેથી જ તેમને તે અપ્રાપ્ત રહે છે. જગત્‌માં કોઈ પણ વસ્તુ એવી નથી કે પ્રયત્નથી પ્રાપ્ત ન થાય. તેથી જે કંઈ આપણને આપણી ઇચ્છા છતા પ્રાપ્ત ન હોય તો જાણવું, કે આપણા પ્રયત્નમાં કંઇ ખામી છે. ઘણા મનુષ્યો પૂછે છે કે અમારે કયો પ્રયત્ન કરવો ? તો આ મનુષ્યોને જણાવવાનું કે તમને જે પ્રયત્ન સ્ફુરે તે કરવા માંડો. કદાચ આ પ્રયત્ન તમને

ફળનું દર્શન નહિ કરાવનાર હોય તોપણ તે પ્રયત્ન તમને બીજો પ્રયત્ન સુઝાડશે કે જે તમને તેનું દર્શન કરાવશે. તેથી મનુષ્યે ફળની સિદ્ધિ અર્થે એ જ કર્તવ્ય છે કે પ્રયત્નમાં સતત સંલગ્ન રહેવુ

જગતમાં મનુષ્યો દ્રવ્યની કિંમત ઘણી સમજે છે, પણ આરોગ્ય, જીવન, માનસ વિકાસ એ વગેરેની જેટલી કિમત છે તેટલી કશાની જ નથી. તેથી દ્રવ્યનો ભોગ આપવો પડતો હોય અને આરોગ્ય અને જીવન આદિ પ્રાપ્ત થતાં હોય, તોપણ તે ભોગ આપો અને આરોગ્ય અને જીવનને મેળવો. આરોગ્ય તથા જીવન અને માનસ વિકાસ એ જ મનુષ્યની સાચી પ્રગતિ કરનાર છે અને સાચું સુખ આપનાર છે, આ કથનના પૂરાવા રૂપે જેમને આ આદિ પ્રાપ્ત છે, તેમને જોશો તો જણાશે, કે તે પ્રગતિના માર્ગમાં ઘણા આગળ વધેલા જ છે.

કુદરત—પ્રકૃતિ એકને આરોગ્ય, જીવન આદિ આપે અને અન્યને ન આપે એવું હોતુ નથી. પરંતુ જેમને તે પ્રાપ્ત નથી તે કુદરત પાસેથી તે લેતા નથી વળા તે કુદરતના નિયમોથી વિરુદ્ધ વર્તીને પ્રાણબળનો પણ ક્ષય કરે છે તેઓ સમજે છે કે કુદરતમાં ચાલી જશે પણ તેમ થતુ નથી. એક રંક હોય કે એક નૃપતિ હોય, પણ ઉભયને કુદરત સરખી જ શિક્ષા કરે છે. વધારે ખાવામાં આવે, રાત્રે ઉજાગરા કરવામા આવે, ચાહ, તમાકુ આદિ વ્યસન કરવામા આવે તો કુદરત સર્વને સરખી શિક્ષા કરે છે. તે કોઇને માફી આપતી નથી. તેથી કોઇ પણ દિવસ કુદરતના નિયમનો ભંગ કરો નહિ.

મનુષ્યો સાઇકલ, મોટાર કે ઈજીનને બરાબર વ્યવસ્થામાં રાખે છે. તેમાં યોગ્ય સમયે તેલ પૂરે છે, તેને સ્વચ્છ રાખે છે તથા તેમાં કોઇ જાતની અવ્યવસ્થા થવા દેતા નથી. કારણ, કે તેઓ જાણે છે, કે તેમાં અવ્યવસ્થા થતાં તે બગડી જાય છે પરતુ તે પોતાના શરીરરૂપી યત્રને વ્યવસ્થામાં રાખી શકતાં નથી. અને આ પ્રમાણે તે શરીર યંત્રની જોઇતી સંભાળ રાખતા નથી, તેથી જ તેમને વ્યાધિ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ આવે છે.

નિયમિત જીવનના અનેક લાભ અનેક મનુષ્યો જણાવે છે જે જાણીને પ્રસંગે આપણને એમ થાય છે, કે આમાં આ મનુષ્યોએ

અતિશયોક્તિ કરી હશે; પરંતુ વસ્તુત. તમાં અતિશયોક્તિ જેવું કંઇ જ હોતું નથી. આપણે જ્યારે નિયમિત જીવન ગાળવા માંડીએ છીએ ત્યારે આપણને સ્પષ્ટ થાય છે, કે આ મનુષ્યોએ જે જે લાભ વર્ણવ્યા છે તે ખરી રીતે ઓછા જ છે. પરંતુ આ પ્રકારનો નિશ્ચય જ્યારે નિયમિતપણાને આપણા જીવનમાં ઓતપ્રોત કરવામાં આવે છે ત્યારે જ થાય છે.

કોઈ કોઈ મનુષ્યો શરીરે દુર્બલ હોય છે. તેવા મનુષ્યોને પણ આપણે વ્યવહારમાં ઉત્તમ સ્થિતિ ભોગવતા જોઇએ છીએ. પણ આ પ્રમાણે થવામાં તેમનું માનસબળ કે માનસવિકાસ જ કારણ ભૂત હોય છે. પરંતુ આવા મનુષ્યો સત્વર વૃદ્ધાવસ્થામાં પ્રવેશે છે અને પછી કાર્ય કરી શકતા નથી તથા સત્વર મરણને આધીન થાય છે. પરંતુ આ જ મનુષ્યોને ઉત્તમ પ્રકારનું શરીર બળ પ્રાપ્ત હોત તો તેઓ તેમણે જે કંઈ કર્યું હોય છે તેથી અધિક અવશ્ય કરી શક્યા હોત જ.

અમેરિકાના પ્રેસીડન્ટ રૂઝવેલ્ટ કહે છે, કે નાનપણમાં હું ઘણો જ મંદ પ્રકૃતિવાળો હતો, પણ મેં ધાર્યું કે ' હુ જો આ સ્થિતિમાં રહીશ તો મારે જે વેગથી આગળ વધવું છે તે વેગથી આગળ નહિ વધી શકું ' તેથી તેણે પ્રથમ પોતાનું શરીર સુદૃઢ કર્યું અને તેણે યથેચ્છ વિજયને પ્રાપ્ત કર્યો તે પ્રમાણે તમારૂં શરીર સુદૃઢ ન હોય તો તમે બીજું બધું રહેવા દેઇને પ્રથમ તેને પ્રાપ્ત કરવા યત્ન કરો, અને પછી બીજાં કર્તવ્ય તમને સરળ જણાશે જ

શાળા અને પાઠશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ મોટા થવાની અને જનસમાજમા ' પોઝીશન ' મેળવવા માટે તન તોડીને મહેનત કરે છે. પરંતુ ડીગ્રીઓ મેળવ્યા પછી તેમને સમજાય છે, કે તેમણે શરીરની ઉપેક્ષા કરી હતી તે મોટી ભૂલ કરી હતી. આ-માંના ઘણા તો પુખ્ત વયમાં જ રામશરણ થઇ રહે છે અને જે જીવે છે તે પણ મરેલા જેવા જ હોય છે શરીરમાં લોહી ન મળે, મુખ ઉપર તેજ ન મળે, શરીરમાં અંગેઅંગમાં આરોગ્ય ન મળે, અને આવી દુર્બલ સ્થિતિમાં હાલનો કેળવાયલો વર્ગ જોવામાં આવે છે આ પ્રમાણે થવામાં શરીરની કરવામાં આવતી ઉપેક્ષા જ છે. આવા મનુષ્યો ગમે તેવા વિદ્વાન્ હોય તો પણ કંઇ જ દેશનું

અને પોતાનું હિત સાધી શકે તેમ નથી તેથી વિદ્યાર્થી અવસ્થામાં શરીરની ઉપેક્ષા ન થાય તેની સભાળ રાખવાની છે.

હિંદુસ્તાનની પ્રજા આજે બીજી પ્રજાઓ કરતા શરીરે દુર્બળ જ ગણાય છે. પાંચ ફુટ ઉપર મનુષ્યની સાધારણ રીતે ઉંચાઈ હોવી જોઈએ, સો રતલ ઉપર વજન હોવુ જોઈએ, એ વગેરે જે મનુષ્ય શરીરની આવશ્યકતાઓ છે તે ઘણા ઓછા પ્રમાણમા જોવામા આવે છે. તેથી આપણા દેશમાં પ્રજાએ આરોગ્યને અધિક સુદૃઢ કરવાની અગત્ય છે. અને જ્યાં સુધી આ શરીરને પ્રજા સુદૃઢ નહિ કરે ત્યાં સુધી તેની ઉન્નતિની આશા ઓછી જ છે. શરીરને સુદૃઢ કરવું, એ ઉન્નતિ માત્રનું પ્રથમ પગથીઉં છે

જે લાખો સમર્થ મનુષ્યો આ જે જગતમાથી જે સમયે રહીને તેમણે જગતને ઉપયોગી થવું જોઇએ તે સમયે ચાલ્યા જાય છે, એ શુ જગતને સામાન્ય હાનિ છે, પણ આનું કારણ પ્રજાના શરીરની દુર્બળતા જ છે જેમ સુદૃઢ શરીર વડે મનુષ્ય અન્યનુ હિત કરી શકે છે તેમ તે પોતાનુ હિત પણ કરી શકે છે. તેથી સ્વપર હિતને સાધનાર શરીર બળને પ્રાપ્ત કરવાની પ્રથમ અગત્ય છે.

શરીરને સુદૃઢ કરીને મનુષ્યે બેસી રહેવાનુ નથી પણ તેની સાથે તેણે તેના મગજને અને મનને પણ કેળવવાનું છે. મગજ અને મનને કેળવવાથી જેમ ઉંચા પ્રકારનો આનંદ મળે છે તેમ તેની સાથે આરોગ્યની પણ વૃદ્ધિ થાય છે એક વિદ્વાન આ સબંધમાં જણાવે છે, કે જે મનુષ્યો વિચાર કરનાર છે અર્થાત મગજ અને મનને કેળવનાર છે તે મનુષ્યો અધિક જીવે છે. આળસુ મગજ એ રોગનું કારણ છે. તેથી મગજનો વિકાસ થાય તેવું કામ તેને પણ બતાવવું જોઇએ. **Idle mind finds much mischief to do**—પ્રમાદી મનને કંઇને કંઇ આડુ અવળું કરવાનું સુઝે છે, એ કહેવત પ્રમાણે જે પોતાના મનને ખોરાક નથી આપતા તે પછી ગમે તેવા ખોટા તર્કવિતર્ક કરે છે અને તેના પરિણામમાં હાનિ જ થાય છે. પરંતુ જે મનુષ્યો મનને કેળવવાનો નિત્ય પ્રયત્ન કરે છે તેમનું મન આડા અવળા વિચાર કરતુ નથી તેમને આનંદ તથા આરોગ્ય પ્રાપ્ત થાય છે. આવા મનુષ્યોને નકામાં વિચાર કરવાનો અવકાશ જ હોતો નથી. અને તેથી તેમને મનના ગમે તેમ વહેવાથી જે હાનિ થાય છે તે હાનિ થતી નથી.

વ્યાયામ કરવાથી શરીર જેમ સુદૃઢ રહે છે તથા નિરોગ રહે છે તેમ મનને જૂદા જૂદા પ્રકારનું વાંચન આપવાથી તથા તેને વિચાર કરવાની ટેવ પાડવાથી અને તેને જૂદા જૂદા કામોમાં પરોવવાથી તેને વ્યાયામ થાય છે અને તેની નિરોગ સ્થિતિ બની રહે છે, શરીર અને મનને નિકટનો સંબંધ છે, જેથી એકની અસર બીજા ઉપર થાય છે જ. ઘણા મનુષ્યો શરીરને સુદૃઢ કરવાને રાત્રિ દિવસ પ્રયત્ન કરે છે, પણ મનને સુધારવાને, મનને કેળવવાને જરી પણ પ્રયત્ન કરતા નથી અને ભય, શોક, ચિંતા ગ્લાનિ આદિ મનના વિકારોને વશ વર્તે છે, અને તેના પરિણામમા તે યત્ન કરવા છતા પોતાના શરીરને સુદૃઢ કરી શકતા નથી. તેથી મનને પણ શરીરની સાથે ઉંચું કરતા જાઓ.

મનને કામ આપવાથી આરોગ્ય વધે છે, એ વાર્તા અમે કંઈ અમારા ઘરની જણાવતા નથી, પણ એક શરીરવિદ્યાભિજ્ઞના આધારે જ જણાવીએ છીએ. તે કહે છે, કે mental activity is a great health preserver, a great life giner—માનસ ઉદ્યોગ એ એના વ્યાયામનો જો મનુષ્ય આશ્રય લે તો પછી તેને દવાનો આશ્રય લેવાની કદી પણ અગત્ય પડતી નથી.

જે મનુષ્યો નવરા બેસી રહે છે, તેવા આળસુ મનુષ્યોને જ ચાહ, કોફી, તમાકુ, દારૂ, ભાગ ગાંજો વગેરે વ્યસન કરવાની જરૂર પડે છે, અને આવા મનુષ્યો જ દુર્ગુણી વિશેષે કરીને હોય છે. જે ઉદ્યોગશીલ છે તેમને વિશેષે કરીને વ્યસનોની જરૂર પડતી નથી તેમ જ તે દુર્ગુણપંકમા પણ ઓછા પ્રમાણમા રોળાય છે. તેથી શરીર અને મનને કોઇને કોઈ ઉદ્યોગમા નિત્ય જોડેલાં રાખવા એ આરોગ્યને અર્પનાર છે અને તેની સાથે પ્રગતિ સધાવનાર છે.

વપરાશવિનાનું ઘર જેમ ખવાઇને પડવા માંડે છે,કે વપરાશવિનાનું સાંચાકામ જેમ કટાઇને ખવાય જાય છે તેમ પોતાના શરીર અને મનને નિરૂદ્યમી રાખનારની પણ તેવીજ સ્થિતિ થાય છે. તેથી નિત્ય શરીરને યોગ્ય વ્યાયામ આપો તથા મનનો પણ વિકાસ થાય તેવુ વાચન તેને આપો અને તેની સાથે ઉત્તમ પ્રકારના વિચારને સેવતા રહો.

પ્રકરણ ૮ મું.

યોગ્ય માર્ગની તથા યોગ્ય સામગ્રીની પ્રગતિમાં જરૂર છે.

બે મનુષ્ય કામ કરે છે તેમાં એકને વિજય મળે છે અને એકને નથી મળતો તેનું કારણ એ છે, કે એક યોગ્ય માર્ગે પ્રયત્ન કરે છે, જ્યારે બીજો યોગ્ય માર્ગે પ્રયત્ન કરતો નથી. તેથી સત્વર કાર્યસિદ્ધિ થવા અર્થે યોગ્ય માર્ગે પ્રયત્ન થવાની જરૂર છે. તેથી પ્રગતિને ઇચ્છનારે કયા માર્ગે જવાથી પ્રગતિ સધાય તેમ છે, તેનો નિર્ણય પ્રથમ કર્ત્તવ્ય છે. ઘણા મનુષ્યો આ પ્રકારનો પ્રથમ નિર્ણય કર્યા વિના જ કાર્યનો આરંભ કરે છે, પણ પાછળથી તેમને સમજાય છે, કે જે ફળ તેમને મળવુ જોઇએ તે મળતું નથી. તેથી કયા માર્ગમાં પ્રયત્ન કરવાથી સત્વર ફળ મળે તેમ છે, તેનો વિચાર પ્રથમ કર્તવ્ય છે.

વળી ઘણા મનુષ્યોનો જે કામ આજે કરવું જોઇએ તે કામ આજે નહિ કરતાં કાલ ઉપર કરવાનું રાખે છે, જેનો પરિણામ પણ સારો નથી જ આવતો તેથી પ્રમાદને પણ સ્વહિતેચ્છકે તિલાંજલિ આપવી ઉચિત છે જેમની પ્રગતિ થતી નથી જોવામાં આવતી તે કાંતો ઉંધે માર્ગે પ્રયત્ન કરનાર હોય છે, કે કાંતો પ્રમાદને વશ વર્તનાર હોય છે. તેથી આ બન્ને હિતપ્રદ ન હોવાથી ત્યાજ્ય છે.

જે પ્રાપ્ત કર્તવ્ય હોય તે કર્તવ્યને તત્ક્ષણ જ શરૂ કરી દેવું ઉત્તમ છે. તેમાં જેટલો વિલંબ કરાય છે. તેટલું તે કાર્ય કઠિન થતું થતું જાય છે. પ્રસગે કાર્ય કઠિન જણાય તો પણ કાલ ઉપર તેને કરવાનું રાખો નહિ, પણ આજે જ, આ ક્ષણે જ તેને શરૂ કરો. કઠિનતા ત્યાં સુધી છે, કે જ્યા સુધી કાર્યનો આરંભ નથી કર્યો. કાર્યનો આરંભ કરતાં કઠિનતા ન્યૂન થવા માંડે છે જ. કઠિન જણાતાં કાર્યને પછીથી કરવાના ન રાખો, પણ તેને જ પ્રથમ કરવાનાં રાખો. જેમ શત્રુથી ડરો તેમ, દીર્ઘસૂત્રતાથી ડરો, જેટલી હાનિ ચોરથી નથી થતી તેટલી દીર્ઘસૂત્રતાથી થાય છે. કારણ કે તે દ્રવ્ય હાનિ ઉપરાંત ચરિત્રની સ્વાતંત્ર્યની, અને પ્રગતિની હાનિ કરે છે.

જે ઋણુ આજે જ પતાવવતું છે, તે કાલે પતાવવાનો વિચાર રાખવાથી શુ ફાયદો થાય તેમ છે જે અમુલ્ય હંમેશાં પ્રાપ્ત કાર્યને કરવાને ઉદ્યત (about) રહે છે, અને જે કાર્ય જે ક્ષણે કરવાનું છે તે ક્ષણે જ તે કાર્ય કરે છે, તે જ વિજયને વરે છે. જે તે કાર્યને જે તે પ્રસગે કરવાથી આતર બળની પણ વૃદ્ધિ થાય છે.

કાર્ય સિદ્ધિમા બે વસ્તુની જરૂર હોય છે. એક બળ અને બીજી ક્ષિપ્રતા અથવા અવિલબ તેમા પ્રથમની વસ્તુ ઘણા પ્રસંગે બીજી વસ્તુના ફળરૂપે પ્રકટ છે જેમને સમયની કિમત છે, તે જ પોતાના જીવનને સાર્થક કરી શકે છે જેમનામા દીર્ઘસૂત્રતાનો વિનાશ નથી થયો, એવા મનુષ્યો ભાગ્યેજ વિજયી થતા જોવામાં આવે છે. તેથી કાર્ય કરવાને માટે નિરંતર ઉદ્યત અને અપ્રમાદશીલ રહેવાની અગત્ય છે. જે મનુષ્યો કાર્ય કરવામા હમેશા પશ્ચાત પડે છે, જે ગાડીમાં તેમણે મુસાફરી કરવાની જરૂર છે તે ગાડીને હમેશા જે મૂકી જાય છે, જે ખજાની સાથે રાખેલા સંકેત પ્રમાણે વર્તી શકતા નથી તેવા મનુષ્યો, જે મનુષ્યો જે સમયે જેને પૈસા આપવા જોઇએ તે સમયે તેને પૈસા આપતા નથી, તે મનુષ્યો વ્યવહારમાં ભાગ્યેજ વિજયી થાય છે. આવા મનુષ્યોનો કોઈ વિશ્વાસ પણ કરતુ નથી. જો, કે આવા મનુષ્યો પ્રમાણિક હોય છે, કે ભલા હોય છે, તો પણ તેમનામાં જો આ સદ્‌ગુણો નથી હોતા તો તે વિજયને પ્રાપ્ત થઈ શકતા નથી. તેમાં પણ વિશેષે કરીને જે વ્યાપારીવગ છે તેણે તો ખાસ કરીને ઉપરના સદ્‌ગુણો ધારણ કરવા જ જોઇએ ઘણા વ્યાપારીઓને નિષ્ફલતા મળે છે તેનું કારણ એ હોય છે, કે તેઓ આ સદ્‌ગુણોથી રહિત હોય છે,

મનુષ્યો સમયની કિંમત નથી સમજતા તે એક પ્રકારનું પાપ જ કરે છે, જેના ફળ રૂપે તેમની અવગતી થાય છે. જો કે આપણા દેશમા મનુષ્યો સમયની કિંમત નથી સમજતા પણ પાશ્ચાત્ય દેશોમાં તેની કિંમત ઉત્તમ પ્રકારે સમજવામાં આવે છે. ત્યાં અમુક કલાકે કોઇને મળવાનું કહ્યુ હોય તો તેજ સમયે તેણે તેને મળવું જોઇએ. બીજા સમયે તેને પછી મળી શકાતું નથી. સમયની કિંમત સમજવાથી જેમ આપણા સમયનો આપણે સદુપયોગ કરી શકીએ છીએ તેમ બીજાના સમયનો વ્યય થતો પણ આપણે અટકાવીએ છીએ.

આપણા દેશમાં ન્યાતમાં સાંજના પાંચ વાગ્યાનું જમણ તૈયાર થઈ ગયેલું હોય છે, પણ મનુષ્યોને સમયની કિંમત ન હોવાથી તે રાત્રે નીરાંતે આઠ નવ કે દશ વાગે આવે છે અને નાગરોમાં તો બાર કે એકપણ વાગે છે, આ સ્થિતિ શું સૂચવે છે? એજ, કે મનુષ્યોને પોતાના અને અન્યના સમયની કિમત નથી. પૂર્વે ગમે તેમ ચાલતુ હશે પણ આજે તો મનુષ્યોએ સમયની મહત્તા સમજવી જોઈએ,અને જ્યાસુધી મનુષ્યો આપણા દેશમા સમયની કિંમત નહિ સમજતા થાય ત્યાસુધી દેશનો ઉદય કદાપિ થનાર નથી જ આજે હવે એવો જમાનો આવ્યો છે કે સમયની કિંમત સમજીને તેનો સદુપયોગ નહિ કરનાર હશે તે ભુખેજ મરશે.

આસ્ટ્રેલીયાના લોકોને નેપોલીયને હરાવ્યા હતા, કારણ, કે પાંચ મિનીટની તેમને કિંમત નહોતી. આપણા દેશમાં પણ વ્યાપાર કલા, વગેરેમાં પરદેશીય મનુષ્યો વિજય મેળવી શક્યા છે. તેનુ કારણુ એ છે કે આપણા લોકોને સમયની કિંમત નથી. કાર્ય કરવાને નિરંતર ઉદ્યત રહેવું, અપ્રમાદી રહેવુ, જે તે કાર્ય જે તે સમયેજ શરૂ કરવુ, કયી દિશામા પ્રયત્ન કરવાથી સત્વર કાર્ય સિદ્ધિ થાય તેમ છે, તેનો પ્રથમ નિર્ણય કરવો, કાલ ઉપર કામ કરવાની ટેવ ન રાખવી, સમયની કિંમત પૈસાથી પણ વધારે સમજવી, એ વગેરે પ્રગતિને પ્રાપ્ત કરાવનાર અમોઘ સાધનો છે.—

પ્રકરણ ૯

પ્રાણાંતે પણ પાછા હઠો નહિ.

જયુલીયસ સીઝરે એક વખતે ઇંગ્લંડમાં પોતાનું લશ્કર ઉતાર્યું હતું ત્યારે તેણે પોતાના લશ્કરના દેખતાંજ પોતાનાં તમામ વહાણુ બાળી દીધાં હતાં. કારણ, કે તેથી લશ્કરની ખાત્રી થાય કે હવે પાછા ફરવાનું કોઇ દ્વાર રહ્યુ નથી. તેથી કાંતો વિજય મેળવવો કે કાંતો રણસંગ્રામમાં મરવું, નેપોલીયનનો પણ આવો જ સ્વભાવ હતો. અને આ જ પ્રમાણે જે જે શરીરોએ વિજય મેળવેલો છે તે સર્વે પ્રાણાંતે પણ પાછા ન હઠવાના સ્વભાવવાળા હતા.

મનુષ્ય દુધમાં અને દહીંમાં પગ રાખે છે ત્યારે તે યથેચ્છ પ્રગતીને સાધી શકતો નથી. તે જ પ્રમાણે જે મનુષ્યો પ્રારબ્ધ કાર્યને પ્રાણ જતાં પણ પૂરૂં કરવાના સ્વભાવવાળા નથી તે કદી પણ વિજયને વરી શકતા નથી અને પ્રગતી સાધી શકતા નથી. **देहंपातयामि वा अर्थं साधयामि**—એવા દૃઢ નિશ્ચયવાળા પુરૂષો જ અર્થને સાધી શકે છે આવા નિશ્ચયવિનાના પુરૂષો તે ભીરૂ છે અને દૃઢ નિશ્ચયવાળા પુરૂષો જ વીર પુરૂષો છે.

તમે જે કાર્ય આરંભો તેને પૂર્ણ વિચાર કરીને જ આરંભો અને પછીથી પ્રાણ જાય તો પણ તેનો પરિત્યાગ ન કરો. કર્તવ્યની ભૂમિમાં ભલે તમારો દેહ પડે. આ પ્રકારની નિશ્ચયાત્મક વૃત્તિ જ કાર્યસાધક છે. કાર્ય સાધવા પ્રતિજ્ઞા કેવળ વૃત્તિને રાખો. તેનું જ ચિંતન કરો અને તેને જ સિદ્ધ કરવા તમારાં સમગ્ર કરણોને યોજો.

ગાજરની પીપુડી વાગી તો વાગી નહિ તો કરડી ખાધી, એ પ્રકારનો નિશ્ચય રાખનાર પુરૂષો ભાગ્યે જ કાર્યસિદ્ધિને કરી શકે છે. વિઘ્ન આવે, કે ગમે તેમ થાય તો પણ પાછા ફરવાનો એક સંકલ્પ સરખો પણ કરતા નહિ. કોઈ પણ રીતે આગળ અને આગળ જ વધવું, એ જ નિશ્ચયને કાયમ રાખો.

વ્યવહાર અને પરમાર્થ ઉભયને સિદ્ધ કરાવનાર આજ માર્ગ છે. ઉત્તમ પ્રકારનો વ્યવહાર અને ઉત્તમ પ્રકારનો પરમાર્થ સાધનાર મનુષ્યોએ આ જ નિશ્ચયને ધારણ કર્યો છે, ત્યારે તે કાર્યસિદ્ધિને મેળવી શકાય છે. ધ્રુવ, પ્રહ્લાદ, મીરાબાઈ, નરસિંહમહેતા, ભગીરથ, કણાદ, આદિ અનેક મહાપુરૂષોના જીવન જોઈશું તો જણાશે, કે તે સર્વ આ જ નિશ્ચયને ધારણ કરનાર હતા. મહાપુરૂષોનું આ એક ઉત્તમ લક્ષણ છે, અને મહાપુરૂષ થવા ઇચ્છનારે તે અવશ્ય ધારણ કરવા યોગ્ય છે. આ નિશ્ચય આરંભમાં સાધારણ બળને અંતરમાંથી જાગ્રત કરે છે પણ પછી જેમ જેમ સમય જાય છે, તેમ તેમ તે અધિક અને અધિક બળને અંતરાત્મામાંથી જાગ્રત્ કરે છે. આ પ્રકારનો નિશ્ચય ધારણ કરનાર પુરૂષો અપૂર્વ બળથી ઉભરાઈ જતા હોય છે. તેમનામાં અને જગત્‌નાં સાધારણ મનુષ્યોમાં સહજ સમજાય તેવી રીતે નેત્ર, વાણી, આદિ અવયવો ઉપર વિલક્ષણતા તરી આવેલી દૃષ્ટિએ આવે છે. અગ્નિની પાસે જનારને

જેમ ઉષ્ણતાનું ભાન થયા વિના નથી રહેતું તેમ આવા પુરૂષોની સમીપ આવનારને તેમનામાં રહેલા બળનું પણ ભાન થયા વિના નથી જ રહેતું.

કશાથી પણ ગ્લાનિને ન પામો, કશાથી પણ તમે શોકને વિવશ ન થાઓ, કશાથી પણ તમે નિરાશા અને નિરૂત્સાહને ધારણ ન કરો, પણ માત્ર આગળ અને આગળ વધવાના જ વિચારને નિત્ય સેવો અને તદનુકૂલ જ પ્રયત્ન નિત્ય કરો. લક્ષ્યને જ પૂર્ણ વેગથી અને પૂર્ણ આશા અને ઉત્સુકતાથી જોયા કરો

જે મનુષ્યો નિષ્ફળ થતા જોવામાં આવે છે, તેમનામાં આ જ દોષ હોય છે, કે તે આગળ અને આગળ વધવાના સ્વભાવવાળા હોતા નથી, પણ જરા વિઘ્ન આવતાં પ્રારબ્ધને પરિત્યજવાના સ્વભાવવાળા હોય છે; શૂર પુરૂષમાં જે જે લક્ષણો જોઇએ તેને ધારણ કરવાના તે સ્વાભાવવાળા હોતા નથી તથા અંતરમાંથી બળને પ્રકટ કરવાને જરા પણ પરિશ્રમને સેવવો પડે તો તેને તે સેવવાના સ્વભાવવાળા હોતા નથી કદાચ આરંભમાં પ્રાપ્ત થોડા સુખનો ભોગ આપવો પડે તેમ હોય છે તો પણ ભાવિના અધિક સુખને માટે તે તેનો ભોગ પણ આપી શકતા નથી; જે યોગ્યતાએ કરીને લક્ષ્ય સિદ્ધ થાય છે તે યોગ્યતાને તે સિદ્ધ કરવાના સ્વભાવવાળા પણ તે હોતા નથી.

જે પ્રકારના સંકલ્પબળે કરીને કાર્યસિદ્ધિ થાય છે તે પ્રકારનું સંકલ્પ બળ પણ ત્યારે વધે છે, કે જ્યારે મનુષ્ય પ્રારબ્ધ કાર્યને વિઘ્નથી ડરીને મૂકી દેતો નથી, પણ તેને દઢ આગ્રહવડે પૂર્ણ કરે છે. તમારે તમારામા રહેલા સંકલ્પબળને વધારવું હોય તો એ કરો, કે પ્રારબ્ધને કોઇ પણ રીતે પરિપૂર્ણ કરવાનો આગ્રહ જાગ્રત્ રાખો.

હોરેસ મેનાર્ડ કરીને એક વિદ્યાર્થી જ્યારે પાઠશાળામાં અભ્યાસ કરતો હતો ત્યારે તેણે પોતાની ઓરડીના બારણા ઉપર (વી) અક્ષર મોટાં અક્ષરે લખી રાખ્યો હતો. તેના મિત્રો આનું શું રહસ્ય છે તે સમજી શકતા નહિ તથા તે તેમને કહેતો પણ નહિ. અને તેથી તેના મિત્રો તેને The man with the V over his door બારણા ઉપર 'વી' અક્ષરવાળો માણસ કહીને ઓળખતા પણ પછીથી જ્યારે તેનો અભ્યાસ પૂરો થયો ત્યારે તે Veledictorian

'વેલીડીકહોરીઅન' ગણાયો હતો અને તે સમયે તે શા માટે પોતાના બારણા ઉપર (V) વી અક્ષર લખી રાખ્યો હતો તેનું રહસ્ય પોતાની મેળેજ સર્વને સ્પષ્ટ થયું હતુ.

તમે પણ આ હોરેસમેનડિંની પેઠે તમારા લક્ષ્યને તમારા મનમાં સારી રીતે કોતરી રાખો અને તેને કોઈ પણ રીતે સિદ્ધ કરો જ. આ મનુષ્ય ઘણો ગરીબ હતો છતા તે પોતાના નિશ્ચયને સિદ્ધ કરવાના દઢ આગ્રહવાળો હતો, અને તે પ્રમાણે તેણે તેને સિદ્ધ કર્યો ત્યારે જ તે વિરમ્યો.

તમે શુ સિદ્ધ કરવા ઇચ્છો છો તેનો સ્પષ્ટ નિર્ણય કરો જેને પોતાના લક્ષ્યનું સ્વરૂપ સ્પષ્ટ હોતું નથી તે કદી પણ તેને સિદ્ધ કરી શકતા નથી. આવા લક્ષ્યના સ્પષ્ટ સ્વરૂપ વિનાના મનુષ્યો સમુદ્રમા સઢ વિનાનું નાવ જેમ ગમે ત્યાં અથડાય છે તેમ આ સંસારાર્ણવમાં ગમે ત્યાં અથડાય છે, અને પ્રગતિને સાધી શકતા નથી; જ્યારે જેમને પોતાના લક્ષ્યનું સ્વરૂપ સ્પષ્ટ છે તેવા પુરૂષો અલ્પ સમયમા પોતાના ધારેલા સ્થળે પહોચે છે અને વિજયનેઅને સુશાંતિ વરે છે.

જે મનુષ્યોનો વિજય થએલો જોવામાં નથી આવતો તેવા મનુષ્યો લક્ષ્યના સ્વરૂપને સ્પષ્ટ સમજી શકતા નથી, એ જ કારણ હોય છે. દુકાનોમા, કે કચેરીઓમા કે ગમે ત્યાં જુઓ, પણ આ નિયમ સર્વત્ર લાગુ પડે છે જ પ્રાણાંતે પણ પાછા નહિ હઠવાના સ્વભાવવાળા મનુષ્યોન કાર્યસિદ્ધિમાથી કોઇ પણ અટકાવી શકે તેમ નથી જ. આ પ્રકારના નિશ્ચયને ધારણ કરનાર પુરૂષમે આખું વિશ્વ સાનુકૂલ થાય છે જ કર્મસત્તા, ઇશ્વરસત્તા, અને સર્વ આ મનુષ્યોને સાહાય્ય કરે છે જ.

પ્રગતિમાંથી મનુષ્યને અટકાવનાર દઢ નિશ્ચયનો અભાવ એ જ કારણ છે. દઢ નિશ્ચયને ધારણ કરો અને તમારી પ્રગતિ તમે સહજ સિદ્ધ થતી અનુભવશો જ. કાર્યને સિદ્ધ કરવાના સ્વભાવવાળા મનુષ્યો જે જે પોતાનામાં અપૂર્ણતા હોય છે તે સર્વને દૂર કરે છે અને કોઇ પણ ઉપાયે પ્રગતિને વરે છે. અને મનુષ્યમાં રહેલી અપૂર્ણતા ત્યારે જ દૂર થાય છે, કે જ્યારે મનુષ્ય કોઈ કાર્યને સિદ્ધ કરવામો દઢ નિશ્ચય ધારણ કરે છે. કોઈ પ્રેમી પુરૂષ જેમ કોઇ

સુંદર સ્ત્રીને વરવાને માટે જે જે યોગ્યતાની જરૂર હોય તે તે યોગ્યતા ગમે તેટલું કષ્ટ પડે તો પણ પ્રાપ્ત કરે છે, તે પ્રમાણે જેને કાર્ય સિદ્ધ કરવું છે તે કોઈ પણ રીતે તેને સિદ્ધ કરવામાં જે જે સામગ્રીની જરૂર હોય તે તે સામગ્રીને પ્રાપ્ત કરે છે. કાર્યસિદ્ધિ વા લક્ષ્ય એ એક સુંદરી જેવા છે અને તે વીરપુરૂષની ઇચ્છા કરતાં તેની વાટ જોતાં બેસી રહે છે, અને જે વીરપુરૂષ આરબ્ધ કાર્યને વિઘ્નોથી ન ડરતાં આગળ અને આગળ વધે છે તેના કંઠમા ઉત્સુકતાથી વિજય વરમાળ આરોપે છે.

કોઇ કાર્ય સિદ્ધ કરવાનો દૃઢ નિશ્ચય કરનારની પૂર્વે સુપ્ત રહેલી અનેક માનસ શકિતઓ પણ જાગ્રત્ થાય છે, અને તેને સાહાય્ય કરે છે. મનુષ્યે જે કરવાનું છે તે એ છે, કે તેણે દૃઢ નિશ્ચયને ધારણ કરવો. વળી અન્ય મનુષ્યોને જે જે મોટી પ્રતિકૂલતાઓ આરંભમાં જણાય છે, તેવી પ્રતિકૂલતાઓ પણ દૃઢ નિશ્ચયવાળાને જણાતી નથી; સૂર્યના તાપમાં જેમ હીમ ગળી જાય છે તેમ નિશ્ચયના બળ આગળ વિઘ્નો અલપાઇ જાય છે. સિંહનો શબ્દ સાંભળતા જેમ શૃગાલાદિ પ્રાણીઓ નાશી જાય છે તેમ દૃઢ નિશ્ચયવાળા પુરૂષના વિચારને જોઇને તમામ પ્રતિબંધો દૂર જતા રહે છે. નિશ્ચયવાળા મનુષ્યો જ મનુષ્યો છે, અને તે જ જગત્માં કંઈ કરી શકે છે, નિશ્ચય વિનાના મનુષ્યો શુષ્કપર્ણ જેવા છે અને તે સંજોગોરૂપી પવનના પ્રેરાયા અહીંતહીં આથડે છે. તેથી નિરંતર કૃતનિશ્ચય રહો અને કાર્યસિદ્ધિને તમે અનુભવશો જ.

તમને વિચાર, બુદ્ધિ, તર્ક આદિ જે જે સાધન પ્રાપ્ત હોય તથા તેમનો જેટલો વિકાસ થએલો હોય, તે સર્વનો ઉપયોગ તમારા લક્ષ્યને સિદ્ધ કરવામા કરજો. ઘણા મનુષ્યો પોતાને પ્રાપ્ત સર્વ સાધનોનો ઉપયોગ કરતા નથી, પણ અપૂર્ણ સાધનોનો ઉપયોગ કરે છે, અને તેના પરિણામે તેમને એક કાર્યને પૂર્ણ કરવાને વારંવાર નિશ્ચય બદલવો પડે છે. વળી તેમને કોઈ સલ્લાહ આપે છે તો તે પોતાના વિચારને ફેરવી નાખે છે, અને પ્રાપ્ત કાર્યને અધુરૂં મુકી બીજું આરંભે છે, કે બીજા માર્ગનો આશ્રય લે છે. આવા મનુષ્યોનું જીવન પરતંત્રપણામાંજ પૂરૂં થાય છે અને તે સ્વતંત્રપણે કંઇ જ કરી શકતા નથી, તેથી આ પ્રમાણે ન કરો, પણ વારંવાર

પ્રાપ્ત જે જે સાધન હોય તે સર્વનો પૂર્ણહંસામાં સ્થિરતાથી ઉપયોગ કરો અને બીજાનો આશ્રય જેમ બને તેમ ઓછો લો ઘડીઘડીમાં તમારા નિશ્ચયને બદલવાના સ્વભાવને પણ જીતો અને પૂર્ણ વિચાર કરીને કાર્યને આરંભો અને તેને પૂર્ણ કરો ત્યારે જ વિરમો. જ્યાં સુધી મનુષ્ય સ્વાત્માશ્રયી થતો નથી ત્યા સુધી તેની વાસ્તવ પ્રગતિ થતી નથી. તેથી જો તમને તમારી વાસ્તવ પ્રગતિની ઇચ્છા હોય તો સ્વાત્માશ્રયી થતાં શીખો. બાળક ચાલવાનુ શીખના જેમ વારંવાર પડી જાય છે તેમ તમે કદાચ પડો આખડો તો પણ સ્વાત્માશ્રયી જ થતા શીખો, કારણ કે આ જ માર્ગે એક સમયે તમે તમારા જ પગ ઉપર ઉભા રહીને ચાલતા શીખી શકશો ભૂલો થાય, કે થોડું સહન કરવુ પડે તો પણ તેની ચિંતા ન કરતા સ્વાત્માશ્રયી જ થવાનું શીખો આજે જ જે નિર્ણય કરવાનો હોય તે કરો. કાલે નિર્ણય કરીશુ, એવા પ્રમાદને પણ કદી વશ થતા નહિ. આ પ્રકારનો પ્રમાદ હજારો મનુષ્યના જીવનને નિરર્થક કરે છે આજે જ, વર્તમાનક્ષણે જ જે નિશ્ચય કરવાનો હોય તે કરો. નિશ્ચય કરો એટલુ જ નહિ પણ પૂર્ણપણે કરો, તમારા નિશ્ચયને પુન ન ફેરવવો પડે એવા સુવિચારપૂર્વક કરો તમારે પાછા ન વળવુ પડે એ પ્રકારનો નિર્ણય કરો નિર્બળતા માત્રને ત્યજીને સબળતાને જ નિરંતર ધારણ કરો

જે મનુષ્યો આ પ્રકારે નિશ્ચયને ધારણ કરવાના સ્વભાવવાળા હોતા નથી તે મનુષ્યો પોતાના સ્વત્વને પોતાના હાથમા રાખી શકતા નથી, પણ તે સંજોગોને કે અન્ય મનુષ્યોને સોપીને ફરે છે, અને આ સંજોગો, કે મનુષ્યો તેને જેમ નચવે તેમ તે નાચે છે. તેણે આજે એક નિશ્ચય કર્યો હોય છે, પણ તેને બીજો મનુષ્ય કાલે ફેરવી નાખે છે. અને આ પ્રમાણે એક નિશ્ચયમાં તે સ્થિર ન થતાં ઘડીઘડીના જૂદા જૂદા નિશ્ચયમા તે અટવાયા કરે છે.

નિશ્ચયવાળા મનુષ્યો પોતાના ભાવિને હસ્તામલકવત્ જોઈ શકે છે, જ્યારે અન્યને તેની ઝાંખી થતી નથી. બે કુશલ શત્રુઓમાં જે શત્રુ સત્વર નિર્ણયાત્મક પ્રકૃત્તિ કરી શકે છે તે વિજયને વરી શકે છે. તે જ પ્રમાણે આ જગત્માં પણ જે મનુષ્યો સત્વર નિર્ણયાત્મક પ્રવૃત્તિ કરી શકે છે તે જ વિજયને પ્રાપ્ત કરી શકે છે,

અને અન્ય પાછળ પડી જાય છે આ જગત્ એક રણસંગ્રામ જ છે, અને તેમાં કુશલ અને વીરપુરૂષો જ વિજયને વરી શકે છે, નિર્બળ, નિશ્ચય વિનાના અને કાયર પુરુષો કઇ પણ મહત્વના કાર્ય જગત્મા કરી શકતા નથી, અને તે માનવ જીવનને વ્યર્થ ગુમાવી દે છે.

અમેરિકાના પ્રસિદ્ધ પ્રેસીડેન્ટ રૂઝવેલ્ટ કહે છે, કે જે મનુષ્ય ભૂલ કરતો નથી તે સામાન્ય મનુષ્ય છે. તાત્પર્ય, કે જે વિવિધ મોટા કાર્ય કરે છે તે પ્રસંગે ભૂલો પણ કરે છે, પણ તેમની ભૂલો વડે તે પાછળ પડતા નથી, પણ તેને નિસરણીના પગથીયા સમજીને ઉચે અને ઉચે ચઢે છે આ કરૂં કે તે કરૂ, આમ કરીશ તો આમ થશે અને તે કરીશ તો તેમ થશે, એ પ્રકારના વિચારને ધારણ કરવા કરતા કોઈ પણ પ્રકારના નિર્ણયને કરી દેવો અને તે પ્રમાણે વર્તવું અને તેમા ભૂલો થાય તો તે ઉત્તમ જ છે.

તમારે શુ કરવું છે, તમારૂં લક્ષ્ય શુ છે, તેનું સ્પષ્ટ સ્વરૂપ પ્રથમ તમારા મનમા રચો, પછી તદર્થ તમારે શું પ્રવૃત્તિ કર્તવ્ય છે, તેનો તમને મનબુદ્ધિ, આદિ જે જે કરણો પ્રાપ્ત હોય તે સર્વ વડે તમારાથી થઇ શકે તેટલો ઉત્તમ નિર્ણય કરો, અને તે નિર્ણયાનુસાર પ્રવૃત્તિ કરીને તે કાર્યને સિદ્ધ કરવાનો દઢ નિશ્ચય કરો, અને વિઘ્ન કે પ્રતિકૂલતાઓથી ન ડરતા કોઇ પણ ઉપાયે તે કાર્યને સિદ્ધ કરો આ જ પ્રગતિનો ઉત્તમ માર્ગ છે

પ્રકરણ ૧૦

પ્રગતિ ઇચ્છનારે વિપત્તિથી રક્ષણ થવા અધિક સામર્થ્યનો સંચય કરી રાખવાની જરૂર છે.

અંગ્રેજ સરકાર લશ્કરમાં જે તોપો રાખે છે તેને પ્રથમ તેની અંદર વધારેમાં વધારે પ્રમાણમાં દારૂ ભરીને તેને ફોડી જુએ છે અને નક્કી કરે છે કે તે પ્રમાણ કરતાં વધારે દારૂ ગોળો ભરવાથી ફાટી જાય છે કે કેમ. જો આ પ્રમાણે કરવાથી તે

નથી ફાટી જતી તો તેને લશ્કરમાં રાખવામાં આવે છે અને જો તે ફાટી જાય છે તો તેને રાખવામા આવતી નથી. આ પ્રમાણે કરવાનું કારણ એ છે, કે પ્રસંગે પ્રમાણ કરતાં વધારે દારૂ ગોળો ભરવાની જરૂર પડે તો તે ફાટી ન જતી જોઇએ

રેલ્વેમાં જે ઈંજીનો વપરાય છે તે પણ જે ઠેકાણે વીશ હોર્સ પાવરની જરૂર હોય તે ઠેકાણે ત્રીશ હોર્સ—પાવરનાં વાપરવામાં આવે છે, કારણ, કે પ્રસંગે વધારે 'પાવર' ની જરૂર પડે તો તે ચાલી શકે.

આ પ્રમાણે જે મનુષ્યમાં વિપત્તિના સમયમા તેની સામે ટકી શકવાનું સામર્થ્ય રહેલું છે તે મનુષ્યો વિજયને પ્રાપ્ત કરે છે અને વિપત્તિથી હારી જતા નથી. જે મનુષ્યનુ ખરચ મહિને પચીશ રૂપૈયાનું છે તેણે પચીશથી ઓછું ન કમાવું જોઈએ, પણ વધારે કમાવું જોઇએ. અને જો મનુષ્ય ખરચ કરતા વધારે કમાય અથવા તો તે કમાણીમાથી બચાવે છે તોજ તે પ્રતિકૂલતાના સમયે નિભાવ કરી શકે છે. આજ પ્રમાણે મનુષ્યે પ્રત્યેક સામર્થ્યને જરૂર હોય તેના કરતાં વધારે પ્રમાણમાં મેળવવું જોઈએ કારણ કે સંચય કરી રાખેલા બળનો કયા ક્ષણે ઉપયોગ પડશે તેનું કંઈજ નક્કી નથી. અને આ પ્રમાણે જે કરે છે તેજ પોતાની પ્રગતિ અસ્ખલિત પણે સાધી શકે છે, તેને વિઘ્ન અટકાવી શકતાં નથી અને તે નિરંતર આગળ અને આગળ વધ્યે જ જાય છે.

સાધારણ પ્રસંગોમાં જે મનુષ્યો પોતાના સ્વત્વને ખોઈ બેસે છે તથા હારી જાય છે અને આગળ વધતા અટકી જાય છે તેવા પ્રસંગોમાં કે તેથી કઠિન પ્રસંગોમાં મનુષ્યો શરીર તથા માનસ સામર્થ્યને પ્રાપ્ત છે, જે સ્વાસ્થ્યને પ્રાપ્ત છે, જે સ્થિર વૃત્તિવાળો છે તથા જે ચારિત્ર્યવાન્ છે તે હારી જતા નથી, પણ સાચા ક્ષત્રિય વીરની પેઠે ગમે તે પ્રસંગમા અડગ ઉભા રહે છે અને વિજયને પ્રાપ્ત કરે છે.

જે મનુષ્યોની દુકાન ઘણી સારી ચાલતી હોય છે તેને જોઇને તે દુકાનમાં કામ કરનાર મનુષ્યો માને છે કે જો અમારે ચલાવવાની હોય તો અમે પણ તેજ પ્રમાણે તે દુકાન ચલાવી શકીએ; પણ જ્યાં સુધી કોઈ પણ વિઘ્ન વિના સરળ પણે દુકાન ચાલતી

હોય છે ત્યારે તેમાં કેટલી યોગ્યતાની જરૂર હોય છે તેનું મનુષ્યોને ભાન હોતું નથી. પણ જ્યારે તેમાં વિઘ્ન આવે છે, જ્યારે પૈસાની જરૂર પડે છે કે બીજી કોઇ અડચણ આવી પડે છે ત્યારેજ તેના માલિકની અધિક યોગ્યતાનો ખપ પડે છે. અને આ જ પ્રમાણે કચેરીમાં કામ કરનાર મનુષ્યો માને છે, કે પોતાના ઉપરી ખુરશીઉપર બેઠા બેઠા સહી કરીને મોટા પગાર ખાતા હોય છે તે પ્રમાણે તે પણ કરી શકે તેમ હોય છે; પરંતુ, જ્યાં સુધી તેમની સામાન્ય મજાથી થઇ શકે તેવું કાર્ય હોય છે ત્યાં સુધીજ આ મનુષ્યોનું માનવું ચાલી શકે છે. જ્યાં કોઇ અગત્યના પ્રશ્નનો નિર્ણય કરવાનો પ્રસંગ આવે છે ત્યાં સર્વની મતિ કઠિન થઈ રહે છે અને તેનો નિર્ણય ઉપરી અમલદાર જ કરી શકે છે.

જેમ જરૂર કરતાં થોડા વધારે પૈસા હોવાની વ્યવહારમાં મનુષ્યને જરૂર છે તેમ થોડા વધારે બળના સચયની મનુષ્યને જરૂર છે. આ સંચય કરેલા બળનો કંઇ નિત્ય ઉપયોગ પડતો નથી, પણ કવચિતજ પડે છે. સામાન્ય પણે નિત્ય ચાલતા વ્યવહારમાં સામાન્ય બળની જ જરૂર પડે છે. પરંતુ કોઇક પ્રસંગે જ અધિક બળની જરૂર પડે છે, અને જેની પાસે અધિક બળનો સંચય હોય છે, તેજ આવા પ્રસંગે ટકી શકે છે, અને અન્ય હારી જાય છે.

જે મનુષ્યમાં વ્યવહાર ચલાવવા પુરતું જ બળ હોય છે તે કોઈ મહત્વનું કાર્ય કરી શકતા નથી, કારણ કે, તેમની પાસે તે કાર્ય કરવા પૂરતું બળ નથી. અને પ્રત્યેક મનુષ્યના જીવનમાં મહત્વનાં કાર્મ કરવાના અનેક પ્રસંગો આવ્યા વિના નથી જ રહેતા, પરંતુ જ્યારે આવો પ્રસંગ પ્રાપ્ત થાય છે ત્યારે જેમની પાસે સંચિત અધિક બળ નથી તે આવાં કાર્યને કરી શકતા નથી, અને તેથી તે સામાન્ય સ્થિતિમાં જ જીવન પૂરૂં કરે છે. મનુષ્યે હમેશાં મહત્વનાં કાર્ય કરવાને ઉદ્યત રહેવાનો બળનો સંચય કરી રાખવો ઘટે છે.

જ્યારે સખત વાવાઝોડું અને તોફાન થાય છે ત્યારે નબળાં પોચાં ઝાડ પડી જાય છે તથા નબળાં ઘર પણ પડી જાય છે અને જે મજબુત ઝાડ કે ઘર હોય છે તેજ ટકી શકે છે. એ મનુષ્ય જીવનમાં પણ આજ પ્રમાણે થાય છે. જેમનામાં વિપત્તિ કે પ્રતિકૂળતાઓના તોફાનની સામે ટકી શકવાનો બળ નથી તે તેનાથી પરા

ભવ પામે છે જ. અને કોના જીવનમાં વિપત્તિ કે પ્રતિકૂળતા આવતી નથી. ?

મનુષ્યોના જીવનમાં જ્યાં સુધી સામાન્ય પ્રસંગો બને છે ત્યા સુધી તો તે સરળ પણે વહે છે, પણ જ્યાં જરા અસાધારણ પ્રસંગ આવે છે, કે તે આગળ વધી શકતા નથી. કોઈ પ્રસંગે દુકાળ પડે છે, કે બીજો કોઈ એવોજ પ્રસંગ આવે છે તો હજારો મનુષ્યોની દુર્દશા થઈ જાય છે અને તેમના વ્યવહાર ધૂળ ધાણી થઇ જાય છે અને તેમને પોતાનો વ્યવહાર કેમ ચલાવવો તે કઠિન થઇ પડે છે, આ જ પ્રમાણે પ્રસગે પ્લેગ, કે એવાજ કોઇ મોહામારીનો રોગ ચાલે છે, ત્યારે અનેક મનુષ્યો મરણને વશ થઈ રહે છે. અને ઘણા જ ઓછા મનુષ્યો તેમાંથી બચી શકે છે, શું આવા પ્રસંગોએ નથી સૂચવતા, કે મનુષ્યમા અધિક બળ હોવાની જરૂર છે ? સૂચવે છે જ.

બેન્કોમાં તથા બીજાં કારખાનાંમા હંમેશા 'રીઝર્વ્ડ ફડ' રાખવામા આવે છે, કારણ, કે જ્યારે કોઈ પ્રતિકૂલતા આવે તો આ ફડ પડે તે પોતાનું રક્ષણ કરી શકે છે આ ફડ તે નિત્યની જરૂર કરતા સચય કરી રાખેલુ એક પ્રકારનુ બળ જ છે તે પ્રમાણે મનુષ્યોએ પણ પોતાના જીવનમાં બળનો સંચય વધાર્યા કરવો જેઇએ. જે મનુષ્યો યુવાવસ્થામા આરોગ્ય બળનો સચય નથી કરી રાખતા તે સત્વર વૃદ્ધ થઈ જાય છે સત્વર મરણને પામે છે. તેથી વૃદ્ધાવસ્થા અને મરણની સામે ટકવાને આરોગ્યબળનો સચય કરી રાખવાની જરૂર છે પ્રસગે વાતાવરણમા પણ કોઈ કોઇ કારણુવશાત્ ફેરફારો થાય છે અને કોઈ વ્યાધિ ફાટી નીકળે છે. તેવા પ્રસંગે રક્ષણ થવાને માટે અધિક શરીરબળનો સંચય કર્તવ્ય છે. આવા પ્રસગો મનુષ્યમા કેટલું સામર્થ્ય રહેલું છે તેની પરીક્ષા કરે છે; અને આવી પરીક્ષામાં જે પાસ થાય છે, તે જ પ્રગતીને તથા તજ્જન્ય ઉચ્ચ સુખને વરી શકે છે.

દશ રૂપૈયા કમાનાર અને દશ રૂપૈયા ખરચનારની સવ કમાણીનો જેમ વ્યય થઈ જાય છે અને કંઇ જ બચતું નથી તેમ જરૂર જેટલું બળ મેળવનારના બળનો પણ સચય થતો નથી અને નિત્યના સામાન્ય વ્યવહારમાં તેમના સર્વ બળનો ક્ષય થઇ રહે છે.

સામાન્ય પ્રસંગોમાં જેની જરૂર પડતી નથી, એવા વિશેષ બળ અને વિશેષ કુશળતાની અસામાન્ય પ્રસંગોમાં જરૂર પડે છે, અને તેથી તેનો સચય કર્તવ્ય હિતકર છે.

જે વ્યાપારીઓ જેટલું કમાય છે તેટલું તે ખરચી નાખે છે તો તે પોતાના વ્યાપારને અધિકપ્રમાણમાં વધારી શકતા નથી; અથવા તો પ્રસંગે કોઈ પ્રતિકૂલતા આવતાં તેમનો વ્યાપાર અટકી જાય છે આ જ પ્રમાણે પ્રત્યેક મનુષ્યને પોતાના જીવનમાં નિત્યના ઉપયોગ કરતાં અધિક બળની જરૂર રહે છે જ.

જે જે મનુષ્યો મોટા થઈ થઇ ગયા છે તે મનુષ્યોમાં હમેશા જરૂર કરતાં અધિક બળ હતું જ. તે પ્રમાણે તમે જો મોટા થવાને ઇચ્છતા હો તો તમારામા બળની વૃદ્ધિ નિરતર કર્યા કરો અનેક મનુષ્યો જો આ પ્રમાણે પોતાનામા અધિક બળનો સચય કરી શકયા હોત તો તે આજે મોટા પુરુષની ગણનામા આવી શકયા હોત.

જે રાજ્યમા રાજ્ય ચલાવવાને જેટલા બળની જરૂર છે તેટલું જ રાજ્ય બળ હોય છે તો તેને બીજા રાજ્યો ગળી ગયા વિના નથી જ રહેતા તેથી રાજ્ય સત્તાને પણ પોતાનુ રક્ષણ થવાને માટે જરૂર કરતાં વધારે બળ સંચય કરી રાખવાની જરૂર છે. જે રાજ્યમા પ્રબળ લશ્કરનું બળ અને કુશલ અધિકારિઓનું બળ હોય છે તે રાજ્ય જ અન્ય રાજ્યના હુમલા સામે ટકી શકે છે.

આગ લાગે ત્યારે કૂવો ખોદાવા જનાર જેમ આગને ઓલવી શકતા નથી, તેમ વિપત્તિના પ્રસંગમા જે મનુષ્યો અધિક બળ મેળવવાનો પ્રયત્ન કરવા જાય છે, તે તેના સામા ટકી શકતા નથી, અને તે વિપત્તિથી પરાભૂત જ થાય છે તેથી કઇ ક્ષણે મૃત્યુ આવશે તેનો નિર્ણય ન હોવાથી ધર્મકાર્યમા સંલગ્ન રહેવાની જેમ બુદ્ધિમાનને જરૂર છે, તેમ કઈ ક્ષણે પ્રતિકૂલતા આવશે તેનો નિર્ણય ન હોવાથી બુદ્ધિમાને પોતાનામાં અધિક બળનો સંચય કરી રાખવાની જરૂર છે.

ઘણા મનુષ્યોનો એવો સ્વભાવ હોય છે, કે તે બે પૈસાનું ખરચ હોય છે, અને બે પૈસા મળે છે તો સંતોષ માનીને બેસી રહે છે અને બાકીનો સર્વ સમય પ્રમાદમાં પૂરો કરે છે અને બીજે દિવસે બે પૈસાને માટે પ્રયત્ન કરે છે. પણ આ પ્રવૃત્તિ યોગ્ય નથી.

જો પૈસાની જરૂર હોય અને તે મળી ગયા પછી જો સમય બચે તેમાં બીજા એ પૈસા કે જે મળે તે મેળવવું જોઇએ. અને આ પ્રમાણે યથાવકાશે પોતાના સંચયને વધારવો જોઇએ. આ કથન એકલા પૈસાને જ લગાડવાનું નથી; પણ શરીર, મન વગેરે સર્વને લગાડવાનું છે,

કોર્ટમાં વકીલાત કરનાર જે વકીલો તે જ પ્રસંગે કાયદાનાં પુસ્તક ઉથલાવતા જાય છે તો તે જરૂર હાર ખાય છે જ; પરંતુ જે કુશલ વકીલો પ્રથમથી જ જાણવા જેવી સર્વ બાબતો જાણીને પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરતા રહે છે તે મનુષ્યોને અડચણ પડતી નથી. દરેક મનુષ્ય એક વકીલ, કે એક લડવૈયા જેવો જ છે અને તેણે હંમેશાં પોતાના બળનો વધારો કરતા રહેવું જોઇએ તથા નિત્ય પ્રમાદ રહિત રહેવુ જોઇએ.

એક પ્રસંગે એક શસ્ત્રવૈદ્યે એક મનુષ્યને એક બીલ મોકલી આપ્યુ હતું તેમાં લખ્યુ હતુ, કે રૂ. ૭૫) શસ્ત્રક્રિયા કર્યાના અને ૩૦૦૦) રૂ. શસ્ત્રક્રિયા કેવી રીતે કરવી તે સંબધમાં માહિતી મેળ-વવાના આ પ્રમાણે જે મનુષ્ય પોતાના કામની માહિતી પ્રથમથી મેળવી રાખે છે, તેમને જરૂર યોગ્ય પ્રસંગે બદલો મળે છે જ. જે વકીલો પોતાના ધંધાની માહિતી પ્રથમથી મેળવી રાખે છે, તે કુશલ ગણાય છે, અને જે તે ક્ષણે જ મેળવવા જાય છે, તે કુશલ ગણાતા નથી. પોતે જે ધંધો કરતા હોય તેનું હંમેશા જ્ઞાન મેળવતા રહેવું, એ તેમા જોઇતા સામર્થ્યનો એક પ્રકારનો સચય જ છે.

પ્રત્યેક મનુષ્યે શરીરના, મનના અને તમામ પ્રકારના સામર્થ્યનો સંચય કર્યા જ કરવો જોઇએ. તત્કાલ કદાચ આ સામર્થ્યની ન જરૂર પડે તો પણ તેનો સંચય કરી રાખ્યો હોય છે તો તે કામમાં આવે છે જ. ભવિષ્યમાં અનેક એવા પ્રસંગો આવે છે, કે જે પ્રસંગે આ બળનો ઉપયોગ કરવાની જરૂર પડે છે.

આપણી પાસે જેટલું સામર્થ્ય હોય તેને પૂરેપૂરૂં નિત્ય વાપરી નાંખવું, એ યોગ્ય નથી જ. થોડા થોડા સામર્થ્યનો નિત્ય બચાવ થાય તેવી રીતે જ કાર્ય કરવું જોઇએ. આ પ્રમાણે જે નથી કરતા તે ઉડાઉ મનુષ્યો જેમ દેવાળું કાઢે છે, તેમ એક પ્રસંગે વિપત્તિથી હારી જાય છે. જેમના શરીરમાં ઉત્તમ આરોગ્ય નથી, તેવા મનુષ્યો

માંદા પડે છે તો તે ભાગ્યે જ પછી ઉઠીને બેઠા થાય છે, પરંતુ જેમનું આરોગ્ય સુદૃઢ છે તેવા મનુષ્યો માંદા પડે છે તો તે પાછા સત્વર નિરામય થઈ રહે છે. તેથી શરીરબળની હમેશાં વૃદ્ધિ કર્તવ્ય છે. જેમની પાસે સંચય કરેલો પૈસો અધિક પ્રમાણમાં હોય છે તે ઘણો ઓછો પરિશ્રમ કરે છે છતાં ઘણું કમાય છે, કારણ કે તે સંચય કરેલા પૈસાને વ્યાપારમાં રોકે છે, અને પોતાની મુડીને વધારતા જાય છે. આ નિયમ સર્વ બાબતમા લાગુ પડે છે, ભરતામાં ભરાય, એ કહેવત પ્રમાણે જે મનુષ્ય કોઈ પણ પ્રકારના બળનો સંચય કરે છે, તો તેમાં પછી ઉત્તરોત્તર વૃદ્ધિ થયાં જ કરે છે. બળની ભરતી થવા માટે પ્રથમ થોડા પણ બળનો સંચય કર્તવ્ય છે, અને તે થતાં પછી એની મેળે જ તેમાં વૃદ્ધિ થયા કરે છે; અને પછી તો તે અધિક અને અધિક વધે છે.

પ્રત્યેક મનુષ્યના જીવનમાં એક એવો પ્રસંગ આવે છે જ, કે જ્યારે તેની પાસે સંચિત બળ હોય છે તો જ તે આગળ વધી શકે છે. અને આ પ્રસંગે તે આગળ વધી શકે છે તો પછી તેની પ્રગતી જીવનપર્યંત થયા કરે છે નહિ તો તે તેટલેથીજ અટકી જાય છે. ઘણા મનુષ્યોને જોઈએ છીએ તો જણાય છે કે તેમના જીવનમાં સહજ સરખી પ્રગતી થઈને પછી તે સટકી જાય છે અને તે સામાન્ય સ્થિતીમા જ સાધારણ રીતે પોતાનો નિર્વાહ કરીને પોતાનું જીવન પૂરૂ કરે છે. પરંતુ આ મનુષ્યો પાસે તે સંચય કરેલું બળ હોય તો એક પ્રસંગ તેમના, જીવનમાં એવો આવ્યો હોત કે તે વખતે તે તેમના જીવનને ઘણું સુધારી શકયા હોત. તેથી જીવનને ઉન્નત કરવામાં સંચય કરી રાખેલા સામર્થ્યની આવશ્યકતા રહેલી છે.

જે મકાન ઉપર વધારે માળ કરવાના હોય તે મકાનના પાયાને ઘણો મજબુત કરવાની જરૂર રહે છે તે પ્રમાણે જેમણે પોતાના જીવન મહાલયને ઉત્તમ પ્રકારના બનાવવો છે તેમણે પોતાના વિવિધ સામર્થ્યનો સંચય કરવાની જરૂર છે જ. વિજયનું રહસ્ય જેનું આપણને જ્ઞાન નથી એવા કોઈ આકસ્મિક પ્રસંગને માટે સામર્થ્યનો સંચય કરીને ઉદ્યત થઈ રહેવામાં રહેલું છે. જે વિદ્યાર્થી વર્ગમાં ચાલતી ચોપડીયોનોજ અભ્યાસ કરીને બેસી રહે છે, અને

બીજું આડું અવળું જ્ઞાન મેળવતો નથી તેને જ્યારે પુસ્તકોની બહારના પ્રશ્ન પૂછવામા આવે છે ત્યારે તે નિષ્ફળજ થાય છે અને હંમેશાં એમ નથી બનતુ, કે પુસ્તકોની અંદરથી જ પ્રશ્ન પૂછવામાં આવે છે. તેજ પ્રમાણે અણધારેલા પ્રસંગો એ પુસ્તકોની બહારના પ્રશ્ન જેવા છે, અને તેમા જે ટકી શકે છે તેજ વિજયને પામે છે, અને આગળ વધી શકે છે.

મનુષ્યનો મોટો ભાગ વિણ પરિશ્રમે પોતાની પ્રગતિને ઈચ્છે છે, અને જ્યા જરા કઠિનતા જણાય છે ત્યા તે અટકી જાય છે. પણ પરિશ્રમ વિના કે પોતાનામાંથી બળનો આવિર્ભાવ કર્યા વિના આગળ વધી શકાતું નથી તે જેમને પોતાની પ્રગતિની ઈચ્છા હોય તેમણે સૂતા સૂતા મુખમા ફળ પડવાની આશાથી રહિત રહેવુ જોઇએ

પ્રકૃતિમા—કુદરતમા એક એવો નિયમ છે, કે જે મનુષ્ય પોતાની યોગ્યતા વધારે છે તો તેને અનુકૂળ ફળ મળ્યાવિના રહેતું જ નથી પાતળી હવા જેમ ઉંચે ચઢયાવિના રહેતી નથી તેમ યોગ્યતા વાળો મનુષ્ય ઉંચે ચઢયાવિના રહેતોજ નથી તેથી જે સ્થાનમાં તમે હો તે સ્થાનમા રહીને તમારી યોગ્યતા હમેશાં વધાર્યા કરો, અને તમારી પ્રગતિ થયા વિના નહિજ રહે મનુષ્યો ફળની જેટલી ઇચ્છા રાખે છે, અને જેટલી તાલાવેલી કરે છે તેના કરતાં જો તે કર્મ કરીને પોતાની યોગ્યતામા વૃદ્ધિ કરવાની ઈચ્છા રાખતા હોય તો તેમને ફળ મળ્યા વિના નજ રહે હમેશા ઉચ્ચાભિલાષી થાઓ અને ઉચ્ચાભિલાષને સિદ્ધ કરવાને જેવી જેવી જરૂર પડે તેને સિદ્ધ કરતા જાઓ, અને તમને દુઃખ, કલેશ, વગેરે શું છે તેનો અનુભવ નહિજ થાય

જગત પ્રતિ દૃષ્ટિ કરતાં આજે મનુષ્યનો મોટો ભાગ ક્ષુદ્ર સ્થિતીમા જ પડી રહેલો જણાય છે તેનુ કારણ એ છે કે તેમનું લક્ષ્ય ઉચ્ચ હોતું નથી, તથા તે પરિશ્રમ લેઇને આગળ વધવાને જે જે સામર્થ્યની જરૂર છે તેને પ્રાપ્ત કરતા નથી, અને પ્રાપ્ત સ્થિતિનાં કષ્ટનો અનુભવ કરતા સંતોષ માને છે.

જે ખેડુત સારા પાકની ઈચ્છા રાખતો હોય તેણે જમીનને ઉત્તમ પ્રકારે ખેડવાની, તથા તેમાં ઉત્તમ બીજ વાવવાની અને

તેનું ઉત્તમ પ્રકારે રક્ષણ કરવાની જરૂર છે તે જ પ્રમાણે જે મનુષ્ય જીવનમા ઉત્તમ સ્થિતિરૂપી ફળને ઇચ્છતો હોય તેણે પોતાના જીવનરૂપી ક્ષેત્રને ઉત્તમ કરવાની તથા તેમાં ઉત્તમ બીજક વાવવાની જરૂર છેજ જેમ ખેડુત ખેતરમા જે વાવી આવતો નથી તે લણતો નથી તેમ જે મનુષ્ય પોતાના જીવન ફળ ક્ષેત્રમા જે શુભ બીજકો શ્રમ લેઇને વાવતો નથી તથા તેમને ઉછેરતો નથી તે શુભ ફળને કદી પણ જોતો નથી જ તેથી જેને પ્રગતિની ઇચ્છા હોય તેણે પોતાના જીવન ક્ષેત્રમા પ્રગતિના બીજકને રોપવા જોઇએ તથા તેમને ઉછેરીને મોટા કરવા જોઇએ મનુષ્ય પોતેજ પોતાનો વિનાશક તથા ઉદ્ધારક થઈ શકે છે, તેથી પોતાને પોતે ઉદ્ધારવો એ સુજ્ઞનું કર્તવ્ય છે. **उद्धारयेत् नतु अपसादयेत्**—એ શ્રુતિવાક્ય પ્રમાણે.

પ્રકરણ ૧૨

તમારી પોતાની પ્રગતિ માટેજ પ્રધાનપણે તમારી સર્વ પ્રવૃત્તિ હોવી જોઇએ.

જે શાળામાં તમે પ્રવેશ કરો તે શાળાના શિખરે જ સ્થિત થવાનું લક્ષ રાખો, તમે સરકારી નોકરીમા રહ્યા હો તો તેમા સારામાં સારી જગોએ જવાની ધારણા રાખો, કોઇ વ્યાપારીને ત્યાં નોકર રહ્યા હો તો તેને ત્યાં પણ મુખ્ય જગો મેળવવાને ઇચ્છો, અથવા તમારો પોતાનો કોઈ વ્યાપાર સ્વતંત્રપણે ચાલતો હોય તો તેમા અસાધારણ વિજયને ઇચ્છો. સામાન્ય સ્થિતિથી સંતોષ ન માનો પણ જગત્ તમારી પ્રશંસા કરે તેવી સ્થિતિએ ચઢો.

બીજાની નોકરીમાં જે મનુષ્યો રહેનાર હોય છે તેમનો વિકાસ મોટે ભાગે ઓછોજ થાય છે, કારણ, કે તેમને સ્વતંત્રપણે વિચાર કરવાની કે જોખમ ખેડવાની જરૂર પડતી નથી. શેઠને માથે જેમ એક તરફથી જોખમ હોયછે તેમ તેમનો વિકાસ થવાની પણ બીજી તરફથી અનુકૂળતા હોય છે. જ્યારે નોકરની સ્થિતિમાં જોખમ નથી

હોતું તેમ વિકાસનો પણ ઓછો અવકાશ હોય છે. ઘણા મનુષ્યો જોખમ વિનાની નોકરીને જ પસંદ કરેછે, અને તે કહેછે, કે નોકરીમાં સાંજે ઘેર આવ્યા એટલે ખીંટીએ પોતીયાંની નિશ્ચિંત સ્થિતિનો અનુભવ કરવાનો હોય છે. પરન્તુ આ વાસ્તવ ઉન્નતિ કરનાર નથી. જેમાં અડચણો હોય છે તેમા તેવા લાભ પણ રહેલા હોય છે. તેથી જોખમવાળાં કાર્યને માથે લેતા પાછા હઠો નહિ, પણ પ્રસન્નતાથી તેનો સ્વીકાર કરો અને તમારી ઉન્નતિ થએલી તમે જોશોજ. પ્રતિકૂલતા કે વિઘ્ન જેમા હોય તેવા કાર્યથી પાછા હઠી જાઓ નહિ, પણ તેવા કાર્યને સિદ્ધ કરવાને હમેશાં તત્પર રહો અને અંતરમાંથી તેને સિદ્ધ કરવાના બળને જાગ્રત્ કરીને વિજયને વરો. જેમ જગત્ના બીજા મનુષ્યોમાં મોટા કે અસાધારણ કાર્યો કરવાની યોગ્યતા છે તેમ તમારા પોતાનામા પણ તે છેજ, એવુ દૃઢ વિશ્વાસ પૂર્વક માનો અને તે યોગ્યતા તમારામાં પ્રકટ થએલી તમને જણાશે જ. આત્મશ્રદ્ધાને અને આત્માશ્રયને સત્વર જાગ્રત્ રાખો, બીજાની પ્રસંગે સલાહ લેવાની જરૂર પડે તો તેને લો, પણ મોટે ભાગે તમારા પોતાનાજ ઉપર આધાર રાખતા શીખો અને તમારા પોતાનામાથીજ જે જોઇએ તેને જાગ્રત્ કરો.

બીજાના ઉપર ઉપકાર કરવાને માટે કે, બીજાને સાહાય્ય કરવાને માટે કે જગત્મા તમે જન્મ્યા છો તેથી તમારે પ્રયત્ન વ્યવહાર જગત્ની ખાતર કરવો જોઇએ, એમ માનીને કદી પણ પ્રાપ્ત કર્તવ્યને ન કરો, પણ તમારી પોતાની ઉન્નતિને માટેજ જે કરો તે કરો.

મનુષ્યના વાસ્તવ ચારિત્ર્યને રચનાર સ્વાત્માશ્રય જ છે. જે જે ચારિત્ર્ય સંપન્ન પુરૂષો થઈ ગયા છે તે સર્વ સ્વાત્માશ્રયી હતા. જ્યાં સુધી મનુષ્યને બીજાની સલાહ પ્રમાણે કે બીજાની રૂચિને અનુકૂલ થશે, કે કેમ એ વિચારે ચાલવાનું હોય છે ત્યા સુધી તેની વાસ્તવ ઉન્નતિ કદી પણ થતી નથી જ. મનુષ્યમાં જે કંઈ ઉત્તમ રહેલું છે તેને પ્રકાશમાં લાવનાર સ્વાત્માશ્રયજ છે.

ઘણા મનુષ્યો કોઇ મોટા વ્યાપારીને ત્યાં કે નોકરી કરવાનું પસંદ કરે છે અને તેમા પોતાની મહત્તા સમજે છે. પરંતુ પોતાના નાના સરખા ધંધામાં મનુષ્યો એટલો વિકાસ

થાય છે તેટલો વિકાસ બીજાને ત્યાં જોડાવાથી નથી જ થતો, સ્વતંત્ર ધંધામાં જોડાવાથી નિષ્ફળતા ન મળે તેને માટે અનેક પ્રકારની સાવધાનતા રાખવી પડે છે. વળી તેમાં અનેક પ્રકારની અડચણો આવતી હોવાથી તેને દુર કરવાને સ્વતંત્રપણે વિચાર કરીને અંતરમાંથી બળને જાગ્રત્ કરવું પડે છે અમૂક પ્રસંગે શું કરવું, એ વિચાર જ્યારે મનુષ્ય સ્વતંત્રપણે કોઈ કરતો હોય છે ત્યારે જેટલી તીવ્રેચ્છાથી તેને કરવો પડે છે તેટલો અન્ય પ્રસંગે નથી જ કરવો પડતો. આપણામાં જે જે કઈ અપૂર્વતા રહેલી છે તેને બહાર કાઢનાર પ્રતિકૂલતાના જ પ્રસંગો છે. આપણો જેટલો વિકાસ આવા પ્રસગોમાં થાય છે તેટલો અનુકૂલતાના સમયમા નથી જ થતો તેથી જોખમના કે અડચણોના વિકારે મનુષ્યે કોઇ સ્વતંત્ર ધંધો કરતા અટકી જવુ હિતકર નથી જ.

સત્ય છે, કે જે જામી ગએલા વ્યાપારીઓ છે તથા જેમની પાસે દ્રવ્યની અનુકૂળતા છે તેમની સાથે સ્પર્ધા કરવાનું થોડા પૈસાથી નવો ધધો શરૂ કરનારને કઠિન પડે છે, તો પણ તે જો ધૈર્યને, સદાગ્રહને, સ્વાશ્રયને, અને સાવધાનતાને ધારણ કરે છે તો તેનામાં રહેલાં અપૂર્વતા, બળ, કુશલતા વગેરે પ્રગટ થાય છે અને તેને વિજય મળે છે. તેથી બીજા મનુષ્યો પોતાના ધંધામાં જામી ગયા હોય તેટલા ઉપરથી નવો ધધો શરૂ કરનારે પોતાનો ધંધો નાના પાયા ઉપર ન શરૂ કરવો, એ યોગ્ય નથી જ. સત્રે ચંદ્રમા આકાશમાં પોતાના પૂર્ણ પ્રકાશથી પ્રકાશતા હોય તેટલા ઉપરથી એક દીપકે ન પ્રકાશવુ એમ કંઇ ઠરતું નથી. દીપકનો પણ જગતમાં ઉપયોગ હોય છે અને તે ઘરમાં પ્રકાશ આપવાનું કામ ઉત્તમ પ્રકારે કરે છે કે, જે કામ તેવાથી ઘણા મોટા ચંદ્રમાંથી થઈ શકતુ નથી.

સ્વતંત્રપણે ઉદ્યોગ કરવાથી પ્રમાદને પણ તિલાંજલિ આપવી પડે છે, તથા એવી બીજી અપૂર્ણતાને પણ દુર કરવી પડે છે. પ્રતિષ્ઠાનું રક્ષણ કરવા માટે સતત સાનધાનતા રાખવી પડે છે તથા કોઇપણ રીતે વિજય મળે તદર્થે પોતાનામાં રહેલાં સર્વ સામર્થ્યોને જાગ્રત્ કરવાં પડે છે. આ સિવા અનેક બીજા લાભ પણ થાય છે, આગળ ઉપર જણાવવામાં આવશે, કે જગતમાં પૈસો મળવો એજ

સાચો વિજય નથી, પણ યોગ્યતા મેળવવી એ જ સાચો વિજય છે. તેથી સ્વતંત્રપણે રહેવા દ્યો. સ્વતંત્રપણે મનુષ્ય જ્યારે કોઇ કાર્ય આરંભે છે અને તેને પૂર્ણ કરે છે ત્યારે તેને અનેક પ્રકારની યોગ્યતા પ્રાપ્ત થાય છે, જે દ્રવ્યકરતાં પણ અધિક મૂલ્યવાન્ હોય છે.

જે મનુષ્યોએ પોતાની પ્રગતિ કરેલી છે તે મનુષ્યોમાં પોતાની ગણના કરાવવાને ઇચ્છવું એ પ્રશસ્ય જ છે. અમુકે જે ઉચ્ચ સ્થિતી પ્રાપ્ત કરેલી છે તે મને મળી શકે નહિ, એમ માનવું એ મનુષ્યની થતી પ્રગતી અટકાવનાર છે તેથી આ માનવામ પ્રથમ જ સુધારો કરવાની જરૂર છે.

જે મનુષ્યો ગર્ભશ્રીમંત છે તે જ્યારે કોઇ પ્રતીકૂલ સ્થિતીમાં મૂકાય છે ત્યારે તે ગભરાઈ જાય છે. અને કંઇ જ કરી શકતા નથી. તેથી ગર્ભથી શ્રીમાન્ મનુષ્યોએ પણ સ્વતંત્રપણે કોઈ કોઇ કાર્ય કરવાની શક્તિને પોતાનામાથી જાગ્રત્ કરી ઘટે છે. જ્યાં સુધી આપણે કોઇ પ્રતીકૂલતામાં નથી મૂકાતા ત્યા સુધી આપણા સામર્થ્યની પરીક્ષા થતી નથી. મનુષ્યોને જ્યા સુધી કોઈ પ્રતીકૂલતાના પ્રસગો નથી આવ્યા ત્યાં સુધા તો એમ માને છે, કે વિકટ પ્રસગોમા અમે આમ કરીએ અને તેમ કરીએ; પરંતુ તેવા પ્રસંગો પ્રાપ્ત થતા તેમનામાં કેટલું હીર છે તે સહજ જણાઈ આવે છે, તેથી પ્રતીકૂલતા મનુષ્યના સામર્થ્યની પરીક્ષક છે તથા તેનામાંથી નવીન સામર્થ્યને પ્રકટ કરે છે, અને તેથી તે હિતકર છે.

ઘણા મનુષ્યો અન્ય મનુષ્યોની નોકરીમાં હોય છે ત્યાં સુધી તે દીપી નીકળતા નથી, પરતુ જ્યારે તેમને કોઇ સ્વતંત્ર ધંધામાં યોજવામાં આવે છે ત્યારે તેમનામાં રહેલી વિવિધ શકિતઓ જાગ્રત્ થાય છે. આરભમાં તેમને એમ લાગે છે, કે આપણું શું થશે, પણ પછીથી તેમની યોગ્યતા વૃદ્ધિને પામે છે અને પૂર્વના અને પાછળના તેમના જીવનમાં ઘણું અંતર પડી જાય છે. પૂર્વે તે એક સાધારણ મનુષ્ય હતો તેને ઠેકાણે પાછળથી તે એક પ્રગતિને પ્રાપ્ત પ્રશસ્ય પુરુષ થઇ રહે છે.

કોઈ કોઇ મનુષ્યો ધારે છે, કે બધા મનુષ્યો જ્યારે હાથી ઉપર બેસે ત્યારે પછી પગે કોણ ચાલે, પણ આ તેમનું માનવું તેમને પોતાને માટે હિતકર નથી જ જે મનુષ્ય હાથી ઉપર બેસે છે તે

મનુષ્યોની આ પ્રમાણે માન્યતા હોય તો પછી તેમને તેવી સ્થિતી કદી પણ પ્રાપ્ત થાય ખરી કે ? તેથી જે એમ માને છે, કે સર્વને સરખી સ્થિતી કેવી રીતે મળે, તે પોતાના પ્રગતીના માર્ગમાં પોતાને હાથે જ પ્રતિબંધરૂપી દીવાલ ચણે છે.

પરતંત્ર સ્થિતીનાં લક્ષ્ય જૂદાં હોય છે અને સ્વતંત્ર સ્થિતીનાં લક્ષ્ય જૂદાં હોય છે. તેથી જ્યારે મનુષ્ય સ્વતંત્રપણે કોઇ કાર્યનો આરંભ કરે છે ત્યારે પૂર્વે સ્વપ્નમાં જાણુ નહિ આવેલાં એવાં નવાં લક્ષ્ય તેનામા જાગ્રત્ થાય છે અને તે પોતાના જીવનને નવા જ રૂપમાં જુએ છે પૂર્વે તેને કોઈ જાણતું ન હતું જ્યારે હવે તેના પ્રતી જગત દ્દષ્ટિ માંડીને જોયા કરે છે, કે તે શું સિદ્ધ કરે છે. તેમજ તેને પણ હું જગતને અમુક અમુક સિદ્ધ કરી બતાવીશ એવી અભિલાષા રહે છે.

મનુષ્ય શુ જીવનપર્યન્ત અન્ય મનુષ્યની ઇચ્છા પ્રમાણે વર્તવાને તથા તે જે જે દિશામાં તેને વહેવાનું કહે તે તે દિશામાં વહેવાને જ સર્જાયો છે ? કદી પણ નહિ જ. તેથી તેણે સ્વતંત્રપણે પોતાનો વિકાસ કરવો ઘટે છે.

મનુષ્ય ઈશ્વરનો અંશ છે, અને જેમ જેમ મનુષ્ય પોતાનો વિકાસ કરતો જાય છે તેમ તેમ તેનામાં આ અંશ જાગ્રત્ થતો જાય છે. તેથી મનુષ્યે મારામા કોઇ યોગ્યતા નથી, એમતો કદીજ ધારવાનું નથી તેણે હમેશાં ઈશ્વરના અંશરૂપ જ પોતાને જોવો ઘટે છે, અને નીરતર આ અશને અધિકાધિક જાગ્રત્ કરવાને ઉત્સુક રહેવુ ઘટે છે.

જેમ દરેક મનુષ્યની આકૃતી, રુપ, વર્ણ સ્વર, વગેરે જૂદાં હોય છે તેમ મનુષ્યના ઉન્નતિના માર્ગો પણ જૂદા હોય છે. તેથી બીજાની પાછળ પાછળ વહેવાથીજ પોતાની ઉન્નતિ થાય છે, એમ પણ મનુષ્યે માનવાનું નથી. તેણે પોતાની ઉન્નતિનો માર્ગ સ્વતંત્ર જ ખોળી કાઢવો ઘટે છે. અને આ પ્રમાણે કરતાં પછી ભલે તે માર્ગ બીજા મનુષ્યના માર્ગને મળી જતો હોય.

તમારી પોતાની ઉન્નતિને કેવી રીતે કરવી એ સર્વ સમયમાં સ્મૃતિમાં જાગ્રત રાખો. તેને માટેજ તમારી પ્રવૃત્તિ માત્ર થવા દો. ખાઓ, પીઓ, સુઓ, બેસો, ઉઠો, કે જે જે કાર્ય કરો ને સર્વ તમારી ઉન્નતિને માટે જ કરો, અને તે સર્વવડે તમારી ઉન્નતિ

કેવી રીતે કરવી એ વિચારીને આ સર્વ ક્રિયાઓને તમારી ઉન્નતિ સાધનાર કરો. ઉન્નતીની ઇચ્છા અને તદર્થે યથાશક્તિ સાવધાનતા પૂર્વક પ્રયત્ન એ કોઈ પણ મનુષ્યની ઉન્નતિને સધાવનાર સબળ સાધનો છે. તેથી ઉન્નતિને ઇચ્છનારે આ બે સાધનોનું પોતાના જીવનમાં નિત્ય અનુષ્ઠાન કર્તવ્ય છે.

ઘણા મનુષ્યો દુબળા કાજી જેવા હોય છે તેઓ બીજાનું હિત કરવામાં કે બીજાને સુધારવામાં જ પોતાના જીવનનો વ્યય કરેછે. તેમના જીવનમાં સોમણુ તેલે અંધારૂંજ હોય છે. તેઓ ૯૫ ટકા કે ૯૯ ટકા બીજાની ચિંતામાં સમય ગાળે છે જ્યારે પોતાના માટે લેશ પણ વિચાર કરતા નથી. જાણે કે પોતે કૃતકૃત્ય કેમ હોય નહિ ! વળી આવા મનુષ્યો કોઇના દોષ જુએ છે તો બસ તેને જ સુધારવાનો પ્રયત્ન કરે છે. ખરૂં જોતાં આવા મનુષ્યોએ પોતાના દોષને સુધાર્યા હોતા નથી. તેથી બીજાના દોષને કેમ ટાળવા તેનું તેમને લેશ પણ જ્ઞાન હોતુંજ નથી; છતાં તેઓ બીજાને સુધારી દેવાનો પ્રયત્ન કરતા હોય માને છે ખરૂં જોતાં તે એજ કરે છે, કે જગતના દોષ જ જુએ છે, તેને જ્યાં ત્યાં પ્રકટ કરે છે અને તેનું જ નિત્ય ચિંતન કરે છે. આવા મનુષ્યોને પછી જ્યા ત્યાં દોષજ દૃષ્ટિએ આવે છે અને તેમને જગત્માં કોઇ જ ગુણવાન્ જણાતું નથી. બીજાને સુધારવાનો પ્રયત્ન કરતા તે પોતાના પ્રતિના કર્તવ્યથી ભ્રષ્ટ થાય છે અને તેમનું જીવન નીરર્થક જ જાય છે. તેથી બુદ્ધિમાને પોતાના કલ્યાણ માટે અને પોતાની પ્રગતિ માટે જ પ્રધાનપણે પ્રવૃત્તિ કલ્પિ છે પોતાને માટે કંઇ પણ હિત સધાય તેવી પ્રવૃત્તિ નહિ કરતાં દંભપૂર્વક બીજાને સુધારવાનો, કે બીજાના દોષની શિક્ષા અપાવવાનો પ્રયત્ન કરનાર પોતાના દુર્લભ માનવ જીવનને વ્યર્થ ગુમાવે છે જ. પોતાનું જેટલા અંશમાં મનુષ્યે કલ્યાણ સાધ્યું હોય છે, કે જેટલા અંશમાં પોતાની પ્રગતિ કરી હોય છે, તેથી ન્યુન અંશમા મનુષ્ય બીજાનું કલ્યાણ કરી શકે છે, કે પ્રગતિ સાધી શકે છે, ભીખારી જેમ અન્યને દાન આપી શકતો નથી, તેમ સ્વકર્તવ્યથી ભ્રષ્ટ મનુષ્યો બીજાની ઉન્નતિ કોઇપણ રીતે નથી જ કરી શકતા; તેથી વિવેકીએ જગતની ચિંતા ઇશ્વરને સોંપીને આત્મહિત પ્રતી દૃષ્ટિ રાખીને તદર્થ પ્રધાનપણે પ્રવૃત્તિ કર્તવ્ય છે.

પ્રકરણ ૧૨.

પ્રતિઘાત અને પ્રચોદન.

વિકટ સ્થિતીઓએ, પ્રતિકૂલ પ્રસગોએ, દરિદ્રતાએ, અને વિઘ્નોએ જ મનુષ્યનું પ્રગતિ પ્રતી સાચું પ્રચોદન કરેલુ છે. પુર્વનો ઇતિહાસ તપાસતાં જણાય છે, કે આવા પ્રસંગોએ જ મનુષ્યમાથી અસાધારણ સામાર્થ્યોને જાગ્રત્ કર્યા છે. ઉપરથી જોતાં આવા પ્રસંગો મનુષ્યનું અહિત, કે અકલ્યાણ કરતા જણાય છે, પણ વસ્તુત. તે મનુષ્યનું કલ્યાણ જ કરનાર છે, એ સિદ્ધ વાર્તા છે.

મનુષ્યમાં જે કંઇ અસાધારણ રહેલુ છે, તે તેના અંત.કરણના ઉપરના પડમાં રહેલું નથી, પણ ભીતરના પડમાં રહેલું છે, અને તેને જાગ્રત્ કરવાને, વિકટ પ્રસગો અને દુઃખો જ ઉત્તમ પ્રચોદન-રૂપ નીવડે છે. સામાન્ય પ્રસંગોથી, કે સાધારણ રીતે ચાલતા જીવનથી મનુષ્યમાં આ જે અસાધારણ રહેલું હોય છે તે જાગ્રત્ થતું નથી. પૂર્વે આ કથનને સમર્થ કરનાર અનેક દૃષ્ટાંતો થઈ ગયાં છે, તેથી તે સર્વને આપણે આ સ્થળે ટાંકતા નથી, કારણ તે સુપ્રસિદ્ધ છે. પરંતુ અર્વાચીન સમયનો એક જ દૃષ્ટાંત ટાંકીએ છીએ. કલકત્તાના વિશ્વવિખ્યાત કવિ રવીન્દ્રનાથ ટાગોરને પૂર્વે કોઇ જ જાણતું ન હતું, પરંતુ તેમનાં સ્ત્રી પુત્રાદિ વિકટનાં સંબધીના મરણના પ્રસંગ તેમને પ્રાપ્ત થયો અને ત્યાર પછી જ તેમના જીવનમાં જે કંઇ અદ્ભુત વિશેષ હતું તે જાગ્રત્ થયું. આ પ્રસંગે તેમને જીવન શૂન્યકારથી સુમસમ ભરેલું ત્યાં જણાવવા લાગ્યું અને જાણે જગત્માં કંઇ જ આનંદ, કે સુખ ન હોય તેવું તેમને ભાન થયું. પણ થોડા વખત પછી તેમના અંતરમાંથી નવો પ્રકાશ નીકળ્યો અને તેમને સમગ્ર જગત્ સુખ અને આનંદથી ભરેલું જણાવવા લાગ્યું. આ પ્રસંગે તેમણે વિવિધ કાવ્યો રચ્યાં જે એટલાં તો જન રુચિકર થઇ પડ્યાં, કે કંઈ કહેવાની વાત નહિ, તેમના આ કાવ્યમાંથી એક બેનું અંગ્રેજીમાં ભાષાંતર કર્યું અને

તે લંડનમાં જતાં ત્યાં તેમનો કીર્તિધ્વજ વિદ્વાનોમાં અને કવિઓમાં ગગનપર્યંત ફરકયો ત્યાંના વિદ્વાનોએ તેમની કૃતિથી પ્રસન્ન થઇને તેમને આઠ હજાર પાઉન્ડ એટલે એક લાખ અને વીશ હજાર રૂપૈયાનું ઇનામ પણ આપ્યુ છે.

આ સંબંધમાં પ્રાતઃકાલમાં ઉલ્લેખ થઇ ગયો છે. તેથી અધિક લખતા નથી. તાત્પર્ય, કે મનુષ્યમાં જે કંઇ અસાધારણ રહેલું છે ને ઉપર કહ્યા પ્રમાણે વિકટ પ્રસંગરૂપી પ્રતિઘાત મળતાં જ જાગ્રત્ થાય છે, કારણ કે તેને જાગ્રત્ થવાને તે પ્રસગોથી પ્રચોદન પ્રોત્સાહન મળે છે.

જે મનુષ્યને તરતાં શીખવવામાં આવે છે તેને આરંભમા હાથવડે પકડીને હાથ પગ કેમ હલાવવા તે શીખવવામાં આવે છે. પછી તેને જરા જરા આવડે છે એટલે, શિક્ષક તેને ઉંડા પાણીમાં ધકેલી મૂકે છે. આ વખતે તેને પ્રથમ પ્રસંગ હોવાથી ગભરામણ થાય છે, અને ડુબ્યો ડુબ્યો થઇ રહે છે, પણ તે પ્રસગે તેનામાંથી એક એવી શક્તિ જાગ્રત્થાય છે કે તેને તે ક્ષણથી જ પછી તરતાં આવડી જાય છે, અને તેને હિંમત આવી જાય છે, કે તે હવેથી ડુબી નહિ જાય, આજ પ્રમાણે વ્યવહારમાં પણ બને છે. વિકટ જણાતા પ્રસગોમાં જ મનુષ્યના અતકરણના ઉંડાણમાં જે કંઈ અસાધારણ વા અપૂર્વ સામર્થ્ય રહેતુ હોય છે તે બહાર નીકળી આવે છે. આવા પ્રસગોમા મનુષ્યને પ્રતિઘાત થાય છે અને તેમને અપૂર્વ પ્રચોદન મળે છે અને તેજ તેમને વાસ્તવ લાભ કરનાર છે.

અને મનુષ્યમાં રહેતું અસાધારણ વા અપૂર્વ જો પ્રતિઘાતથી તેને પ્રચોદન ન મળતુ હોય તો વર્તમાન જીવનમાં તે કદી પણ બહાર પ્રકટે નહિ. કારણ, કે તે એટલા ઉંડાણમાં રહેલું હોય છે, કે સામાન્ય પ્રસંગોથી તેનો જાગ્રત્ થવાનો યોગ આવતો નથી. અને તેથી કોઇ મનુષ્યનું જ્યારે અપમાન થાય છે, તેનો જ્યારે પરાભવ થાય છે, તેને જ્યારે નીષ્ફળતા મળે છે, તેનું જ્યારે હાસ્ય થાય છે, તેના મર્મ ભાગ ઉપર જ્યારે પ્રતિઘાત થાય છે ત્યારે જ તે બહાર પ્રકટી નીકળે છે. અને આવા પ્રસંગો જો તેમના જીવનમાંથી નથી બનતા તો તે સામર્થ્ય ભારેલા અગ્નિની પેઠે તેમનામાં ગુપ્ત જ રહે છે.

નરસિંહ મહેતાને તેમનાં ભાભીએ મમ વચનો કહ્યાં અને તેથી તેમના મર્મ ભાગને અસર થઈ અને તેમણે ઈશ્વરની ઉગ્ર ઉપાસના કરી અને તેમનામાં રહેતી અપૂર્વ ભકિત જાગ્રત્ થઇ, ધ્રુવને તેમની સાવકી માતાએ મર્મ વાકયો કહ્યાં અને તેથી તેમના ઉપર પ્રતિઘાત થયો, તેમને અપૂર્વ પ્રચોદન મળ્યું, અને તેમણે દૃઢ તપશ્ચર્યા કરી અને ઇપ્શિતને પામ્યા.

ઘણા માંદા મનુષ્યોને તેમના મંદવાડથી કંટાળો આવ્યો છે અને પછીથી તેમણે આરોગ્યના નિયમો પાળીને ઉત્તમ આરોગ્ય પ્રાપ્ત કર્યું છે; નિર્ધન મનુષ્યોને તેમની નિર્ધનતાનાં તીવ્ર કષ્ટ ઘણાં સહન કરવાં પડયાં છે અને તેને લેઇને તે શ્રીમાનની સ્થિતિને પછીથી પ્રાપ્ત થયા છે.

ઘણા મનુષ્યો આવા સમયે પ્રારબ્ધને બળવાન્ ગણીને પ્રાપ્ત કષ્ટને સહન કરે છે પણ તે તેમની પ્રગતીને સાધનાર નથી. પ્રતીકૂલતાના કે કષ્ટના પ્રસંગોએ મનુષ્યોએ અનેક ગુણ વિશેષ ઉત્સાહને ધારણ કરવો જોઇએ અને અસાધારણ પ્રયત્ન કરીને સામર્થ્યને અંતરમાંથી જાગ્રત્ કરીને સુખને પ્રાપ્ત કરવું જોઇએ અને દુઃખને દૂર કરવું જોઇએ. અને આ પ્રમાણે જે કરે છે તે તેજ વિજયને અને પ્રગતીને પામે છે, અન્ય દુઃખ ગર્તમાંજ પડયા રહે છે અને વિવિધ કષ્ટમા જ આયુષ્ વીતાવે છે.

ઘણા ગરીબ વિદ્યાર્થીઓની પોતાના સહાધ્યાયીઓથી મશ્કરી થતાં તેમનામાં રહેલી અપૂર્વતા જાગ્રત્ થઈ છે અને તે શ્રીમાન્ થયા છે, એટલુંજ નહિ પણ તે વિદ્વાન્ તથા બીજા સામર્થ્યથી પણ યુક્ત થઈ રહે છે. પણ બીજા મનુષ્યોના હાસ્ય તથા મર્મ વાકયોનો તેને સ્પર્શ થવો જોઇએ. જેને સ્પર્શ થતો નથી તે હતા તેને તેજ સ્થિતીમાં રહે છે.

વિકટ પ્રસંગોજ મનુષ્યના સામર્થ્યની પરીક્ષા કરનાર છે. અને આવા પ્રસંગોમાં જેનામા સાચું હીર—સત્વ હોય છે તેજ દીપી નીકળે છે. અન્ય સામાન્ય મનુષ્યો આવા પ્રસંગોથી ઉલટા કચરાઈ જાય છે, અને હાનિને સહન કરે છે. આવા પ્રસંગોને જ મનુષ્યે વધાવી લેવા જોઇએ અને તેમાંથી વિજય પૂર્વક પસાર થવાને આગ્રહશીલ રહેવું જોઇએ. ખરો આનંદ અને ખરૂં સુખ

વિકટ પ્રસંગો સાથે યુદ્ધ કરીને તેમનો પરાભવ કરવામાંજ રહેલું છે, અને આ સુખનો જેને અનુભવ હોય છે તેજ તેની મહત્તા સમજે છે.

સામાન્ય પ્રસંગોમાં જ જેમનું જીવન પૂરૂં થાય છે તે મનુષ્યો કંઇ પણ વિશેષ કરી શકતા નથી તથા તેમની પ્રગતિને પણ તે સાધી શકતા નથી. વિકટ પ્રસંગોનો જય કરનાર જ જગત્‌માં કંઈ પણ વિશેષ કરી શકે છે અને તે જ વાસ્તવ ઉન્નતીને પામી શકે છે.

સાધારણ સામર્થ્યથી ફક્ત જણાતા અનેક મનુષ્યોએ પોતાના સમર્થ શત્રુઓનો પણ પરાભવ કરેલો છે, કારણ, કે તેમને પોતાનામાં રહેલા અસાધારણ સામર્થ્યને બહાર કાઢવાની ફરજ પડેલી છે. પતિભકિતપરાયણ અને નિત્ય ગૃહમાં રહેનાર અનેક સ્રીયો વિપત્તિમાં આવતાં તેમણે કેવુ શૌર્ય દાખવેલું છે ? તેથી વિપત્તિએ મનુષ્યના ગભ ભાગમા રહેલા સામર્થ્યને બહાર કાઢનાર સમર્થ પ્રયોદન રૂપ છે.

વિપત્તિ કે પ્રતિકૂલતાથી ડરી જાઓ નહિ, પણ તેના ઉપર જય મેળવો. તેનો જય કરવાને જે જે પ્રયત્ન કરવા પડે તે સર્વ કરો. વિપત્તિ કે પ્રતિકૂળતા એ મનુષ્યની ઉન્નતીનાં સમર્થ દ્વારો છે તેથી આ દ્વારોનો સદુપયોગ કરવાનું કદી પણ ચૂકો નહિ. જે આ દ્વારોનો સદુપયોગ કરે છે તે સ્વપ્નમાં નહિ અનુમાન કરી હોય એવી પ્રગતિને પામે છે, તથા નહિ ધાર્યાં હોય તેવાં સામર્થ્યો પોતામાંથી પ્રકટ થએલાં જુએ છે.

જેમાં આપણાં તમામ સાધનોનો ઉપયોગ કરવો પડે છે એવા વિકટ પ્રસંગો જ વાસ્તવ હિત કરનાર છે તે જ સુખ રહેલા સામર્થ્યોને જાગ્રત્ કરનાર છે અને તેજ આગળ અને આગળ વેગપૂર્વક લઇ જનાર છે.

નેપોલીઅનના મુખ્ય સરદારમા સેનામાં અપૂર્વ શૌર્ય ત્યારે જ જાગ્રત્ થયું કે જ્યારે તેણે પોતાના મનુષ્યોને ઘાયલ થએલા જોયા. તે પ્રસંગે તે સિંહની પેઠે ઘુરકતો અને તે અત્યંત ભયંકર દેખાતો તથા કોઇ પણ ઉપાયે શત્રુઓનો પરાજય કરતો. આ વ્યવહારમાં પણ તેમજ બને છે. જે વિકટ પ્રસંગોથી દબાઇ જાય છે. તે કંઈજ વિશેષ કરી શકતા નથી. પણ જે તેમની સામે થઇને

તેમના ઉપર જય મેળવવા ઇચ્છે છે તેજ પોતાના સામર્થ્યનો સાક્ષાત્કાર કરે છે અને પોતાની મહત્તા અનેકગુણુ વધારી મૂકે છે.

આજ પ્રમાણે જે જે નિકૃષ્ટ સ્થિતીમાંથી ઉત્કૃષ્ટ સ્થિતીમાંથી ચઢેલા છે તેમને તે સ્થિતીએ લેઇ જનાર વિપત્તિ કે તેમના જીવનમાં થએલા અનેક પ્રતિઘાત જ નિમિત્તરૂપ હતાં. જો તેઓ અનુકૂલતાવાળી સ્થિતીમાં જન્મ્યા હોત તથા તેમના જીવનમાં તદનંતર અનુકૂલતા બની રહી હોય તો તે કંઇજ વિશેષ ન કરી શકયા હોત અને અન્ય હજારો સાધારણ મનુષ્યોની પેઠે તે જીવનને ગાળીને મરણને શરણુ થઇ રહ્યા હોત.

ગરીબ વિદ્યાર્થીઓ તેમની ગરીબાવસ્થામાં અનેક અડચણો વેઠીને જે વિદ્વતા મેળવે છે તે શ્રીમાન્ માતાપિતાને ઘેર સર્વ પ્રકારની અનુકૂલતામાં જન્મેલા વિદ્યાર્થીઓ નથી જ મેળવતા, એવાં હજારો દૃષ્ટાંતો આજે જોઇએ તો મળી આવે તેમ છે જ. તેથી વિપત્તિ એ મનુષ્યના શત્રુરૂપ નથી પણ પરમ હિતકર મિત્રરૂપ છે.

સાધારણુ રીતે મનુષ્યમાં પ્રમાદ રહેલો છે અથવા તો તે અનુકૂલ સ્થિતિમાં ખાસ કરીને જોવામાં આવે છે. આ પ્રમાદ પ્રતિકૂલ સ્થિતિમાં અને વિકટ પ્રસગોમા સહજ ટળી જાય છે જ તેથી વિપત્તિ વા પ્રતિકૂલતા એ મનુષ્યમા રહેલા પ્રમાદ વા જડ અંશોને દૂર કરીને અપ્રમાદ અને ચેતન અંશોને જાગ્રત્ કરનાર છે. જે કાર્યો શ્રીમાન્ મનુષ્યો સર્વ પ્રકારની અનુકૂલ સ્થિતીમાં નથી કરી શકતા તે કાર્યો નિર્ધન મનુષ્યો અનેક પ્રકારની પ્રતિકૂલતામાં કરી શકે છે. અને આ જે અધિક કાર્ય આ મનુષ્યો કરે છે તે તેમના અધિક વિકાસરૂપ જ છે.

જે દેશમાં સંપત્તિ વધે છે તે દેશના મનુષ્યોમાં સહજ સ્વભાવે જ એશઆરામ વધે છે અને તેનો નિપાત થાય છે. આથી ઉલટું જે દેશ વિપત્તિમાં હોય છે તે દેશના મનુષ્યો સહજ સ્વભાવે જ ઉદ્યોગશીલ રહે છે અને તેમને એશઆરામમાં ડુબી જવાનો પ્રસંગઆવતો નથી તેથી તેમનો સ્વાભાવિક રીતે જ ઉદય થાય છે.

તો પણ જે જે મનુષ્યો નિકૃષ્ટ સ્થિતીમાંથી ઉત્કૃષ્ટ સ્થિતીમાં ચઢેલા છે, તેમનામાં તેવી ઉચ્ચ સ્થિતીએ જવાની ઉચ્ચાભિલાષા

તો વિદ્યમાન હતી જ કારણ, કે આ પ્રકારની ઉચ્ચાભિલાષા જો તેમનામાં વિદ્યમાન નથી હોતી તો તે પ્રતિકૂલતા કે વિપત્તિથી દબાઈ જાય છે. પરંતુ તે તેમનામાં જ્વલંતપણે વિદ્યમાન હોવાથી તે વિપત્તિ કે વિકટ પ્રસંગોથી પાછા હઠતા નથી પણ તેમના મસ્તક ઉપર પગ મૂકીને આગળ વધે છે અને લક્ષ્યને સિદ્ધ કરે છે. તેથી ઉન્નતિને ઇચ્છનારે ઉચ્ચાભિલાષાને પોતાનામાં જાગ્રત્ કરીને તેને પોષવી ઘટે છે તથા તેને સિદ્ધ કરવાને એકેએક પ્રયત્નથી આદરપૂર્વક પોતાનામા રહેલાં સર્વ સામર્થ્યોને બહાર કાઢવાં ઘટે છે. આ પ્રમાણે કરનારમાં જ તેના અંતરમાં રહેલા વિલક્ષણ અપૂર્વ સામર્થ્યો જાગ્રત્ થાય છે અને તેના કંઠમા પ્રત્યેક કાર્યમાં વિજયમાળ પહેરાવે છે.

પ્રકરણ ૧૩.

વ્યાપારમાં વિનયવિવેકની આવશ્યકતા.

જે મનુષ્યો પોતાનું કામ ધીમે ધીમે કોઇ પણ જાતની ધાંધલ કે દભ કર્યા વિના કર્યે જાય છે તે ગોકળગાયની પેઠે ક્રમે ક્રમે પ્રગતિને પામે છે જ. આવા મનુષ્યો બીજા મનુષ્યોને ખબર પડતી નથી તેવી રીતે આગળ વધે છે, અને જ્યારે તેણે કેટલું કામ કર્યું છે તે પ્રજાના જોવામા આવે છે ત્યારે તેને આશ્ચર્ય થયા વિના નથી રહેતું, આવા મનુષ્યોની ઇચ્છાને બીજા મનુષ્યો તથા તેના હાથ તળેના મનુષ્યો સહજ સ્વભાવે જ વશ વર્તે છે. તે તેમને આજ્ઞાના રુપમાં કંઈ પણ કહેતો નથી, પણ વિષયપૂર્વક ધીમે સ્વરે જે જણાવવાનું હોય તે જણાવે છે. વળી તેને ખાત્રી હોય છે જ, કે જે કામ કરવાનું તે બીજાને કહેશે તે કામ તે કરશે જ.

બીજા પ્રકારના મનુષ્યો આથી ઉલટું જ કરે છે. તે જે કરે છે તે ધાંધલ કરીને કરે છે. તે બીજાને કોઇ કામ કરવા કહે છે તો તે આજ્ઞાના રૂપમાં કહે છે. ધીમે ધીમે પોતાનું કાર્ય કેમ

શાંતીથી કરવું તેની આ મનુષ્યોને આવડત હોતી નથી. તેના હાથ તળેના મનુષ્યો તેનાથી ભય પામે છે, તેને ધિક્કારે છે તથા તેના વિષે માન બુદ્ધિને ધરતા નથી. આવા મનુષ્યો ભાગ્યે જ પોતાના ધંધામાં વિજયી થાય છે.

વળી આજે સ્પર્ધા પણ ધંધામાં વધી ગએલી છે; જેથી જે લોકપ્રિય થઈ શકે છે તે જ પોતાનો ધંધો ઉત્તમ પ્રકારે ખેડી શકે છે. ગ્રાહકો કે બીજા મનુષ્યોની સાથે જે સભ્યતાથી તથા વિનયથી વર્તતા નથી, તે લોકપ્રિય થઈ શકતા નથી, અને તેથી તે પોતાના ધંધામાં નિષ્ફળ થાય છે ઘણા ધંધાદારીઓ બીજા મનુષ્યોની સ્પૃહા ધરાવતા નથી, પણ પરિણામ એ આવે છે, કે બીજા મનુષ્યો પણ તેમની સ્પૃહા રાખતા નથી, અને તેથી તેમને ત્યજીને બીજા વ્યાપારીને ત્યાં તે જાય છે. આજના સમયમાં વ્યાપારીઓ અનેક પ્રકારની યોગ્યતા મેળવે છે ત્યારે તે વિજય મેળવી શકે છે

એક ગ્રાહકની અસ્પૃહા કર્યાથી, કે તેની સાથે અવિનયથી વર્ત્યાથી વ્યાપારીને કેટલી હાનિ થાય છે તેનો તેને વિચાર હોતો નથી તે તેના અવિનય વિષે બીજા મનુષ્યોને વાત કરે છે અને આ પ્રમાણે તેની પ્રતીષ્ઠામાં હાનિ પહોંચે છે. સ્વાભાવિક રીતે મનુષ્યના સ્વભાવનું બંધારણજ એવું છે, કે તેને વિનય જ રૂચેછે. તેથી સર્વ સાથે વિનયથી વર્તવાની જરૂર છે. વિનયયુક્ત વાણીવડે એક વ્યાપારી ગ્રાહકોને કેવી રીતે આકર્ષી શકે છે, તેનું ઘણા જ ઓછા વ્યાપારીઓને જ્ઞાન હોય છે.

ન્યુયોર્કની કેમીકલ નેશનલ બેન્કના પ્રેસીડેન્ટ વીલીઅમ્સે વિનયવડે કેટલી અભિવૃદ્ધિ થઈ શકે છે, તે સિદ્ધ કરી બતાવ્યુ હતું. આ બેન્કના સો ડોલરના શેરનો ભાવ વધીને, તેમણે મેળવેલી લોકપ્રિયતાવડે પાંચ હજાર ડોલર સુધી વધાર્યો હતો. વિનય વિવેકવડે વ્યાપારી લોકપ્રિય થઈ શકે છે અને તેને લીધે તેના વ્યાપારમાં તેને વિજય મળે છે. આવા વિનય વિવેકવાળા વ્યાપારીઓને ત્યાંથી મનુષ્યો વધારે ભાવ આપીને પણ લેઈ જવાનું પસંદ કરેછે.

પૂર્વે સમય એવો હતો, કે કદાચ અમુક અમુક યોગ્યતા વ્યાપારીમાં ન હોય તો ચાલી શકે, પરંતુ આજે તેવો સમય નથી. આજે તો જેનામાં યોગ્યતા હોય તે જ પોતાનો વ્યાપાર ઉત્તમ

પ્રકારે ખેડી શકે છે અને તેજ વિજયને વરી શકે છે. વ્યાપારમાં કુશલતા જેમ વિજયને આપે છે તેમ તેની સાથે વિનય વિવેક હોય છે તો તે વધારે વિજયને અપાવે છે.

ઘણા વ્યાપારીઓ ગ્રાહકને જવાબ દેઈ દે છે, કે તમારે એક-સોને એક વખત પરવડે તો અમુક વસ્તુ લેઈ જાઓ; તથા તે આવે છે, કે જાય છે ત્યારે તેમને વિનયથી બોલાવતા નથી, કે પધારજો સાહેબ, એ પ્રમાણે કંઈ જ બોલતા નથી, પણ તેમના આ અવિનયની અસર જઈને ગ્રાહકના મન ઉપર થાય છે જ. જો તેવો જ બીજો કોઈ વ્યાપારી વિનયવાળો હોય છે તો ગ્રાહકો તેને ત્યાં અવશ્ય વળે છેજ. જ્યા વિનય વિવેક વર્તે છે તેવી દુકાનમાં ગ્રાહકો તે દુર હોય છે તો પણ જવાનુ પસદ કરે છે

ઘણા વ્યાપારીઓ ગ્રાહક કદાચ માલ ન લે તો ચીડાઈ જાય છે. પરંતુ આ પ્રમાણે કરવાથી તે બીજી વખત ગ્રાહકને આવતું અટકાવે છે આને બદલે જો તે વિનયથી તેમની સાથે વર્તે છે તથા જરાપણ ચીડાતા નથી તો તે ગ્રાહક અવશ્ય પુન ત્યા આવે છે જ. તેથી ગ્રાહકોને જેમ બને તેમ વધારે સતોષ આપવાની જરૂર છે

જે વ્યાપારીને ત્યા વિનય વિવેક રહિત નોકરો હોય તેમને રજા આપવી ઘટે છે કારણ, કે પરિણામે તેમનાથી હાનિ જ થવાનો સભવ છે; અથવા તો તેમને ગ્રાહકોની સાથે વિનય વિવેકથી કેવી રીતે વર્તવું તે શીખવવું ઘટે છે. દુકાનમાં જેમ વધારે માલ રાખવાની તથા તેને ઉત્તમ પ્રકારની વ્યવસ્થાથી ગોઠવવાની જેમ જરૂર છે તેમ સારા વિનય વિવેકવાળા મનુષ્યો પણ દુકાનમા હોવાની અગત્ય છે.

આ ઉપરાંત જે જે ગ્રાહક દુકાનમાં આવે તેમનાં નામ સ્મરણમાં રાખવાની તથા તેમને ઝટ ઓળખી કાઢવાની, તથા તેમને કયો માલ રૂચે છે, એ ધ્યાનમાં રાખવાની પણ જરૂર છે, આવો અભ્યાસ કરનાર એક મનુષ્યને એક દુકાનમાં ટુંકા વખતમાં જ મુખ્ય મુનિમની જગો મળી ગઈ હતી. તે આરભમાં આ દુકાનમાં રહ્યો ત્યારે તેને ઘણો ટુકો પગાર હતો. પણ તે જે ઘરાક આવે તેનું નામ સ્મરણમાં રાખતો તથા તેનો ચહેરો ઓળખી રાખતો અને તે પુનઃ આવે ત્યારે તે નામથી તેને બોલાવતો. આથી તે

ગ્રાહકો પ્રસન્ન થતા અને તેથી સ્મરણ શક્તિની પ્રશંસા કરતા. વળી તેમને કયો માલ પસંદ છે તે પણ તે સ્મરણમાં રાખતો અને તેથી તે દુકાનમાં આવવાને અનેક મનુષ્યો પસંદ કરતા. તે હંમેશાં પ્રસન્ન મુખમુદ્રા રાખતો તથા જે આવે તેને વિનયથી બોલાવતો તથા જતી વખતે પણ વિનયથી પુનઃ પધારવા એ શબ્દો કહેતો. આથી તેને અને તેના શેઠને બીજો ઘણો લાભ થયો હતો અને તેણે પોતાની પ્રગતિ અલ્પ સમયમાં સાધી હતી, જ્યારે તે દુકાનના બીજા મનુષ્યો હતા તેને તેજ સ્થિતીમા હતા.

પ્રકર ૧૪ મું.

દઢાગ્રહનું અદ્‌ભુત સામર્થ્ય.

—**—

જ્યારે બુદ્ધિ—શકિત નિષ્ફળ થાય છે, જ્યારે કાર્યકારિણી મગજની શકિતને અવિજય મળે છે, બીજી મનુષ્યની શકિતઓ કામકરતી નથી, યુક્તિ જ્યારે કામ આવતી નથી, તર્ક જ્યારે અટકી જાય છે, અને આ પ્રમાણે અનેક રીતે જ્યારે મનુષ્યને નિષ્ફળતા મળવાનો પ્રસગ આવે છે, તે સમયે જો મનુષ્ય દઢાગ્રહને (Persistency) ધારણ કરે છે તો તે અવસ્ય વિજય અપાવે છે. દઢાગ્રહ મનુષ્યને અસંભવિત જણાતી બાબતોને સંભવિત કરી બતાવે છે, તથા અશકયને શકય કરી દેખાડે છે. દઢાગ્રહને કંઇજ અશક્યને કંઇજ સભવિત નથી. દઢાગ્રહ એ આધ્યાત્મિક સામર્થ્યને જાગ્રત્ કરે છે, અને કોઇ પણ કઠિન કાર્યને તે સિદ્ધ કરાવે છે. જ્યાં સુધી મનુષ્ય સામાન્ય આગ્રહ રાખે છે ત્યાં સુધી તેનામાં સામાન્ય બળની જ પ્રતીતિ થાય છે. પણ જ્યારે તે દઢ આગ્રહને ધારણ કરે છે ત્યારે તેનામાંથી અસામાન્ય એવા સામર્થ્યનો આવિર્ભાવ થાય છે અને તેને સર્વ વસ્તુ શક્ય ભાસે છે.

દઢાગ્રહથી પૂર્વે મનુષ્યોએ અસાધારણ કાર્યો કર્યાં છે. જેનામાં દઢાગ્રહ નથી તે સહજ વિઘ્ન, કે પ્રતિકૂલતાનું દર્શન થતાં હારી બેસે છે, જ્યારે દઢાગ્રહવાન્ ગમે તેટલાં વિઘ્નની મધ્યમાં પણ

લક્ષ્યને સિદ્ધ કરે છે. દઢાગ્રહ એજ કાર્ય સિદ્ધિનું સાચું બળ છે. જેનામાં દઢાગ્રહ નથી, તે ભાગ્યે જ વર્તમાન સમયમાં ઇપ્સિતાર્થને વરેછે, અને જેનામાં તે છે તે વર્તમાન જીવનમાં જ પોતાની ઇચ્છાઓને સફળ થએલી અનુભવે છે.

તેજ પ્રારબ્ધી છે, કે જે દઢાગ્રહને ધારણ કરે છે. દઢાગ્રહી પ્રારબ્ધને પણ અનુકૂળ કરી શકે છે, તેને ફેરવી શકે છે, કે નૂતન અનુકૂળ પ્રારબ્ધને રચી શકે છે. देहपातयामि अर्थं साधयामि એ નિશ્ચયને ધારણ કરનાર અલ્પ સમયમા જ પ્રગતિના શિખરે સ્થિત થઈ રહે છે. જે એક કાર્ય દઢાગ્રહ પૂર્વક સિદ્ધ કરી શકે છે તે પછી ઇતર કોઈ પણ કાર્ય તેજ બળવડે સિદ્ધ કરી શકે છે.

ગમે તે થાય તો પણ આગ્રહને સર્વ સમયમા ધારણ કરી રાખો અને તમને ફળનું દર્શન થશે જ. આગ્રહને ત્યજનાર પ્રયત્નથી પણ વિરમી રહે છે, અને પ્રયત્નથી વિરમનાર ફળને કદીજ જોઈ શકતા નથી. વળી આગ્રહને ત્યજનાર આશા, ઉત્સાહ, વગેરેને પણ ત્યજી દેછે અને તેથી તે કાર્યને સિદ્ધ કરી શકતા નથી. તેથી કાર્ય સિદ્ધિને ઇચ્છનારે દઢાગ્રહને કદી પણ ત્યજવો ઉચિત નથી કાર્ય સિદ્ધિના દર્શનપર્યંત આગ્રહને કોઇપણ ઉપાયે ધારણ કરી રાખો.

જેનામા દઢાગ્રહ છે તેજ ચારિત્ર્યવાન્ થઇ શકે છે. જે ઘડી ઘડીમાં આગ્રહને ત્યજી દે છે તે ઉત્તમ ચારિત્ર્યવાળા કદી પણ થઈ શકતા નથી. ઉત્તમ ચારિત્ર્ય સપન્ન થવા ઈચ્છિનારે સદાગ્રહને કદી પણ ત્યજવો હિતકર નથી. જે જે પૂર્વે ચારિત્ર્યવાન્ પુરુષો થઇ ગયા છે. તેમણે દઢાગ્રહને પોતાના જીવનમાં અને પોતાની પ્રવૃત્તિમાં અનુસ્યૂત રાખ્યો હતો જ.

તમારા કર્તવ્યની દિશાને પ્રથમ શાંતિથી અને સદ્વિચારપૂર્વક નક્કી કરો અને પછી તે દિશામાં દઢાગ્રહપૂર્વક લક્ષ્યની સિદ્ધિ થતાં પર્યંત રહો. આ પ્રમાણે કરનાર જ જીવનમાં કંઇ પણ મહત્વનું કરી શકે છે, અને કંઈ પણ પ્રગતિ સાધી શકે છે. અને આ પ્રમાણે આગ્રહ રહિત જીવનવાળા મનુષ્યો જગતમા પ્રાપ્ત કષ્ટોને અનુભવતા મરણને શરણ થઈ રહે છે, તથા ઈતર જન્મમાં પણ ક્લેશોને નિવૃત્ત કરી શકતા નથી. આવા મનુષ્યો અનેક

જન્મની સિદ્ધિને અંતે જ પરાગતિરૂપ ઉત્કૃષ્ટ પ્રગતિને પામી શકે છે. જ્યારે દઢાગ્રહને ધારણ કરનાર વીરપુરુષો એક કે બે ત્રણ જન્મમાં જ, કે કર્તવ્ય પ્રાપ્તવ્યના અવધિને પ્રાપ્ત થઇ રહે છે.

વ્યવહાર અને પરમાર્થ ઉભયને સિદ્ધ કરાવનાર સદાગ્રહ જ છે. જેનામાં તે નથી તે ઉભયથી ભ્રષ્ટ થાય છે, અને જેનામા તે છે તે ઉભયને સિદ્ધ કરે છે અને સુખશાંતિને અનુભવે છે બીજાઓને આરંભેલા કાર્યથી વિરમતા જોઇને તમે પણ તે પ્રમાણે વિરામ ન પામો પણ દ્વિગુણ આગ્રહને ધારણ કરો અને પ્રારબ્ધ કાર્યને ત્યજો નહિ.

નદીના પ્રવાહમાં નાના પથ્થરો જેમ અહી તહીં તણાયા કરે છે તેમ દઢાગ્રહ વિનાના મનુષ્યો આ જગત્ પ્રવાહમા અહીંતહીં ભટકે છે પરંતુ મોટા પથ્થરો જેમ નદીના પ્રવાહથી અહીંતહીં ધસડાતા નથી તેમ સ્વાત્મબળ યુકત સદાગ્રહી પુરુષો જગત્ના પ્રવાહમા પરતંત્રપણે વહેતા નથી પણ સ્થિરતાપૂર્વક ઇચ્છેલા માર્ગમાં વહે છે.

દઢાગ્રહવડે મનુષ્ય પોતાના સંજોગો ઉપર અને પરિવર્તન ઉપર પણ જય મેળવી શકે છે, અને એક વીરપુરૂષની પેઠે જગત્‌રૂપી રણસંગ્રામમાં વિજયને જ મેળવે છે આવા મનુષ્યો જ વાસ્તવ મનુષ્ય સંજ્ઞાને યોગ્ય છે. આગ્રહ રહિત અને નિશ્ચય વિનાના મનવાળા મનુષ્યો મનુષ્યો જ નથી.

દઢાગ્રહને ધારણ કરનારનાં મન મતી વગેરે તમામ કરણો પ્રાપ્ત કાયમાં પ્રોવાય છે અને તેથી તે તેને સહજ સિદ્ધ કરી શકે છે; જ્યારે આગ્રહરહિત મનુષ્ય પ્રાપ્ત કાર્ય અપૂર્ણ અંશમાં જ કરી શકે છે. સાચો આગ્રહ એ જ કાર્યને સિદ્ધ કરાવનાર સાચું સામર્થ્ય છે જે જે કાર્યો સિદ્ધ થયા છે તે આ બળવડે સિદ્ધ થયાં છે. તેથી પ્રત્યેક કાર્યસિદ્ધિને ઇચ્છનારે આ દઢાગ્રહને ધારણ કરી રાખવો હિતકર છે. દઢાગ્રહને ધારણ કરનારમાં ધૈર્ય, ઉત્સાહ, આશા, વીર્ય, નિશ્ચય વગેરે સહજ બન્યા રહે છે અને તેને લીધે તે પ્રયત્નમાં નિત્ય જોડાએલો રહે છે જે કાર્યસિદ્ધિનો સત્વર અનુભવ કરાવે છે.

દઢાગ્રહમાં કેટલું સામર્થ્ય રહેલું છે તેનું માપ કોઈ કાઢી શકે તેમ નથી. તેનામાં નાનામાં નાનાં અને મોટામાં મોટાં કાર્યો સિદ્ધ કરવાનું સામર્થ્ય રહેલું છે. ઈશ્વર જે કાર્યો કરી શકે તેત્યાં અસાધારણ કાર્યો કરવાનું પણ તેનામાં સામર્થ્ય રહેલું છે. તેથી દઢાગ્રહને કંઈ જ અશક્ય કે કંઈ જ દુ:સાધ્ય નથી. તેથી સર્વ અર્થને સિદ્ધ કરાવનાર આ સદાગ્રહને બુદ્ધિમાને નિત્ય સેવ્ય છે.

પ્રકરણ ૧૫ મું.

સહજસહજમાં લાગણીને વશ થવું, એ પ્રગતિમાં પ્રતિબંધરૂપ છે.

જગત્માં ઘણા મનુષ્યો લજામણીના છોડ જેવા હોય છે. લજામણીનાં છોડને હાથ અડકતાં તેનાં પાંદડાં જેમ સંકોચાઇ જાય છે તેમ આ મનુષ્યોને જરા જરામાં લાગણી થઈ જાય છે. સવારના આઠ નવ વાગ્યામાં પણ ઘણી સુકુમાર સ્ત્રીઓને જેમ છત્રી ઓઢવી પડે છે, અને એટલો સહજ તડકો પણ સહન કરી શકતી નથી તેમ આ મનુષ્યો નજીવા પ્રસંગોને પણ સહન કરી શકતા નથી. જરાજરામાં તેમને ક્ષોભ થઈ જાય છે અને જરાજરામાં તેમનું હૃદય-કમલ બીડાઈ જાય છે. ઘણા સખત મનુષ્યોને ઘા પડતા છતા તે સહન કરી શકે છે અને સુકુમાર મનુષ્યો સહજ વ્યથાને પણ સહન કરી શકતા નથી, તેમ આ મનુષ્યો પણ સહજ સરખા પ્રસંગોમાં પણ ક્ષોભને પામે છે.

આ જગત્માં એક મનુષ્યને અનેક મનુષ્યોના સંબંધમાં આવવું પડે છે જ, અને અનેક મનુષ્યોના સ્વભાવ એક સરખા હોતા નથી, તેથી જો તે સહજ સહજમાં ક્ષોભ પામે છે તથા વિકળતાને સેવે છે તો તેનું આખું જીવન એવા ક્ષોભ અને વિકળતામાં જ પૂરૂં થાય છે. આવા મનુષ્યો નિરંતર સચિંત સ્થિતિમાં જ રહેતા હોય છે અને તે હંમેશાં સંકોચાઇને જ ચાલે છે; તે

નિરતર ભયમાં જ રહે છે, કે રખેને તેમને અમુક વ્યક્તિથી અડચણ તો નહિ થઈ બેસે.

આવા મનુષ્યો બીજા મનુષ્યો તેમના સંબધમા કંઈ પણ બોલે તો તેનો અવળો ભાવ જ તે ગ્રહણ કરે છે. તેમને માટે તે ખોટું બોલે તો પણ તેમને અપમાન થાય છે, અને સારૂં બોલે તો પણ કહેવાય છે, કે અમુક મનુષ્ય મોઢેથી સારૂં બોલે છે અને મનમાં તે તેનું અહિત ઇચ્છે છે. તે નિરંતર નિર્વેદવાદી જ રહે છે, અને જેમાં તેમાંથી અને જ્યાં ત્યાંથી ભય, અશુભ, અને વિપરીત અનુમાનને જ કરતા રહે છે. તેમના મિત્રો કંઇ હાસ્યમાં કહેતો પણ તેને તે ખરૂં માની લે છે, અને રાત્રિ દિવસ અમુક મનુષ્યે આ કહ્યુ, અને તે કહ્યું એવા જ વિચારમાં તે રત રહે છે. એટલું જ નહિ પણ તે બીજાના શબ્દોનો બદલો વાળવાને પણ ઇચ્છે છે. અને આ પ્રમાણે તેનું આખું જીવન પૂરૂં થાય છે, અને સ્વકર્તવ્યથી તે ભ્રષ્ટ થાય છે. આવા મનુષ્યોનું અપમાન સહજ સહજમાં થઇ જાય છે. જગત્મા મનુષ્યનો મોટો ભાગ તેમને સૌજન્યરહિત જણાય છે અને તે નિત્ય અશુભનું જ ચિંતન કરતો હોવાથી, તન્મય થઇ રહે છે. આવા મનુષ્યોને સુખ શું છે તેનો અનુભવ નહિ જેવો જ થાય છે. તે બીજાના ઉપર નિત્ય બળ્યા કરે છે અને સહજ સ્વભાવેજ તેમણે જે કંઇ કહ્યું હોય છે તેનો બદલો વાળવાને તે લાગ ખોળતો રહે છે. આ મનુષ્યો જેમ અન્યનું કદી હિત કરી શકતા નથી, તેમ પોતાનું પણ હિત કરી શકતા નથી. વળી આવા મનુષ્યો રાત્રે સુખપૂર્વક ઉંઘી શકતા પણ નથી અને તેથી તેમનું શરીર પણ સારૂં રહેતું નથી. મનમાં તો તેમને નિત્યની વ્યથા રહેતી હોય છે અને તેથી તે તન અને મન ઉભયથી દુઃખી જ રહે છે.

જગત્નો સ્વભાવ જ છે, કે આ પ્રમાણે હંમેશાં બનવાનું; અર્થાત્ કંઇ કંઇ મનુષ્યો એક બીજાને માટે કંઈ કંઈ બોલવાના જ. કારણ સર્વની પ્રકૃતિ અને સર્વના વિચાર ભિન્ન રચાએલા છે તેથી આવો જો મનુષ્ય નિત્ય બળાપો કરવા બેસે તો તેનો પાર આવે તેમ નથી. આવી બાબતમાં નિત્ય લાગણીને વશ થવું એ અતીશય હાનિ કરનાર છે. આ સંબંધમાં તત્વવિદ્ શ્રીમાન્ વિશ્વ-

વંચનાં નીચેનાં વચનો પ્રત્યેક બુદ્ધિમાને મનન કરવા યોગ્ય છે છે તથા તે પ્રમાણે જગતમાં વર્તન કરવા યોગ્ય છે.

" કર્તવ્યને કરજે રે, કોથી ના પછી ડરજે રે,
મસ્ત થઇને ફરજે રે, તૃણવત્ લહી સંસારને હોજી,
કોઇથી તારો વાંકો ન થઈ શકે વાળ;
અઢાર અગથી વાંકું જે, ઉટસમ જગત્ જણાય.
તેના શુભ અભિપ્રાયને, રખે પામવા ધાય,
ઈશ્વરમાં પણ દોષ જે જોતાં ના ખચકાય,
તું સ્પૃહા જગત્‌ની હરજે રે,
સદ્‌ગુરુ ઈશ્વર શાસ્ત્ર જે વિવિધ પ્રસન્ન થાય,
તે વિધિ વહેજે યત્નથી, કુપથ ન ધારી પાય,
છો પછી ફાવે તે કહે, આ જનનો સમુદાય,
દુર્જનનાં વચન વિસરજે રે, "

* * * *

તેથી બીજાના શબ્દોનો વારંવાર નિત્ય વિચાર કર્યા કરવો એ હિતકર નથી જ. પોતાના કર્તવ્યમા બુદ્ધિમાને રત રહેવું એ જ ઉન્નતીપ્રદ છે બીજાના વચનોથી વારવાર લાગણીને ઉપજાવ્યા કરવી, એ જીવનબળનો ક્ષય કરનાર છે તથા પ્રાપ્ત કર્તવ્યથી ભ્રષ્ટ કરનાર છે.

વારંવાર લાગણીને વશ થનાર એના એ જ વિચાર ઘણો સમય કર્યા કરે છે અને તેથી પોતાના કર્તવ્યમા ચિત્ત ચોટી શકતું નથી અને પ્રાપ્ત કર્તવ્ય ઉત્તમ પ્રકારે નહિ થવાથી આવા મનુષ્યોની પ્રગતિ થઈ શકતી નથી. વળી વારવાર અપમાનને ધારણ કરી લેનારમા ઇર્ષ્યા, અસૂયા, વગેરે દોષો પણ સહજ સ્વભાવે જાગ્રત્ થાય છે અને જીવનને ભ્રષ્ટ કરે છે

ઘણા મનુષ્યોનો એવો સ્વભાવ હોય છે, કે બીજા મનુષ્યોથી તેમને કંઈ કહેવામા આવે છે તો તેની તેમને અત્યંત લાગણી થાય છે, તેમનો ચહેરો ફીકો પડી જાય છે, તેમનું મુખ ચઢેલું રહે છે તથા તેમનું મન લાંબો વખત સુધી ઉદાસ રહે છે; તેમને કોઈ કામકાજ સૂઝતું નથી તથા તેમના અંતરમાં એક પ્રકારનોચણ્-

ચણુાટ રહ્યા જ કરે છે. આવા મનુષ્યો સુખશાંતિનો અનુભવ કરી શકતા નથી અને અંતરૂમાં પ્રજળ્યા કરે છે.

આ સ્વભાવ પણુ હિતકર નથી. અનેક મનુષ્યોના સંબંધમા આપણે આવવાનું થતું હોવાથી તેમના સ્વભાવ પ્રમાણે વચનો આપણે સાંભળવાં જ પડવાના; અને આમ જો વારંવાર આપણે લાગણીને વશ વર્ત્યા કરીએ તો પાર આવે નહિ અને જીવન નિરર્થક થઈ રહે તેથી આવા પ્રસગોએ લાગણી પ્રગટાવવાની કઈ જ અગત્ય નથી. અતકરણમા આવા પ્રસંગોએ અલિપ્ત રહેવાનું સામર્થ્ય મનુષ્યે પ્રકટાવવું જોઇએ. આવા પ્રસંગોને વિસ્મરણ કરવા યોગ્ય વસ્તુઓના કોશમાં નાખીને નિત્ય પ્રસન્નતાને ધારણ કરતા પ્રાપ્ત કર્તવ્યને પ્રશાંત રહીને કરવુ ઘટે છે. અને આ પ્રમાણે જે નથી કરતા તે પ્રાપ્ત કર્તવ્યથી ભ્રષ્ટ થાય છે, સુખ-શકિતને અનુભવી શકતા નથી તથા પ્રગતિને પામી શકતા નથી.

કેટલાક મનુષ્યો એટલા અજ્ઞાન હોય છે, કે પોતાના શબ્દોની કે પોતાની ટીકાની સામાના અતકરણ ઉપર શી અસર થશે તેનું કંઇ જ ભાન હોતું નથી. અને તેથી આવા મનુષ્યો વગર વિચારે ફાવે તેમ બોલી બેસે છે. તેથી બુદ્ધિમાને બીજાની ટીકા કે બીજાના શબ્દોને ધ્યાનમા લેઇને અતરૂમા પ્રજળ્યા કરવાની કશી જ અગત્ય નથી આવા પ્રસગે અંતકરણમા સ્પર્શ ન થાય તેવા સ્વભાવના થઈ રહેવુ જોઇએ. લાગણીને વારંવાર ધારણ કર્યા કરવાનો સ્વભાવ હાનિકારક જ છે.

પ્રારબ્ધ કાર્યમાં નિષ્ફળતા મળે, કોઇ વિઘ્ન કે પ્રતીકૂલતાથી આરંભેલા કાર્યમાં ધારેલા સમયમા વિજય ન મળે, તો બીજા મનુષ્યો ટીકા કરશે, કે હાસ્ય કરશે એ વિચારે પણ મનુષ્યે લાગણીને વશ થવું ઉચિત નથી, પણ અક્ષોભી રહીને કર્તવ્યમાં યોજાએલા રહેવું ઘટે છે.

બીજા મનુષ્યો શુ કહેશે, એ વિચારે અનેક મનુષ્યો નવીન કાર્યનો પણ આરંભ કરતા નથી. પણ શા માટે આ પ્રમાણે કરવું જોઇએ ? બીજાના અભિપ્રાયથી લાગણીને વશ થનાર મનુષ્યો કાયર-પુરુષો છે. જે નીડરપણે ઇચ્છાનુકૂલ પ્રવૃત્તિ કરે છે તે જ સાચા વીરપુરુષો છે.

આ ઉપરથી કહેવાનો એવો આશય નથી, કે સમાજની સ્પૃહા ન રાખીને અનીતિના પંથે સ્વતંત્રતાથી વહેવું. કહેવાનો આશય માત્ર એટલો જ છે, કે બીજાના શબ્દોથી વારંવાર લાગણીને વશ થવાના સ્વભાવને દૂર કરવો, કારણ તે પ્રગતિમાંથી અટકાવનાર છે ખોટી સ્વતંત્રતા લેઇને ફાવેતેમ વર્તવું, તેથી શી હાનિ થાય છે, તથા તે અયોગ્ય છે, એ વાર્તાને ચાલુ વિષય સાથે સંબંધ જ નથી.

લાગણીવાળા મનુષ્યો ધારે છે, કે તે જ્યાં જાય છે કે જે કરે છે તે પ્રતિ જગત્ દૃષ્ટિ માંડીને જુએ છે, અને તેથી તેનો ભય નિરંતર રાખતા રહે છે. પરંતુ જગતને તો તેમની સ્પૃહાએ હોતી નથી, કે તે શું કરે છે. કે કયાં જાય છે કદાચ જગત્ સહજ તેની ટીકા કરે છે તો તેને તે ગંભીરરૂપમાં માની લે છે અને તેના જ વિચારનાં કોકડા તે નિરર્થક મનમાં ગુથ્યા કરે છે, અને વ્યર્થ દુઃખી થયા કરે છે. આવા મનુષ્યો પોતાની પ્રગતિ કરવાને માટે અયોગ્ય છે.

જેમ કોઈ વ્યાધિ થયો હોય અને તેને દૂર કરવાને પ્રયત્ન કરવાની જરૂર છે તેમ આ સહજ સહજમાં લાગણી થાય તેવા સ્વભાવને પણ જીતવાની જરૂર છે. પરંતુ આ સ્વભાવ દૂર કરવાને માટે શું કરવું જોઇએ, એ પ્રશ્ન સહજ થશે જ. આ પ્રશ્નનું ઉત્તર આ પ્રમાણે છે. બીજાના બોલવા ઉપર જેમ બને તેમ ઓછો વિચાર કરવો. આપણા બીજા મનુષ્યો શત્રુ છે, કે આપણો તે દ્વેષ કરે છે, કે આપણી તે ઇર્ષ્યા અસૂયા કરે છે, એ વિચારને તિલાંજલિ આપી દેવી. આપણી જે તે ટીકા કરે છે, આપણા અમુક મનુષ્યો દોષો જુએ છે, એ પ્રકારના ચિંતનને પરિત્યજવું. જેમા તેમાંથી સુભને જ જોવાનો પ્રયત્ન કરવો. જે જેવી કૃતિ કરશે તેને તેવું ફળ મળશે તેથી આપણે બીજાની કૃતિ વિષે વિચાર કરવાની અગત્ય નથી. આપણી કૃતિ—પ્રમાણે જ આપણને ફળ મળનાર છે,અને બીજાથી આપણી કૃતિવિના એક વાળ પણ વાંકો થઇ શકનાર નથી, જેથી નિરંતર શુભ કર્મને કરતાં પ્રસન્ન રહેવાનો અભ્યાસ પાડવો. સર્વની સાથે શંકાને તજીને છુટથી હળવું મળવું તથા આનંદથી વાર્તા કરવી. કદાચ કોઈ આપણા વિષે કંઇ કહેતો તેને વિસ્મરણ કરવાનો અભ્યાસ પાડવો. તેમ છતાં બીજાના કહેવામાં

આપણું હિત સમાએલું હોય તો તેનો સ્વીકાર કરીને આપણામાં રહેલા દોષોને દૂર કરવાનો યત્ન કરવો. પારકાની સહજ વાતને મોટી કરીને માની લેવી નહિ. આ જગત્માં જો મનુષ્ય બીજા મનુષ્યો શું કહે છે તેનો જ વિચાર કર્યાં કરે છે તો તેના કર્તવ્યથી તે ભ્રષ્ટ થાય છે એક બુદ્ધિમાન્ રાજાએ જનસમાજનો અભિપ્રાય કેવો હોય છે તે જોવા માટે એક મોટું ચિત્ર એક જાહેર સ્થાનમાં મૂકીને તેના ઉપર લખ્યુ હતુ, કે આમાં જેને જે દોષ જણાય તે તેની નીચે લખવાની છુટ છે પછી જે જે તેતે જુએ તે તેમાં જણાતા દોષ નીચે લખતા આ પ્રમાણે તે ચિત્રમાં પ્રત્યેક અગમાં લોકોએ દોષ કાઢયા હતા. પછી પુન તેના ઉપર લખવામાં આવ્યું, કે આ ચિત્રમાં જે ઉત્તમતા હોય તે નીચે લખવી તેથી તેને જોનાર મનુષ્યોએ તેની ઉત્તમતા લખી હતી, અને તેના સર્વ અંગોની પ્રશંસા કરી હતી. આ ઉપરથી જનસમાજનો અભિપ્રાય કેવો હોય છે તે સહજ સ્પષ્ટ થઇ શકે છે જનસમાજને બે મુખ હોય છે, અને તે બે મુખે તે જૂદી જૂદી જ વાર્તા કહે છે. તેથી એકલા તેના અભિપ્રાય ઉપર જ જો મનુષ્ય ચાલવા જાય છે તો તે ભ્રષ્ટ થાય છે. જૂની ગુજરાતી વાંચનમાળામાં એક ઘોડા ઉપર બેસીને જતા બાપ અને દીકરાની વાર્તા પણ સુપ્રસિદ્ધ છે તેમા કોઇ કહેતા, કે બાપે છોકરાને ચલાવવો અને પોતે ઘોડા ઉપર બેસવું એ હિતકર નથી; કોઇ કહેતા, કે છોકરાએ ઘોડા ઉપર બેસવુ અને બાપને ચલાવવો એ હિતકર નથી. પછી બંને બેઠા ત્યારે લોકો કહેવા લાગ્યા, કે તેમ કરવાથી ઘોડો મરી જશે તેથી તે પણ યોગ્ય નથી. આ પ્રમાણે જગત્ના અભિપ્રાયમા કંઇ ઢંગધડો હોતો નથી. જૂદા જૂદા મનુષ્યોના અભિપ્રાય જૂદા જૂદા હોય છે, તેથી સર્વના અભિપ્રાયાનુસાર પ્રવૃત્તિ કરનાર મૂર્ખજ ગણાય છે.

આ ઉપરથી કહેવાનો એવો ભાવ નથી કે જગત્ના મનુષ્યોની જરા પણ સ્પૃહા ન કરતા સ્વચ્છંદી વર્તન કરવાને છુટ છે, આ પ્રમાણેનું સ્વચ્છંદી વર્તન તો આદિ, મધ્ય અને અંતમાં હાનિકારક જ થઈ પડે છે, પરંતુ કહેવાનો એ ભાવ છે, કે મનુષ્યોએ પોતે જાતે પણ વિચાર કરીને વિવેકપૂર્વક પ્રવૃત્તિ કર્તવ્ય છે. આ પ્રમાણે જે નથી કરતા તે પોતાની પ્રગતિને સત્વર નથી જ સાધી શકતા. શિષ્ટ પુરુષોના અભિપ્રાયને અનુસરવાને કોઈ જાતની અડચણ નથી, એ બુદ્ધિમાને આ સ્થળે સમજી જ લેવાનું છે.

સહજ સહજમાં લાગણી થનાર મનુષ્યો માને છે, કે અમુક મનુષ્યો આપણી ટીકા કરે છે પણ તે તેમના કામમાં જ નિમગ્ન હોય છે અને તેમને બીજાની કંઈ જ સ્પૃહા હોતી નથી, તેથી જગત્ આપણાપ્રતિ નિત્ય દષ્ટિ માંડીને જોયા કરે છે, એમ માન્યા કરવુ એ હિતકર નથી જ. છતાં કદાચ જોતુ હોય તો પણ શુ? આપણે આપણું કર્તવ્ય કર્યા કરવુ અને શામાટે બીજા મનુષ્યો અમુક કહેશે એમ માની તેનાથી ભ્રષ્ટ થવુ?

એક પ્રસિદ્ધ વક્તાને કહેવામા આવ્યુ કે અમુક મનુષ્યે તમારૂં અપમાન કર્યું હતુ તે બુદ્ધિમાન્ મનુષ્યે કહ્યુ, કોઇ માણુસ મારૂં અપમાન કરે એમ હું માની શકતો નથી, અને તેમ છતાં કોઇ મારૂ અપમાન કરે તો પણ મને તેથી શુ હાનિ છે. મારૂં કર્તવ્ય કરવુ, એટલુ જ હું સમજુ છુ અને હુ માનુ છુ, કે મને તેમાંથી કોઈ અટકાવી શકે તેમ નથી.

પ્રત્યેક મનુષ્યે આવો જ સ્વભાવ રાખવો ઘટે છે. બીજા મનુષ્યો ભલેને અપમાન કરે, કે જે કહેવું હોય તે કહે પરંતુ તેથી બુદ્ધિમાને શામાટે પોતાના કર્તવ્યથી વિમુખ થવુ ઘટે? જો બીજા મનુષ્યોના કહેવા ઉપર મનુષ્ય પોતાના કર્તવ્યને કરવાનું રાખે છે તો તે જરૂર ભ્રષ્ટ થાય છે જ.

પોતાની મહત્તા પ્રત્યેક મનુષ્યે પોતે જ આકવી જોઇએ ઈશ્વર સાથેના પોતાના અભેદ સબંધનુ સ્મરણ નિત્ય જાગ્રત્ રાખીને બુદ્ધિમાને પોતાને એક ક્ષુદ્ર વ્યક્તિ તરીકે ન જોવો પણ એક સમર્થ અને શ્રેષ્ઠ વ્યક્તિ તરીકે જોવાનો અભ્યાસ રાખવો. સમુદ્ર જેમ સહજ સહજમા ક્ષોભ પામતો નથી તેમ મહાપુરુષ થવા ઈચ્છનારે સહજ સહજમાં ક્ષોભ પામવાના સ્વભાવને દૂર કરવો ઘટે છે; પોતાના અંતઃકરણને પ્રત્યેક બુદ્ધિમાને સર્વ સમયમા સ્થિર રાખવું પરમ હિતકર છે. પર્વતને કોઇ પ્રહાર કરે તો તેની અસર જેમ તેને થતી નથી, તેમ પોતાના માટે કોઇ ગમે તેવો અભિપ્રાય દર્શાવે તો તેની અસર જરા પણ પોતાના ઉપર થવા ન દેવી જોઇએ.

મનુષ્ય નોકરીમાં હોય, કે ખાનગી ધંધામાં હોય પરંતુ તેને બીજા મનુષ્યના સંબંધમાં આવવાનું બનતુ હોવાથી તેણે સહજ સહજમા લાગણી થવાના સ્વભાવને જીતવાની જરૂર છે. અને આ સ્વભાવને જે જીતે છે તે જ કંઈ કર્તવ્ય જગત્માં કરી શકે છે.

પ્રકરણ ૧૬ મું.

દૃઢતાને ધારણ કરનાર કાર્યને સિદ્ધ કર્યા વિના નથી રહેતા.

મી. પીયરીએ ૭ વખત પોતાના પ્રાણને જોખમમાં નાંખીને ધ્રુવના પ્રદેશમાં શોધ કરી હતી. તેને છેલ્લી વખતે તો ખાસ કહેવામા આવ્યુ હતુ, કે હવે તેણે આ જોખમમાં ન ઉતરવુ. પરંતુ તેણે પોતાની દૃઢતાને, નિશ્ચયને અને ધૈર્યને ત્યજ્યાં નહિ, અને તે વિજયી થયો જ્યારે તેને તેની શોધમાથી ભયને લીધે પાછા ફરવાનુ કહેવામાં આવતુ ત્યારે તે હસતો અને પોતાના નિશ્ચયને જરા પણ શિથિલ કરતો નહિ, પણ તેમાં અધિક દૃઢતા-વાળો થતો. આવી દૃઢતા અને આવા નિશ્ચયવાળા મનુષ્યો જ જગતમા કઇ વિશેષ કરી શકે છે.

તે જ મનુષ્ય વિજયને વરે છે, કે જે નિષ્ફળતાને જોતો નથી, તેનુ ચિતન કે તેની કલ્પના કરતો નથી, પણ કાર્યસિદ્ધિને જ જુએ છે. જે કોઈ પણ ઉપાયે આરભેલા કાર્યને પૂર્ણ કરવાનો કૃત નિશ્ચય છે તે જ મનુષ્યો તેને પૂર્ણ કરી શકે છે આવા મનુષ્યોને વિઘ્નો નડે તો પણ તેનો તે પરાજય કરી શકે છે. જેનામા નિશ્ચય જાગ્રત છે, તેનામાં કાર્યને પૂર્ણ કરવાનુ બળ જાગ્રત જ છે એમ સમજવુ, જેનામાં નિશ્ચય બળવાન્ છે તેનામા તેના ઉપર પડતા વિઘ્નોને દૂર કરવાને જોઇએ તેટલા પ્રમાણમા બળ અતરમાથી જાગ્રત થઇ શકે છે. તેથી કાર્યસિદ્ધિને ઇચ્છતા હો તો નિશ્ચયને કદી પણ છોડો નહિ.

ભગીરથ પ્રયત્નોનાં દૃષ્ટાંત આપણે સર્વ વાર્તામાં અનેક પ્રસંગે આપીએ છીએ પણ તે દૃષ્ટાંતના રહસ્યથી આપણા અંતઃકરણને આપણે ભૂષિત થવા દેતા નથી, કે તેનો સ્પર્શ થવા દેતા નથી. ભગીરથ પ્રયત્નમાં ધૈર્ય, દૃઢતા, નિશ્ચય વગેરે સદ્ગુણોની પરિસીમા આવી જાય છે અને તેના લાખમા ભાગનો પણ કોઈ પ્રયત્ન, નિશ્ચય-પૂર્વક કરે છે તો તે પોતાના કાર્યને સિદ્ધ થએલું અવશ્ય જુએ છે જ. તેથી કાર્યસિદ્ધિને ઇચ્છનારે નિશ્ચયને અવશ્ય ધારણ કરવો

ઘટે છે. કૃત નિશ્ચયથી વારંવાર ભ્રષ્ટ થનાર કાર્યસિદ્ધિને નથી જ કરી શકતા.

જેનામાં નિશ્ચય વિદ્યમાન છે, તે જ મનુષ્ય ચારિત્ર્યવાન્ થઇ શકે છે. નિશ્ચય વિનાના મનુષ્યો ચારિત્ર્યને કદી પણ રચી શકતા નથી. જે ચારિત્ર્યવાન્ છે તે જ વાસ્તવ મનુષ્ય છે. ચારિત્ર્યથી રહિત મનુષ્ય છતાં પશુ જ છે.

જેમણે મહત્ કાર્યો જગત્માં કર્યાં છે તે દઢતાને ધારણ કરનાર હતા. નિશ્ચય અને દઢતાને ધારણ કરનારને પોતાના કામથી કદી પણ કંટાળો આવતો નથી; કામથી તેને પરિશ્રમ જણાતો નથી વિઘ્નથી તે પાછો હઠતો નથી; તથા અધૈર્યને તે કદી પણ ધારણ કરતો નથી, દઢતા એ તેના આત્મામાંથી નિત્ય અધિક અને અધિક અંશમા જાગ્રત્ થતી જોવામાં આવે છે અને તેને જોઇને જ કોઇ કહી શકે, કે તે અવસ્ય કાર્યને સિદ્ધ કરશે જ. એક પ્રસંગે તેને નિષ્ફળતા મળે છે તો તે દ્વિગુણ નિશ્ચયને દઢ કરે છે અને અધિક ઉત્સાહને ધારણ કરે છે,

તમારા શબ્દકોશમાંથી અશક્ય, અસભવિત, કઠિન, વગેરે શબ્દોને હંમેશને માટે દેશનિકાલ કરજો, જો તમે હમેશને માટે વિજયનું મુખ જોવા ઇચ્છતા હો તો, તમારે તમારી અવગતિ ન જોવી હોય પણ નિરંતર પ્રગતિ જ જોવી હોય તો તમે ધૈર્ય, નિશ્ચય આગ્રહ, દઢતા, નિર્ભયતા એ વગેરેને કદી પણ તજતા નહિ.

શૌર્ય, નિભયતા એ મહાપુરુષોનાં ખાસ લક્ષણો છે, અને તેવા સદ્ગુણોને લીધે જ તે તે સ્થિતિમાં આવ્યા હોય છે. જે ધૈર્યને ધારણ કરી શકતા નથી, જે મહત્વાકાંક્ષી નથી, કે જે જોખમથી ડરીને સંભ્રમ અને શૌર્યહીણ રહે છે એ મનુષ્યો સાધારણ સ્થિતીમાં જ જીવનપર્યંત સડયા કરે છે.

પૂર્વે થઇ ગએલા વિવિધ મહાપુરુષોનાં જીવનચારિત્ર જુઓ અને તમને જણાયા વિના નહિ જ રહે, કે તે સર્વ ધૈર્ય, ઉત્સાહ, નિશ્ચય, દઢતા, નિર્ભયતા, શૌર્ય વગેરે સદ્ગુણોથી અલંકૃત હતા. તમે પણ જો મહા પુરુષ થવાને ઇચ્છિતા હો તો આ સદ્ગુણોને ધારણ કરો.

હ્યુ. એચ. હેરીયેન કરીને એક રેલ્વેનો માલીક થઇ ગયો છે જેના તાબામાં પાંસઠ હજાર માઇલની રેલ્વે હતી. આ મનુષ્ય સાધારણ સ્થિતિમાંથી જ ઉંચે ચડયો હતો. તે પોતાને જે કાર્ય કરવુ હોય તેનો નિર્ણય કરતો અને પછી તેમાંથી વિઘ્ન, પૈસાની અડચણ, અન્ય મનુષ્યોની પ્રતિકૂલતા વગેરે ગમે તે અડચણો નડે છતાં તે જરા પણ ભય ધરતો નહિ, દઢ નિશ્ચયપૂર્વક પ્રારબ્ધ કાર્યને સિદ્ધ કરતો ત્યારે જ ઠરતો. તેના આ સ્વભાવે કરીને જ તે આમ વ્યાવહારિક ઉત્કૃષ્ટ સ્થિતીને પામ્યો હતો.

તમારે જે સ્થિતી જોઇતી હોય તેના સ્વરૂપને તમે જ તમારા મનમાં સ્પષ્ટ રચો, અને તેને પ્રાપ્ત કરવાનો દઢ નિશ્ચય કરીને યથામતી જે સ્ફુરે તે યત્ન કરો, અને તમે તે સ્થિતીને પ્રાપ્ત કર્યા વિના નહિ જ રહો આ પ્રમાણે કરતા તમને જે જે અનુકૂલતા જોઇતી હશે તે મળી આવશે જ.

ધણા નિર્ધન મનુષ્યો ધારે છે, કે આપણી પાસે પૈસો નહિ, આપણને કોઇ સગાની ઓથ નહિ, આપણને કોઈ મિત્રની મદદ નહિ, તથા આપણને અમુક નહિ,અને અમુક નહિ. તેથી કેવી રીતે આગળ વધી શકીએ. પણ આ તેમનું અજ્ઞાન જ છે. જ્યાં સુધી અમુક નહિ ને અમુક નહિ, એવા વિચાર મનુષ્ય કરતો રહે ત્યાં સુધી તે કદી પણ પ્રગતિને સાધી શકતો નથી.

બીજા ગરીબ છોકરાઓની પેઠે, જો ઈ. એચ. હેરમેને, મને અમુક નહિ, એવા વિચાર સેવ્યા હોત તો તે જે ઉત્કૃષ્ટ સ્થિતી પ્રાપ્ત કરી શકયો હતો તે નજ પ્રાપ્ત કરી શકયો હોત. પણ તેણે આવા કીંપુરુષ જેવા વિચાર નિર્ધન છતાં કદી પણ સેવ્યા ન હતા. તેણે તેનું જીવન ઓફીસના એક સાધારણ નોકર તરીકે શરૂ કર્યું હતું; પછી તે આગળ વધવાના દઢ નિશ્ચયપૂર્વક આગળ વધ્યો હતો અને શ્રીમાન્ મનુષ્યોની ગણત્રીમાં તે સરખી પદવીને પ્રાપ્ત કરી શકયો હતો. તે માનતો હતો, કે શા માટે મને મારી ઇચ્છેલી સ્થિતી ન મળે ? મળવી જ જોઇએ. અને આ નિશ્ચયમાં દઢ રહીને તે પોતાની ઈચ્છાને પૂર્ણ કરી શકયો હતો.

યુનીયન પેસીફીક રેલ્વેના પુનરુદ્ધારનું કાર્ય આ પુરૂષે કર્યું હતું અને તે એક અસાધારણ કાર્ય હતું. આની વ્યવસ્થા કરવાને

જે. પીયર પોન્ટ મોરગનની કંપનીએ પ્રયત્ન કર્યો હતો પણ તેમાં તે નિષ્ફળાઈ હતી. પછી સરકારી 'રીસીવર'ના હાથમાં આ રેલ્વે હતી. આ સંબંધમાં પૂર્ણ વિચાર કરીને હેરીમેને સાડાઆઠ કરોડ રૂપૈયા આ રેલ્વેના સરકારને આપવાની માગણી કરી, સરકારને પણ આથી આશ્ચર્ય થયુ, કારણ કે આ પ્રસગે આ રેલ્વે ખોટમાં કામ કરતી હતી. આ પુરૂષે આ રેલ્વેને સુધારવાનું કામ માથે લીધું અને પરિણામે તેમાથી લાભ મેળવ્યો. શુ આ મનુષ્યને આમા સહજમા જ સફળતા મળી ગઈ હશે? નહિ જ તેમને પોતાની સર્વ શકિતઓનો ઉપયોગ કરવો પડયો હશે ત્યારે જ તેમા તેમને સફળતા મળી હશે.

નિશ્ચયબળ, દઢતા અને ધૈર્યબળ જે ન કરે તે ઓછું. જે જે અસાધારણ કાર્યો આજ સુધીમા થએલા છે તે સર્વ આ બળના પરિણામ રૂપમા થએલાં છે તમારામાં આ ગુણો હોય તો તમે પ્રગતિને પામવાને પાત્ર છો. જો નથી તો તમે છો તેને તેજ સ્થિતિમાં જીવન પૂરૂં કરવાના અધિકારી છો જો તમે પ્રગતિને ઇચ્છતા હો તો તમને પોતાને જ પ્રશ્ન પૂછો, કે તમારામા નિષ્ફળતા મળ્યા પછી પણ પ્રારબ્ધ કાર્યને પૂર્ણ કરવાનો દઢાગ્રહ છે કે નહિ? અને .જો તે તમારામાં ન જણાય તો તેને ધારણ કરજો, કારણ તે વડે જ તમારી પ્રગતિ છે

ઘણા મનુષ્યો એક ધધો આરંભે છે અને તેમાં નિષ્ફળતા મળતાં બીજો ધંધો માંડે છે તેમાં નિષ્ફળ થતાં વળી બીજો ધંધો આરંભે છે. આ પ્રમાણે તે નવા નવા ઉદ્યોગો પ્રતિ વહે છે પણ એક પણ ધંધો ઠરીને કરતા નથી. આવા મનુષ્યો સામાન્ય સ્થિતિમાં જ જીવનને પૂરૂં કરે છે. પ્રથમ પૂર્ણ વિચાર કરીને કાર્યનો આરંભ કરો અને પછી તેને કોઈ પણ રીતે સિદ્ધ કરો ત્યારે જ વિરમો.

જે ક્ષણે તમને નિષ્ફળતા મળે છે અને જે ક્ષણે પ્રાપ્ત કાર્યને તમે છોડી દો છો તે ક્ષણોજ તમારા સામર્થ્યની પરીક્ષા કરનાર છે. તમારામાં બીજા મનુષ્યો કરતાં કંઇ વિશેષ છે, કે કેમ તેની પરીક્ષા આવી ક્ષણો જ કરે છે. તેથી આવી ક્ષણોએ તમારે સાવધાન રહેવાનું છે અને ડગી જવાનું નથી. જો તમે આવા પ્રસંગે આગળ

વધો છો તો તમે સામાન્ય કોટિના મનુષ્યોમાંથી વિશેષ કોટિના મનુષ્યોમાં પ્રવેશ કરો છો. સમથ ગણુાવા મનુષ્યોએ આ ક્ષણોએ જ ધૈર્યનો ધારણુ કર્યું હોય છે અને આરંભેલા કામને અપૂર્ણ સ્થિતિમાં છોડી દીધું હોતું નથી.

શાળામાં કુશળ નહિ ગણાતા એવા વિદ્યાર્થીઓ પછી જગત્માં કુશળ ગણાય છે, તેનું કારણુ એ છે, કે આવા મનુષ્યોમાં દઢતાનો સદ્ગુણુ રહેલો હોય છે. એકને એક કાર્યને પૂર્ણ કરવાના નિશ્ચયથી તેને વળગી રહેનારમાં બુદ્ધિ શક્તિનો પણુ વિકાસ થાય છે, કારણુ, કે તેને તેને પૂર્ણ કરવાને પોતાની બુદ્ધિનો સર્વ અંશમાં ઉપયોગ કરવો પડે છે

જેમ જેમ નિષ્ફળતા મળે તેમ તેમ વધારે અને વધારે દઢતાને ધારણુ કરનાર જ વિજયમાળાને પોતાના ગળામાં આરોપાએલી જોવાને ભાગ્યશાળી થઈ શકે છે. પ્રતિકૂલતા પાત્રને દૂર કરનાર અને અનુકૂલતા માત્રને આકર્ષી લાવનાર આ દઢતા જ છે. જેમ નિષ્ફળતા મળે તેમ અધિક ઉત્સાહને ધારણુ કરો પણુ નિરૂત્સાહી ન થાઓ. કાર્યને સિદ્ધ કરવાના જ લક્ષ્યમાં સદોદિત રમો.

આ મનુષ્યનું વાસ્તવ આરોગ્ય નિષ્ફળતાના જ પ્રસંગે રચાય છે. જો તે આ પ્રસંગે ધૈર્યને તજી દે છે તો તે એક સાધારણુ મનુષ્ય થઇ રહે છે, અને તેમ નહિ કરતાં ધૈર્યને ધારણુ કરીને દઢતાપૂર્વક આગળ વધે છે તો તે ઉત્તમ ચારિત્ર્યવાન્ થઈ રહે છે, માટે આવા અણીના પ્રસંગે જોજો તમે અસાવધાન થઈ જતા અને કર્તવ્ય રણુસંગ્રામમાંથી પાછા હઠી જતા. આ પ્રસંગે જ તમારા પુરૂષાતનની પરીક્ષા થાય છે. તમે વીરપુરૂષ છો, કે કીંપુરૂષ છો, એનો નિર્ણુય આ સમયે જ થાય છે માટે આ સમયે અત્યંત સાવધાન રહેજો.

ઘણુા મનુષ્યો કાર્યના આરંભમાં શૂરા હોય છે, પણુ પછી જરા વિઘ્ન આવતાં તે પાછા હઠી જાય છે અને તેને મૂકી દે છે. આવા મનુષ્યો સામાન્ય કોટિના જ છે અને તે જગત્માં કંઈ જ વિશેષ કરી શકતા નથી. પરંતુ જે નિષ્ફળતાથી ડગતા નથી તે તો નિષ્ફળતાને પોતાના કાર્યની પરિણુામ સ્થિતિરૂપે જોતા નથી. પણુ સફળતાને જ જુએ છે. નિષ્ફળતાના સમયે તે શાંતિથી વિચાર

કરીને પુનઃ શું પ્રયત્ન કરવો તેનો નિશ્ચય કરે છે અને પુનઃ કાર્ય-સિદ્ધિને માટે સજ્જ થઇ દ્વિગુણવેગથી પ્રયત્ન આરંભે છે. વળી તે છતાં નિષ્ફળતા મળે તો પુનઃ ત્રિગુણવેગથી પ્રયત્નને કરે છે અને આ પ્રમાણે અધિક યોગ્યતાને પોતાનાજમાંથી પ્રકટાવ્યા કરે છે. આવા અડગ પુરૂષો જ તે સત્ત્વના બનેલા છે, કે જે સત્ત્વ વિજયના કારણભૂત છે.

જેમને કંઈ પણ વસ્તુ આગળ વધવામાથી અટકાવી શકે તેમ નથી, એવા દઢાગ્રહી મનુષ્યો જ જગતમાં અસાધારણ કાર્યો કરી શકયા છે. જે મનુષ્ય પ્રગતિને માટે પોતાનું તન, મન, ધન અને સર્વસ્વ અર્પણ કરવાને તત્પર છે, તેને પ્રગતિમાંથી કોણ અટકાવી શકે તેમ છે ? કોઇ જ નહિ, આવા વીરપુરૂષો પ્રારબ્ધને પણ અન્યથા કરી શકે છે અને વર્તમાન પુરૂષાર્થવડે ઇપ્સિતાર્થને સિદ્ધ કરી શકે છે.

જગત્ પણ આવા મનુષ્યોને સ્થાન આપે છે. આવા મનુષ્યો આગળ વધવાને માટે યોગ્ય છે, એ જગત્ તત્કાલ જાણી જાય છે અને તેને અનુકૂલ થઇ રહે છે. તે સમજે છે, કે અતિ અનુકૂલ થવામાં જ લાભ છે કારણ કે પ્રતિકૂલ થઇને તેને તે પ્રગતિમાંથી અટકાવી શકે તેમ હોતું નથી.

વિજયને પ્રાપ્ત કરવાને માટે કયા સદ્‌ગુણોની જરૂર છે એ મને તમે પૂછતા હો તો, તે સદ્‌ગુણો નિશ્ચય, દઢતા, ધૈર્ય, આશા, ઉત્સાહ, પ્રયત્ન, પ્રસન્નતા, વગેરે છે, આ સદ્‌ગુણોને તમે ધારણ કરો અને વિજય તમારા પ્રાંગણમાં જ રમ્યા કરશે.

સર થોમસ લીપ્ટન પોતાની જ એક દુકાનમાં એક વખત ગયા હતા. તે આમતેમ ફરીને પાછા ફરતા હતા તે વખતે તે આ દુકાનના માલીક છે એમ નહિ જાણનાર એક કારકુને તેમને કંઈ પણ લેવાની આગ્રહપૂર્વક ભલામણ કરી. તેમના આગળ અનેક વસ્તુઓનાં તે વખાણ કરી ગયો અને તે પોતાના નિશ્ચયમાં એટલો દઢ રહ્યો, કે લીપ્ટનને પોતાની દુકાનમાંથી એક રતલનો પનીરનો એક ડબો લેવો પડયો. બીજે દિવસે પછી આ માણસના પગારમાં તેમણે વધારો કરી આપ્યો હતો.

તમે કોઈ દુકાનમાં હો તો આ ઉપરથી જે કોઇ ગ્રાહક

આવે તેનું માથું ખાઈ જવાની ટેવને ધારણ કરી લેતા નહિ. ઘણા દુકાનદારો એવા હોય છે, કે ઘરાકને જુ ચામની પેઠે ચોટે છે. પરંતુ આવા દુકાનદારોને ત્યાં પછી સભ્ય ગ્રાહકો આવવાનું પસંદ કરતા નથી. વિનય વિવેક અને સભ્યતા તથા સારી રીતભાતની મર્યાદા ઓળંગીને ગ્રાહક સાથે ન વર્તવું એક એ જ કહેવાનો ભાવ છે. બાકી પોતાનામાં દઢતાને ધારણ કરવાની તો જરૂર જ છે. આ પ્રમાણે જે પોતાના કાર્યને વળગી રહે છે તે જ તેને સિદ્ધ કરે છે.

રણભૂમિમાં જે પ્રસગે પાછા ફરવાથી અવિજય અને અપયશને શૂરવીર મનુષ્યો પામ્યા હોય તેવા પ્રસંગે તે નહિ ડગવા દઢ રહે છે અને વિજયને વરે છે. આ સસાર વા વ્યવહાર એક રણભૂમિ જ છે. તેમાં અણીના પ્રસંગે જે પાછા હઠે છે તે હારી બેસે છે અને જે પાછા હઠતા નથી તે વિજયને વરે છે, અને સુખને પામે છે.

હજારો મનુષ્યો જગતમા આવા પ્રપંગે પાછા હઠીને અતિ સામાન્ય સ્થિતિમાં જીવનપર્યંત પડયા રહે છે, આ મનુષ્યોના જીવનમા એવા પ્રસંગો આવ્યા જ હોય છે, કે જે પ્રસંગે જો તેમણે થોડી વિશેષ દઢતા રાખી હોત તો તેઓ વર્તમાન નિકૃષ્ટ સ્થિતીને ઉલ્લંઘી ગયા હોત. તમારા જીવનમાં આવી તક આવે તો તેને કદી અસાવધાન થઈ ખોતા નહિ.

ચીકાગોમા એક દુકાનની સ્થિતિ ખરાબ થઇ ગઇ હતી અને તે દેવાળું કાઢવાની તૈયારીમાં હતી. આથી ભાગીદારોએ એક દિવસે સભા ભરીને નક્કી કર્યું, કે તેને 'લીકવીડેશન'મા મૂકી દેવી એ જ સલાહ ભરેલું છે. આવો ઠરાવ કરીને ભાગીદારો ઘેર ગયા. પરંતું તેમાંના એક ભાગીદારને આ ઠરાવથી કંઇ ચેન પડયું નહિ. તે આ રાત્રે બેઠો બેઠો કોઇ ચોપાનીયું વાંચતો હતો તેમાં '**પાછા હઠો નહિ, પ્રારબ્ધ કાર્યને અપૂર્ણ મૂકી દો નહિ, જરા વધારે દઢતાને ધારણ કરો**' એવાં વાકયો વાંચવામાં આવ્યાં. તેને આથી કોઈ નવું જ પ્રચોદન મળ્યુ અને તેણે તે જ વખતે જે ઠરાવ કરવામાં આવ્યો હતો. તે તેને સંમત નથી, એમ 'ટેલીફોન' કરીને બીજા ભાગીદારોને જણાવી દીધુંક છીએ. ૫ વર્ષ વધારે નીભાવવાને

તેણે બીજા ભાગીદારો પાસે નમ્રતાપૂર્વક માગણી કરી અને એક વર્ષમાં પોતાના પ્રયત્નવડે તે દુકાનની ખરાબ સ્થિતિ દૂર કરીને તેને સારી સ્થિતિમાં મૂકી દીધી. જો તેણે આ ક્ષણ જવા દીધી હોત તો જરૂર સર્વની અપ્રતિષ્ઠા થઇ હતી અને તેમના જીવનમાં જીવનપર્યંત કલંક રહયું હોત.

આપણા દેશમાં કેટલા બધા દુકાનદારોને અને વ્યાપારીઓને આવી ક્ષણો પ્રાપ્ત થાય છે. પરંતુ તેમાંનો મોટો ભાગ જરા વધારે દઢતાને ધારણ કરતો નથી અને નિષ્ફળતાના કૂપમા પડતું નાખે છે. પરંતુ આ અણીના જ પ્રસંગે મનુષ્યે સાવધાનતા સેવવાની જરૂર છે. આપણામાં કહેવત છે, કે 'અણી ચૂકયો સો વર્ષ જીવે;' તે પ્રમાણે આવી અણીના પ્રસંગોને વિતાવી દેતા, તેમાથી ધૈર્ય-પૂર્વક પસાર થઇ જતાં, વિજય મળ્યા વિના નથી જ રહેતો. આ અણી જ પ્રગતિ મંદિરના દ્વારનુ તાળુ છે. તેને જે ઉઘાડી શકે છે, તે જ તેમાં પ્રવેશ કરી શકે છે. જે પાછા હઠે છે તે તેમાં પ્રવેશ કરવાના અનધિકારી છે એમ સિદ્ધ કરે છે.

એવા પ્રસગો દરેકના જીવનમાં આવે છે જ, કે જે પ્રસંગે તેઓ કર્તવ્યમૂઢ થઇ રહે છે. તથા તે પ્રારબ્ધ કાર્યને મૂકી દેવાને તત્પર થઈ જાય છે. પરંતુ આ જ પ્રસંગ દઢતાને ધારણ કરવાનો છે. આ પ્રસગે જે દઢતાને ધારણ કરે છે, તે જ પોતાની પ્રગતિ કરી શકે છે. વિજય પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા મનુષ્ય–વિદ્યાર્થી-ઓએ દઢતાને ધારણ કરવાનો પ્રથમ પાઠ શીખવાની જરૂર છે. મનુષ્યમાં ગમે તેટલી બુદ્ધિ હોય પણ દઢતા ન હોય તો તે નિરર્થક જ છે. તેમ પૈસો, બળ વગેરે પણ દઢતા વિના નકામા જેવાં જ છે. દઢતાવાન્ જ કાર્યસિદ્ધિનો અધિકારિ છે

કોલંબસે છેવટના દિવસોમાં પણ જો હિંમત હારીને આગળ વધવાનું મૂકી દીધું હોત તો તે નવી, દુનીઆ ખોળી ન શકયો હોત, ધ્રુવના પ્રદેશની શોધ કરનારે જો છેવટના ભાગમાં પોતાના નિશ્ચયને ડગાવ્યો હોત તો, ધ્રુવનો પ્રદેશ જણાયોજ ન હોત. આ જ પ્રમાણે પ્રત્યેક કાર્યમાં દઢતા જ કાર્યસાધક થઇ છે, થાય છે અને થશે. જ્યારે તમારે પ્રાપ્ત કાર્યને મૂકી દેવાનો પ્રસંગ આવે ત્યારે તમારે જાણવું, કે હવે તમારો વિજય નિકટ છે. તરણા ઓથે જેમ

ડુંગર રહે તેમ આ માત્ર ઉપરથી જણાતા મોટા પણ વસ્તુતઃ તરણા જેવા નાના વિઘ્નની પાછળ જ તમારો વિજય રહેલો છે, એ નિશ્ચયપૂર્વક જાણો.

પૈસો, બળ, સહાય્ય, વગેરે સર્વ દઢતામાં જ રહેલુ છે, એમ માનીને દઢતાને કદી પણ ત્યજો નહિ. ધર્મની પાછળ, સંપત્તિ; ઐશ્વર્ય, સુખ જેમ સ્વાભાવિક રીતે આકર્ષાઈ આવે છે, તેમ દઢતાની પાછળ કાર્યસિદ્ધિમાં જરૂરની સર્વ સામગ્રી આકર્ષાઈ આવે છે. જે મહાન્ પુરૂષો થઇ ગયા છે તેમને કોઇની જ સાહાય્ય ન હતી, પરંતુ તેમને તેમનામા રહેલી દઢતાવડે સર્વ અનુકૂલતા થઇ હતી દુઃખને દૂર કરવાનો, સુખને વરવાનો અને પ્રગતિપાત્રને પામવાનો માર્ગ દઢતાને ધારણ કરવી એ જ છે.

પ્રકરણ ૧૭

વ્યાપારમાં વ્યવસ્થાની આવશ્યકતા.

તે જ વ્યાપારમા અતિવૃદ્ધિ પામે છે, કે જે તેમાં વ્યવસ્થા પૂર્વક કાર્ય કરે છે. આવા વ્યવસ્થા વિના કાંઈ કરનાર પોતાના સમયનો અને દ્રવ્યનો મિથ્યા વ્યય કરેછે. મનુષ્યો પોતાના હાથ ઉપર કેટલો માલ શીલક છે તે ચોકસ જાણતા નથી, અને તેથી કાંતો જરૂર કરતાં વધારે માલ ખરીદે છે, કે કાંતો ઓછો ખરીદે છે. દૈવ ઇચ્છાથી જ આવા મનુષ્યોના વ્યાપાર ચાલતા હોય છે, પણ પ્રતિકૂલતા, કે વિઘ્ન આવતાં તેમનો વ્યાપાર ખોટમાં આવી ગયા વિના નથી જ રહેતો

આપણા દેશના અનેક પાશ્ચાત્ય વ્યાપારીઓ વચ્ચે આ જ ઠેકાણે અંતર રહેલું છે. તેઓ વ્યવસ્થાપૂર્વક લાખો અને કરોડો રૂપૈયાના વ્યાપાર નિર્ભયપણે ચલાવે છે, જ્યારે આપણા દેશમાં નાના પાયા ઉપર ચાલતા વ્યાપારમાં પણ કંઇ વ્યવસ્થા હોતી નથી. જેમ તેઓ વ્યાપાર કરવામાં કુશળ છે તેમ સ્વતંત્ર ચલાવવામાં પણ કુશળ છે. વ્યવસ્થા એવો સદ્ગુણ છે, કે તેને જે ઠેકાણે યોજવામાં આવે છે તે ઠેકાણે તે કાર્ય સિદ્ધિને ઉત્તમ પ્રકારે કરે છે.

જ્યાં સુધી આપણા દેશમાં પ્રજામાં વ્યવસ્થાનો સદ્‌ગુણ નથી સ્થપાયો ત્યાં સુધી તેને માટે ઉદયની આશા થોડીજ છે.

આપણે કોઈ દુકાનમાં કોઈ માલ માગતા જઇએ છીએ તો શેઠ ગુમાસ્તાને કહે છે, કે જોને અલ્યા, અમુક વસ્તુ કયાં છે, તે વેચાઈ તો નથી ગઇને. તે જા, દુકાનમાં કોઇ ઠેકાણે તે હશે. ગુમાસ્તો આ વસ્તુને ખોળવાને યત્ન કરતાં બીજી અનેક વસ્તુઓનો ઘોટાળો કરેછે, અને કોઇને કંઈ અને કોઇને કંઇ મુકી દેછે, બીજી વખતે બીજુ ઘરાક આવતા આવોજ ઘોટાળો થાય છે. આને ઠેકાણે જો કોઇ અંગ્રેજની દુકાનમા જઇએ તો જે વસ્તુ જોઈતી હોય છે તે તરતજ મળે છે અથવા ન હોય તો તેવો જવાબ સ્પષ્ટ મળે છે.

આપણા દેશમાં ચાલતી ગ્રામોફોન કંપનીની વ્યવસ્થા કેવા પ્રકારથી રહે છે તે જોવાનો આ લેખકને એક પ્રસંગે યોગ આવ્યો હતો. આ ઠેકાણે નીચે પ્રમાણે વ્યવસ્થા રહેલી હતી, દરેક રેકર્ડ દર વર્ષે કેટલી ખપે છે તેની નોધ રહેતી હતી. તથા જેની પાસે ગાયન ઉતરાવું હોય તેની રેકર્ડ કેટલી ખપે છે તેની પણ નોધ હતી તેથી કઈ રકર્ડની કેટલી પ્રત કાઢવાની તે તથા અમુક ગવૈયાને શું આપવું પોષાય તેમ છે તે ઝટ નીકળી શકતું. વળી જે ઠેકાણે જોઇએ તે ક્ષણે હજારો રેકર્ડમાથી કઈ કેટલી સીલક છે તે જોઇ શકાતું.

અંગ્રેજ બુકસેલરો પણ આવીજ વ્યવસ્થાથી હિસાબ રાખે છે. એટંદર ખાતા ઉપરાંત દરેક પુસ્તકનું ખાતું હોય છે અને કયા પુસ્તકની કેટલી પ્રત સીલક છે તથા કયા પુસ્તકની કેટલી પ્રતો મળે છે તે જાણી શકાય છે, મોટી બેન્કો તથા બીજી તમામ દુકાનોમાં આજ પ્રમાણે ઉત્તમ પ્રકારની વ્યવસ્થા હોય છે. અને આવી ઉત્તમ વ્યવસ્થા હોવાથી જ આ લોકો મોટા પાયા ઉપર વ્યાપાર ચલાવી શકે છે. વ્યાપાર નાના પાયા ઉપર હોય, કે મોટા પાયા ઉપર, પણ ઉત્તમ પ્રકારની વ્યવસ્થા તેમાં રાખો, વ્યાપારમાં અભિવૃદ્ધિ કરનાર આ મુખ્ય કારણ છે.

હજારો વ્યાપારીઓ આ વ્યવસ્થાવિનાજ નિષ્ફળ થયા છે. બીજી ગમે તેટલી કુશળતા વ્યાપારીમાં હોય પણ આ વ્યવસ્થા-

વિના સર્વ નિષ્ફળ છે. માટે વ્યવસ્થાને કોઇપણ ઉપાયે પ્રથમથીજ ધારણ કરો. તમારા ઘરમાં અને બહારમાં અને પ્રત્યેક કામમાં વ્યવસ્થાને પ્રોવાએલી રાખો. જે કાર્ય આરંભો તેને વ્યવસ્થાથી જ આરંભો; અથવા કાર્યતો આરંભ કરી દીધો હોય તો તેને પુનઃ વ્યવસ્થાથી શરૂ કરો.

સૌ પ્રારબ્ધથી રઝે છે, એમ કહેનારને વ્યવસ્થાની જરૂર જણાતી નથી, પણ વ્યવસ્થાથી કેટલો લાભ થાય છે, તેનું તેમને જ્ઞાન જ હોતું નથી. પ્રારબ્ધ રચ્યું રચાય છે અને તેને વ્યવસ્થા વગેરે સદ્ગુણોથી રચતાં તે ઇચ્છિત ફળને આપે છે જ.

વ્યવસ્થા વિનાની દુકાનમાં શેઠ અને ગુમાસ્તા આખો દિવસ કામ કરેછે છતાં જોઇએ તેટલું કામ થઈ શકતું નથી. સર્વ ઉતાવળમાં જોવામાં આવેછે તથા જરૂરના પ્રસંગે સર્વ ગભરાયલી વૃત્તિથી કામ કરવા જોવામા આવે છે. ગુમાસ્તા જાણે છે કે અમે ઘણું કામ કરીએ છીએ, પણ ખરી રીતે તે ઘણાજ થોડા પ્રમાણમાં કામ કરતા હોય છે. માણસોને પ્રમાદી તથા કાળજીરહિત કરનાર અવ્યવસ્થા જ છે.

વ્યવસ્થાવડે જેટલા મોટા પાયા ઉપર કામ કરવું હોય તેટલા પાયા ઉપર થઇ શકે છે. વ્યવસ્થાથી પાંચ માણસો પાસે કામ લેઇ શકાય છે તેમ હજાર માણસો પાસે પણ લેઈ શકાય છે. વ્યવસ્થા વડે જેટલો મોટો વ્યાપાર ખેડવો હોય તેટલો ખેડી શકાય છે. અમેરિકામાં એવી કેટલીક દુકાનો મોટા શહેરોમાં છે, કે જ્યાં એક ઝાડુથી માંડીને તમામ વસ્તુઓ મળતી હોય છે. આ દુકાનોમાં હજારો નોકરો કામ કરતા હોય છે. પરંતુ તેમા વ્યવસ્થા હોવાથી તે સરળપણે ચાલતી હોય છે.

આ વ્યવસ્થા અને આવા બીજા સદ્ગુણો આપણને નાના અને નજીવા લાગે છે પણ તેની વ્યવહારમાં ઘણી જ અગત્ય છે. જો આપણી પ્રજા આ સદ્ગુણોને નહિ ધારણ કરે તો તેના ઉદયની આશા થોડી જ છે. દુનિઆની બીજી પ્રજા આજે વ્યવસ્થાપૂર્વક પોતપોતાનું કાર્ય કરી રહી છે અને તેમની સાથે આપણી પ્રજાને સ્પર્ધામાં ઉતરવાનું પ્રાપ્ત થએલું હોવાથી તે આપણી પ્રજા આવા સદ્ગુણોને આગ્રહપૂર્વક નહિ ધારણ કરે તો, તેનો પરાભવ

નિશ્ચય જ છે.

પૂર્વના જેવો આજે સમય નથી, કે ગમેતેમ અગડંબગડં ચાલી શકે. તેથી તમે જે ધંધામાં હો તેની પૂર્ણ વ્યવસ્થા રાખો. કેવી રીતે કામ કરવું, શું કામ કરવું, એ વગેરેની ઉત્તમ પ્રકારની વ્યવસ્થા રાખીને જ પછી કાર્યને કરો. કારણ, કે આવી વ્યવસ્થા જ કાર્યસાધક છે.

કોઈ ગાનારી મંડળી કોઇ ઠેકાણે પોતાનું કામ પ્રજાસમક્ષ બતાવવાને તૈયાર થઈહોય, પણ તેણે શુ શુ કરવું, તેનો જો પૂર્વથી નિર્ણય ન કર્યો હોય તો તે પ્રજાને કદી પણ પ્રસન્ન કરી શકતી નથી જ. તે જ પ્રમાણે વ્યવસ્થારહિત મનુષ્યો પ્રાપ્તકાર્યને ઉત્તમ પ્રકારે નથી જ કરી શકતા.

જેમ કામ કરવામાં વ્યવસ્થાની જરૂર છે, તેમ વિચાર કરવામાં પણ વ્યવસ્થાની જરૂર છે. જે વ્યવસ્થા વગર વિચાર કરે છે તેના કામમાં પણ વ્યવસ્થા હોતી નથી જેના માનસ પ્રદેશમાં વ્યવસ્થા પ્રવર્તતી હોય છે તેના વ્યવહારમાં અર્થાત્ બાહ્ય પ્રદેશમાં પણ વ્યવસ્થા વર્તે છે જ. તમારે જે કામ કરવું હોય તેની વ્યવસ્થા પ્રથમ તમારા મગજમા સ્પષ્ટપણે ગોઠવો. કારણ પ્રથમ અંતરમાં વ્યવસ્થા હોય છે તો જ તે બહાર પ્રકટ થાય છે.

વ્યવસ્થા એ રેલ્વેના પાટા જેવી છે. ઇજીન ગમે તેટલું બળવાન્ હોય પણ જો પાટા ન નાખેલા હોય તે તે માર્ગ વટી શકતું નથી; તેમ જેનામાં વ્યવસ્થા નથી તે પોતાના સામર્થ્યને ખોઇ નાખે છે અને પોતાની પ્રગતિ કરી શકતા નથી અથવા તો કે સુકાન વિનાનું વહાણ દરિયામાં જેમ અહીંતહીં અથડાય છે અને લક્ષ્યસ્થાને પહોંચી શકતુ નથી, તેમ વ્યવસ્થારૂપી શઢ કે સુકાન વિનાના મનુષ્યો જગત્માં કાર્યસિદ્ધિને નહિ પામતા જીવનને ખોઇ નાખે છે. જગત્નો મોટો ભાગ આ જ પ્રમાણે કરે છે, અને જીવનને પૂર્ણ કરી દે છે.

તે જ જીવન સાર્થક છે, કે જેમાં વ્યવસ્થાપૂર્વક પ્રાપ્ત કાર્ય કરવામાં આવે છે. એક કાર્યને વ્યવસ્થાપૂર્વક કરનાર પછી અનેક કાર્ય વ્યવસ્થાપૂર્વક કરી શકે છે તેથી જે કરો તેમાં વ્યવસ્થા રાખો. કાર્યસિદ્ધિ જેમણે જેમણે કરી છે તે સર્વેએ આરંભમાં વ્યવસ્થા

ગોઠવી હોય છે જ. ડ્યુક ઓવ વેલીંગ્ટન જ્યારે વોટરલુની લડાઈ લડતો હતો ત્યારે તેણે યૂરોપનો નકશો પોતાની દૃષ્ટિ આગળ રાખતો અને પછી લડાઈની વ્યવસ્થા ગોઠવતો હતો. આ જ પ્રમાણે જેમને કાર્યસિદ્ધિની સાચી ઇચ્છા છે તે પૂર્વથી જ વ્યવસ્થાપૂર્વક કાર્ય કરે છે.

જગત્‌મા ઘણા મનુષ્યોને કેવી રીતે વ્યવસ્થાથી કામ કરવું તેની ખબર જ હોતી નથી. અને આ પ્રમાણે હોવાથી જ મનુષ્યનો મોટો ભાગ નિષ્ફળ થતો જોવામાં આવે છે. જે કાર્ય આપણે કરવુ હોય તેની વ્યવસ્થા પ્રથમ મનમા ગોઠવવી જોઇએ અને પછી જ તેનો પ્રારંભ કરવો જોઇએ, દૃઢતા કે સામર્થ્ય ગમે તેટલું હોય પણ જો આ વ્યવસ્થા તેની સાથે નથી હોતી તો કાર્યને સિદ્ધ થતાં ઘણો વિલંબ થાય છે, કે પ્રસંગે નિષ્ફળતા પણ મળે છે.

બીજા મનુષ્યોની સાહાય્યને મનુષ્યો ઇચ્છયા કરે છે તેનું કારણ એ છે, કે તેમના કામમાં વ્યવસ્થા હોતી નથી. વ્યવસ્થાથી કામ કરનાર ઓછા મનુષ્યોવડે વિશેષ કામ કરી શકે છે. બીજાની સાહાય્યથી પણ વ્યવસ્થા વિના કામ કરનાર મનુષ્યો ભાગ્યે જ વિજયને મેળવે છે.

ઘણા મનુષ્યો આખો દિવસ પોતાના ધંધામાં જોડાએલા જોવામાં આવે છે, અને તેમને જરા પણ અવકાશ જણાતો નથી. જાણે મહત્વના કામમાં હોય તેમ તે હંમેશાં બહુ કાળજી બતાવતા જોવામાં આવે છે તે દોડાદોડ કરી મૂકે છે. અને પુષ્કળ પરિશ્રમ કરતા જણાય છે. પણ આનું કારણ બીજું કંઇ જ નથી, પણ તે વ્યવસ્થા વિના કામ કરે છે, તે જ છે. વ્યવસ્થાથી કામ કરનારને જ અવકાશ પણ મળે છે તથા શાંતિ પણ રહે છે.

આવા મનુષ્યોના હાથ તળે કામ કરનારને પણ કંઈ સૂઝ પડતી નથી. તેમને વ્યવસ્થા વિના એક પછી એક કામ બતાવવામાં આવે છે અને તેમનાથી કોઈ કાર્ય ઉત્તમ પ્રકારે પૂર્ણ થતું નહિ હોવાથી તેમના ઉપર વારંવાર ક્રોધ કરવામાં આવે છે. પણ આમાં દોષ શેઠનો જ હોય છે. અને આ દોષને લીધે શેઠ તેમજ નોકર સર્વ અંધારામાં જ અટવાય છે.

આને ઠેકાણે જે વ્યવસ્થાથી કામ કરે છે તે નિત્ય શાંત રહે છે, તેનું મગજ સ્વસ્થ રહે છે, અને તે પ્રતિદિન અભિવૃદ્ધિને પામતો જાય છે. આના કામમાં કંઈ જ ઘોટાળો જોવામાં આવતો નથી તથા કોઇને પણ ખાલી દોડાદોડ કરવી પડતી નથી. કોઇને કદી અકળાવું પડતુ નથી, કે ચિંતા કરવી પડતી નથી. સહુ પોતાનું કામ એક ઘડીઆળની પેઠે શાંતિથી કરે છે. આ સ્થાનમા દરેક મનુષ્યને એમ લાગે છે, કે જાણે તે મહત્વની વ્યક્તિ હોય આવા ઠેકાણે નોકરી કરવી, પણ હિતકર હોય છે.

આ પરિણામ માત્ર વ્યવસ્થાનો જ છે. વ્યવસ્થાથી ઇચ્છાનુકૂલ પરિણામ લાવી શકાય છે અને અવ્યવસ્થાથી ગમે તે પરિણામ આવીને ઉભો રહે છે વ્યવસ્થાથી પ્રગતિ સધાય છે અને તેના અભાવે ઉન્નતિને અવકાશ હોતો નથી. વ્યવસ્થા વિના જે કાર્ય આરભે છે તેમને પછી ઠરીને વિચાર કરવાનો અવકાશ પણ મળતો નથી અને તેથી તે હમેશા ખોટમા જ કામ કરે છે.

જે કામ વ્યવસ્થાથી કરવામા આવે છે તે વિશેષ ફળપ્રદ થાય છે જ. હાથ પગનો ઉપયોગ જેટલા પ્રમાણુમા કરવામા આવે છે અર્થાત્ જેટલા પ્રમાણમા શરીરનો ઉપયોગ કરવામા આવે છે, તેટલા પ્રમાણુમાં જો મગજનો ઉપયોગ કરવામાં આવે તો મનુષ્યોનો ઘણો શારીરીક પરિશ્રમ મટી જાય છે એટલું જ નહિ પણ તે વિશેષ હિતકર થઈ રહે છે મગજ વિના એકલું શરીર ઘણું ઓછું કરી શકે છે.

મોટે ભાગે આજે મનુષ્યો ફરીઆદ કરે છે, કે તેમને ધધામા સ્પર્ધા, પ્રારબ્ધ, સંજોગો વગેરેને લીધે નિષ્ફળતા મળે છે, પરંતુ ખરૂં જોતાં તેમના ધંધામાં વ્યવસ્થા નથી હોતી તેથી જ તેમને નિષ્ફળતા મળે છે.

વ્યવસ્થા એ કાર્યસાધક બળને દ્વિગુણુ ત્રિગુણુ કરનાર છે, અને તેથી સત્વર અર્થને સાધનાર છે. જે આ બળનો નથી ઉપયોગ કરતા તે વિલંબે અર્થને સાધે છે, કે નિષ્ફળ પણ થાય છે. હાથ નીચે કામ કરનાર મનુષ્યો પાસે પણ વ્યવસ્થાથી દ્વિગુણુ-ત્રિગુણુ કામ લેઇ શકાય છે, છતાં તેમને એમ લાગે છે, કે તે કામ ઓછુ કરે છે; વળી તેની સાથે સર્વના મનનો વિકાસ પણ થઈ શકે છે.

ઈશ્વરના કાર્યમાં જ્યાં જોશો ત્યાં વ્યવસ્થા જ પ્રતીત થશે;

અને આ વ્યવસ્થાવડે જ મનુષ્યો મહત્ કાર્યો કરી શકે છે. તમે કયો ધંધો કરો છો તેના ઉપર તમારી મહત્તાનો નિર્ણય થતો નથી, પણ તમે કેટલી વ્યવસ્થાથી તેને કરો છો તેના ઉપર તમારી મહત્તાનો નિર્ણય થઈ શકે છે. મોટાં કાર્યમાં વ્યવસ્થા જ જોવામાં આવે છે. કોઈપણ ઠેકાણે તેમાં અવ્યવસ્થાનું ભાન થતું નથી. મનુષ્યો તેમાં દગો કરવા ઇચ્છે તોપણ તેમને આ વ્યવસ્થાને લીધે કઠિન પડે છે. કારણ, કે તેમા ચાલતી વ્યવસ્થાને લીધે તે તરત જ પકડાઇ જાય છે. આવા સ્થાનમાં જરા પણ ભૂલ થાય છે તો તરત જ પકડાઈ જાય છે. આવાં ખાતાને ચલાવનાર મનુષ્યો અતી કુશલ હોય છે અને તેમને સ્વસામર્થ્યની ખાત્રી હોય છે, કે તે ઇચ્છાપ્રમાણે વિજય મેળવી શકશે જ. આવા મનુષ્યોને જે કોઈ કાર્ય સોંપવામાં આવે છે તેમાં તે વિજય જ મેળવે છે.

વ્યવસ્થાથી કામ કરનારને કદાચ દેવુ કરીને ધંધો ચલાવવો હોય છે તોપણ અડચણ હોતી નથી. કારણ, કે તેને ધંધાનું સર્વ સ્વરૂપ હસ્તામલકવત્ સ્પષ્ટ હોય છે અને તેથી તેને કેવી રીતે કાર્ય કરવુ તેનું ઉત્તમ પ્રકારે જ્ઞાન હોય છે; તેમ જ બીજા મનુષ્યોને પોતાના ધંધાની સ્થિતી સમજાવવી હોય છે તો પણ તે સમજાવી શકે છે અને તેને પૈસા સંબંધી સાહાય્ય કરી શકે છે.

આ વિના વ્યવસ્થાના અનેક લાભો છે જેનો અધિક વિસ્તાર અત્ર નિષ્પ્રયોજન છે. તાત્પર્ય કે જે કોઇ કામ કરો, પછી તે નાનું હોય, કે મોટું હોય, પણ તે વ્યવસ્થાથી કરો. તમે કોઇ ધંધો પૂર્વથી આરંભેલો હોય અને તેમાં ઉત્તમ વ્યવસ્થા ન હોય તો તેને પુનઃ વ્યવસ્થાવડે સારૂ કરો, અને વિજય અને પ્રગતિ તમારી પાસે ગણપતિની બે બાજુ જેમ ઋદ્ધિ અને સિદ્ધ રહે છે તેમ ઉભાં રહેશે.

પ્રકરણ ૧૮ મું.

નાની બાબતોમાં રાખેલી અસાવધાનતા પણ ભારે હાનિ ઉપજાવે છે.

જગતને આજ સુધીમાં અસાવધાવતાથી કેટલી હાનિ થઈ છે તેની ગણુના કોણ કરી શકે તેમ છે? અસાવધાનતાથી અનેકને અનેક નિધનને પ્રાપ્ત થયા છે,અનેકને અનેક પ્રકારની હાનિ થઇ છે અને અનેક અવગતિના ગર્તમા—ખાડામાં પડયા છે.

મકાન બાંધતા રાખેલી જરા સરખી અસાવધાનતા આખા મકાનને જમીનદોસ્ત કરી મૂકે છે. નર્મદા નદીનો પૂલ બાંધતાં જરા સરખી રાખેલી અસાવધાનતા હજારો અમૂલ્ય જીવનનો નાશ કરે છે. જરા સરખી અસાવધાનતા કેટલી હાનિ કરે છે તે કંઇ કોણ કહી શકે તેમ છે?

મનુષ્યો સમજે છે, કે મોટી મોટી બાબતોમા જ સાવધાન રહેવાની જરૂર છે, અને તેથી નાની બાબતો પ્રતિ તે ઉપેક્ષા કરેછે પણ તેમને ખબર હોતી નથી, કે નાની નાની બાબતો પ્રતિની અસાવધાનતા ભારે હાનિને પ્રકટાવે છે. જગતમાં થતી મોટી મોટી હાનિઓના કારણ રૂપે અનેક પ્રસંગે આપણે જોયું હોય છે, કે તેમાં જરા સરખી અસાવધાનતા, કે પ્રમાદ જ કારણભૂત હતો

મોટા મોટા વ્યાપાર કરનાર જ્યારે નિષ્ફળતા મેળવે છે ત્યારે મનુષ્યો તેમની કોઇ મોટી ભૂલને જ તેના કારણ રૂપે સ્વીકારે પરંતુ વાસ્તવિક રીતે આ મોટી ભૂલ કારણભૂત થવામાં ખરૂ કારણ નાની ભૂલો છે, જે નાની ભૂલ કરેછે તેજ મોટી ભૂલ કરે છે. જે નાની બાબતોમા અસાવધાન છે તે મોટી બાબતોમાં અસાવધાન થઇ શકે છે. તેથી નિષ્ફળતા જેમને મળે છે, તે કંઈ વખતથી નાની બાબતોમાં અસાવધાન થતા હોય છે જ.

આરંભમાં કરેલી જરા સરખી અસાવધાનતાથી કંઈ મનુષ્યોના જીવન નિષ્ફળ થઇ રહ્યાં છે, અને એક પ્રસંગે જે અસાવધાન રહેછે તે બીજે પ્રસંગે સહજ અસાવધ રહી શકે છે. તેથી

નાની બાબત હોય, કે મોટી હોય, પણ હંમેશાં સર્વ બાબતમાં સાવધાન રહો. પ્રમાદ કદી પણ કરો નહિ. એક પ્રસંગે પ્રમાદ કે અસાવધાનતા સેવતાં આપણા મગજમાં તેવો સંસ્કાર પડે છે અને પુનઃ આપણી પાસે તેમ ક્રિયા કરાવે છે. આ ક્રિયા વળી પુનઃ સજાતીક ક્રિયા કરાવે છે; અને આ પ્રમાણે સજાતીક ક્રિયાની પરંપરા ચાલ્યા જ કરે છે, અને આ પ્રમાણે અનેક વખત થતી ક્રિયા મનુષ્યને ભ્રષ્ટ કરે છે. તેથી સહજ સરખી પણ અસાવધાનતા સેવો નહિ.

વળી તે આપણે કોઇ ઠેકાણે નોકર હોઈએ છીએ તો સહજ સરખી અસાવધાનતાથી આપણા શેઠને પ્રસંગે ભારે નુકશાન કરીએ છીએ, અને આવા પ્રસંગો એક નહિ, પણ અનેક બનેછે.

ઘરના પદાર્થો સાવધાનતાથી રક્ષી નહિ રાખવાથી તેમને નવા ખરીદવામાં અનેક મનુષ્યોને ખરચ કરવુ પડે છે અને તેટલી પૈસાની ભીડ વેઠવી પડેછે, સાજા મનુષ્યો સહજ અસાવધાનતા કરીને માદા પડે છે અને માદા અસાવધાનતા વડે પોતાના વ્યાધિને અસાધ્ય કરી મૂકે છે. આ રીતે સાવધનતાની પદે પદે જરૂર છે.

સતત સાધન મનુષ્યો જ આગળ વધી શકે છે અને પોતાની પ્રગતિ કરી શકે છે, અસાવધ મનુષ્યો જ્યા હોય છે ત્યાજ અટવાય છે કે તેમને પાછા હઠવાનો પણ યોગ આવેછે. જેથી અસાવધાનતા કોઈ પણ સુખેચ્છક અને અભ્યુદયને ઇચ્છનારે સેવ્ય નથી.

એક વ્યાપારી જણાવે છે, કે ચીકાગો શહેરમા દરરોજ દશ લાખ ' ડોલર ' એટલે આઠ લાખ રૂપૈયાનુ મનુષ્યોની બે કાળજીથી નુકસાન થાય છે કોઇ બે કાળજીથી કાગળ બગાડે છે. કોઇ સાહી, કોઇ કપડું, કોઇ કંઇ અને કોઇ કંઇ કઇં, આ રીતે અનેક અસાવધ મનુષ્યો અસાવધાનતાથી નિત્ય કંઇને કંઈ હાનિ કરે છેજ.

પોતાના કામમાં અસાવધ મનુષ્યોને તેમના ઉપરી કે વડીલ તરફથી જોઇએ તેટલો લાભ મળતો નથી, અને તેથી તે તેમનોજ દોષ કાઢયા કરેછે. પણ વસ્તુત. દોષ તેમનો હોય છે.

મનુષ્યોને બાળપણથીજ પ્રત્યેક બાબતમાં સાવધાનતા સેવવાનું શિક્ષણ જ મળેલું હોતું નથી, અને તેથી તેમના જીવનમાં તેમને ઘણી હાનિ સહન કરવી પડે છે, બાળકોને પ્રત્યેક કાર્યમાં

સાવધાનતા રાખવાનું શીખવવાની ઘણી અગત્ય છે, કારણ તેના ઉપર તેમની પ્રગતિનો આધાર છે.

અનેક મનુષ્યો મોટાં મોટાં કાર્યમાં પ્રયત્ન કરવા છતાં જોઈએ તેટલા સાવધાન થઈ શકતા નથી. તેનું કારણ એ છે, કે તેમણે નાનાં કાર્યમાં સાવધાન થવાનો અભ્યાસ પાડ્યો નથી. તેથી આવા મનુષ્યોએ પ્રત્યેક નાના કાર્યથી આરંભીને સાવધાનતા પૂર્વક કરવાનો અભ્યાસ પાડવાની અગત્ય છે.

સધરામ વસીનો અધમણીયો ઝોંસવો તે ઝોંસવો. એ કહેવત પ્રમાણે કામ કરનારા અનેક મનુષ્યો જગત્માં હોય છે. આવા મનુષ્યો કોઈ પણ મહત્વનું કાર્ય નથી જ કરી શકતા. સાવધાનતા પૂર્વક સર્વ કાર્ય કરનાર જ મોટી સ્થિતિએ પહોંચી શકે છે. સાવધાન મનુષ્યોજ પ્રાપ્ત કાર્યને સર્વોત્તમપણે કરી શકે છે. અને સર્વોત્તમ રીતે કાર્ય કરનાર જ પ્રગતિના અધિકારિ છે.

સાવધાનતા જેમ વ્યવહારમાં ઉપયોગી છે, તેમ પરમાર્થમાં પણ ઉપયોગી છે. પરમાર્થમા સાવધ મનુષ્યો જ પ્રગતિ કરી શકે છે. અખંડ સાવધ રહેનાર મનુષ્ય જ પરમાર્થને સાધી શકે છે. ઠેકઠેકાણે અસાવધ થનાર મનુષ્યો કદી પણ પરમાર્થને સાધી શકતા નથી. તેથી વ્યવહાર પરમાર્થ ઉભયમાં સાવધાનતાની અથવા અપ્રમાદની જરૂર છે અને તે આ ઉભય અથવા એકને સિદ્ધ કરવા ઇચ્છનારે નિત્ય સેવ્ય છે.

પ્રકરણ ૧૯ મું.

ઉત્તમતા પ્રતિનો પ્રેમ મનુષ્યની સત્વર પ્રગતિ કરનાર છે.

ન્યુયોર્ક શહેરમાં એક કોટ્યાધિપતિ કહેતા હતા, કે તેમને તે સ્થિતિએ લેઈ જનાર તેમનો ઉત્તમતા પ્રતિનો પ્રેમ હતો. આરંભમાં તે એક શેઠને ત્યાં નોકર હતા જ્યાં તેમને મહિને ૩૦ ડોલર એટલે બાર મહિને ૩૬૦) ડોલર મળતા હતા, પણ થોડા જ વખતમાં તેમને એકદમ જ ૩૬૦ ડોલરથી બાર મહિને દશ હજાર ડોલરનો પગાર કરી આપવામાં

આપ્યો હતો, એટલું જ નહિ પણ તેનો વ્યાપારમાં ભાગ પણ કરવામાં આવ્યો હતો.

આ મનુષ્યમાં ઉત્તમ સ્થિતિ પ્રતિનો પ્રેમ અસાધારણ હતો. તે પોતાના શેઠના ભાગીદાર થવાને તથા સ્વતંત્ર શેઠ થવાને યોગ્ય છે, એવું તેમણે અનેક પ્રસંગે દર્શાવી આપ્યું હતું અને તેથી તે ઉત્કૃષ્ટ સ્થિતિને પામ્યો હતો.

આ મનુષ્યને પ્રત્યેક કાર્ય ઉત્તમ કરવાની ટેવ હતી. કોઇ પણ કામ તે અસાવધાનતાથી કરી કાઢતા નહિ. ઉત્તમતાપ્રતિ તેમને અત્યંત પ્રેમ હતો. સારૂં ખાવું, સારૂં પહેરવું, સારૂ કામ કરવું, સારી ગાડીમાં ફરવું, સારા ઘરમાં રહેવું, અને આ પ્રમાણે પ્રત્યેક સારી વસ્તુપ્રતિ તેમને પ્રેમ હતો. આ પ્રેમવડે જ તે ઉત્કૃષ્ટ સ્થિતિને પામ્યા હતા.

મનુષ્યનું જેવું લક્ષ્ય હોય છે તેવી સ્થિતિ તેને મળે છે. ઉત્તમતાનું લક્ષ્ય રાખનાર ઉત્તમ સ્થિતિને મેળવે છે, અને સામાન્ય, કે નિકૃષ્ટ વસ્તુના પ્રતિ લક્ષ્ય રાખનાર સામાન્ય, કે નિકૃષ્ટ સ્થિતિમાં રહે છે.

આ મનુષ્ય પ્રથમ બાર મહિને ૩૬૦) ડોલરના પગારથી પોતાના શેઠ સાથે પાંચ વર્ષને પટે બંધાયો હતો. આ પટો પૂરો થતા પહેલાં તેને બીજા વ્યાપારીઓ તરફથી મુદત પૂરી થયે જો તે તેમને ત્યા રહેતો બાર મહિને ત્રણ હજાર ડોલર આપવાની ઇચ્છા જણાવી હતી. પણ આ મનુષ્યે બીજા કોઇની માગણીનો સ્વીકાર કર્યો ન હતો. પાંચ વર્ષ પૂરાં થતાં તેના શેઠે જ તેને એકદમ બાર મહિને દશ હજાર ડોલરનો પગાર કરી આપ્યો હતો, જે જોઇને બીજા નોકરને અત્યંત આશ્ચર્ય થયું હતું.

ઘણા નોકરો માથાઉતાર કામ કરે છે, પણ તેથી શેઠને જેટલી હાનિ થાય તેના કરતા તેમને પોતાને જ વધારે હાનિ થવાનો સંભવ હોય છે. શેઠને તો થોડા રૂપિયાનું નુકસાન થાય છે પણ આવા મનુષ્યોનું ચારિત્ર્ય રચાતું નથી અને તેમનું આખું જીવન નિષ્ફળ થઈ રહે છે.

પ્રત્યેક ઉત્તમ વસ્તુને જ ઇચ્છો. સર્વમાં ઉત્તમતા પ્રકટાવો. અને તમને ઉત્તમ સ્થિતિ મળ્યા વિના નહિ જ રહે. ઉત્તમ સ્થિતિ

મળતી એવો અર્થ જ પ્રગતિ થતી એ છે. ઉત્તમતા પ્રતિનો પ્રેમ તમારા હૃદયમાં નિત્ય જાગ્રત્ રાખો. તમારી પ્રત્યેક નાની મોટી ક્રિયામાં ઉત્તમતા પ્રકટાવો.

ઉત્તમતા એ ઇશ્વરનો અંશ છે, અને તે જે પોતાનામાં પ્રકટ કરે છે તે ઈશ્વરના જ અંશને પોતાનામા પ્રકટ કરે છે. અને આ અંશને પ્રકટ કરવો એનો એ જ અર્થ, કે તેટલા અંશમાં ઈશ્વર રૂપ થવું.

ખાવાની, પીવાની, હરવાની, ફરવાની, બોલવાની અને આવી પ્રત્યેક ક્રિયાને સાવધાનતા પૂર્વક ઉત્તમ કરેલી ક્રિયા માત્ર અવશ્ય અધિક લાભને અર્પે છે જ. વધારે કામ કરતા હો અને તેના ઉત્તમતા પ્રતીત ન થતી હોય તો ઓછું કામ કરો, પણ તેમાં ઉત્તમતા પ્રકટાવો.

જે જે પ્રગતિને પામેલા છે, તે સઉએ ઉત્તમતા પ્રકટાવેલી છે, તથા તે સર્વમા ઉત્તમતા પ્રતિનો પ્રેમ વિદ્યમાન હતો. ઉત્તમતા પ્રતિના પ્રમવિના મનુષ્યો આગળ વધી જ શકતાં નથી

ઘણા મનુષ્યો માને છે, કે સારા વસ્ત્ર, સારૂં ઘર, વગેરે અમને કેવી રીતે મળી શકે પરંતુ આ તેમની ભૂલ છે, પ્રત્યેક સારી વસ્તુ મેળવવાનો પ્રત્યેક મનુષ્યનો અધિકાર છે, તેથી હક્ક પૂર્વક પ્રત્યેક સારી વસ્તુને ઈચ્છો અને તે તમને મળશે જ. નિરંતર ઉત્તમતા પ્રતિજ દૃષ્ટિ સ્થાપેલી રાખો.

ઉત્તમતા એ પ્રગતિને ઇચ્છનારનો ટ્રેડ માર્ક હોવો જોઇએ. તેના દરેક કાર્યમા અને તે પૂર્વે તેના પ્રત્યેક વિચારમાં તો અનુસ્યૂત હોવો જોઈએ. જગતે જાણવું જોઇએ, કે અમુક મનુષ્ય તરફથી જે જે કાર્ય થશે તે સર્વ ઉત્તમ જ થશે, જેમ અમુક કારખાનાનો માલ પંકાય છે તેમ તમારા તરફથી થતા સર્વ કાર્ય ઉત્તમ જ થવા જોઇએ.

ઉત્તમના પ્રતિ પ્રેમ રાખનાર વગર પ્રયત્ને પ્રગતિને પામે છે. તેને પરશેવો ઉતારવો પડતો નથી, પણ આનંદપૂર્વકજ તે ઉન્નતિને પામે છે, તેથી ઉન્નતિને ઇચ્છતા હો, અને અન્ય કંઈ ન બનેતો ઉત્તમતા પ્રતિના પ્રેમને જ માત્ર જાગ્રત્ રાખતાં શીખો.

ઘણા વૃદ્ધ મનુષ્યો કે જેમને ઉત્તમતા પ્રતિ પ્રેમ હોતો નથી

તેવા મનુષ્યો યુવાન મનુષ્યોને જ્યારે પોતાનાથી આગળ વધેલા જુએ છે ત્યારે તેમનો તે દ્વેષ કરે છે, પણ પોતાના દોષને તે જોઈ શકતા નથી. આવા મનુષ્યો આ જ કારણથી આગળ વધી શકતા નથી.

ખાઓ તો સ્વચ્છતાથી ખાઓ, વસ્ત્ર બરાબર સફાઈથી પહેરો, તમો તેમાં ડાઘા ન પાડો, ટીકીટ ચોડો તો તે બરાબર સફાઈથી સ્વચ્છ રીતે ચોડો, ચાલો તે રફડદફડ ન ચાલો પણ સીધા ટટાર ચાલો, અને આજ પ્રમાણે તમે જે જે નાની મોટી ક્રિયા કરો તે સર્વ ઉત્તમ કરો. જે નાની બાબતોમા ઉત્તમતા નથી પ્રકટાવી શકતા તે મોટી બાબતોમા પણ ઉત્તમતા નથી જ પ્રકટાવી શકતા.

ઘણા મનુષ્યો આ સ્વભાવને ચીકણો ગણે છે, પણ ચીકણો સ્વભાવ જૂદો હોય છે અને આ ઉત્તમતા પ્રતિનો પ્રેમ જૂદો હોય છે. ચીકણા સ્વભાવના મનુષ્યમાં આ સદ્‌ગુણ હોતો નથી, અને તેથી જ તે પ્રગતિને પામતા નથી

પ્રત્યેક બુદ્ધિમાને પોતાના ચારિત્ર્યને ઉત્તમ કરવાની જરૂર છે અને આ પ્રમાણે ઉત્તમતાને લક્ષ્યરૂપે સ્થાપનાર જ ઉત્તમ ચારિત્ર્યવાન્ થઈ શકે છે

ઘણા મનુષ્યો કહે છે, કે અમને અમારી યોગ્યતા પ્રમાણે પગાર મળતો નથી, તેમ અમે સારૂં કામ કરતા નથી. પણ આ તેમનું કહેવું ઉચિત નથી. આ વિચારે જ હજારો મનુષ્યોને પ્રગતિથી અટકાવ્યા છે અને અટકાવે છે. જો મનુષ્યની સાચી યોગ્યતા હોય છે તો તેમને તે પ્રમાણે ફળ મળે છે જ. પણ પોતાની યોગ્યતાને મનુષ્યો પ્રમાણ કરતા વધારે માની લે છે અને તેથી જ તેમની ઉન્નતિ થઈ શકતી નથી. તેથી પગાર વધારે મળે, કે ઓછો પણ પોતાનું કામ પ્રત્યેક મનુષ્યે ઉત્તમ કરવું ઘટે છે, ઓછો પગાર મળે માટે કામ ગમે તેમ કરવું એ અનુચિત જ છે.

મનુષ્યે પગાર મળે છે તે પ્રતિ જોઇને કામ કરવાનું નથી, પણ પોતાના વિકાસને માટે જ કામ કરવાનું છે. કારણ, કે પગાર પ્રતિ જોઇને કામ કરનાર કદી પણ ચારિત્ર્યવાન્ થઈ શકતા નથી. કામની ખાતર કામ કરનાર જ વ્યવહારમા વિજયને મેળવે છે. મનુષ્ય પોતાનું કામ ઉત્તમ કરનાર જ પોતાની પ્રગતિને સાધી શકે છે.

કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન—એ શ્રીમદ્ ભગવદ્-ગીતાના અમૂલ્ય વચનાનુસાર પ્રત્યેક મનુષ્યે કર્મને જ ઉત્તમ પ્રકારે કરવાનો આગ્રહ રાખવો પરમ હિતકર છે, જે મનુષ્ય ફળની આશા એ જ કામ કરે છે અને ફળ ઓછુ મળ્યુ, વધારે મળ્યું, એ વગેરે વિચાર કર્યા કરે છે, તે ભાગ્યે જ પોતાના કામને ઉત્તમ કરી શકે છે. તેથી ધર્મની ખાતર જ કર્તવ્ય કરો, અને તે સર્વોત્તમ કરો. અને આ પ્રમાણે કરતાં ફળ સ્વાભાવિક રીતે જ મળશે. અને ઉત્તમ કૃતિનું ફળ ઉત્તમ વિના બીજું શુ હોઈ શકે ?

ઓછો બદલો લેઇ કામ વધારે સારૂં કરનારને કંઇ અપયશ નથી, કે તેણે તેથી શરમાવાનું નથી તેથી બદલા પ્રતિ દૃષ્ટિ ન રાખતાં પ્રાપ્ત કાર્યને ઉત્તમ પ્રકારે કરવાની અગત્ય છે. અને આ પ્રમાણે કરનારને શું ઉત્તમ બદલો નહિ મળે, એમ કોઇ કહી શકશે ? કોઇ જ નહિ.

દેશમાં ઉત્તમ ચારિત્ર્યવાળા મનુષ્યોજ હોવાની તેના ઉદય અર્થે જરૂર છે. અને જે દેશમાં મનુષ્યો પોતાનું કર્તવ્ય ઉત્તમ પ્રકારે કરે છે તે દેશના મનુષ્યો ઉત્તમ ચારિત્ર્યવાનજ હોઇ શકે છે, અને તે દેશનો ઉદય થયાવિના નથીજ રહેતો.

તમારા તન, મન અને સર્વ કરણો વડે જે કરો તે કરો. તેમાં તમારા સર્વસ્વને યોજો, આજ તમારી પ્રગતિનો સરળ માર્ગ છે. ભલે મનુષ્યને પૈસો મળે, કે ન મળે, કે તેને વ્યવહારમાં ઉચ્ચ સ્થિતિ મળે, કે ન મળે, પરંતુ તે જો તેના પ્રત્યેક કાર્યમાં ઉત્તમતા પ્રકટાવે છે તો તેની મહત્તા સામાન્ય નથીજ

વળી પ્રત્યેક કાર્યને ઉત્તમ કરવાથી તેમાંથી જે આનંદનું ભાન થાય છે તે પણ અદ્‌ભુત હોય છે, કે જેનો અનુભવ માથા ઉપર કામ કરનારને નથી જ થતો. આનંદને લીધે જ મનુષ્યો બદલો મળે કે ન મળે તોપણ પોતાના કાર્યને ઉત્તમ કરે છે, એક વખત તેમને આ આનંદ રસનો આસ્વાદ જ માત્ર થવાની જરૂરહોય છે.

જેટલું આપણે કોઇ કામ ઉત્તમ કરીએ છીએ તેટલો આપણા આત્માનો આપણે વિકાસ કરીએ છીએ. અને આત્માનો વિકાસ થવો એજ વાસ્તવ છે.

પ્રકરણ ૨૦ મું.

વ્યાપારની અભિવૃદ્ધિઅર્થે નિત્ય નવીન ઉત્સાહ ધારણ કરવાની જરૂર છે.

આરોગ્ય તથા બળના નિર્વાહઅર્થે જેમ નૂતન લોહીની શરીરમાં જરૂર રહે છે તેમ ઉદ્યોગની અભિવૃદ્ધિને અર્થે પણ નિત્ય ઉત્સાહ ધારણ કરવાની જરૂર છે. પ્રાપ્ત ઉદ્યોગને કેવી રીતે નવી નવી યુક્તિઓથી વધારવો, એ સંબંધનું ચિંતન પ્રગતિને ઇચ્છનારે નિત્ય કર્તવ્ય છે. અન્ય વ્યાપારીઓની પ્રગતિ કયાં કારણોથી થાય છે, તે કારણોને પણ મનુષ્યે ખોળી કાઢવાં જોઇએ તથા તેનો પોતાના વ્યાપારમાં ઉપયોગ કરવો જોઇએ.

બહારગામ જવાનું આવે ત્યારે તે સ્થાનના વ્યાપારીઓ કેવી રીતે વ્યાપાર ચલાવે છે, તેનું અવલોકન કરવું જોઇએ અથવા તો અનુકૂલતા લાવીને પણ જૂદા જૂદા સ્થાનના વ્યાપારીઓની પદ્ધતીનું અવલોકન કરીને પોતાના વ્યાપારમા સુધારો વધારો કરવો જોઇએ.

જે અપૂર્ણતા આપણા પોતાના કામમા જણાતી નથી તે બીજાનાં કામ જ્યારે જોવામાં આવે છે ત્યારે જણાઈ આવે છે; અને આવી અપૂર્ણતા ટળતાં આપણું કામ વિશેષ ફળપ્રદ થઇ રહે છે.

નાની નાની બાબતોમાં ઘણા વ્યાપારીઓ સુધારો કરવાનું યોગ્ય ગણતા નથી, પરંતુ તેથી તેમને હાનિ જ થાય છે: તેથી પ્રત્યેક નાની મોટી બાબતમાં સુધારો કરવો હિતકર છે. અને આ પ્રમાણે કરવાથી બીજા મનુષ્યોના કરતાં વધારે લાભ મેળવી શકાય છે:

જેમ બીજાની દુકાનને જોતા હોઇએ તેમ આપણી પોતાની વ્યાપારને પણ જોવાની અગત્ય છે, કારણ, કે તેમ કરવાથી આજ સુધી નહિ જણાયલી એવી અનેક જરૂરની બાબતોપ્રતિ આપણું લક્ષ ખેંચાય છે.

જે જુની ઘરડમાં ચાલ્યા કરે છે તે વિશેષ વેગથી પોતાની પ્રગતિને સાધી શકતા જ નથી. મનુષ્યે આગળ વધવા માટે જુની ઘરડમાંથી નીકળવાની જરૂર છે.

જેમ એક ઠેકાણે પડયું રહેલું પાણી ગંધાઇ ઉઠે છે તેમ કંઇ પણ જેમાં અવકાશે અવકાશે સુધારોવધારો કરવામાં આવતો નથી, તે વ્યાપાર પછી કંઈ વિશેષ હિતને સાધનો નથી, કે પ્રસંગે તેમાં ખોટ પણ આવે છે.

જેમાં ઇચ્છાપ્રમાણે લાભ ન મળી શકતો હોય તે વ્યાપારમાં જાણવું, કે સુધારોવધારો કરવાની આવસ્યકતા રહેલી છે. તેથી શું સુધારો કરવાનો છે તે શોધી કાઢીને તેને ફળપ્રદ કરવો ઘટે છે.

હંમેશાં નવીન ઉત્સાહને ધારણ કરી રાખવો જોઇએ. જાણે આજે જ નવો વ્યાપાર શરૂ કર્યો હોય તે પ્રમાણે નિત્ય ઉત્સાહ-પૂર્વક કામ કરવું જોઇએ. આ પ્રકારનો નવીન અને નવીન ઉત્સાહ પ્રગતિપ્રદ થયાવિના નથી જ રહેતો.

જેમણે નવો વ્યાપાર શરૂ કરવો છે, તેણે પ્રથમ જે વ્યાપાર શરૂ કરવો હોય તે વ્યાપારની જૂદી જૂદી શાખાઓને તપાસવી જોઇએ, તથા તેનો બરાબર અભ્યાસ કરીને, પછી જ તેને શરૂ કરવો જોઇએ, તથા વિજય મળે ત્યા પર્યંત ઉત્સાહને સ્થિર રાખવો જોઇએ.

આ લેખકને એક મનુષ્ય મળ્યા હતા, જેમણે પાચ સાત ઉદ્યોગ આરંભ્યા હતા, પણ તેમાંથી એકમા પણ ફતેહ મળી ન હતી. કારણ, એ હતુ, કે પ્રથમ તો તે જે વ્યાપાર કરતા તેનો અભ્યાસ કર્યા વિના જ કરતા, અને તેની સાથે આરભમા જ તે ઉત્સાહવાળા રહેતા પણ પાછળથી અલ્પ સમયમા જ તેમનો ઉત્સાહ શમી જતો આ પ્રમાણે તે અનેક ઉદ્યોગમા જોડાયા હતા છતાં એક પણ ઉદ્યોગમાં તેમને વિજય મળ્યો ન હતો.

સવારમા તમારા વ્યાપારને અધિક ઉત્તમ કરવાના ઉત્સાહ-વાળા થઇને તેમાં જોડાઓ; સાજે તેમા તમે કેટલો સુધારો કર્યો તે જોઇને આનંદ પામો તથા કાલે સવારે શુ નવીન ફેરફાર કર-વાનો છે, કે શુ સુધારો કરવાનો છે તેનો નિશ્ચય કરીને સૂઈ જાઓ. નિત્ય કંઇને કંઈ નવીન ઉત્સાહપૂર્વક સુધારો કરો અને આ રીતે તમારા વ્યાપારને તમે સર્વોત્તમ કરી શકશો. આ પ્રમાણે કરનાર પોતાના વ્યાપારને અભિવૃદ્ધિ પામેલો જુએ છે જ.

જગતનાં મનુષ્યો પણ સહજ જોઈ શકે છે, કે આ મનુષ્યમાં કંઈ વિશેષ છે જ. આ વિશેષ તે એ સત્ત્વ છે, કે જે સર્વ સ્થિતિમાં અને સર્વ સમયમાં વિજયને જ અર્પે છે.

પ્રકરણ ૨૧ મું.

પ્રગતિ ઈચ્છનારે વિશ્રાંતિવડે અધિક બળ પ્રાપ્તવ્ય છે.

વિશ્રાંતિને ઘણા મનુષ્યો સમયનો વ્યય સમજે છે. પરંતુ વસ્તુતઃ તેમ નથી. વિશ્રાંતિ જે લાભ આપે છે, તે અપૂર્વ હોય છે વિશ્રાંતિથી મગજ નવા બળથી પોષાય છે, નવીન આરોગ્ય તથા નવીન જીવન મળે છે જે મનુષ્યો વારંવાર વિશ્રાતિ નથી લેતા તે પોતાના બળનો સત્વર ક્ષય કરે છે, ઉત્સાહથી રહિત થઇ રહે છે, નવીન જીવન ન મળતું હોવાથી પોતાનું કામ સારી રીતે કરી શકતા નથી, નવીન તકોનો લાભ લેઈ શકતા નથી તથા આ વિના બીજી અનેક હાનિઓને સહન કરે છે.

જેમને સાવધાનતાપૂર્વક નિયમિત કામકાજ કરવાનું છે, તેમને વિશ્રાતિની ઘણી જ અગત્ય છે ખેડુતો પણ જમીનને એક વર્ષ બીજે તીજે વર્ષે વિશ્રાંતિ લેવા દે છે. આ વર્ષમાં તે સૂર્યના કિરણવડે તથા વાતાવરણનાં બીજાં તત્ત્વવડે પોષાય છે અને પુનઃ નવીન પાક આપવાને યોગ્ય થઈ રહે છે. આ જ પ્રમાણે મનુષ્યનું મન તથા તન અને તમામ ઇંદ્રિયો વિશ્રાંતિથી પોષાય છે, નવીન બળને પ્રાપ્ત કરે છે અને પુનઃ કાર્ય કરવાને સબળ થઈ રહે છે

શહેરમાં રહેનાર મનુષ્યોને વિશ્રાંતિની ખાસ અગત્ય હોય છે. તેમણે વર્ષમાં બે ત્રણ વાર જરૂર ગ્રામ્ય જીવનને અનુભવવાની જરૂર છે. કારણ, કે ગામડામાં રહેવાથી કુદરતની સાથે અધિક સંબંધમાં અવાય છે, શહેરમાં રહેનારનું આરોગ્ય સહજ બગડે છે તથા જીવન પણ ટુંકું થઈ જાય છે. તેથી શહેરમાં રહેનારે સમયે સમયે ગામડામાં જઇને રહેવાની જરૂર છે.

પૂર્વના અને હાલના સમયમાં એ જ અંતર છે, કે પૂર્વે

આજના જેવી ચિંતાવાળી તથા શરીર અને મગજનો ક્ષય કરનાર સ્થિતી વચ્ચે મનુષ્યોને કામ કરવું પડતું ન હતું, અને આજે તેવી સ્થિતિ વચ્ચે કામ કરવું પડે છે. તેથી પોતાના જીવનનો ક્ષય જેમ ઓછો થાય તેમ કરવાની વર્તમાન સમયમાં અગત્ય છે. પ્રજાનું આકર્ષ તથા આરોગ્ય ઓછું થઈ જવામાં આ જ કારણ છે, અને પ્રજા હજી જો આ જ ક્રમે વહેશે તો તેમનો જીવન હજી પણ ટુંકાં થઈ જશે જ.

એક જ જાતના ક્રમમાં વહેવાથી પણ આરોગ્ય તથા આયુષ્ ઓછુ થાય છે તેથી પણ વિશ્રાંતિની અગત્ય છે. તેથી જ બને તો કાર્યક્રમને પણ અવકાશે-અવકાશે બદલવાની જરૂર છે. વિશ્રાંતિના સમયમાં એ ધ્યાન રાખવાનું છે, કે કાલનો વિચાર જરા પણ ન કરવો, પણ પૂર્ણ નિવૃત્તિપૂર્વક તેનો લાભ લેવો તથા રમતગમતમાં સમય વીતાવવો જોઇએ. નાનાં બાળકો જેમ રમતી વખતે બીજુ બધું ભૂલી જાય છે તેમ મોટા મનુષ્યોએ પણ વિશ્રાંતિના વખતમાં બીજુ બધું ભૂલી જવાની જરૂર છે.

શહેરમાં રહેનારે સાંજે કે સવારે બહાર જંગલમાં ફરવા જવાની, ત્યાં જઇને કુદવાની, કે વ્યાયામ કરવાની જરૂર છે. કારણ, કે શહેરમાં જેવી ખુલ્લી હવાની મનુષ્યને જરૂર છે તેવી મળી શકતી નથી. જે કામની સાથે આ પ્રમાણે કુદરતની સાથે મળતા રહે છે તે જીવનના માધુર્યને ટકાવી રાખે છે, પ્રસન્ન રહે છે અને આરોગ્ય તથા સુખનો અનુભવ કરે છે.

કામથી કંટાળો આવે, કે તરત જ ગામડામાં જતા રહો, કે તે બને તો સાંજ સવાર જંગલમા ફરતા રહો અને તમને કામ કરવાનું નવીન બળ પ્રાપ્ત થએલું જણાશે જ. જીવનમાં નિત્ય જેમ એક બાજુથી નવીન બળ ભરાતું જાય છે તેમ બીજી બાજુથી ક્ષય પણ થતો રહે છે. આ ક્ષયનું પ્રમાણ વધારે ન વધી જાય તે ખાસ જોવાનું છે. આ પ્રમાણ ન વધવા દેનાર વિશ્રાંતિ છે.

જેને વિશ્રાંતિ નથી તેના તે અલ્પ સમયમાં જ પોતાના આરોગ્ય બળને, મગજ કામ કરવાની શક્તિને તથા આયુષને ખોઇ બેસે છે. અને આ સર્વની કિંમત જગતમાં પૈસા કરતાં એટલી બધી છે, કે તે સમજનાર જ સમજી શકે છે. વૃદ્ધાવસ્થા અને મરણ

એ બળતા એજ જીવનના ક્ષયનો જ પરિણામ છે, અને જે વિશ્રાંતિવડે આ ક્ષયને ઓછો કરે છે, તે દીર્ધાયુષી થઈ શકે છે.

દાકતરની અને વૈદની 'ફી'ના પૈસા ખરચવા કરતાં તે મનુષ્યો કુદરતની સાથે સંબંધમાં આવે, અર્થાત્ ગ્રામ્ય જીવનને ગાળે તો એ અધિક સુખી થાય જ. પણ મનુષ્યો પૈસા ખરચીને દુઃખી થવાનું પસંદ કરે છે, પણ વગર પૈસે કુદરતની સાથે સંબંધમાં આવવાનું પસંદ કરતા નથી, એ સામાન્ય આશ્ચર્ય નથી. જે લાભ નૈસર્ગિક જીવનથી થાય છે તે દવાથી કદી પણ નથી જ થતો. નૈસર્ગિક જીવન ગાળનારને દવાની જરૂર પડતી નથી.

આજે મનુષ્યો આરોગ્યને નથી અનુભવતાં તેનું એક એ પણ કારણ છે, કે તે પૈસાને તેના કરતાં વધારે મૂલ્યવાન્ ગણે છે. પણ પછી એક સમય એવો આવે છે, કે જેમાં પૈસો કામ કરતો નથી, અને તેને ત્યજીને જવું પડે છે તેથી વધારે પૈસો કમાવાને માટે કે તેનો વધારે સમય ઉપભોગ કરવાને માટે પણ કુદરતી ઉપાયોનુ અનુષ્ઠાન કર્તવ્ય છે. માંદા મનુષ્યો કામ કરી શકતા નથી તથા દવામાં પૈસા ખરચવા પડે છે અને તદુપરાત કષ્ટ સહન કરવું પડે છે. તેથી તે જો વિશ્રાતિ વડે આરોગ્યને વળગિ રહેતા હોય તો તે હમેશાં પ્રાપ્ત કાર્યને કરી શકે છે અને તેથી વધારે કમાઈ શકે છે તથા સુખને અનુભવી શકે છે. સાધારણ સ્થિતિમાં આરોગ્ય યુક્ત સ્થિતિમાં રહેવું એ પૈસાવાળી સ્થિતિમાં આરોગ્યથી રહિત સ્થિતિમા રહેવા કરતાં ઉત્તમ છે અને આરોગ્યને પ્રાપ્ત મનુષ્યોનો શ્રીમાન્ થવા ઇચ્છે છે તો થઇ શકે છે.

કોઇ કોઇ મનુષ્યોને પિતા માતા તરફથી સારૂં શરીર મળેલું હોય છે, પરંતુ તે જો તેમના શરીર બળનો ક્ષયજ કર્યો કરે છે, તો આરંભમાં થોડા વર્ષ કદાચ નથી જણાતું પણ પાછળનાં વર્ષોમાં તો તેમને જરૂર હાનિ સમજાય છેજ, તેથી સુદૃઢ શરીરને પ્રાપ્ત મનુષ્યોએ તેનો ક્ષય ન કરી નાખવાની સાવધાનતા સેવ્ય છે. તેમણે પણ ઉત્તરોત્તર શરીરને અધિક સુદૃઢ કરવાનો પ્રયત્ન કરવાની અગત્ય છે જ.

શહેરમાં રહીને કામ કરનાર વ્યાપારીઓ, શિક્ષકો નોકરો, વિદ્યાર્થીઓ વકીલો તમામ ધંધાવાળાને જોઇએ છીએ તો તેમનાં

શરીર ફીકાં, બળ રહિત, વૃદ્ધાવસ્થાને અકાલે પ્રાપ્ત, તથા અનેક વ્યાધિનાં ભોગ થઇ પડેલાં જણાય છે. સજીવ છતાં ગણે જીવન રહિત તેમની સ્થિતિ જણાય છે, તથા પરાણે પોતાનું કામ કરતા હોય છે આ પ્રમાણે થવાનું કારણ કુદરતથી દૂર રહેવામાં આવે છે તેજ છે. તે વિશ્રાતિને લેતા નથી, તથા અવકાશે ગામડામા પણ જતા નથી, આ પ્રકારનું આરોગ્ય રહિત જીવન જીવન જ નથી. પ્રજા પણ આવા મનુષ્યોની નિર્માલ્ય થાય છે. આરોગ્ય એ સુખનું અને ઉન્નતિનું પ્રથમ પગથીઉં છે અને તે પ્રત્યે સિદ્ધ કર્તવ્ય છે.

ધંધા રોજગારમાં નુકસાન થતું હોય તો પણ વિશ્રાંતિને અનુભવો. સાંજસવાર ખુલ્લી હવામા બે ત્રણ કલાક નિત્ય ગાળો અને વર્ષમાં એક બે વખત જરૂર ગ્રામ્ય જીવનનો અનુભવ કરો. શરીર બળ કે આરોગ્ય પૈસા કરતા અધિક છે જ. આરોગ્ય પ્રાપ્ત હોય છે તો મનુષ્ય પોતાનું કામ ઉત્તમ પ્રકારે કરી શકે છે, અને તેથી દ્રવ્યને અધિક પ્રમાણમાં મેળવી શકે છે જ. નિત્ય ઉત્સાહ સ્થિર રહેવાને માટે આરોગ્યની જરૂર છે જ જેને તે પ્રાપ્ત નથી તે નિરુત્સાહી થઈ રહે છે અને પ્રસન્નતાને અનુભવી શકતા નથી

વૃક્ષ જેમ વાતાવરણ અને પૃથ્વીમાંથી નવીન જીવન આકર્ષીને અધિક આયુષ્યને ભોગવી શકે છે, તેમ મનુષ્યોએ પણ કુદરતની સાથે સંબંધમાં આવીને અધિક આયુષ્યને મેળવવું ઘટે છે. અને ગામડામાં રહીને મનુષ્ય કુદરતના સબંધમાં જેટલો અધિક સંબંધમા આવી શકે છે તેટલો શહેરમા રહીને નથી જ આવી શકતો. વૃક્ષરાજ, ઉપવન, વિવિધ મનોહર ઝરાઓ, નદીતટ, સમુદ્ર કિનારો, અને આવાં નિસર્ગિક રમણીય સ્થાનો જ્યાં હોય ત્યાં મનુષ્યોએ ફરવું જોઇએ. કારણ આ સ્થાનોમાં આરોગ્ય અને આયુષને આપનાર જીવનબળ અત્યંત પ્રમાણમાં ભરેલું હોય છે.

વિશ્રાતિ નહિ લેતાં કદાચ ધધામાં સંલગ્ન રહેવાથી થોડો લાભ થાય છે, પણ તેથી શું ? આરોગ્ય અને આયુષ્ આગળ આ લાભનું મૂલ્ય શુ છે ? જે આરોગ્ય અને આયુષ્યને ગુમાવીને તેને બદલે દ્રવ્ય મેળવે છે તે કાચના કડકા લેઇને રત્ન કે મણિને ખુએ છે.

વિશ્રાંતિ અર્થે બને તો બહાર ગામ જ જાઓ અને તે એવી રીતે જાઓ, કે પ્રાપ્ત ઉદ્યોગને તદ્દન વિસરી જાઓ. જો તમે બહાર

ગામ જઇને પણ તમારા ઉદ્યોગનું સ્મરણ કરો છો તો તમને તેથી લાભ નથી જ થતો. તેથી તેને તદ્દન ભૂલી જાઓ અને પૂર્ણ નિવૃત્તિપૂર્વક નિત્ય આનંદનો ઉપભોગ કરો.

મનુષ્યો કામ કરે છે ત્યારે જેમ તેમાં તન્મયતાપૂર્વક યોજાય છે તેમ વિશ્રાંતિનો પ્રસંગ આવે ત્યારે પણ તેમણે તેમાં તન્મય થવું જોઇએ. વિશ્રાંતિને કેવી રીતે લેવી, તે મનુષ્યોને આવડતું નથી, અને તેથી જ તેની મહત્તા તેમના સમજવામા હોતી નથી, જેમ કોઇ કાર્યક્રમ ગોઠવતા હો તેમ વિશ્રાંતિજન્ય આનંદને પૂર્ણરૂપમાં કેવી રીતે લેવો તેની વ્યવસ્થા ગોઠવો. અને તેનો પૂર્ણ ઉપભોગ કરો. આનંદની સાથે આ પ્રકારે લીધેલી વિશ્રાંતિ આરોગ્ય અને જીવનને અર્પે છે જ

અને આ પ્રમાણે જ્યારે કરવામાં આવે છે ત્યારે જ વિશ્રાંતિનું માહાત્મ્ય સમજાય છે અને એક વખત આ વિશ્રાંતિના આનંદનો જે અનુભવ કરે છે તે પછી ગમે તેટલું કામ હોય છે તો પણ તેને મૂકીને તદર્થં તે અવકાશ કાઢે છે.

વળી આ સમયમાં મનુષ્યે કુદરતનો અભ્યાસ કરવાની પણ જરૂર છે લીલાં ખેતરો વૃક્ષો, પશુ, પક્ષી, તારા, પર્વતો, નદીઓ ઝરાઓ, વગેરે અનેક પદાર્થોનું અવલોકન કરીને તે સંબંધમાં કંઇ વિશેષ જ્ઞાન મેળવવું ઘટે છે. વળી આ શાખા નવીન હોવાથી તેમાં કંટાળો આવતો નથી, પણ રસ પડે છે. આ સર્વ કુદરતમાં રહેતા પદાર્થો મનુષ્યને કઇ કંઈ કહેવા ઇચ્છે છે, અને તે મનુષ્યોએ સાંભળવાની જરૂર છે, જો મનુષ્યો આ વાર્તાનું શ્રવણ કરે છે તો તે-તેમને આરોગ્ય અને દીર્ઘાયુષ સહજ પ્રયત્ને થઈ રહે છે. આ કુદરતના ભાષણને જે શ્રવણ કરે છે, તે સુખી થયા વિના નથી જ રહેતો કુદરતપ્રતિ અભિમુખ થવાથી એકલું આરોગ્ય કે આયુષ્ પ્રાપ્ત થાય છે, એટલુંજ નહિ, પણ વિજ્ઞાન અને જ્ઞાન પણ મનુષ્યને મળે છે. મનુષ્ય કુદરત પાસેથી સર્વ સરળપણે મેળવી શકે છે, મનુષ્ય પાસેથી જે મનુષ્યને નથી મળી શકતું તે કુદરત પાસેથી મળી શકે છે. કુદરતની પ્રયોગ શાળામાં મનુષ્ય જે શીખે છે તે અદ્ભુત તથા અપૂર્વ હોય છે. પોતાના પ્રતિ અભિમુખતા ધરનારને કુદરત પોતાનો અમૂલ્ય ભંડાર સ્વાધીન કરેછે, આજે

મનુષ્યો સ્વાભાવિક કૃત્રિમ જીવનવાળા થઈ ગયા છે, અને કુદરતને તેમણે મદન વિસારી મૂકી છે, અને તેના પરિણામમાંજ તે વિવિધ દુઃખોને અનુભવે છે.

મનુષ્યો કેવલ સ્વહિત માટે, કે દ્રવ્યના સંચયને માટે પ્રવૃત્તિ કરે છે તો તેમનો વાસ્તવ વિકાસ નથીજ થતો. મનુષ્યોએ આની સાથે કુદરત પાસેથી શું શું શીખવા જેવું છે, તેનો પણ અભ્યાસ કરવાની અગત્ય છે. અને જ્યારે તે આ અભ્યાસ શરૂ કરે છે ત્યારે તે આશ્ચર્યથી ચકિત થયા વિના નથી જ રહેતો, જેમ જેમ તે આ અભ્યાસમાં ઉંડો ઉતરતો જાય છે તેમ તેમ તેને આમાં અધિક અને અધિક જાણવા જેવું જણાય છે

આ પ્રમાણે છતાં મનુષ્યો કહે છે, અમને કુદરતનું અવલોકન કરવાનો સમય નથી એ, સામાન્ય આશ્ચર્યપ્રદ નથી જ. મનુષ્યોને માંદા પડવાનો અને મરણને શરણ થવાનો અવકાશ આવે છે, પણ જે વડે તેમને આરોગ્ય અને દીર્ઘાયુષ્ મળે છે તે ઉપાયોનું અનુષ્ઠાન કરવાનો તેમને અવકાશ મળતો નથી !

જ્યાં મનુષ્યો કહે છે, કે અમને વિશ્રાંતિ લેવા જવાનો અવકાશ નથી ત્યાં નિશ્ચય કોઈ ખામી હોય છે જ. કાંતો તે મનુષ્યને કામની વ્યવસ્થા આવડતી નથી અથવા તો પોતાની ગેરહાજરીમાં પણ બીજા મનુષ્યો કામ ચલાવી શકે, તેવી રીતે તેમણે તેમને કેળવ્યા હોતા નથી; અથવા તો તે મનુષ્યો ધનના અતિ લોભી હોય છે અને આરોગ્ય અને આયુષ્યને ખોઇને દ્રવ્યને મેળવવાના સ્વભાવવાળા હોય છે. પરંતુ આવા મનુષ્યો પણ ભૂલ કરે છે. તે જો વિશ્રાંતિવડે ઉત્તમ આરોગ્યને પ્રાપ્ત કરતા હોય તો તે વિશેષ સમય દ્રવ્યને મેળવી શકે. તેથી આ વિચારથી પણ આરોગ્ય પ્રાપ્તવ્ય છે.

Everyman is a rascal when he is sick— પ્રત્યેક માંદો પડનાર મનુષ્ય મૂર્ખ હોય છે, એ અંગ્રેજી કહેવત પ્રમાણે જે મનુષ્યો પોતાના મગજને અને શરીરને હીનબળ થયા છતાં કામ કર્યા જ કરે છે તેમ મૂર્ખ નથી તો શું છે ? જે સ્થિતિમાં જતાં કંઇ પણ કામકાજ થઈ શકે નહિ તે સ્થિતિએ પહોંચતા પર્યંત કંઈ પણ સાવધાનતા ન રાખવી એ મૂર્ખતાનું લક્ષણ નથી તો

બીજું શું છે? અને આ પ્રમાણે દુઃખદ સ્થિતિમાં પડીને ડાક્તરો અને વૈદ્યોની ફીનું ખરચ કરવું તેના કરતાં સમયે સમયે વિશ્રાંતિ લેઇને આરોગ્યને રક્ષી રાખવું, એ શું વિશેષ બુદ્ધિનું ચિહ્ન નથી?

આવી સ્થિતિમાં મનુષ્યો કદાચ કામ કરે છે તો તે ઘડી ઘડીમાં ચીડાઈ જાય છે, શાંતી રહી શકતી નથી અને થોડા વધારે પ્રમાણમાં બળનો ક્ષય થતાં મૃત્યુજ અવશેષ રહે છે, આ પ્રમાણે નહિ થવા દેતાં જો તે કુદરતનો આશ્રય લે છે તો તેમને નવીન જીવન મળે છે અને તે પ્રાપ્ત કર્તવ્યને ઉત્તમ પ્રકારે કરી શકે છે.

એક જ ઘરડમાં જન્મપર્યંત રહેનાર સત્વર વૃદ્ધાવસ્થાના ભોગ થઇ રહે છે. તેથી જીવનમાં જૂદા જૂદા ક્રમ મનુષ્યોને રાખવાની જરૂર છે. એક જ જાતના જીવનને જે ગાળે છે તેમના જીવનમાં અદ્ભુત આનંદ પણ નથી હોતો અને તેમનું જીવન પણ ટુંકું થઇ જાય છે. જેમના જીવનમાં વિવિધતા છે તે વિશેષ આનંદને ભોગવે છે તથા દીર્ઘાયુષી પણ થઈ શકે છે. તેથી આ વિચારે પણ થોડો થોડો સમય બહારગામ જઇને નવીન નવીનને અનુભવ કરવાની જરૂર છે

કુદરત ક્રિયા અને વિશ્રાંતિ એ બે નિયમે કામ કરે છે. જો મનુષ્ય એકલી ક્રિયા જ કર્યા કરે છે તો તેમના જીવનનો ક્ષય સત્વર થઇ રહે છે. અને તેમ નહિ કરતાં વિશ્રાંતિવડે તે જો પોષણને મેળવે છે તો તે પોતાના બળના ક્ષયને ન્યૂન પ્રમાણમાં અનુભવે છે અને સુખી થઈ શકે છે. તેથી વિશ્રાંતિવડે પ્રત્યેક મનુષ્યે પોતાના જીવનમાં બળને ભરતા રહેવું ઘટે છે. આરોગ્ય અને આયુને વધારનાર વિશ્રાંતિ જ છે.

પ્રકરણ ૨૨ મું.

સમયનો સદુપયોગ નહિ કરનાર પ્રગતિને સાધી શકતા નથી.

જે. પીયરપોન્ટ મોરગન કહે છે, કે એક કલાક મને હજારો રૂપૈયાની કિંમત જેટલો જણાય છે. આ મનુષ્યના કહેવા પ્રમાણે જગતમાં ઘણા થોડા મનુષ્યો છે, કે જે

સમયનું વાસ્તવ મૂલ્ય નહિ સમજવાથી જ હજારો મનુષ્યો દુઃખી અને નિર્ધન રહે છે. સુખી અને દુઃખી મનુષ્યો વચ્ચે એજ અંતર છે, કે એક સમયનો સદુપયોગ કરે છે, અને બીજા કરતા નથી. સમયના સદુપયોગમાંજ સર્વ સુખ અને દુઃખ નિવૃત્તિ રહેલાં છે. અને તેથી જેટલો વહેલો મનુષ્ય સમયનો સદુપયોગ કરે છે તેટલો વહેલો તે સુખી થાય છે તથા તેટલો વહેલો તે દુઃખની નિવૃત્તિ કરી શકે છે.

નિર્ધન અને દુઃખી મનુષ્યો સમયનો સદુપયોગ કરનાર હોતાં નથી તેઓ કલાકો, દિવસો, મહિનાઓ અને વર્ષો ઉપયોગ કર્યા વિના ગુમાવે છે, અને દુઃખી રહે છે સમયનો સદુપયોગ જ ઇચ્છા પ્રમાણે પ્રગતિને સધાવનાર છે

ગ્લેડસ્ટનને હજારો અને લાખો મનુષ્યો વખાણે છે, પણ તેણે સમયનો સદુપયોગ કરીને કેવી રીતે પોતાના જીવનને ઉન્નત કર્યું હતું તે જોતા નથી તથા તેને આચરણમા ઉતારતા નથી ગ્લેડ સ્ટન સમયમાંજ આરોગ્ય દ્રવ્ય, અને જ્ઞાન રહેલું જોતા હતા. તે હંમેશાં પોતાના ગજવામા કોઈને કોઇ પુસ્તક રાખતા અને એક મિનિટ જેટલો સમય મળે તો તેમાં પણ તે વાચતા ગાડી ઉપડવાને બે મિનિટ બાકી હોય તોપણ તેનો તે સદુપયોગ કરી લેતા અને આ પ્રમાણે કરીને તે એવી યોગ્યતાને પામ્યા હતા, કે જેણે તેમને વ્યવહારમાં સર્વોત્તમ સ્થાન અપાવ્યું હતું. વ્યવહારમાં નિકૃષ્ટ સ્થિતિમાં પડયા રહેજ નહિ. સમય હીરા મોતી અને માણેક કરતા અધિક મૂલ્યવાન્ છે. જગત્મા એક પણ એવી બીજી વસ્તુ નથી કે, જે સમયના જેટલી મૂલ્યવાન્ હોઇ શકે તથા તેની તુલ્ય હોઇ શકે. સમય એ પ્રગતિના પગથીયાંરૂપ છે અને તેના ઉપર જે કુળથી ચઢે છે તે અભિવૃદ્ધિને પામે છે જ.

ભલે કદી તમારે દ્રવ્યને ખરચી નાખવું હોય તો ખરચી નાખજો, કે તેને નાખી દેજો, પણ સમયનો કદી પણ વ્યય કરતા નહી. સમયને તેનો સદુપયોગ થયા વિના વહી જવા દેતા નહિ. તેજ સમય સાર્થક છે, કે જેનો સદુપયોગ કરવામાં આવે છે. જેનો સદુપયોગ કરવામાં આવતો નથી તે સમય વ્યર્થ વહી જાય છે અને કાંઈ પણ ફળને ઉત્પન્ન કરતો નથી.

સમયની અંદર આરોગ્ય, આયુષ્, દ્રવ્ય, જ્ઞાન, ઐશ્વર્ય વગેરે સર્વ રહેલું છે; અને જે તેનો સદુપયોગ કરે છે તેને જ તે મળે છે; પૂર્વે જે જે વસ્તુઓને પામ્યા છે તે સર્વ તેનો સદુપયોગ કરીને પામ્યા છે. પોતાનો સદુપયોગ થતા સમયની કૃપા મનુષ્ય ઉપર થાય છે અને તેને જે જોઇએ છીએ તે આપે છે.

દરીઆમાં મૂઠો ભરીને પોતાનું દ્રવ્ય નાખી દેનારને જેમ કોઇ બદલો મળતો નથી તેમ સમયને વ્યથા વહીજવા દેનારને પણ કંઈ બદલો મળતો નથી. હજારો મનુષ્યો આજે એવી ફરીયાદ કરે છે, કે અમને કોઇ સારી તક મળતી નથી તથા અમને કોઈ સાહાય્ય કરનાર નથી. પણ વસ્તુત: એ વાર્તા હોય છે, કે આ મનુષ્યો સમયનો સદુપયોગ કરનાર હોતા નથી. હજારો ઉત્તમ તકો અને ઉત્તમ પ્રકારની સાહાય્ય સમયના મૂલ્યવાન્ ઉદરમાં રહેલી હોય છે, પણ તે જે તેનો સદુપયોગ કરે છે, તેને જ મળે છે.

ઘણા મનુષ્યો ધારે છે, કે અમને બીજા મનુષ્યો જેવી સૂક્ષ્મ બુદ્ધિ પ્રાપ્ત નથી, અમે શું કરી શકીએ ? પણ વસ્તુતઃ એમ હોય છે, કે આ મનુષ્યો જેટલી બુદ્ધિ તેમને પ્રાપ્ત હોય છે તેના સોમા ભાગનો પણ તે ઉપયોગ કરતા નથી, અને પ્રમાણમાં જ સમય વિતાવે છે. બુદ્ધિનો વિકાસ પણ તેનો ઉપયોગ કરવાથી થાય છે.

ઇંજીન ગમે તેટલું મોટું હોય કે સારૂં હોય પણ તેને જો કોલસા નાખીને વરાળ તૈયાર કરીને ચલાવવામાં આવતું નથી તો તે નકામું જ છે. તે પ્રમાણે મનુષ્યમાં બુદ્ધિ ગમે તેટલી હોય પણ તેનો ઉપયોગ કર્યા વિના તે નકામી જ છે, જેમનામાં તે આજે જોવામા આવે છે તેમણે પૂર્વે કોઇ પણ સમયમાં તેનો ઉપયોગ કરીને વિકાસ કરેલો હોય છે.

પ્રત્યેક મનુષ્યમાં બુદ્ધિશક્તિ રહેલી હોય છે જ. જેમનામાં તે પ્રતિત નથી થતી તેમણે તેનો ઉપયોગ કર્યો હોતો નથી. મનુષ્ય પોતાની શક્તિઓનો ઘણા જ ઓછા પ્રમાણમાં ઉપયોગ કરે છે તેથી તે સર્વ સુપ્તવત્ પડી રહે છે. બાકી એકમાં અમુક શક્તિ હોય છે અને બીજામાં નથી હોતી એમ નથી હોતું. જેનામાં એક શક્તિની પ્રતિતિ થાય છે તેણે તેને જાગ્રત્ કરેલી હોય છે.

મનુષ્યોને ઉચ્ચ લક્ષ્ય જ હોતું નથી, અને તેથી તે નિર્વાહ થાય તેટલા જ સામાન્ય જીવનનો વિકાસ કરે છે અને સામાન્ય સ્થિતીમાં પડી રહે છે. આવા મનુષ્યોની શક્તિઓનો વિકાસ થતો જ નથી.

આ જગત્‌માં જેમ મહાસાગર, આકાશ, પૃથ્વી વગેરેનો ઘણો મોટો ભાગ હજી શોધાયા વિનાનો છે, અને તેમાંથી મનુષ્યના ઉપયોગની અને સુખની ઘણી વસ્તુઓ મળી આવે તેમ છે. તે જ પ્રમાણે મનુષ્યના મોટા ભાગના અંતરમાં હજી અનેક શક્તિઓ સુપ્ત પડેલી છે. આ કારણથી જ જનસમાજ સાધારણ સ્થિતિમાં પડયો રહ્યો છે.

વિજય, વિકાસ, કે પ્રગતિ મનુષ્યની બહારના પ્રદેશમા રહેલાં નથી પણ તેના અંદરના જ પ્રદેશમાં રહેલા છે. અને આ અંદરના પ્રદેશને જ્યારે શોધવામા આવે છે ત્યારે મનુષ્યને જે જોઇએ છીએ તે મળ્યા વિના નથી જ રહેતું.

મનુષ્ય જે ભૂતકાળમાં કર્યું છે તેનું ફળ વર્તમાનમાં ભોગવે છે. તેથી તેણે ભાવિમા જે સ્થિતિ મેળવવી છે તેને તેણે વર્તમાનમાં જ રચવા જોઇએ. જે આ સ્થિતિને વર્તમાનમા નથી રચતા તે ભવિષ્યમાં તેને કદી પણ જોઈ શકતા જ નથી. અને આ ભાવિ સ્થિતિ ત્યારે જ રચાય છે કે જ્યારે વર્તમાન સમયનો સદુપયોગ કરવામાં આવે છે. છુટી છવાઇ જે એ પાચ ક્ષણ મળે તેનો સદુપયોગ કરી લો, અને તમને તમારા ઇપ્સિતાર્થ મળ્યા વિના નહિ જ રહે.

પાણી જેટલી ઉંચાઇએથી આવે છે તેથી અધિક ઉંચાઇએ તે ચઢી શકતું નથી, તેમ મનુષ્ય જે સ્થિતિએ રહીને કાર્ય કરે છે તે સ્થિતિથી અધિક ઉંચી સ્થિતિના કાર્ય તે નથી જ કરી શકતો તેથી મનુષ્યે ઉંચે ચઢવાને માટે પોતાની યોગ્યતા વધારવાની જરૂર છે અને આ યોગ્યતા આંતર શક્તિઓનો વિકાસ કરવાથી જ વધે છે. પ્રાપ્ત સમયનો સદુપયોગ એ પ્રાપ્ત સ્થિતિને ઉચ્ચ સ્થિતિમાં પરિણામ પમાડનાર સમર્થસાધન છે.

છુટી છવાઇ ક્ષણોમાં અમે શું કરી શકીએ, એમ ઘણા મનુષ્યો કહે છે, પણ ખરી રીતે મનુષ્યો આવી જ ક્ષણોમાં ઉપયોગી કાર્યો કરી શકે છે. મોટા મનુષ્યોને આવી ક્ષણોએ જ મોટા બનાવ્યા

હોય છે. તેથી છુટી છવાઈ ક્ષણોને વ્યર્થ વહી જવા ન દો. છુટી છવાઇ ક્ષણો એ જ આરોગ્ય છે, એ જ પૈસો છે અને એ જ સર્વસ્વ છે. તેનો સદુપયોગ એ જ તેને ઇપ્સિતાર્થમાં પરિણામ પમાડનાર છે. સમયનો સદુપયોગ એ એવી ટંકશાળ છે, કે જેમાં મનુષ્ય ઇચ્છે તેને શીક્કાના રૂપમાં પાડી—પ્રકટ કરી શકે છે.

જે સમયમાં આપણે અન્યને નકામા બેસી રહેતા જોઇએ છીએ તે જ સમયમાં તે ખરી રીતે વિજયનાં બીજક રોપાતા હોય છે. વિજયને ઇચ્છાનુકૂલ વરનાર એક પણ ક્ષણને નકામી જવા દેતા નથી.

નકામી ગણીને નાખી દેવામાં આવતી અનેક વસ્તુઓમાંથી જર્મનીના વિજ્ઞાનવિદો અનેક ઉપયોગી વસ્તુઓ બનાવે છે તેમ જે સમયને અનેક મનુષ્યો નિરર્થક ગુમાવી દે છે તે સમયમાં બુદ્ધિમાનો પોતાની અસાધારણ પ્રગતિ સાધે છે. જે સમયનો સદુપયોગ નહિ કરીને અનેક મનુષ્યો નિર્ધન રહે છે તે જ સમયના સદુપયોગવડે હજારો મનુષ્યો શ્રીમાન્ થયા હોય છે કે થાય છે. ચાર્લ્સ સી. ફ્રોસ્ટ કરીને એક મોચી અમેરિકામાં મોટો ગણીત શાસ્ત્રી થઈ ગયો છે. તેણે આ શાસ્ત્રનો અભ્યાસ માત્ર છુટી છવાઇ ક્ષણોમાં જ કર્યો હતો. છુટી છવાઈ ક્ષણોનો સદુપયોગ કરનાર વિદ્વાન્, શ્રીમાન્, ધીમાન્, કીર્તિવાન્ અને જે ઇચ્છે તદ્દમાન્ થઈ શકે છે. રોજ એક કલાક જ માત્ર વાચનાર બાર મહિનામાં રોજનાં વીશ પૃષ્ઠ લેખે છ સાત હજાર પૃષ્ઠ સહજ વાંચી શકે છે. અને આ જ પ્રમાણે મનુષ્ય કોઈ પણ શાળામાં પોતાનો વિકાસ કરી શકે છે છુટી છવાઈ ક્ષણો કે સમયનો સદુપયોગ અને વ્યય, એ જ શ્રીમાન્ અને નિર્ધન, વિદ્વાન્ અને મૂર્ખ, તથા નીરોગી અને રોગી વગેરે વિવિધ સ્થિતિનાં મનુષ્યો વચ્ચે અંતર પાડનાર છે. સમયનો દુરૂપયોગ કરનાર કોઈ જ જાણતું નથી જ્યારે તેનો સદુપયોગ કરનારને આખું જગત્ જાણે છે. વિદ્વાન્‌ને વિદ્યા, શ્રીમાન્‌ને દ્રવ્ય, કીર્તિ, અને નીરોગને આરોગ્ય અર્પનાર સમયનો સદુપયોગ જ છે.

જગતમાં જે જે મનુષ્યો વિવિધ શાળામાં દીપી નીકળ્યા છે તે સર્વ સમયનો સદુપયોગ કરનાર હતા. સમયનો સદુપયોગ કરનારને કંઈ જ અસાધ્ય નથી.

સમયનો સદુપયોગ કરનારને જગતની પ્રત્યેક વસ્તુમાંથી શીખવાનું મળે છે. પ્રત્યેક પ્રસંગ અને પ્રત્યેક તક તેમને કંઇને કંઈ હિતની જનક જણાય છે. જીવનને ઉન્નત કરનાર વ્યવસ્થિત વિચાર છે અને જે સમયની કિંમત સમજે છે તેજ વ્યવસ્થિત પણે વિચાર કરી શકે છે. અને જે વ્યવસ્થિત પણે વિચાર કરી શકે છે તેમનો સમય કદી પણ નિરર્થક વહી જતો નથી. પ્રાપ્ત વ્યવહાર કરવા ઉપરાંત જે સમય મનુષ્યને મળે છે તેમાં તે શું કરે છે તેના ઉપર તેની પ્રગતિનો આધાર રહેલો છે. જેમણે પોતાની પ્રગતિ સાધી છે તેમણે આ સમયનોજ સદુપયોગ કર્યો હોય છે

જેમણે શાળા કે પાઠશાળામાં 'ડીગ્રી' મેળવી નથી તેમણે કોઈ પણ રીતે નિરાશ થવાનું નથી તે સમયનો સદુપયોગ કરીને ઇચ્છે તે સ્થિતિ મેળવી શકે છે. શાળા કે પાઠશાળામા જ મનુષ્યો શિક્ષણ લેઈ શકે છે એમ નથી, વાસ્તવ શિક્ષણની શાળા આ જગત્ છે. અને આ શિક્ષણ જ મનુષ્યોની વાસ્તવ ઉન્નતિ કરનાર છે. અને આ વાર્તાના પુરાવારૂપે અનેક દૃષ્ટાંતો આપણને જગત્માંથી મળી આવે તેમ છે, કે જેમનો વિદ્યાભ્યાસ ઓછો છતાં તે તે જગત્માં વિવિધ શાળામાં પોતાની પ્રગતિ કરી શકયા હોય છે. આવા મનુષ્યો ઉચ્ચાભિલાષી, સદાગ્રહી, નિશ્ચય બળવાળા, સમયનો સદુપયોગ કરનાર તથા જે જે લક્ષણો પ્રગતિને સધાવનાર છે તેને ધારણ કરનાર હોય છે.

તેથી તમે ગમે તેવી નિકૃષ્ટ સ્થિતિમા પરતુ તમારાથી કંઈ જ નથી બની શકે તેમ, એ વિચારને હંમેશને માટે તિલાંજલિ આપો. ઉચ્ચાભિલાષી થાઓ, તમને પોતાને ઈશ્વરના અંશરૂપ માનો અને ઈશ્વર સદશ થવાની યોગ્યતાવાળા તમે છો, એમ દૃઢપણે માનો, અને તમારી પ્રગતિ અર્થે જે કંઇ યથા પ્રાપ્ત ઉપાયો તમારા જાણવામાં હોય તેનું અનુષ્ઠાન આગ્રહ અને સાવધાનતાપૂર્વક કરવા માંડો, અને આ સર્વમાં સમયનો સદુપયોગ એ સાધનને તો તમે સર્વોપરિ સમજીને તેને કદી પણ વિસરતા નહિ.

પ્રકરણ ૨૩ મું.

તમારો અંતરાત્મા જે દિશામાં કામ કરવા કહે તે દિશામાં જ કામ કરો.

જે ઠેકાણે તમે જે કામ કરતા હો તે તમને એમ લાગે, કે યોગ્ય નથી તો તેને બદલતાં વાર કરતા નાહ. કારણ, કે જ્યાંસુધી તમે આ સ્થાનમાં પડયા રહો છો અને તે જ કામ કર્યા કરો છો, ત્યાંસુધી તમારી પ્રગતિ નથી. તમારામા અમુક યોગ્યતા છે, જે પ્રકટ થતા તમે જગત્મા અધિક દીપી નીકળો છો જ. પણ આ યોગ્યતાને બહાર પ્રકટાવવાને તમારે તદનુકૂલ દિશામાં કાર્ય કરવાની જરૂર છે.

જગત્માં મનુષ્યનો મોટો ભાગ જે દિશામાં તેમણે કામ કરવું જોઇએ તે દિશામાં કામ કરતો નથી, અને તેથી જ તેની પ્રગતિ થતી નથી. થોડો પગાર મળવાની લાલચે મનુષ્યો પોતાના આખા જીવનને બગાડે છે તેમની ઈચ્છા અમુક સ્થાનમાં કામ કરવાની છતાં તેમને તે ઠેકાણે કામ કરવુ પડે છે અને તેથી તે દીપી નીકળતા નથી આવા મનુષ્યોને એ ભય રહેતો હોય છે, કે આપણે નવો કોઈ ઉદ્યોગ આરંભીશુ તો તેમાં વિજય મળશે, કે કેમ. પરંતુ આ ભય ખોટો છે તેમના અંતરાત્મામાં જે સ્ફુરણ થાય છે તે જ તેમની વાસ્તવ પ્રગતિ કરનાર હોય છે, પરંતુ મનુષ્યો આ સ્ફુરણને અનુસરતાં નથી અને તેથી તે ઉન્નતિ કરી શકતાં નથી.

મનુષ્યને રચનાર સત્તાએ તેના અંતરમાં એક એવી નિગૂઢ ઈચ્છા રચી રાખી હોય છે, કે જેને અનુસરતાં તે ગંતવ્યમાર્ગે સત્વર પહોંચે છે. આ ઈચ્છા સ્ફુરણના રૂપમાં વારંવાર પ્રતીત થાય છે અને તેની સિદ્ધિઅર્થે આ સ્ફુરણોને મનુષ્યે અનુસરવાની જરૂર છે. જે જે મોટા પુરુષો થઇ ગયા છે તેમણે આ સ્ફુરણને આચારમાં ઉતાર્યાં હોય છે જ. તેથી જે કાર્ય કરતાં તમને સંતોષ હોય તે કાર્યને પડતુ મૂકીને બીજું કાર્ય, કે જેથી તમારા અંતરાત્માને સંતોષ થાય તે કરવા માંડો. આ કાર્ય તમે જેટલું વહેલું કરશો તેટલી વહેલી તમારી પ્રગતિ તમે સાધી શકશો જ.

ઘણા મનુષ્યો તો પોતે શું કરવું, કે કઇ દિશામાં કામ કરવું તેનો વિચાર જ કરતા નથી, તેમને બીજા મનુષ્યો જે કામમાં જોડે તે જ કામ કર્યા કરે છે. આવા મનુષ્યોને કોઇ સ્વતંત્ર વિચાર નથી હોતો એમ નહિ, પણ તેને તે જાગ્રત્ થવા જ દેતા નથી. આવા મનુષ્યોનો વર્તમાન જીવનમાં નહિ જેવો જ વિકાસ થાય છે. સાધારણ રીતે ખાઇ પીને મરણને જ તે શરણ થઈ રહે છે.

અનેક સુશિક્ષિત મનુષ્યોમાં તેમનામાં રહેલી યોગ્યતા જે માર્ગે કાર્ય કરવાથી પ્રકટે તે માર્ગે કામ કરવાની શક્તિ સ્ફુટ થએલી હોય છે જ, પરંતુ તેને તે અમલમાં મૂકતા નથી, અને તેથી જ તે કંઇ અધિક કરી શકતા નથી. આવા મનુષ્યો પોતાની પ્રગતિનાં સાધનોને જાણનાર હોય છે, છતાં તેને આચારમાં નહિ મૂકવાથી જ તે પ્રાપ્ત સ્થિતીમાં પડયા રહે છે. અને આ પ્રમાણે હોવાથી જાણનાર અને ન જાણનાર ઉભયની સ્થિતી સરખી જ રહે છે.

પ્રત્યેક બુદ્ધિમાને પોતાની શીઘ્ર પ્રગતિનો માર્ગ ખોળી જ કાઢવો જોઇએ, અને તે માર્ગે વહેવુ જોઇએ જ્યાંસુધી મનુષ્ય આ પ્રમાણે નથી કરતો ત્યાંસુધી તે આગળ નથી જ વધી શકતો.

'કોહ્યું ત્યાંથી કાપી નાંખવુ' એ કહેવતને ઘણા જ ઓછા મનુષ્યો આચારમાં ઉતારે છે અર્થાત્ જે વડે પોતાની પ્રગતિ ન સધાય તે માર્ગને ઘણા જ ઓછા મનુષ્યો પરિત્યજે છે. છેવટ સુધી વાટ જોઇને અમુક માર્ગથી હાનિ થાય છે તે જોવાની બુદ્ધિમાનને અગત્ય નથી જ. જે ક્ષણે જે વસ્તુ અહિતકર જણાય તે ક્ષણે તેને ત્યજી દેવી ઘટે છે. જે માર્ગ જે સમયે પોતાની પ્રગતિ કરનાર ન જણાય તે માર્ગને બુદ્ધિમાને તે સમયે જ પરિત્યજીને અન્ય પ્રગતિપ્રદ માર્ગને ગ્રહણ કરવો ઘટે છે.

પૂરેપૂરી હાનિ પ્રત્યક્ષ થાય ત્યાંસુધી અમુક માર્ગે વહેવાની બુદ્ધિવાનને શી જરૂર છે? જેમ ચોખા ચઢયા છે, કે નહિ તે એક જ દાણો ચાંપી જોવાથી માલૂમ પડે છે તેમ અમુક માર્ગે આપણી ઉન્નતિ છે, કે કેમ એ અલ્પ સમયમાં જ પ્રત્યક્ષ થઇ શકે છે. તેથી જ પૂરેપૂરી હાનિ થતા પર્યંત કોઇ માર્ગે વહીને હિતાહિતકર માર્ગનો નિર્ણય થઇ શકે છે એમ પણ હોતું નથી જ. તેથી જે માર્ગે વહેવાથી આપણી પ્રગતિ ન થએલી આપણને જણાય તો તે માર્ગને

ત્યજતાં વાર ન કરવી જોઈએ. કારણુ, કે તેમ નથી કરવામાં આવતું તો અમૂલ્ય જીવનનો ક્ષય થાય છે અને કર્તવ્ય કરવાનું વર્તમાન જન્મમાં અવશેષ જ રહે છે.

પ્રત્યેક મનુષ્યને જો તેને અમુક સ્થાનમાં મૂકવામાં આવે તો તે દીપી નીકળે તેમ હોય છે જ, અર્થાત્ તે સ્થાનમાં તેની પ્રગતિ સત્વર થઈ શકે તેમ હોય છે જ. પરંતુ આ સ્થાનને જ દરેક મનુષ્યે ખોળી કાઢવાની જરૂર છે. અને આ સ્થાન મળતાં તેનો સ્વિકાર કરતાં એક ક્ષણુનો પણુ વિલંબ બુદ્ધિમાનને કર્તવ્ય નથી.

પ્રકરણુ ૨૪ મું.

પોતાની વિવિધ શક્તિઓનો દ્રવ્યને માટે વિક્રય કરનાર પોતાની વાસ્તવ પ્રગતિથી દુર જ રહે છે.

આજે દુનિયામાં પૈસાનો લોભ સર્વને પ્રતિદિન વધતો જાય છે. અમેરિકા આ બાબતમાં પહેલે નંબરે આવે છે. હિંદુસ્તાનને પણુ તેનો ચેપ નથી લાગ્યો એમ નથી. અને આ પ્રમાણે આજે સર્વત્ર દ્રવ્યપ્રતિનો મોહ સર્વત્ર વૃદ્ધિગંત થતો જોવામાં આવે છે જ આ પ્રકારનો મોહ હિતકર છે, કે કેમ એ પ્રશ્ન અવશ્ય વિચારણીય જ છે.

પ્રાચીન અને અર્વાચીન સમયમાં એ ભેદ છે, કે પૂર્વે સામાન્ય સ્થિતિમાં મનુષ્યો નિવૃત્તિપૂર્વક અને ચિંતારહિતપણે જીવન ગાળી શકતાં હતાં જ્યારે આજે તેવી સામાન્ય સ્થિતિમાં મનુષ્યો નિવૃત્તિને નિશ્ચિંતપણાનો લાભ લેઈ શકે તેમ હોતું નથી. આજે પૂર્વના કરતાં મનુષ્યે સુખને અર્થે વધારે કમાવાની જરૂર છે જ. આજે મનુષ્યોને પદે પદે પૈસાની જરૂર પડે છે. પૈસા વિના આજે મનુષ્ય ભાગ્યે જ શાંતિથી રહી શકે છે. જેમનામાં સામાન્ય મનુષ્યો કરતાં કંઈક વિશેષ આંતરવિકાસ થએલો છે, તેવા મનુષ્યો વર્તમાન સમયમાં પણુ નિશ્ચંતપણે જીવન ગાળી શકે તેમ છે પણુ તેવા મનુષ્યોની સંખ્યા એક ટકા જેટલી કદાચ હોવાની; તેથી મોટા વર્ગ સામાન્ય

સ્થિતિના હોવાથી, તેમને પૈસા વિના ક્ષણે ક્ષણે મુઝાવું પડે છે જ, આ સંબંધમાં વિશેષ વિસ્તાર અત્ર સ્થાન ન હોવાથી આપણે કરતા નથી પણ આટલેથી જ સૂચના કરી અટકીએ છીએ.

તાત્પર્ય, કે પૈસાની અનુકૂલતા અર્થે પૂર્વના કરતાં વિશેષ પ્રમાણમાં મનુષ્યોને આજે જરૂર છે એ નિર્વિવાદ સિદ્ધ છે; પરંતુ આનો પરિણામ એ આવ્યો છે, કે આજે મનુષ્યોને ધનલોભ એટલો બધો વધી ગયો છે, અને વધતો જાય છે, કે તે વેગે એક પ્રકારના હડકવાનું જ લોલુપતાનું જ સ્વરૂપ ધારણ કર્યું છે. અને આ લોલુપતા વા હડકવા એ મનુષ્યને ઉંચે લેઇ જનાર નહીં પણ નીચે પાડનાર છે. કારણ, કે આ હડકવા એ મનુષ્યનામાં રહેલી ઉચ્ચ વસ્તુને બહાર પ્રકટાવતો નથી એટલું જ નહિ પણ તેનામાં રહેલા દુર્ગુણોને તે પ્રકટાવે છે અથવા તેને દુર્ગુણના માર્ગે દોરી જાય છે. આપણી પ્રજામાં આ લોલુપતા હજી અન્ય દેશો કરતાં ન્યૂનપ્રમાણમાં છે તેથી તેનામાં દોષોનો આવિર્ભાવ ઓછો જોવામાં આવે છે, પરંતુ યૂરોપ અને અમેરિકાની પ્રજામાં આ લોલુપતાનો વેગ ઘણો વધી ગએલો છે અને તેથી તે દેશની પ્રજા અનેક દુર્ગુણોથી લિપ્ત થએલી જોવામાં આવે છે. કારણ, કે આ લોલુપતાને નિભાવવા અર્થે તે ગમે તે દુર્ગુણને પણ સ્વીકારી લે છે. આપણી પ્રજાની પણ જો તે આ લોલુપતાને વધાયા જશે તો આ જ દશા થનાર છે.

મારે અમુક અમુક દિશામાં મારો વિકાસ કર્તવ્ય છે, કે મારી પ્રગતિ સિદ્ધ કરવાની છે, એવો વિચાર આજે મનુષ્યોને હોતો નથી પણ મારે પૈસો મેળવવો છે એ વિચાર પ્રધાનપણે મનુષ્યનો મોટો ભાગ સેવતો જણાય છે. વિદ્યાર્થીઓનો શિક્ષણક્રમ પૂરો થયા નથી હોતો એટલામાં તો તેમને દ્રવ્ય કમાવાની ઇચ્છા થએલી જોવામાં આવે છે. સઉ કોઇ આજે શ્રીમાન્ થવાને ઇચ્છે છે.

અને આ ઇચ્છાના પરિણામમાં દરેક મનુષ્ય પોતાનામાં રહેલી શક્તિને એવી રીતે વાપરવા ઇચ્છે છે, કે તેના પરિણામમાં તેને દ્રવ્ય જ મળે. ધર્મગુરૂઓ આજે પોતાના ધર્મજ્ઞાનને એવી રીતે પ્રજામાં પ્રસારવા યત્ન કરે છે, કે જેના બદલામાં તેમને પૈસો મળે. વકીલો અને દાક્તરો પોતાના જ્ઞાનને બદલે પૈસો મેળવવાને ઇચ્છે છે, એ સુપ્રસિદ્ધ જ છે. કવિઓ અને લેખકો પોતાની શક્તિને

આજે એવી રીતે વાપરે છે, કે જેથી તેના પરિણામમાં તેમને પૈસો જ મળે. આ પ્રમાણે પ્રત્યેક મનુષ્ય પોતાનામાં જે કંઈ રહેલું હોય છે તેને બદલે દ્રવ્ય મેળવવાને ઇચ્છે છે.

આ પ્રમાણે પ્રત્યેકમાં આજે દ્રવ્ય મેળવવાની જયવંત ઈચ્છા જાગ્રત્ થએલી જોવામાં આવે છે. આપણે આ પ્રકરણના આરંભમાં જણાવી ગયા તેમ જો, કે વર્તમાન સમય જ એવો છે, કે જેનાં પદે પદે મનુષ્યોને પૈસાની જરૂર પડે છે. તો પણ સર્વ આ જરૂરીઆતને લીધે જ, કે તે પુરતો જ પૈસો મેળવવાને પ્રયત્ન કરે છે, કે એમ નથી, પરંતુ પછીથી આ જરૂરીઆત બાજુએ રહી જાય છે, અને લોભ વા લોલુપતા જ આગળ આવે છે. અને આ પ્રમાણે થતું હોવાથી મનુષ્યનો જેટલો વિકાસ થવો જોઇએ તેટલો થતો નથી. પોતાનામાં રહેલી કોઈ શકિતના વિકાસ અર્થે જ જ્યારે પ્રયત્ન કરવામાં આવે છે ત્યારે તેનો વિકાસ જેટલો થઇ શકે છે તેટલો જ્યારે તેને બદલે પૈસો મેળવવાનો પ્રયત્ન કરવામાં આવે છે ત્યારે તેટલો વિકાસ નથી જ થતો જેમ કોઇ પણ પ્રકારની સ્પૃહાવિના નિષ્કામ વૃત્તિથી જે ઇશ્વરને ભજે છે તે શ્રેષ્ઠ છે તેમ જે પોતાનામાં રહેલી શક્તિઓના વિકાસ અર્થે જ જે પ્રયત્ન કરે છે તે નિઃશંક શ્રેષ્ઠ જ છે.

પરંતુ આવી ઈચ્છા કોઈ વિરલ મનુષ્યોની જ હોય છે અને તેથી પોતાનામા રહેલી શક્તિનો પૈસા મળે તેવી રીતે કેવી રીતે તેનો વિક્રય કરવો તે પ્રતી જ મનુષ્યોનું આજે વલણ હોય છે. દુનિયામાં જ્યાં જુઓ ત્યાં આ જ વલણ મનુષ્યોમાં દષ્ટિગોચર થાય છે.

પ્રસિદ્ધ ઈમરસનને બાર મહિને બારસો ડોલરની આવક હતી અને તેને તે ઇચ્છે તો અનેક ગણી કરી શકે તેમ હતું, છતાં તેણે તે ઇચ્છાને અટકાવીને પોતાના માનસ કે આધ્યાત્મ વિકાસપ્રતિ જ લક્ષ આપ્યું હતું. આપણા દેશમાં તેમ જ વિદેશમાં જે જે અપૂર્વ શોધો થએલી છે, કે જે જે અનુપમ અને અસાધારણ પ્રગતિ કે વિકાશ વિવિધ શાળામાં થએલા છે, તે જો તેમણે પૈસાનો લોભ રાખ્યો હોત તો કદી પણ ન જ થાત. વિદ્યાની ખાતર વિદ્યા મેળવવા ઈચ્છનાર જેટલી ઉત્તમ વિદ્યા મેળવે છે તેટલી પૈસાને માટે વિદ્યા મેળવનાર કદી પણ નથી જ મેળવતો. ઈમરસને માનસ અને

આત્મવિકાસને દ્રવ્ય કરતાં અધિક ગણ્યો હતો તથા તેને અજ-રામર ગણ્યો હતો અને તે પ્રમાણે તેના લેખો આજે અજરામર ગણાય છે જ. તેને માટે કહેવાય છે, કે Emrson wrote for immorte lityબીજા ઘણા વિદ્વાનોએ ઘણું પુસ્તક લખેલાં છે અને ઈમરસને થોડાં લખ્યાં છે છતાં તે અવિનાશી કીર્તીવાળાં થઈ રહ્યાં છે.

અને આ જ પ્રમાણે જેમણે જેમણે કંઇ પણ અસાધારણ કર્યું છે તે સર્વનામાં તેના પ્રતિનો અપૂર્વ પ્રેમ હતો. તે પૈસાની લોલુપતાથી વિમુક્ત હતા. પ્રસિદ્ધ એડીશનને શોધ કરવા પ્રતી કેટલો અનુપમ પ્રેમ જોવામાં આવે છે તે આ પ્રેમ આગળ સર્વ ભૂલી જાય છે. અને આ પ્રમાણે હોવાથી જ તેની શોધોથી જગત્ આજે વિસ્મય પામી રહ્યું છે તેને જો કે પૈસો મળે છે, પણ તદર્થે તેનો પ્રધાન પ્રયત્ન હોતો નથી. એ તો તેનું ગૌણ ફળ તે સમજે છે. શોધની ખાતર જ પ્રયત્ન કરવો એને જ તે કર્તવ્ય સમજે છે.

આપણા દેશમાં પૂર્વથી મનાતું આવ્યું છે, કે લક્ષ્મી અને વિદ્યા એબે શોક્ય ગણાય છે અને તેને લીધે જ અનેક વિદ્વાનો નિર્ધન જોવામાં આવે છે. ઘણા મનુષ્યો આજે આ વિદ્વાનોને સામાન્ય અકકલ વગરના સમજે છે, પણ વસ્તુતઃ તેમ હોતું નથી. તેમને વિદ્યાપ્રતિ એટલો પ્રબળ અનુરાગ હોય છે, કે તે તે અનુરાગના સુખમાં નિર્ધનતાનું દુઃખ સહજ સહન કરી લે છે. તે પોતાની વિદ્યાનો વિક્રય પૈસો મેળવવા માટે કરતા જ નથી. આપણા દેશના પૂર્વના વિવિધ શાળામાં પ્રસિદ્ધ થઈ ગએલા નરરત્નોનો પણ પોતાના કર્તવ્ય પ્રતિ અપૂર્વ અનુરાગ જ હતો અને પોતાના કર્તવ્યને તેને માટે જ પૂર્ણ અને ઉત્તમ કરવાના તે આગ્રહવાળા હતા. તેમણે આજના પાશ્ચાત્ય વિદ્વાનોની પેઠે પોતાની શક્તિનો વિક્રય પૈસાને માટે કર્યો નથી.

અમુક અંશમાં તો પોતાની શક્તિનો વિક્રય પૈસાને માટે કરવાથી તે શક્તિનો વિકાસ થાય છે જ, પણ સર્વ અંશમાં નથી જ થતો. કારણ, કે પછીથી મનુષ્યો લોલુપતામાં પડી જાય છે, અને તેથી પોતાની શકિતઓનો વિકાસ બાજુ ઉપર વહી જાય છે. જો, કે અર્વાચીન સમય એવો છે, કે મનુષ્યને પદે પદે પૈસાની

જરૂર પડે છે અને તેથી સહજ પોતાની શક્તિનો વિક્રય કરવાનું મન થઇ જાય તેમ છે. પરંતુ આ જ ઠેકાણે બુદ્ધિમાને સાવધાનતા સેવ્ય છે. કારણ, કે આ ઠેકાણે જો તે સાવધાનતા નથી સેવતો તો તેની પ્રગતિ અટકી જાય છે. જો બની શકે તો પોતાની શક્તિઓનો વિકાસ જ કરવો અને નિર્ધનતા સહન કરી લેવી. પણ જેમનાથી તેમ ન બની શકે તેમણે પોતાની શક્તિઓનો વિક્રય કરવો પણ સાવધાનતા એ રાખવી, કે લોલુપતામા તેનો પરિણામ ન આવે પ્રધાન ઇચ્છા આત્મવિકાસની રાખવી અને તે વિકાસ કરવામાં અનુકૂલતા થાય તેટલા માટે પોતાની શક્તિઓનો વિક્રય તેટલા જ પુરતો કરવો. પાશ્ચાત્ય પ્રજા પોતાની શક્તિઓનો વિક્રય કરતી જોવામા આવે છે અને આ વિક્રયને જ આજે વિજય કે પ્રગતિ માની લેવામાં આવે છે, પણ તે માની લેવામા ભૂલ જ થાય છે. આ વિક્રયનો લોભ એટલો બધો આજે આ પ્રજામા વધી ગયો છે, કે તે આજે લોલુપતાને વશ થઇ ગઇ છે, તથા તેમનામાં જે કંઇ સ્પષ્ટ અંશમાં છે તેને અધિક અંશમાં જગતને દેખાડવાને તે પ્રયત્નરૂપ દંભને કરે છે તથા તેની સાથે જે પોતાનામાં નથી તેને પણ જાણે તે પોતાનામાં હોય તેમ દેખાડવાનો પ્રપંચ કરે છે. આ જ તેમને વાસ્તવ પ્રગતિ, વિકાસ, કે ઉન્નતિથી અટકાવનાર છે.

મનુષ્યને તેની કોઇ શક્તિના વિકાસના બદલામાં ગમે તેટલો પૈસો મળે તો પણ તે ઓછો જ છે. તેનું મૂલ્ય અમૂલ્ય જ છે. વિકાસની ખાતર જ વિકાસ કરો, દ્રવ્યની ખાતર નહિ. ઉત્તમતા પ્રતિ જ અનુરાગ સેવો. જેમાં તેમાં ઉત્તમતા જ પ્રકટાવો. આરંભમાં કદાચ કોઈ આ ઉત્તમતાની પ્રશંસા ન કરે તો તેની ચિંતા ન કરો, પણ તમારા કાર્યમાં તમે સંલગ્ન રહો અને એક પ્રસંગ એવો આવશે, કે સમગ્ર જગત્ એકી અવાજે તમારી ઉત્તમતાની સ્તુતિ કરશે.

રામાયણ, મહાભારત, ભાગવત, કાદંબરી, શકુંતલા, વગેરે સર્વોત્તમ ગણાતાં પુસ્તકો ઉત્તમતાનાં ઉત્તમ દૃષ્ટાંતરૂપ જ છે સત્ય વ્રતનું સર્વ અંશમાં પાલન કરનાર હરિશ્ચંદ્ર, પતિવ્રતનું પૂર્ણ અંશમાં પાલન કરનાર, સીતા, દમયંતી વગેરે સતીઓ, ભક્તિ ધર્મને ઉત્તમ પ્રકારે ધારણ કરનાર ધ્રુવ, પ્રહ્લાદ, સુદામા આદિ

બજાવી, તથા એવા સેંકડો વીર રત્નો ઉત્તમ સકર્તવ્યને ઉત્તમ પ્રકારે કરવાના જ્વલંત દૃષ્ટાંતરૂપ જ છે. ગમે તેટલો સમય જશે તો પણ આવા પુરૂષોનાં નામો અમર જ રહેશે. તેથી એવું કરો, કે જેથી તમારૂં નામ અમર થઈ રહે. કેવલ પૈસાનો લોભ ક્ષણિક છે તથા વિનાશી છે અને વાસ્તવ હિતથી ભ્રષ્ટ કરનાર છે. તેથા તેની લોલુપતામાં પડતા સાવધ રહો.

આજે પોતાની શકિતનો પૈસાના રૂપમા કેટલો બદલો મળે છે, એ જ આજે જે તે જુએ છે. પણ આ દૃષ્ટિ સામાન્ય લાભ કરનાર છે. આત્માની શક્તિઓના વિકાસ આગળ પૈસાની કિંમત કંઈ જ નથી. પૈસાનો લોભ પર્વતની પાંખોને કાપી નાખનાર ઇંદ્રના વજ્ર જેવો છે કે જે આત્માની વિવિધ શકિતરૂપી પાંખોને કાપી નાખે છે. જે તે શકિતને વિક્રય કરવા ઇચ્છવું, એ વાસ્તવ હિતનુ જનક નથી જ

અમુક મનુષ્ય અમુક કમાય છે, એના ઉપર જ આજે મનુષ્યની કિંમત અંકાય છે, પણ વિદ્યા, કે કળાની કિમત તેટલી અંકાતી નથી. અને તેથી વિદ્યાકલાના જ જ્ઞાનને માટે મનુષ્ય પ્રયત્ન કરતા નથી પણ પૈસાને માટે પ્રયત્ન કરે છે અને આ પ્રમાણે હોવાથી જ પૂર્વના જેવા વિવિધ વિદ્યા અને કલામા પ્રવીણ મનુષ્યો પાકતા નથી. પૂર્વે મનુષ્યો જે જે શાળામાં પ્રયત્ન કરતા તે ધનલોભને માટે કરતા ન હતા પણ તે શાળામા પારાગત થવા માટે જ કરતા હતા. અને તેથી જ આજે કેળવણીનો પ્રચાર વિશેષ થયેલો કહેવામા આવે છે છતા પૂર્વના જેવા સમર્થ વિદ્વાનો જોવામાં આવતા નથી.

પૈસાના લોભને બાજુએ રાખીને પોતાના લક્ષ્યને સિદ્ધ કરનાર જ વાસ્તવ હિતને સાધી શકે છે તથા વાસ્તવ પ્રગતિ કરી શકે છે. ધનલોભ મનુષ્યને પ્રગતિથી અટકાવે છે, એટલુ જ નહિ, પણ તે તેને અનીતિના પદે ચઢાવી તેનો નિપાત પણ કરે છે.

તમે ઉત્તમ પ્રકારે પ્રજાને શિક્ષણ આપી શકો તેમ હો તો તમારે કોઈ ઠેકાણે શિક્ષકની નોકરી ગ્રહણ કરવી, એ જ ઉત્તમ છે. અને આ કાર્યને તમે ઉત્તમ પ્રકારે સાધો. કદાચ તમારી યોગ્ય-

તાના પ્રમાણુમાં તમને પગાર ન મળે તો તે પ્રતિ અલક્ષ કરીને પણુ તમારા કર્તવ્યને સિદ્ધ કરો અને તમે તમારૂં અને અન્યનુ કલ્યાણુ કરી શકશો જ.

ચિત્રકાર, સંગીત શીખનારા, અને એ જ પ્રમાણે વિવિધ શાળામાં કામ કરનાર મનુષ્યો તે તે શાળાના વિકાસ અર્થે જ પરિશ્રમ કરે છે તો તે શાળામાં ઉત્તમ પ્રકારે પ્રવેશ કરી શકે છે, અને જગતને તે નવીન વસ્તુનું જ દર્શન કરાવી શકે છે.

પૈસા મળવા એ જ કંઈ વાસ્તવ વિજય કે પ્રગતિનું ચિહ્ન નથી. પરંતુ શોચનીય એ છે, કે આજે જે તે શાળામાં મનુષ્યો પૈસા મળવાને જ વિજય કે પ્રગતિના ચિહ્નરૂપે જુએ છે. પરંતુ આ યથાર્થ નથી જ. વિજય વા પ્રગતિ એ જૂદી જ વસ્તુ છે. તેનો મનુષ્યના તન, મન અને આત્મા સાથે સંબંધ છે. અને તે જ વિજય વા પ્રગતિ યથાર્થ છે, કે જેમાં આ ત્રણેનો વિકાસ રહેતો હોય છે. પણ જગતના મનુષ્યોને આ વાતનું જ્ઞાન નથી અને તેથી તે પૈસામા જ વિજય કે પ્રગતિ જુએ છે. મનુષ્ય નિષ્ફળ થાય તો પણ તેનો વિજય કે પ્રગતિ થયા હોય છે તે આ મનુષ્યોને ખબર હોતી નથી. તેનો જેના પરિશ્રયમાં પૈસો મળેલો દેખે છે તેને જ પ્રગતિ રૂપે જુએ છે.

શું મનુષ્યના તન, મન, અને વિવિધ કારણો તથા આત્માની વિવિધ શક્તિઓનો વિક્રય કરવાને માટે ઇશ્વરે મનુષ્યને તે સાધનો આપેલા છે, શું મનુષ્યનું શરીર એ પૈસો પ્રાપ્ત કરનાર માત્ર યંત્રરૂપ જ છે. શું પૈસાથી મનુષ્યને વાસ્તવ તૃપ્તિ થઈ છે, કે થશે? શું પૈસાથી જે જ્ઞાન કે જે પ્રગતિ કે જે વિકાસની મનુષ્યના અંતરૂમા ઈચ્છા રહે છે તે ઇચ્છાની પરિતૃપ્તિ થાય તેમ છે? પૈસો મનુષ્ય પાસે ઘણો હોય છે છતા તેનું મન, બુદ્ધિ, અને આત્મા અતૃપ્તિરૂપી દુખથી નિત્ય પીડાતાં હોય છે.

જો તમામ મનુષ્યોએ દ્રવ્યના લોભને લેઇને જ પ્રવૃત્તિ કરી હોત તો તેમને જે અપૂર્વ વિશેષ વિવિધ શાળામાં મળેલું છે તેવાં દર્શન થવાનો યોગ કદાપિ પણુ ન જ આવત. પરંતુ અનેક જ્ઞાન મુમુક્ષુ અને વાસ્તવ વિકાસને ઈચ્છનાર મનુષ્યોએ ધનની ઇચ્છાને

બાજુએ રાખીને જીવનનો વિકાસ કરેલો છે, અને તેના પરિણામે જ મનુષ્યને અપૂર્વ વિશેષ મળેલું છે.

પૈસાને એકત્ર કરવાના સ્વભાવવાળા ન થાઓ પણ જીવનને ઉન્નત કરવાના સ્વભાવવાળા થાઓ. દ્રવ્યની લોલુપતાને જીતીને જીવનનો જ વિકાસ કરો. આ જ વાસ્તવ પ્રગતિ છે અને તે જ વાસ્તવ હિતપ્રદ છે.

સામાન્ય સ્થિતિમાં રહ્યા છતાં મનુષ્યોએ એવાં કાર્ય પૂર્વે કર્યા છે, કે જેથી અનેક મનુષ્યના સુખમાં અને હિતમાં અભિવૃદ્ધિ થઇ છે. અનેક મનુષ્યોએ નિર્ધન સ્થિતિમા પૂર્વે રહીને અનેક મનુષ્યોને સધન સ્થિતિમાં જવાના માર્ગને ખુલ્લો કર્યો છે. અને આ વિના અનેક રીતે જનસમાજ સુખી થઈ શકે તેવા માર્ગો સાધારણ સ્થિતિમા રહીને અનેક મનુષ્યોએ પૂર્વે ખોળી કાડેલા છે. જ્યારે ધનના ઢગલા ભેગા કરનાર હજારો અને લાખો મનુષ્યો પૂર્વે થઇ ગએલા છે, જે મનુષ્યના વાસ્તવ હિતનું કંઇ જ કરી શક્યા નથી

તાત્પર્ય, કે તમારી વિવિધ શક્તિઓનો વિક્રય કરવા ન ઇચ્છો, તેમાં તમારી પ્રગતિ કે વિજય ન સમજો, પણ તમારી શક્તિઓના વિકાસ અર્થે જ કે કેવલ તમારી પ્રગતિને માટે જ પ્રયત્ન કરો.

પ્રકરણ ૨૫ મું.

માત્ર પૈસા મેળવવા એ વાસ્તવ પ્રગતિ કે વિજય નથી.

આજે પ્રધાનપણે મનુષ્યોનું એક જ વલણ હોય છે અને તે પૈસા મેળવવાનું હોય છે. અને આને જ મનુષ્યો પ્રગતિ વા વિજય સમજે છે. પણ વાસ્તવ પ્રગતિ વા વિજય આમાં રહેલાં નથી જ.

દ્રવ્યનો સંચય અને વાસ્તવ પ્રગતિ એ બેને ઘણો જ ઓછો સંબંધ છે. પ્રગતિ એ અન્ય કંઇ જ નથી, પણ મનુષ્યના આત્માનો વિકાસ છે. મનુષ્યમાં જે ઇશ્વરસદૃશ તત્ત્વ રહેલું છે, તેનો આવિર્ભાવ એ જ વાસ્તવ પ્રગતિ છે. મનુષ્ય ઇશ્વરનો અંશ છે, અને તે

અંશને તે જેમ પોતાનામાં આવિર્ભાવ કરે છે તેમ તે પોતાની પ્રગતિ કરે છે.

મનુષ્ય લાખો અને કરોડો રૂપૈયા મેળવે છતાં તે પોતાની વાસ્તવ પ્રગતિથી દૂર હોય છે પૈસા મેળવવા અને આત્માનો વિકાસ કરવો, એ બેમાં ઘણું અંતર છે. પરંતુ આજે મનુષ્યોનું લક્ષ પોતાના આત્માનો વિકાસ કરવા પ્રતી હોતું નથી, પણ દ્રવ્યને એકઠું કરવાપ્રતિ જ હોય છે. જે દૈવી સદ્‌ગુણોને મનુષ્યે પ્રાપ્ત કરવાના છે, જે ઉચ્ચ લક્ષણો મનુષ્યે ધારણ કરવાના છે, અને જે ઉચ્ચ વિકાસ તેણે કરવાનો છે તે જો તે માત્ર પૈસો મેળવવામા જ પોતાનો સર્વ સમય ગાળે છે તો બાજુએ રહી જાય છે લક્ષાધિપતિ અને કોટયાધિપતિ થવા છતા મનુષ્યનુ જીવન પ્રસગે નિષ્ફળ થએલું હોય છે અને આવા દષ્ટાંતો જગતમા ઓછાં નથી. કારણ, કે આવા મનુષ્યો અનેક દોષોથી ભરેલા હોય છે, અને તેમણે જે ગુણોને ધારણ કરવાથી મનુષ્ય થઈ શકાય છે, તે ગુણોને ધારણ કરેલા હોતા નથી. મનુષ્યે એક જ દિશામા પોતાનો વિકાસ કરવાનો છે અને બીજી બાબતોમા તેણે કંઈ જ કરવાનું નથી અથવા તો તેણે નિકૃષ્ટતાને ધારણ કરવાની છે, એમ નથી જ.

મનુષ્યે જેમ એકલા હાથ કે પગને કેળવવીને જેમ નેત્ર છાતી, મગજ, મન વગેરે અવયવોને વિસારી દેવાના નથી તેમ તેણે અનેક બાબતોમાં પોતાનો વિકાસ કરવાનો છે. અને આ પ્રમાણે તે નથી કરતો તો તે પોતાનો વિકાસ એક જ બાબતમાં કરીને અટકી જાય છે. દયા, ધર્મ, શીલ, સત્ય, અહિંસા, આર્જવતા આદિ અનેક સદ્‌ગુણોને મનુષ્યે ધારણ કરવાના છે, તેણે પોતાના શારીર બળને વધારવાનું છે, માનસ તથા અધ્યાત્મ બળને મેળવવાનું છે, અને આ પ્રમાણે અનેક રીતે તેણે પોતાનો વિકાસ કર્તવ્ય છે, પરતુ મોટે ભાગે આજે મનુષ્યો આ સર્વપ્રતિ અલક્ષ કરે છે, અને માત્ર પૈસો મેળવવાને જ જાણે તે જીવતાં હોય તેમ કરે છે. સુખમાં આ સર્વ પ્રકારના વિકાસથી અવશ્ય અભિવૃદ્ધિ થાય છે જ, તેથી તે પ્રતિ અલક્ષ કદી પણ કર્તવ્ય નથી જ. આજે મનુષ્યોનું આવી બાબતો પ્રતિ અલક્ષ હોવાથી જ ચારિત્ર્યવાળાં મનુષ્યો પાકતાં નથી,

મનુષ્ય ઇશ્વરનો અંશ છે અને આ અંશનુ જો તેનામાં વિશેષ પ્રમાણુમાં દર્શન ન થાય તો તેણે પોતાની પ્રગતિ કરી છે એમ સમજવાનું નથી. વાસ્તવ પ્રગતિ વા વિકાસ આમાં જ રહેલો છે જેટલા અંશમાં મનુષ્ય ઇશ્વરસદશ થતો જાય છે તેટલા અંશમાં જ તે પોતાની વાસ્તવ પ્રગતિ કરે છે. કેવલ પૈસા મેળવનાર માત્ર એક જ અંશમાં પોતાની પ્રગતિ કરે છે, અને અન્ય બાબતમાં તે જડ જેવો જ રહે છે.

આગળ આપણે જ જણાવી ગયા છીએ, કે પૈસાની આજે મનુષ્યને પદે પદે જરૂર પડે છે, અને આ પ્રકરણમાં જણાવવામાં આવે છે, કે પૈસો મેળવવો, એ વાસ્તવ પ્રગતિ કરનાર નથી, તો આ બે કથનમાં વિરોધ આવે છે, એમ વાચકને શંકા થશે જ. પરંતુ કહેવાનો ભાવ એ છે, કે મનુષ્યને પૈસાની તો જરૂર છે જ અને તે રહેવાની જ તેમજ તે અમુક અંશમા મનુષ્યની પ્રગતિ પણ કરે છે જ. પરતુ જ્યારે મનુષ્ય કેવળ તેને જ મેળવવામાં પોતાના જીવનને ગાળે છે ત્યારે તે પોતાની વાસ્તવ પ્રગતિથી દૂર રહી જાય છે. અને આ પ્રમાણે હજારો અને લાખો મનુષ્યો ધન લોભે કરીને પૂર્વે પોતાની વાસ્તવ પ્રગતિથી દૂર રહ્યા છે અને આજે પણ રહે છે, તેથી અન્ય પ્રકારની પોતાની પ્રગતિ કરવામાં અનુકૂલતા થાય તેટના પુરતો જ પૈસો મેળવવાનેજ બુદ્ધિમાને પ્રયત્ન કર્તવ્ય છે, તથા આર્થિક ઉન્નતિની સાથે નૈતિક, શારીરિક, માનુસિક, આધ્યાત્મિક વગેરે ઉન્નતિ કરવા પ્રતિ પણ તેટલુ જ લક્ષ આપવું ઘટે છે, એ જ કહેવાનો આશય છે. અને આ પ્રમાણે જ્યારે મનુષ્યની ઉન્નતિ થાય છે ત્યારે જ તેની વાસ્તવ પ્રગતિ થાય છે અને ત્યારે જ તે વાસ્તવ સુખશાતિને અનુભવે છે.

પરમાત્મસત્તા વાચકોની અનેકવિધ ઉન્નતિ સધાવી તેમને વાસ્તવ સુખનો અનુભવ કરાવી પ્રગતિના શિખરે સ્થાપવા કૃપાલુ થાઓ, એ જ અંતિમ શુભેચ્છા છે.

પ્રાતઃકાલના તંત્રી તરફથી પ્રસિદ્ધ થએલાં

અન્ય પુસ્તકો.

१ દરેક મનુષ્ય જાતે વૈદ્ય અથવા વ્યવહારોચિત
જીવન રસાયન વિદ્યા—ભાગ १ લો. મૂલ્ય રૂ. ०—६—०

१ દરેક મનુષ્ય જાતે વૈદ્ય અથવા જીવનરસાયનવિદ્યા—
ભાગ २ જો રૂ. ०—६—०

१ વાલ્મિકીનો જય રૂ. ०—६—०

१ પ્રભુભક્તિથી સર્વાર્થ સધાય છે રૂ. ०—०—६
(એક રૂપૈયાની ४० આપવામા આવે છે)

१ ધર્મધ્વજના પ્રથમ વર્ષથી પાચ વર્ષના
બાર માસના પાકા પુઠાથી પુસ્તકના
રૂપમા બાધેલા અકો દરેક વર્ષ રૂ. १—०—०

१ પ્રાત કાલના પાછલા અગીઆર વર્ષના
પાકાપુઠાથી પુસ્તકનારૂપમાં બાધેલા અકો દરેક વર્ષ રૂ १—०—०

(જે વર્ષના અકો અધુરા હશે તે મોકલી શકાશે નહિ)

પ્રાતઃકાલ ઓફીસ—વડોદરા.